સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી

**પ્રત-૬ઠ્ઠી**

●

**શ્રી આચારાંગના વ્યાખ્યાનો**

**ભાગ-3**

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

**સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી → પ્રત-૬ ઠ્ઠી**

# શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો


• સંપાદક •

પ.પૂ. આચાર્ય વિ. નરવાહનસૂરિ મ.


## ભાગ-3


• પ્રકાશક •

પદાર્થ-દર્શન ટ્રસ્ટ

આશ્રમરોડ

અમદાવાદ.


I

सूरिरामनी वाणी : ज्ञानरत्नोनी खाणी

प्रत-६ ठ्ठी

●

श्री आचारांगना व्याख्यानो

भाग-३

## पुस्तक - ३१ मुं

~ सूरिरामनी वाणी :
ज्ञानरत्नोनी खाणी

प्रत-६ ठ्ठी

# श्री आचारांग सूत्रना व्याख्यानो

भाग-३

वीर सं. २५२५ - सने १९९९
संवत - २०५५ - वैशाख सुद-३

सर्व हक्क प्रकाशकने स्वाधिन

टाईप सेटींग : भवानी ग्राफिक्स
नवावाडज, अमदावाद-१३

मुद्रक : युनीक ओफसेट
तावडीपुरा, अमदावाद.

## संपादक

कर्म साहित्य निष्णात सिद्धांत महोदधि, सच्चारित्र चूडामणि स्व. आचार्यदेवेश श्रीमद् विजय प्रेमसूरिश्वरजी महाराजाना पट्टधर, परमशासन प्रभावक परम तारक, सूचिचक्र चक्रवर्ति, सुविशाळ गच्छाधिपति, प्रचंड पुण्य अने प्रौढ प्रतिभाना स्वामी, व्याख्यान वाचस्पति दिक्षाना दानवीर स्व. आचार्यदेवेश श्रीमद् विज रामचंद्रसूरिश्वरजी महाराजाना परम विनेय शिष्यरत्न कर्म साहित्य ज्ञाता परम पूज्य आचार्य विजय नरवाहन सूरिश्वरजी महाराज साहेब.

●આર્થિક સહયોગ●

એક સદ્ગૃહસ્થ
પરિવાર
તરફથી....

## પ્રાપ્તિ સ્થાનો

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન, જયહિંદ પ્રેસ સામે, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૨૩૩૭

**અશ્વિનભાઈ એસ. શાહ**
C/o. નગીનદાસ છગનલાલ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૪૧૨૧

**જ્યંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ, મયાભાઈની બારી પાસે,
ડી. વાડીલાલ એન્ડ કું.ના મેડા ઉપર,
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, સર્વોદયનગર, ૫ મે માળે,
પાંજરાપોળ રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**
૧/૧૦૪, ઈશીતા પાર્ક,
પટેલ નગરની બાજુમાં, અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯.

❖ ૩૧ ❖

**વક્તા ને શ્રોતાનો ઈરાદો**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવી ગયા કે-શ્રી અરિહન્ત ભગવાનના વચન શિવાય સાચા વિવેકને પેદા કરનાર કોઈ વસ્તુ નથી, વિવેક પેદા થાય નહિ ત્યાં સુધી હેય તથા ઉપાદેય વસ્તુનું સ્વરૂપ સમજાય નહિ, એ સ્વરૂપ સમજાય નહિ ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહનો નાશ થાય નહિ, અને એ ત્રણનો નાશ થાય નહિ ત્યાં સુધી દુઃખ જતું નથી, તથા દુઃખ જાય નહિ ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી : માટે અમે શ્રી અરિહન્ત ભગવાનના વચનનો અનુયોગ કરવા માગીએ છીએ, કે જેના યોગે આત્માને સદસદ્ વસ્તુનું ભાન થાય, ભાન થવાને લઈને આત્મા આંતર શત્રુઓના આક્રમણથી બચે અને એના પરિણામે દબાઈ ગયેલી આત્મલક્ષ્મીને પ્રગટ કરી આત્મા અનંત સુખનો ભોક્તા થાય. એટલા માટે જ્ઞાનીઓએ શ્રી જિનેશ્વર ભગવાનની વાણીને '૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ, ૪. ચરણકરણાનુયોગ.'-આ ચાર વિભાગમાં વહેંચી છે. બાલ જીવોને માટે ધર્મકથાનુયોગ વિશેષતઃ ઉપકારી છે. બાલ જીવોને ગણિતાનુયોગ તથા દ્રવ્યાનુયોગની ઝીણી

વાતો ન સમજાય, પણ ધર્મ કથાની વાતો તો સારી રીતે સમજાય. બાલ જીવોને માટે ધર્મ કથાનુયોગ ઘણોજ ઉપકારી છે. કહેનાર જો એવી ઢબથી કહે, કે જે કહેવા યોગ્ય વસ્તુ છે તે બરાબર કહેવાય, અને તેની જો વાસ્તવિક છાયા પડાય, તો એક પણ કથા એવી નથી, કે જેના શ્રવણથી આત્મા અયોગ્ય પ્રવૃત્તિમાંથી નીકળી યોગ્ય પ્રવૃત્તિમાં ન આવે. સાંભળનારમાં એક ગુણ જોઈએ અને તે એજ કે-આ ધર્મ કથા છે અને ધર્મકથાનો હેતુ અધર્મથી બચી ધર્મ મેળવવાનો છે. આટલું ખાસ જાણવું જોઈએ. સાંભળનારમાં એટલી યોગ્યતા હોવી જોઈએ અને એ યોગ્યતા ન હોય તો તો તે પેદા કરવી જોઈએ. સંભળાવનારનો પણ ઈરાદો સામાને માત્ર રાજી કરવાનો ન હોય, પણ સાંભળનારા આત્માને ઉન્માર્ગમાંથી ખસેડી સન્માર્ગમાં સ્થાપવાનો હોવો ઘટે. કંઈ પણ ન સમજતા આત્માઓને પણ પાપભીરૂ તથા ધર્મરંગી બનાવવાનો સંભળાવનારનો ઈરાદો હોવો જોઈએ. ધર્મકથા મિથ્યાત્વાદિકથી બચાવી સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ કરાવનારી જ હોય છે. ધર્મકથા બન્ને પ્રકારના આત્માઓની હોય છે. ઉત્તમ સામગ્રી પામી, તત્ત્વત્રયી પામી, રત્નત્રયીનું આરાધન કરી, દુઃખથી છુટ્યા એવા આત્માઓની તથા સામગ્રી પામ્યા છતાં જેઓ હારી જઈને દુર્ગતિએ ગયા, એ આત્માઓની : એમ બેય પ્રકારના આત્માઓની કથા ધર્મકથાનુયોગમાં હોય છે. આ બે મુદ્દા પૂરતી વાત : સિવાયની વચલી જેટલી વાત તેટલી ઓળખાવવા પૂરતી છે. આટલી લક્ષ્મી, આટલી સાહ્યબી, આટલી

સ્ત્રી, આટલા બંગલા અને બગીચા-એ બધી વચલી વાતો જણાવી, અંતિમ પરિણામ તરફ દૃષ્ટિ ખીંચવાથી, બાલ જીવોને પણ જો તેઓ યોગ્ય હોય તો, બોધિ બીજ આદિની પ્રાપ્તિ થયા વગર રહેતી નથી. સમ્યક્ત્વ થયા બાદ, દ્રવ્યાનુયોગ વિગેરે સમ્યક્ત્વની શુદ્ધિ કરે છે, ભલે એનાથી વિરતિ ન બી થાય, પણ ભાવના તો ત્યાં જરૂર ખીંચાય, ત્રણે યોગ ચરણકરણાનુયોગને માટે છે. એ અનુયોગોના જ્ઞાનથી જેને ચરણ ઉપર સદ્ભાવ ન જાગે, તે ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીના કહેવા મુજબ રાસભની ઉપમાને પામે છે. શ્રુતકેવળી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી રાસભની ઉપમા આપે છે, એમાં કોઈને રાસભ કહેવાની એમની ભાવના હતી, એમ કોઈ કહી શકશે ? નહિજ. રાસભ જેવી દશા ન થાય, માટે એ ઉપકારી મહાત્મા વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. જેનામાં એ ક્રિયા ન હોય, તેણે એ સમજી લેવું જોઈએ કે-અમે એ ઉપમાને યોગ્ય છીએ.

**"ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ"**

'ધર્મથી હીન મનુષ્યો પશુઓની સમાન છે.'- આ પ્રમાણે કહેનારાઓનો આશય મનુષ્યોને પશુ તરીકે કહેવાનો નથી, પણ મનુષ્ય થઈને પશુતાનું આચરણ કરતા મનુષ્યોને બચાવી લેવાનો જ આશય છે. વાત પણ ખરી છે કે-મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થવા છતાં પણ જેઓ

પશુજીવન જીવે છે, તેઓ પશુઓ કરતાં પણ ખરાબ છે, એમ જ કહી શકાય. કારણ કે-પશુ પાસે બચાવ છે. માનવીની ભાષા બોલવાની તેઓમાં તાકાત હોય તો તેઓ તો કહી શકે કે-''અમે લાચાર છીએ, અમારામાં યોગ્યતા નથી, ધર્મ કરવાના અમને સંયોગ નથી'-પણ તમે શું કહો ?

(સભામાંથી૰ બચાવ જ નથી.)

મળેલી સામગ્રીનો ઉપયોગ નથી કરી શકતા અને જો કોઈ સદુપયોગ કરવાનું કહે તો ગુસ્સો આવે, તો તો શાસ્ત્ર કહે છે કે-તરવાનો ઉપાય જ નથી. એવો ગુસ્સો કરનારાઓ પોતાના કલ્યાણના દરવાજા ઈરાદા પૂર્વક પોતાના હાથેજ બંધ કરે છે.

**જોવાનં શું ?-આપત્તિ કે પરિણામ ?**

સાંભળનારનું હૈયું ભેદાય નહિ, ત્યાં સુધી અનાદિકાલની વાસના નીકળે શી રીતે ? જો અનાદિકાલની વાસના કાઢવી જ હોય, તો ઉપદેશક માટે એ નીતિ છે કે-સાંભળનારનાં હૈયાં ભેદીને પણ તે કાઢવી. ફલની ઈચ્છાથી બીજ નાખનારો ખેડૂત, કોશ, પાવડો તથા તીક્ષ્ણ હળનો ઉપયોગ કરતાં જરાપણ અચકાતો નથી. જો એને જમીન બોદી દેખાય તો આઘે જાય, પણ જમીન ઉપર બધા હથીયારનો પ્રયોગ કર્યા વિના બીજ નાખવાની મૂર્ખતા

તો કુશલ ખેડૂત ન જ કરે. એજ રીતે શ્રી જિનેશ્વરદેવનો માર્ગ બતાવનાર ઉપદેશકને કેટલી હદ સુધીની છુટ હોય છે, તે અવસરે સમજાવીશ. ખેડુતને તો અનાજનાં કણીયાં ભેગાં કરવાં છે, માટે એ એટલી મહેનત કરે છે. તો અહીં એક એક આત્મામાંથી અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર રૂપ રત્નત્રયી પ્રગટ કરવાની છે, ત્યાં ખેડવામાં કમીના રાખ્યે કેમ પાલવે ? મુનિ થયા પછી પણ શાસ્ત્ર આપવા માટે, જ્ઞાનીએ વર્ષોની મુદત બાંધી. સંયમના પરિણામથી પરિણત થાય, ત્યારે જ શાસ્ત્ર અપાય. વાચના લેવા બેઠેલા મંડળમાં, જેને વાચના સાંભળવાથી વૈરાગ્યના અંકુર ન ફુટે, તે ઉઠાડી મૂકવા લાયક છે, કારણ કે-એને સંયમ પરિણત થયું નથી. સાંભળતાં સાંભળતાં હૃદય ભેદાય, એથી કર્મનો ક્ષયોપશમ થાય અને આત્મા એવો નિર્મળ બને, કે જેથી તે વચનો પ્રતિબિંબિત થાય. રોજ વંચાય અને તમારૂં હૈયું ન ભેદાય, ન ચીરાય, જે વસ્તુ નાખવી છે એને માટે જગા ન થાય અને કદાચ અજીર્ણ થાય અથવા તો અથડાઈને પાછી આવે, તો શું થાય ?

(સભામાંથી૰ કોદાળી અને પાવડો ચલાવવો.)

એ કોદાળી કેવી હોય ? બુઠ્ઠી નહિ, પણ તીક્ષ્ણ : અને તે પણ એવી કે-મારતાં એક હાથ તો ઉંડી પેસે અને કચરાના ગંજને ભેદે. ભેગા થતા કચરાને પાવડો ઉઝરડીને ઢગલા

કરે. તે પછી ટોપલે ભરી બહાર ફેંકી આવે, ત્યારે જમીનમાં યોગ્યતા આવે.

(સભામાંથી૦ ઉપાધ્યાયજી મહારાજ કહે છે ને કે-પાણામાં પણ અંકુર લાવે.)

શ્રી ઉપાધ્યાયજી મહારાજ હતા, તે વખતનો પ્રસંગ તો ભયંકર હતો. એમના વખતમાં એવી સેવા તો એજ કરે. અજ્ઞાનીઓ જેને અશાંતિ કહે છે, તેમાં તો સળગી મરવું એ જ જૈનશાસનની પરમ શાંતિ છે. જો વસ્તુને મૂકી દઈએ, તો આપણે પામ્યા એમ કહેવાય કઈ રીતે ? ખરે સમયે જો સત્ય વસ્તુ કહેવામાં ન આવે, તો જ્યારે ઠીકઠાક થાય ત્યારે ઝટ કહેનારા કહી શકે કે-અમે તો અજ્ઞાન હતા, પણ તમે ક્યાં ગયા હતા ? તમે મુંગા કેમ થયા હતા ? શાસ્ત્ર કહે છે કે-સમયે શક્તિમાને પોતાની ફરજ ન ચૂકવી જોઈએ. ભલે લેનાર બધું લે, ન લે, કે ઓછું વધતું લે.

જમીન ઉપર ક્રિયા થયા પછી તો એ જમીન તમારી તળાઈથી પણ કુણી થઈ જાય. પછી બીજ નખાય. બીજ નાખ્યા પછી પણ બહુ સાચવવાનું છે. પણ નખાયા પહેલાં એ ચિંતા શી ? હજી ખેડવા તો દો. શરત એટલી કે-ઉપદેશકની હિતબુદ્ધિ, ઉપકાર બુદ્ધિ ન જવી જોઈએ. સામાના અપકારની કે પોતાના માનપાનની કે કોઈ પણ જાતના સ્વાર્થની બુદ્ધિ ન જોઈએ. પોતાનું ન સંભાળે. પોતાપણામાં પોતે ન ટકે, પોતાનો દુર્ગુણ ન પરખે, તે પોતાનું

બગાડે. ઉપદેશક ખોટી દયા પણ ન ખાય. ઉપદેશકની દયા જુદી. માબાપ બચ્ચાંને દવા પાતાં દયા ન ખાય. જેનાથી ભવિષ્યમાં વધારે ભલું થવું છે, તે તો કરેજ. શ્રી ગજસુકુમાલજીને શ્રી નેમનાથ ભગવાને સ્મશાનમાં જવાની આજ્ઞા આપી. થનાર ઉપસર્ગની ગજસુકુમાલજીને ખબર નહોતી, પણ ભગવાનને તો ખબર હતી ને ! આપત્તિ આવશે એમ ભગવાન જાણતા હતા, પણ એનાથી આની મુક્તિ થશે એમ પણ જાણતા હતા, માટેજ આજ્ઞા આપી. આજ્ઞા પણ બધાને નથી અપાતી. શ્રી સ્થૂલિભદ્રજીને ગુરૂ મહારાજે આજ્ઞા આપી, પણ એમના વાદથી જવા ઈચ્છનાર સિંહગુફાવાસી મુનિએ જ્યારે આજ્ઞા માગી, ત્યારે ગુરૂએ કહ્યું કે-''જવા જોગું નથી.''

પેલા મુનિ કહે-'હું તો જવાનો.'

ગુરૂ મૌન રહ્યા. આથી સ્પષ્ટ છે કે-આજ્ઞા પણ જેનામાં યોગ્યતા હોય તેને જ અપાય છે. આપત્તિ તો આવે, પણ જો પરિણામ સારૂં હોય તો તે આપત્તિ, આપત્તિ તરીકે ગણાય જ નહિ.

**અર્થકામની દેશના-એ ક્ષત ઉપર ક્ષાર છે.**

શ્રીમેઘકુમાર પ્રાતઃકાલે ભગવાન્ પાસે આવ્યા, ત્યારે ભગવાને શું કહ્યું ? એમ ન કહ્યું

કે-'બેસ, હું મુનિઓને ઠપકો આપું છું.' ભગવાન જાણે છે કે-એમ કહેવાથી તો આત્માનો નાશ થાય એમ છે.

ભગવાને કહ્યું કે-'હે વત્સ ! જગદ્વંદ્ય મુનિઓના પાદની રજથી તું દુભાય એ વ્યાજબી છે ? એક નાના જંતુની રક્ષા ખાતર તો તારો આત્મા પૂર્વ ભવમાં અઢી દિવસ સુધી એક પગે ઉભો રહ્યો હતો : એવો તું આજે મુનિવરોના પાદની રજથી દૂભાય છે ?'

આ પછી પ્રભુએ કહેલા પોતાના પૂર્વ ભવો અને હિતશિક્ષાનું શ્રવણ કરી, તરત જ શ્રી મેઘકુમારે અભિગ્રહ કર્યો કે-'આજથી નેત્રને છોડી શરીરની દરકાર નહિ કરૂં !' રાજકુમાર હતા, છતાં ભગવાને કહેવા યોગ્ય હતું તેજ કહ્યું તોજ કલ્યાણ થયું. હિત દેખાય તેવું કહેવું જ જોઈએ. આજે તો પડતાને ટેકો દેવાને બદલે ધક્કો દેવાય છે અને પાછા ઉપકારી કહેવરાવવાના પ્રયત્નો સેવાય છે ! અર્થ અને કામની લાલસામાં પડેલાને તેમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો, એ ઉપકારીપણું છે ! એ લાલસા તો રોમેરોમ પરિણમેલી છે. ચોવીસે કલાક એનું ધ્યાન ચાલુ છે. અર્થ અને કામ ખાતર તો અધર્મ કરવા તૈયાર છે. અરે, અધર્મને જવા દોને-ધર્મનેય લાત મારવા તૈયાર છે ! એવા આત્માઓને એમાં મૂકવા, એમાં ગબડાવવા, એમાં એ આત્માના નાશ સિવાય બીજું શું છે ? અર્થ અને કામની દેશના દેનારા ક્ષત ઉપર

ક્ષાર નાખનારા છે. લુણનો સ્વભાવ છે કે-બાળે અને ઘા વધારે. અર્થકામમાં ઢળેલા આત્માને એમાં નાખવા, એ તો ક્ષત પર ક્ષાર જેવું છે અથવા અગ્નિમાં ઘી હોમવા જેવું છે. દુનિયાને દુનિયાના માર્ગે તો રસ્તે રખડનારા-કપડાં વગરના આદમી પણ લઈ જાય. દુનિયાને બાંધી મુઠ્ઠીથી ગમે ત્યાં લઈ જવાય. 'કાંક છે, કાંક છે, એ કાંક છે.'-એ ફેલાવતાં આવડવું જોઈએ. 'મુઠ્ઠીમાં કાંક છે'-એ થયું કે સેંકડો જાય. બધાય કહે કે-'કોણ જાણે ભાઈ ! હોય પણ'. જરા આંખ મીંચતાં, ડૉળ કરતાં આવડવો જોઈએ : પછી તો કૈંક ઝૂકે કે-'કાંક છે.' ભલેને પછી મૂઠીમાં રસ્તાની ધૂળ જ હોય. એક ચીજ દુનિયાએ પકડી, એમાંથી એને છોડાવવી એ સહેલું નથી. એકલું મીઠું મીઠું કહેવાથી ન ચાલે, પણ સાથે પ્રસંગાનુરૂપ કડવું, તીખું બધું જ જોઈએ : માત્ર એનું પરિણામ મીઠું હોવું જોઈએ, એટલી શરત. જ્યાં સુધી આત્મા ઉન્માર્ગથી પરાઙ્મુખ નહિ બને, ત્યાં સુધી સન્માર્ગની સન્મુખ નહિ બને. ઉપદેશકને છૂટ આપી કે-એ ક્રિયાનું અંતિમ ફળ કહે. ધર્મનું ફળ મોક્ષ અને પાપનું ફળ નરક ! પાપ કરનારા બધા નરકે જાય એમ નથી : મંદ પરિણામ હોય તો નરકે ન પણ જાય, પાછો વળે અને સન્માર્ગે આવે તો મોક્ષ પણ પામે ! પણ પાપી મોક્ષે જાય એમ કહેવાય ? નહિજ. પાપી બધાજ નરકે જાય એ પણ નહિ. પણ પાપનું ફલ નરક છે, એમ કહી શકાય. વિષયનું, કષાયનું

તથા અભક્ષ્યભક્ષણનું ફળ તો નરક જ કહેવાય. એનું અંતિમ ફળ તો એજ. એમાં ઝૂક્યો, લીન થયો, પાપપરાયણ બન્યો તો નરકે જાય. એવી જ રીતે ધર્મી ધર્મમાં ઝૂકે, તો પરિણામ મુક્તિનું થાય, ભલે વચ્ચે ભવ કરે.

**અર્થ-કામ માટે કરાતો ધર્મ ડૂબાડનારો છે.**

સાધુ કોણ ? કંચન કામિની તજે તે. બજારમાં જઈને કંદોઈની મીઠાઈ ખાય, જૂઠું બોલે, અગર સ્ત્રી રાખે, તો એને તમે ખરાબ કહો. શાથી ? એ ત્યાગી છે માટેને ? એણે જેનો ત્યાગ કર્યો, તે વસ્તુ સારી કે ખોટી ? જો વસ્તુ સારી છોડી હોત તો મૂર્ખા કહેત, પણ ખોટી વસ્તુનો ત્યાગ કર્યો છે માટે જ સાધુને નમવામાં આવે છે. કંચનકામિની તજ્યાં, તે ખરાબ હતાં માટે ને ? જે વસ્તુ ખરાબ હતી તે છોડી અને ત્યાગમાં સારૂં માન્યું : અને પછી જે વસ્તુ છોડી તેમાં રાગ કરવાનું જે કહે, તેને પૂછનાર પૂછેને કે-'તમે છોડ્યું શું કામ ?' આના ઉત્તરમાં તે શું કહે ? 'ન સચવાયું માટે છોડ્યું એમ કહે ?' નહિજ. એને કહેવું જ પડે કે-'ખોટું હતું માટે છોડ્યું'. એટલે સામો તરત જ કહે કે-'તમારૂં ભુંડું ન થાય માટે તમે એ બધું છોડ્યું, તો હવે એનો ઉપદેશ દઈને બીજાનું ભૂંડું કરવા માટે પાટે બેઠા છો ?'

(પ્રશ્ન° સંસારી માટે સાધુ સારો માર્ગ તો બતાવેને ?)

હા, પણ સારો માર્ગ કયો ? સમજો કે- 'न्यायसंपन्न विभवः' એ ગુણ કહ્યો. ઉપદેશક પહેલી જ પીઠિકા બાંધે કે-પૈસો એ અનર્થનું કારણ છે. એને તજ્યો તે તરી ગયા અને જેઓ એમાં લીન થયા તેઓ ડૂબી ગયા. શ્રી તીર્થંકરદેવો, શ્રી ગણધરદેવો તથા પૂર્વના બધા મહાપુરૂષોએ એ પૈસાને તજ્યો, ત્યારેજ સંપૂર્ણપણે ધર્મ આરાધ્યો. આથી પૈસો તજવો એ જ મુખ્ય ધર્મ છે. છતાં જેઓ પૈસો નથી તજી શકતા, તેઓએ પૈસા માટે અનીતિમાં તો ન જ પડવું જોઈએ. બોલો, સંસારી માટે આ સારો માર્ગ કે નહિ ? ભગવાને બે પ્રકારનો ધર્મ કહ્યો : એક મુનિધર્મ અને બીજો ગૃહસ્થધર્મ. મુનિમાર્ગ તો મજેનો છે. એમાં સાવદ્યપણાનો લેશ પણ સંભવ નથી અને ગૃહસ્થપણામાં સાવદ્યનો પાર નથી. ગૃહસ્થપણામાં ધર્મરૂપ એક સમ્યક્ત્વ અને બીજો સમ્યક્ત્વમૂળ બારવ્રત. સમ્યક્ત્વધારી તે, કે જ્યાં બેઠો હોય ત્યાંના ત્યાગમાં ધર્મ માને અને એના રાગમાં અધર્મ માને. સમ્યક્ચારિત્ર, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ દર્શન-એ ત્રણેમાં ત્યાગ છે. એક પણ ચીજ એવી નથી, કે જેમાં ત્યાગ ન હોય. સમ્યક્ચારિત્રમાં બહારનો ત્યાગ અર્થાત્ પ્રત્યક્ષ ત્યાગ છે : દ્રષ્ટિપથમાં આવે એવો ત્યાગ છે. સમ્યગ્જ્ઞાનમાં ત્યાગનો ઉલ્લાસ છે : ઉલ્લસાયમાન ત્યાગ છે. સમ્યગ્દર્શનમાં ભાવનારૂપે ત્યાગ છે : જેને

ભાવનામાંય ત્યાગ ન હોય, એને માટે જૈનશાસનમાં સ્થાન નથી. સમ્યક્ચારિત્ર્યવાન્ પણ સમ્યગ્દર્શનવાળા આત્માની ભૂરિ ભૂરિ પ્રશંસા કરે છે, કારણ કે-એ આત્મા આ વસ્તુને (ત્યાગને) ચાહનારો છે. સમ્યગ્દર્શન એ જૈનશાસનનું મૂળ મનાય છે. મૂળમાં ફળ ન હોય, તો ફળ શી રીતે આવે ? જ્યાં ત્યાગની વૃત્તિ નથી, ત્યાગ પ્રત્યે અસદ્ભાવ છે, ત્યાં કોઈ સમ્યગ્દર્શન છે એમ કહે, તો તે ખોટી વાત છે. આટલુંએ ન બેસે, તો પરિણામે તમારો અને અમારો મેળ ન મળે. પાયો મજબૂત કર્યા વિના, એક કદમ પણ આગળ ન ચલાય. શ્રી જૈનશાસનમાં કદાચ કૃપણને સ્થાન હોય, રાતી પાઈ ન છોડનારને સ્થાન હોય, લક્ષ્મીને છાતીએ બાંધી રાખનારને પણ સ્થાન હોય, પરંતુ દાન દેવું એજ યોગ્ય નથી-એમ માને, એને માટે તો સ્થાન નથીજ. ત્યાગ ન કરે-સંયમ ન લે તે નભે, પણ ત્યાગ ને ત્યાગીઓના ચરણમાં શિર ન ઝૂકે તે ન નભે ! 'સંયમ લેવા યોગ્ય છે'-એવી માન્યતા હોય ત્યારે જ ત્યાગીઓના ચરણમાં સાચા દીલથી શિર ઝૂકે, અન્યથા નહિજ. સંયમને ઉપાદેય માન્યા વિના પણ શિર ઝૂકતું હોય, તો કહેવું જોઈએ કે-કોઈ બીજોજ હેતુ છે અને માટે જ અમારે પણ સાફ સાફ જણાવી દેવું જોઈએ કે-અર્થ અને કામ માટે સાધુઓની સેવા કરવી, એ ઉચિત નથી.

(સભામાંથી॰ સાધુને નમીયે તો પૈસા મળેજ, એવી માન્યતા છે.)

અમે કહીયે કે ન કહીયે, છતાં એ માન્યતા તમે માની બેઠા. પણ પૈસા મળવાની દૃષ્ટિથી કરેલો નમસ્કાર ડૂબાડનારો છે, એમ શાસ્ત્ર કહે છે એ પણ માનો ! 'ધર્મ-અર્થના અર્થીને અર્થ, કામના અર્થીને કામ, અને સ્વર્ગના અર્થીને સ્વર્ગ તથા મોક્ષના અર્થીને મોક્ષ પણ આપે છે.'-આ પ્રમાણે કહેનાર શાસ્ત્રોએ પણ કહ્યું કે-'અર્થ-કામનો અર્થી અર્થ અને કામ માટે ધર્મ કરે તો ડૂબે !' માટે એ પણ માનો.

**સમ્યગ્દ્રષ્ટિના વિચાર અસમ્યગ્ ન હોય.**

મુનિને પરિષહો બાવીસ. મુનિને વધુમાં વધુ પીડા હોય તો કેટલી હોય ? ભગવાન્ શ્રી મહાવીરદેવના કાનમાં ઠોકાયેલા ખીલા કાઢ્યા, તે વખતની પીડા એ મોટામાં મોટી પીડા. આવો ઉપસર્ગ કોઈ પણ મુનિવરને થયો નથી. પહેલી નારકીના તેર પાથડા. તેમાંના પહેલે પાથડે જે પીડા છે, તેના કરતાં ખીલા ખીંચાયા તે વખતની પીડા અનંતગુણી હીન છે અને એ ખીલા ખીંચાયા તે વખતની પીડા કરતાં એ નારકીના જીવોની પીડા અનંતગુણી છે. નારકીની પીડા આયુષ્ય હોય ત્યાં સુધીની છે. આ વાત પણ શાસ્ત્રે કહી છે, એ પણ માનો છો ને ? મુનિને પગે લાગવામાં બે ભાવ સમાયા હોય : કાં તો 'સંયમીની સેવાથી સંયમની

પ્રાપ્તિ થાય'-આ અને કાં તો 'ભાઈ ! સંયમ તો તલવારની ધાર જેવું, વેળુના કોળીયા અને લોઢાના ચણા ચાવવા કરતાં પણ કઠીન માટે આપણાથી તો ન બની શકે માટે દૂરથી જ નમસ્કાર'-આ. આ બીજો ભાવ ઘણોજ વિલક્ષણ છે. સાચા સમ્યગ્દષ્ટિ આત્માને એ બીજો ભાવ ન જ હોવો જોઈએ. જેઓ તકલીફથી ડરીને ઉપર કહેલા બીજા ભાવથી સંયમને કે સંયમીને નમસ્કાર કરતા હોય, તેઓ નરકનાં દુઃખથી ડરી તેનાં કારણભૂત 'બહુ આરંભ' અને 'બહુ પરિગ્રહ' આદિને દૂરથી નમસ્કાર કેમ નથી કરતા ? પરિષહાદિ કષ્ટોથી ભડકી સંયમથી દૂર ભાગવા ઈચ્છનારા, નરકાદિક દુઃખોથી ભડકી 'મહારંભ' અને 'મહાપરિગ્રહ' આદિ પાપકર્મોથી દૂર ભાગવાનું કેમ નથી ઈચ્છતા ? પરિણામે અનંત સુખને આપનારાં જે માત્ર પરિષહાદિકનાં દુઃખો, તેનાથી ત્રાસ પામનારો આત્મા, નરકનાં અનંત દુઃખોને કયી રીતિએ સહી શકશે-એ કદી વિચાર્યું છે ? સહન થાય કે ન થાય, પણ બહુ આરંભ આદિના પ્રતાપે તે અનંત દુઃખોને ભોગવવાં જ પડશે. માટે કહું છું કે-'શાસ્ત્રો દ્વારા સંયમની કઠીનતા સાંભળી અને પરિષહાદિક કષ્ટોથી ભડકી, સંયમને દૂરથી નમસ્કાર કરવા કરતાં શાસ્ત્રો દ્વારા નરકાદિક દુઃખોને જાણી તે દુઃખોથી ડરીને, નરકના કારણભૂત 'મહારંભ' અને 'મહાપરિગ્રહ' આદિ પાપકર્મને જ દૂરથી નમસ્કાર કરતાં શીખો ! કારણ કે-એથી જ દુઃખોનો નાશ થશે.'

અને એમ થશે તો જ સાચી શાંતિ સાંપડશે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા દરેક ક્રિયા કરતી વખતે વસ્તુસ્વરૂપનો વિચાર અવશ્યમેવ કરે. ખાવા બેસે ત્યારે પણ સારામાં સારી ચીજના રૂપ, રંગ અને સ્વાદ વિગેરેને જોઈ, એ પુણ્યશાલી વિચારે કે-'આ ચીજ લાગે છે સુંદર અને સ્વાદિષ્ટ, પણ તેની સુંદરતા મુખની બહાર છે ત્યાં સુધી અને તેની સ્વાદિષ્ટતા જીભ ઉપર છે ત્યાં સુધી : પછી એ બન્નેયનો નાશ ! અને તે પણ એવો કે-પુનઃ જો એ બહાર નીકળે કે કાઢવામાં આવે, તો જોવી પણ ન ગમે ! આવી વસ્તુ ઉપર મમતા શી ?' સમ્યગ્દૃષ્ટિ આત્મા, તપશ્ચર્યા ન બને તો ખાય ખરો, પણ આસક્તિ ન ધરાવે. પૈસા માટે વિચારે કે-આ રહેવાનો ક્યાં સુધી ? દૃષ્ટિ કહેવાય સમ્યગ્ અને વિચાર તથા વર્તન અસમ્યગ્ હોય એ કેમ ચાલે ? કેટલાક કહે છે કે-'મન ચંગા તો કથરોટ મેં ગંગા' પણ ચંગા મન છે ક્યાં ? મન ચંગા હોય તો કાર્યવાહી આવી રહે? જ્ઞાની પુરૂષો તો બધાને જ મોક્ષમાં લઈ જવાને ઈચ્છે છે. જેવું એ જ્ઞાની કહે છે, તેવું હું પણ કહું છું. સંસારરસિકોને ન જચે તેનો ઉપાય શો ? કાં તો સમજાવો કે-તમે જ્યાં બેઠા છો, એ આત્માનું ભલું કરી શકે તેમ છે ! પણ નહિં, વસ્તુસ્થિતિ તો એ છે કે-લક્ષ્મીવાળા એમાં આસક્ત રહી નરકે ગયા અને લક્ષ્મી વિનાના એની મૂર્ચ્છા છોડી મુક્તિએ ગયા.

**સુયુક્તિઓ કરતાં કુયુક્તિઓ વધારે છે.**

(સભામાંથી૰ લક્ષ્મીવાળા પણ મુક્તિ કયાં નથી ગયા ?)

જરૂર ગયા છે, પણ ક્યારે ? જ્યારે મૂર્છા છોડી ત્યારેજ.

(સભામાંથી૰ ઘણા એમ કહે છે કે-ભરત મહારાજાની માફક ભોગવી લીધા પછી જોશું.)

શ્રી ભરત મહારાજાએ તો પછી પણ લાખો વરસ વિચરી ઉપકાર કર્યો છે. તમારે પછી કરવું હોય તો તમે જાણો, પણ ભોગવતી વખતે શ્રી ભરત મહારાજાની જેવી ભાવના હતી, તેવી ભાવના તો રાખશોને !

(સભામાંથી૰ એવી ભાવના ધરાવવામાં રસ નથી આવતો.)

એજ મોટો વિરોધ છે. એ વિરોધ જ આત્માનું અહિત કરનાર છે. આત્માનાં હિતકારી શાસ્ત્રો તો, દુનિયાદારીની ક્રિયાઓમાં રસ રાખવાની ના કહે છે જ, પણ શરીરનું હિતકારી વૈદકશાસ્ત્ર પણ કહે છે કે-'રસ એ રોગનું કારણ છે.'

(સભામાંથી૰ અતિરેક ન કરીએ અને પરિમિત રહીએ તો ?)

પ્રમાણોપેત ક્યારે લેવાય ? આસક્તિ ઘટે તો કે એમને એમ ? શારીરિક વાતમાં પણ

રસ લેતી વખતે, સ્વાદિષ્ટ ચીજ ખાતી વખતે-તન્મય બનાય છે, તે વખતે શરીરની રક્ષા પણ ભૂલી જવાય છે, શરીરની આબાદી યાદ રહી શકતી નથી, એ વાત તો અનુભવસિદ્ધ છે ને ? એમાં લીન થાય એટલે ચાર દિવસ પથારીએ પડે, પછી આઠ દિવસ સાજો રહે, પાછો રસમાં લીન થાય તો પાછો બીમાર થાય, માટે શરીર-સ્વાસ્થ્યના પ્રેમીએ પણ રસની આસક્તિનો ત્યાગ કરવો જ જોઈએ. શરીર તો ક્ષણભંગુર છે, પાંચ પચાસ વરસે પણ જવાનું છે, એક ગયું તો બીજું મળવાનું છે, એમ કોઈ માને પણ આત્મા માટે શું ? ત્યાં ભૂલ્યા તો શું થાય ?

શ્રી ભરત મહારાજા જેવી ત્યાગની ભાવના કોને આવે ? શ્રી ભરતમહારાજાની પૂર્વની આરાધનાની વાત તો બાજુ ઉપર રાખો, પણ આ લોકની જ વાત જૂઓને ! યુદ્ધપ્રસંગે જ્યારે શ્રી બાહુબલિજીએ સંયમ અંગીકાર કર્યું, ત્યારે શ્રી ભરતમહારાજાએ પગમાં પડીને કહ્યું કે-''તે બાપનો દીકરો તું ખરો : હું ક્યારે ? તારા જેવો થાઉં ત્યારે ! આ રાજ્ય ભવતરુનું બીજ છે, એવું જે ન માને તે અધમ છે અને હું એમાંએ અધમ છું, અધમમાંય અધમ છું : કારણ કે-જાણતાં છતાં પણ મૂકતો નથી.''

(પ્રશ્ન૦ જાણે, બોલે અને કરે નહિ ?)

આસક્તિનો રંગ એવો છે કે-આત્માને છટકવા દેતો નથી. તે છતાં પણ સમ્યગ્દૃષ્ટિનું હૃદય તો ડંખ્યા જ કરે. સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ જ આ. જો છોડી શકે, તો તો સમ્યક્ચારિત્રી કહેવાય-પણ નથી બનતું માટે તો સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. એ ચક્રવર્તી થયા છતાં પણ, સાધર્મીઓને પોતાને રોજ ચેતવવાનું કહ્યું હતું. સંયોગો જ એવા રાખ્યા હતા કે-ઉત્તમ નિમિત્ત મળી જાય કે આત્મા તરી જાય વૈરાગ્ય થવા માટે આંગળી ઉપરથી મુદ્રા ખસે, એ કંઈ મોટું કારણ હતું ? નહિજ. વીંટી ખસે એમાંથી એકદમ અન્યત્વાદિ ભાવનાઓ જાગે. એનું કારણ શું ? એજ કે-શુભ સંયોગોનું આલંબન અને શુભ ભાવનાઓનું સેવન. એક આદમીની સહાયથી જે બે લાખ કમાય, તે જો એમ કહે કે-પુણ્યથી કમાયો તો કૃતઘ્ન થઈ જાય. પુણ્યથી કમાયો એ ઠીક, એ વાત સાચી, પણ 'આ ભાઈની કૃપાથી કમાયો' એમ કહેવામાં કૃતજ્ઞતા છે. મુનિપણું અમુક ભાઈના નિમિત્તથી પામ્યા હોઈએ, તો જ્યારે જ્યારે જોઈએ ત્યારે કહીએ કે-'તારક આ.' પણ તેમ કહેતાં પાછી હદ તો ન જ ભૂલાવી જોઈએ. હદ ભૂલાય નહિ અને ઉપકાર યાદ પણ રહેવો જોઈએ. ઉપકારીનું વિસ્મરણ એ આત્મહિતનું વિસ્મરણ છે. ભવસ્થિતિ પાકી એ વાત ખરી, પણ નિમિત્ત કોણ ? જો એકાંત ભવસ્થિતિ માનીએ, તો તો શ્રી તીર્થંકરદેવને પણ નહિ મનાય. કહેનાર એમ પણ કહે કે-'પુણ્ય હતું

તો તીર્થંકર મળ્યા : અમારામાં યોગ્યતા હતી તો પામ્યા, એમાં તીર્થંકરદેવનો શો ઉપકાર ?' પણ એમ ન કહેવાય. નિમિત્ત પણ બળવંત છે.

ભગવાનની હયાતિમાં એવા પણ આત્માઓ હતા, કે જેને માટે ભગવાને શ્રી શ્રેણિકને કહ્યું કે-કપિલા દાન દે અને કાલસૌકરિક કસાઈ વધ બંધ કરે તો તારી નરક તૂટે. ભગવાનમાં પણ એ તાકાત નહોતી કે-કપિલામાં દાનબુદ્ધિ પેદા કરે કે કાલસૌકરિક કસાઈના હૃદયમાંથી હિંસાનો ભાવ દૂર કરે. શ્રી શ્રેણિક રાજા જ્યારે કસાઈને હિંસા બંધ કરવાનું સમજાવીને કહે છે, ત્યારે કસાઈ કહે છે કે-''આ ક્રિયા તો ધર્મ છે. જે લોકોને આ વસ્તુનો ખપ છે, તેના ઉપકાર માટે કરૂં છું.'' શ્રી શ્રેણિક મહારાજાને પણ લાગ્યું કે-ભગવાન્ કહે છે તે ખરૂં છે. ખરેખર, પાપાત્માઓ સીધા ઉતરી શકે એવા નથી હોતા. સુયુક્તિવાળા કરતાં કુયુક્તિવાળા વધારે છે. ફેર શું ? ફેર શું ? ફેર શું ?-એનો ઉત્તર તો શ્રી તીર્થંકરદેવ પણ ન આપે. આપણો મુદ્દો એ છે કે-જે નિમિત્ત મળ્યું, તેને આગળ કરીને ચાલવું.

**સેવા કરતાં આજ્ઞા પહેલી.**

શાસ્ત્રે પાંચ કારણે કાર્ય કહ્યું, પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષની સાધના માટે ઉદ્યમને પ્રધાન રાખે. આંધળાને વાગે તો પાપનો ઉદય કહેવાય, પણ દેખતાને વાગે તો પાપનો ઉદય

ન કહેવાતાં, સામો એમ જ કહે કે-'જોવું હતું ને !' જોઈને ચાલ્યો હોય, ચક્કર આવે અને પડી જાય, તથા વાગે તો પાપોદય કહેવાય. આથી તમારે સમજવું જોઈએ કે-અનાદિથી લાગેલી આસક્તિઓનો ત્યાગ કરવા, પ્રબળ પ્રયત્ન કરવાની જરૂર છે. જેઓ એમ કહેતા હોય કે-'હાલમાં અમે તૈયાર નથી, છેવટે જોઈ લઈશું'-તેઓનું તે જાણે.

(સભામાંથીં૦ છેવટ ક્યારે ?)

એમની દ્રષ્ટિએ છેવટ લાગે ત્યારે. બધા એ તો સમજે છે કે-આયુષ્યનો ભરોસો નથી. કોઈ અમરપટો લઈ આવ્યાજ નથી. પ્રશ્નકાર પોતે પણ પોતાને અમરપટો લઈ આવેલા માનતા નથી. દરેક માને કે-અનિચ્છાએ પણ મરી જવું પડે છે અને મરી જવું પડશે. મરણ નાનાને કે મોટાને જોતું નથી, રોગી કે નિરોગીને પણ જોતું નથી, વગર નોટીસે-વગર વૉરંટે ચાલ્યા જવું પડે છે. આ લોકની કોર્ટ તો એટલીય સારી કે-સમન્સ આવે, વકિલ કરાય, બચાવ કરવા દે, પણ અહીં કર્મસત્તા પાસે તો વકીલ-બકીલ કોઈ નહિ, કેસના પોઈન્ટ જ નહિ, આર્ગ્યુમેન્ટ જ નહિ. ન ફસ્યા હો ત્યાં સુધી બારી. ફસ્યા એ ફસ્યા. ફસેલાને છુટવાની બારી મુનિ રૂપી વકીલ બતાવે, પણ 'ફાવે તેમ કરીએ અને મુનિની સહીથી છુટાય'-એ કાયદો નથી. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે-'હે વીતરાગ !

તારી સેવા કરતાં આજ્ઞા પહેલી. તારી આજ્ઞાના પાલન વિના તારી સેવા મુક્તિ આપવાની નથી.' ચાંલ્લો એ શું છે ? પ્રભુની આજ્ઞા મસ્તકે ધરીયે છીએ-એ દર્શાવવાનું ચિહ્ન ? જે હાથે ચાંલ્લા થાય, તે હાથે એ ભગવાનની આજ્ઞાની ઠેકડી કરનારા સાથે શેકહૅન્ડ ન કરાય. પ્રભુ આજ્ઞાની ઠેકડી કરનારા મોટા માણસ ગણાતા હોય, તો પણ એમ જ કહી દેવાનું કે-'આપ મોટા, સાહેબ, શ્રીમાન્, પણ અમારા તો તમને દૂરથી નમસ્કાર. અમારે તો આગમ એજ આધાર. જ્યાં આગમની આજ્ઞા હોય, ત્યાં જ અમારો આત્મા ઢળે : ન હોય ત્યાંથી તો ઉભગે. અમે તો ઈચ્છીએ છીએ કે-ભવે ભવે તમારો સંસર્ગ ન મળે !' આજ્ઞા આજ્ઞા રૂપે પરિણત થાય, આજ્ઞા જ મુક્તિનું કારણ છે એમ સમજાય, તો આજ્ઞાપાલનમાં આ દુનિયાની કોઈ ચીજ રોકી શકે તેમ નથી. ચક્રવર્તી સાહ્યબી મૂકે તે એમને એમ ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે-'હે પ્રભુ ! અમારા મિત્ર તે, કે જે આપની આજ્ઞાના રંગી હોય. બીજાની સાથે અમારે કાંઈ લાગે વળગે નહિ.' શ્રાવકને પણ મિત્રતા, સ્નેહસંબંધ કોની સાથે હોય? વ્યવહારમાં પણ કોઈને મળવું પડતું હોય, તો કહી દે-વ્યવહારની જ વાત કરજે. બીજી વાતનું મારે કામ નથી. જેઓ આથી વિરૂદ્ધ વર્તનારા છે, તેઓ તિલકના મહિમાને સમજ્યા નથી અગર સત્ત્વશાલી નથી. આથી જ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એમ સૂચવે છે-'જે

સેવા કરનાર આજ્ઞા ન પાળે, તેની સેવા પણ શું કામની ?' આજ્ઞાની આરાધનાને બદલે વિરાધના કરનારા સેવક શાના ? બહેતર તો એ છે કે-આજ્ઞાની વિરાધના કરવા છતાં પણ પોતાને સેવક તરીકે ઓળખાવનારા, સેવકો હોવા કરતાં ન હોય તે સારા. આજ્ઞાની આરાધનામાં જ મોક્ષ અને વિરાધનામાં તો સંસારમાં રખડવાનું જ. આજ્ઞાનો અમલ શક્તિના અભાવે મોડો થાય એ જૂદી વાત છે, પણ માન્યતા તો કાયમ માટે જોઈએજ.

**મુનિ પાસે અર્થ-કામ લાભ ન હોય !**

સમ્યગ્દૃષ્ટિ એમ તો જરૂર માને જ કે-'જે સંસારમાં હું બેઠો છું તે સંસાર ખોટો જ છે, અને ત્યાજ્ય જ છે. એનો ત્યાગ એજ સ્વીકાર્ય. સ્વીકાર્ય તો સંયમજ.'-આ વાત તો રોજ કરવા જેવી છે. ભૂલાય તો ? આપણો પાયો અને ખીલો તો આપણે રોજ સંભાળવો જ જોઈએ. સમ્યક્ચારિત્ર ફળે ક્યારે ? સમ્યગ્દર્શન હોય તોજ !

**''दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥''**

'દર્શનથી ભ્રષ્ટ તે ભ્રષ્ટજ. દર્શનભ્રષ્ટનું નિર્વાણ નથી : ચરણરહિત આત્માઓ સિદ્ધિપદને પામે, પણ દર્શનથી રહિત આત્માઓ સિદ્ધિપદને ન પામે.'

જે દર્શનરહિત થયો, એમાં ચારિત્રનો સંભવ નથી. દર્શન સાબૂત હોય તો ચારિત્ર ખેંચાઈને આવે. શ્રી નંદીષેણ પડ્યા, પણ ચારિત્રથી : દર્શનથી તો સાબુત હતા. ગયા ક્યાં? વેશ્યાને ઘેર. વેશ્યાના મકાનમાં ઓઘો ખીલીએ ભરાવ્યો. પણ નક્કી કર્યું-અભિગ્રહ કર્યો કે, 'રોજ દશને ન પ્રતિબોધું, પ્રભુ માર્ગના રંગી ન બનાવું, ત્યાં સુધી આહાર ન લઉં.' ઘર વેશ્યાનું : ઓઘો ખીલીએ : પણ માનતા કે-'હું પામર, કર્મયોગે પડ્યો, ગબડ્યો.'' ચારિત્ર લેતી વખતે પણ દેવીએ 'ના' કહી હતી, છતાં ચારિત્ર લીધું હતું. 'ભોગાવલી કોણ છે ?' કરીને ચારિત્ર લીધું હતું. વેદોદયે ચારિત્રથી બચવા માટે પહાડ પરથી પડતું મૂકવું વિગેરે કર્યું, છતાં દરેક વખતે દેવોએ બચાવ્યા અને કહ્યું કે-'કર્મથી મુક્તિ નથી. કર્મ ભોગવવાં જ પડશે.'-આખરે એ મુનિ ફસ્યા-શાથી ? ભૂલ્યા એથી. શું ભૂલ્યા ? ભિક્ષાએ ગયા. વેશ્યાને ત્યાં ગયા. ત્યાં ધર્મલાભ દીધો. વેશ્યાએ કહ્યું કે-''અહિં તો અર્થલાભની જરૂર છે.'' મુનિ પાસે ધર્મલાભ શિવાયની માગણી કરનારા કોણ હોય ? એ વિચારજો. વેશ્યાએ અર્થલાભનું કહ્યું : અહીં મુનિ ભૂલ્યા. કર્મયોગે અહીં ભૂલનું પગરણ મંડાયું. 'મારી પાસે અર્થ નથી એમ ?'-આવું ત્યાં મુનિને થયું. પોતે લબ્ધિવાળા હતા. સીધી વાત હતી કે-'અર્થ અમારી પાસે નથી' એમ કહેવાનું હતું. મુનિ તો બધે ધર્મલાભ જ દે. જીવતાંએ ધર્મલાભ દે અને

મરતાંએ ધર્મલાભ દે. અહીં આવો તોયે ધર્મલાભ દે અને તમારે ઘેર આવે તોયે ધર્મલાભ દે. પોતે મરતાંએ ધર્મલાભ દે અને તમે મરવા પડો ત્યારે પણ ધર્મલાભ દે. મુનિ પાસે અર્થ કે કામના લાભ હોતા જ નથી.

(પ્રશ્ન૰ સભામાંથી- આગન્તુક આવી જાય. ધર્મલાભમાં બધું સમાય.)

એની ગણના નહિ. બીજમાં ફળની ગણના. ખેડમાં અનાજની કિંમત, ઘાસની નહિ ! ઘાસ તો આવે તોયે ઠીક, ન આવે તોયે ઠીક : એના માટે હર્ષ શોક ન હોય. શ્રી નંદિષેણ મુનિએ તરણું લઈને ભાગ્યું, એટલે સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ, અને પોતે ચાલવા માંડ્યું. વેશ્યા વળગી. હવે જાઓ ક્યાં ? જવું હોય તો આ ઉપાડી જાઓ, નહિ તો રહો! કર્મ ઉદયમાં આવ્યું. મુનિ રહ્યા. નિદાન કરો કે-'શાથી રહ્યા ?' કર્મ યોગે, પણ કયા નિમિત્તે? ભૂલ કયી ? ધર્મ લાભ દેનારા મુનિ ધર્મલાભ દેવાની ફરજ ચૂકી અર્થલાભ દેવા લલચાયા ત્યારેને ! એજ ભૂલ અને તે માત્ર એક વેશ્યાને રાજી કરવા માટે ! એક અર્થલાભ દેનાર જો પતિત થાય, તો સઘળા લોકને રાજી કરવા માટે ધર્મલાભ છોડી, અર્થલાભ દેનારા પતિત થાય એમાં નવાઈ શી ? મુનિ શ્રી નંદિષેણનું કર્મ ફાવ્યું ક્યારે ? અર્થલાભ દેવા લલચાયા ત્યારે ! શ્રી નંદિષેણમુનિ સંયમથી પડ્યા, પણ દર્શનથી નહોતા પડ્યા. ત્યાં રહીને

દશને પ્રતિબોધ કરીને રોજ મોકલે. વિચારો કે-સમ્યગ્દૃષ્ટિના, શ્રાવકોના મનોરથ કેવા હોવા જોઈએ ? એ તમે જાણતા તો હશો, પ્રસંગે વિગતથી જણાવીશ. ઘરબારી અને કુટુંબ પરિવારવાળાના મનોરથ ત્યાગના હોય, તો ત્યાગીઓના મનોરથ કેવા હોય ? યોગ્ય વૃત્તિ થાય તો દુનિયામાં ઉત્પાતનું નામ રહે નહિ. અન્યાય, પ્રપંચ, અશાંતિ સ્વપ્ને પણ નહિ જણાય. પછી સ્થિતિ જ જુદી થશે. લક્ષ્મી ગઈ તો ઓછી થઈ અને આવી તે સન્માર્ગે ઉપયોગી થશે-એ ભાવના. ધર્મીને ઘેર આદમી વધે તો કહે કે-સન્માર્ગે જશે અને જાય તો કહે કે-જવાના હતા તે ગયા.

**વિરોધી હોય તેથી મુક્તિ અટકતી નથી.**

આદર્શ જીવનવાળો મરે કેવી રીતે ? સુંદર ભાવનાથી. આજ તો મરતી વખતે પણ બોલતા કરવાની પીચકારીઓ અપાય છે. મરણપીડા વખતે કંઈ પણ કરવું, એના જેવો દુનિયામાં એક પણ અપકાર નથી. તપાવેલા લોઢાની સોયો એક સાથે રોમ રોમ ખોસી હોય અને જે પીડા થાય, તેના કરતાં કંઈ ગુણી પીડા જન્મ વખતે થાય અને એનાથી અનંત ગુણી પીડા મરણ વખતે થાય. એ વખતે બોલાવવા હલાવાય કે પીચકારી દેવાય ? ધર્મી કુટુંબ એ વખત નવકારના જાપ અને સદ્ભાવજનક વાર્તાલાપ શિવાય બીજું કંઈ ન કરે. મરતી

વખતની પીડાથી અવાચક પણ થાય, એ વખતે સમાધિની ભાવના આવે તો પીડા કાંક ઓછી થાય, એ વખતે નવકાર મંત્રનો જાપ દે. એમ સંભળાવે કે-'મરણ નવું નથી. મુંઝા મા !!' બસ નવકારજ સંભળાવે-આરાધના કરાવે, પણ ખાતાં, દસ્તાવેજ-વીલ અને સીલ, આ બધું એ વખતે કરવું એ ભયંકર છે. જેટલા વધારે ઉપાધિવાળા એટલું મરણ વધારે ભયંકર. કુટુંબીઓ-સ્નેહીઓ એવા ઉભા કરો કે-મરતી વખતે હેરાન ન કરે. એ વખતે વીલ કે સીલની પંચાતમાં ન પડે. હમણાં કહેશે કે-પોલો બહાર પાડે છે : પણ શું કરૂં ? ઘણાં મરણ એવાં થાય છે કે-નવકારને તો કોઈ યાદ ન કરે, પણ બધા હાથ મારવામાં પડ્યા હોય. વીલની પંચાત એ વખતે ઉભી જ હોય-અરે, જીવનમાં પણ ગમે તેવી ધર્મક્રિયા ચાલતી હોય અને બીજું કામ આવે, તો ધર્મક્રિયાને પડતી મૂકે. આ બધામાં સુધારો કરવાનું આત્માને તથા શરીરને ભિન્ન માનો તો જરૂરી સમજાય. આત્માને તથા શરીરને એક માનો તો કોઈ નહિ સમજાવી શકે. શરીરને જ માત્ર સાધ્યરૂપ માની આત્માને વેડફી નાખવો, એ કોઈ પણ રીતે ડહાપણનું કામ નથી. મુનિ શ્રી નંદિષેણજી પડ્યા, પણ એમનું સમ્યક્ત્વ કાયમ હતું : અભિગ્રહ કર્યો કે-'રોજ દશને પ્રતિબોધી પ્રભુમાર્ગના રસીઆ ન કરૂં, ત્યાં સુધી જમું નહિ.' ઘણા કાલ સુધી આ કાર્યવાહી ચાલી.-એક દિવસ નવ જણ તો પ્રતિબોધ પામ્યા, પણ દશમો

નહોતો પામતો,-એ ધીઠ્ઠો હતો. એ તો કહે કે-''બધી વાત સારી, પણ તો તમે અહીં કેમ ?''

(સભામાંથી° તે વખતે વિરોધી નહિ હોય ?)

વિરોધી હરેક કાલમાં હોય, પણ પાવર ઓછો વત્તો હોયને ! સો ડીગ્રીનો પાવર, અને પચાસ ડીગ્રીનો પાવર,-એમ પાવરમાં તરતમતા હોયને ! હું કહી ગયો છું કે-હજારો વિરોધી હોય, પણ જો એક ધર્મી મજબૂત હોય, તો પેલા બધાએ કાં તો શિર ઝુકાવે કે કાં તો પીઠ બતાવીને જાય. તરતમતા તો બધે હોય. મુનિ છઠ્ઠે અને સાતમે ગુણઠાણે હોય. મહાપુરૂષોના સંયમની શી વાત થાય ? આ તો સંયમનો અભ્યાસ, એકડા ઘુંટવાના : પણ તે જરૂરી છે. એવું સંયમ પમાય આનાથી ! દીસીમાન સંયમવાલાની છાયા ઓર હોય. એવા મહાસંયમી આત્માઓના પણ વિરોધી હતા. ભગવાન શ્રી મહાવીરદેવના પણ વિરોધી હતા. અપમંગલ માનીને મુનિને તથા ભગવાન્ શ્રી મહાવીરદેવને મારનારા પણ હતા. સાત સાતવાર ભગવાનને ફાંસીએ ચઢાવનારા પણ હતા.

(પ્રશ્નકાર° એ જૈનો નહિ હોય.)

ભૂલ્યા. મુદ્દો એ છે કે-જેને રોમ રોમમાં કોઈના બૂરાની ભાવના નહોતી, 'સવિ જીવ

કરૂં શાસનરસી'-એવી ભાવદયાના સાગર એવા પ્રભુના પણ વિરોધી હતા, તો બીજાના કેમ ન હોય ? વિરોધ કે વિરોધી હોય, તેથી સાધકની મુક્તિ રૂકે નહિ : વસ્તુ જાય તો સાધકની મુક્તિ અટકે.

**વાદી શ્રી દેવસૂરિજીનો એક પ્રસંગ.**

તમે અને અમે વસ્તુ (આગમ, ધર્મ)ની રક્ષામાં પાછા ન પડીએ, તો વિરોધીઓ શું કરે ? બહુ તો આ શરીરનો નાશ કરી જાય એજ ને ? શ્રી ખંધક મુનિવરની ખાલ ઉતારતા હતા, ત્યારે એ મહાત્માની સ્થિતિ કયી ? કયી ભાવના ? ખાલ ઉતારતી વખતે શ્રી ખંધક મુનિ કેવી ઉત્તમ ભાવનામાં રમતા ? આજે એવા ખાલ ઉતારનારા છે ક્યાં ? આજે છે તેને સહેવાનું કૌવત તો જરૂર છે, પણ વાતવાતમાં મુંઝવણ કરે તો શું થાય ? ઘસારાથી ગભરાય તે તો મુંઝાઈ જ જાય. એક આગેવાન આગળ થાય અને બીજા પાછળ ઉભા રહે અને કહે કે-આવો : ઘસારાને બોલાવે કે-આવો. તો પેલા ઘસારાવાળા રૂકે. પણ પાછળવાળા કહે કે-ભાગો જ ભાગો, તો તો નાશ વળે અને ઘસારાવાળા કહે કે-મારો. ઘસારાને કહો કે-આવો, બધું મૂકીને આવ્યો છું માટે આવો. પણ પેલા મારવા આવે એ પહેલાં જ ભાગાભાગની બૂમરાણ થતી હોય ત્યાં શું થાય ? જેવા ક્ષત્રિયના દીકરા છો તેવા બનો તો બહુ ઉત્તમ,

પણ તેવા ન બનો તો નામ યાદ આવે એવું તો રાખો. દુશ્મન છે ક્યાં ? બોલી જાણે છે! બોલતાંએ ક્યાં આવડે છે ? દલીલ કે યુક્તિ હોત તો મને પણ આનંદ થાત અને કોક મળ્યા હતા એમ માનત. આ એવું ક્યાં છે ? આ સ્થિતિથી તો શરમ આવે છે. પહેલાં પણ વાદી આવતા, પણ એ વાદીઓ પોતાના પણમાં એક્કા હતા. હેતુ તુટે કે પોતાની જાતે પોતે પોતાની હાર કબૂલ કરે.

સમર્થવાદી આચાર્યદેવ શ્રીમદ્ દેવસૂરીશ્વરજીને એક વાદી સાથે વાદ કરવાનો પ્રસંગ આવ્યો હતો. સૂરીશ્વરજી વાદીને રમાડ્યે ગયા. તર્કની બારી આપી આપીને વાદીને રમાડ્યે ગયા, કે તારાથી નચાય એટલું નાચી લે. એક દિવસ રાજાએ આચાર્યદેવને કહ્યું કે-'વાદનો અંત ક્યારે આવશે ?'

શ્રી દેવસૂરી- 'વિતંડાવાદી છે.' રાજા- મારે વાદનો અંત લાવવો છે.

શ્રી દેવસૂરીશ્વરજીએ કહ્યું કે-'કાલે વાત.'

બીજે દિવસે પક્ષની સ્થાપના તથા વિપક્ષનું ખંડન નક્કી થયું. બોલતી વખતે કોઈ પણ-'પ, ફ, બ, ભ, મ,' ન બોલે એ નિર્ણય થયો. બોલે તે હાર્યો ગણાય. પહેલું બોલવાનું પણ સૂરીશ્વરજીએ રાખ્યું. બોલવાનું સંસ્કૃત ભાષામાં. હોઠ પર અળતાનો લેપ કર્યો. કે બોલે

તો ખાત્રી થાય; કારણ કે-એ અક્ષરો ઓષ્ઠસ્થાની છે. દેવસૂરીશ્વરજી, કલાકના કલાક સુધી ધારાબંધ બોલ્યે ગયા, પણ એ પાંચમાનો એક પણ અક્ષર ન આવ્યો. આવા સમર્થની સામે પેલો ટકે ? બોલવા ઉભો થયો, બોલતાં બોલતાં પાંચમાંનો અક્ષર આવી ગયો : એને એમ થયું કે-હાર્યો, કે તરત હાર કબૂલ કરી. કરેલા 'પણ' માં બારી નહિ, એવા એ વાદી હતા. એ વાદીને પહોંચાય ! પણ જે ઘડીમાં આમ બોલે ને ઘડીમાં આમ બોલે. જે કાયદો, આગમ કે આજ્ઞા માને નહિ, કેવળ મતિકલ્પનાની જ વાતો કરે, તેની સાથે વાત શી રીતે થાય ?

(સભામાંથી- સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ થાય છે.)

સ્વતંત્ર બુદ્ધિનો એવો ઉપયોગ કરનારા અક્કલહીન છે. તીર્થંકરદેવ શ્રી મહાવીરનું શાસન : નામ એમનું દેવું, સીક્કો એમના નામનો મારવો અને મતિ પોતાની-એ બને ? જેઓ સાધુઓને પોતાની મરજી મુજબ નચાવવા માગે છે, તેઓને સુધારવાની આશા રાખવી એ ફોગટ છે. કલ્યાણના અર્થિ આત્માઓએ ભગવાન્ શ્રી મહાવીરદેવની આજ્ઞા છોડી, ગાંડા અને ઉન્મત્તોની આજ્ઞા માનવાની મૂર્ખાઈ કરવા જેવું નથી. મુનિવરોની ફરજ છે કે-તમારામાં જેટલા દોષ હોય એટલા કહે, દોષ ન હોય એની સંભાવના કરીને પણ કહે, પણ એ કહેવામાં હેતુ એક જ કે-તમારામાં દુર્ગુણ હોય તે દૂર થાય અને દુર્ગુણ ન હોય તો આવે નહિ. આ

હેતુ માટે કારમા શબ્દમાં પણ કહેવાય. ટોળું વધારવાની બુદ્ધિથી હિતકર કડવું, જરૂરી છતાં નહિ કહેનારા ફરજથી ચૂકે છે. 'વ્યાખ્યાનમાં વધુ માણસો આવશે તો અમારૂં માનપાન વધશે.'-આ માન્યતા એ પાપ માન્યતા છે. ભલે ટોળું લાખ્ખોનું થાય, પણ અમારૂં સંયમ જાય તો અમારે માટે પણ ખાડો તૈયાર છે. મહાપુરૂષોને પણ કર્મે નથી છોડ્યા, તો અમને કેમ છોડે ? જરા પ્રમાદથી નિગોદ સુધી ચાલ્યા ગયા છે, તો અમારી શી હાલત થાય ? માટે એક ગેરંટી અને તે એજ કે-આગમથી વિરૂદ્ધ કોઈ પણ ભોગે ન જ જવું જોઈએ. આજ્ઞા કદાચ પૂરેપૂરી ન પળે, પણ માન્યતા તો અણીશુદ્ધ રહેવી જ જોઈએ. શાસનની વાત તો દૂર રાખો, પણ પોતાની જાતને પણ બચાવવા માટે આગમની આજ્ઞાનો ઘાત થાય તેવી સઘળી કાર્યવાહીથી બચવા માટે નિરંતર સાવધ રહેવું જોઈએ.

❖ ૩૨ ❖

**શ્રી જિનમતથી વિપરીત વસ્તુનું વર્ણન કરનાર સત્પુરૂષ નહિ પણ કાપુરૂષ છે.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મંગલાચરણ તથા પીઠિકા કરતાં ફરમાવી ગયા કે-શ્રી અરિહંત ભગવાનના વચન સિવાય વિશિષ્ટ વિવેક પેદા થતો નથી, અને એવા વિવેકની પ્રાપ્તિ વિના હેય તથા ઉપાદેય પદાર્થોનું સ્વરૂપ સમજાતું નથી : તથા એ સમજાયા વિના

રાગ, દ્વેષ અને મોહ જતા નથી, અને એ રાગાદિ જાય નહિ ત્યાં સુધી સુખની પ્રાપ્તિનો સંભવ પણ નથી : માટે સ્વપરના સુખને માટે શ્રી અરિહંતદેવના વચનનો જ અનુયોગ કરવો જોઈએ. કલ્યાણ માટે અનુયોગ કરવો તો શ્રી અરિહંતદેવના વચનનો જ કરવો. અનુયોગ એટલે વ્યાખ્યાન વર્ણન. શેનું ? શ્રી અરિહન્તદેવના વચનનું. અનુયોગ કોણ કરે ? સુખનો અર્થી. કોના માટે ? સુખના અર્થિ માટે. શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગ સિવાય સુખ છે નહિ. ટીકાકાર મહર્ષિ કહે છે કે-શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગને અમે આરંભીએ છીએ. દુનિયાની બધી વસ્તુ અમે જોઈ, પણ સુખ અહીં છે. શ્રી અરિહન્તદેવ કોને મનાય? જેમનામાં રાગનો સર્વથા અભાવ થયો હોય તેમને ! રાગ ગયો ત્યાં દ્વેષ તો ગયેલો જ છે, અને મોહ પણ ગયો જ છે. શ્રી અરિહંત ભગવાનનું વચન કોઈને અહિતકર હોય જ નહિ. ભાગ્યહીન આત્મા એવું બનાવી લે એનો ઉપાય નહિ, બાકી શ્રી અરિહન્તદેવનું વચન તો એકાન્તે સુખ જ આપનારૂં છે, એમાં જરાએ શંકા નથી. આ મહાત્માઓને એમના વચનમાં જેવો વિશ્વાસ છે, તેવો વિશ્વાસ જો આપણો જામી જાય તો કામ થઈ જાય. શ્રી અરિહન્ત ભગવાન તો હોય તેવું કહે. હેયને હેય, જ્ઞેયને જ્ઞેય તથા ઉપાદેયને ઉપાદેય કહે. જાુદું કહેવાનું કોઈજ કારણ નથી. ટીકાકાર મહર્ષિ કહે છે કે-સુખના અર્થીએ સુખના અર્થ માટે

શ્રી અરિહન્તદેવના વચનનું જ વર્ણન કરવું જોઈએ. એ અનુયોગ જ જગત્‌ના પ્રાણી માત્ર માટે, સ્વપર ઉભયને માટે હિતાવહ છે : બાકીની વાતો સ્વપર માટે ઘાતક છે. આથીજ શાસ્ત્રોમાં તેજ આચાર્યને ભાવસૂરિ તરીકે અને તીર્થંકરતુલ્ય તરીકે ઓળખાવેલ છે, કે જે આચાર્ય સમ્યક્ રીતિએ શ્રી જિનેશ્વરદેવના મતને પ્રકાશિત કરે. જે આચાર્ય જિનમતનો અતિક્રમ કરે છે, તેને તો શાસ્ત્રમાં સત્પુરૂષ તરીકે નહિ, પણ કાપુરૂષ તરીક ઓળખાવે છે. તેવા કાપુરૂષો શ્રી જૈનશાસનમાં અવંદનીય તરીકે જ સુપ્રસિદ્ધ હોય છે. જિનમતથી વિપરીત પ્રકાશનાર આચાર્ય માટે શાસ્ત્રોમાં એવું એવું વર્ણન કરવામાં આવ્યું છે, કે જેથી તેના માટે એક લેશ પણ પૂજ્યભાવ કોઈ પણ ભવ્ય આત્માના અંતઃકરણમાં ન રહી શકે : કારણ કે- તેવા પ્રત્યેનો પૂજ્યભાવ આત્મા માટે એકાંતે અહિતકર છે. શ્રી જિનેશ્વરદેવના મતને પ્રકાશિત કરનારને જેટલા પૂજ્ય કહ્યા છે, તેટલા જ તેથી વિપરીત કહેનારને અપૂજ્ય કહ્યા છે : કારણ કે- તે શ્રી જિનેશ્વરના શાસનનું ઉત્થાપન કરી સ્વપર ઉભયનું એકાંતે અકલ્યાણ કરનાર છે. એવા એકાંતે અકલ્યાણ કરનારાઓથી કલ્યાણના અર્થિ આત્માઓને ચેતવવા, એ અતિશય જરૂરી વસ્તુ છે. એવા આત્માઓનું પ્રભુના શાસનમાં એક ફુટી કોડી જેટલું પણ વજન રહેવું ન જોઈએ કારણ કે એવાઓનું વજન એ શાસનને ભયંકરમાં ભયંકર હાનિ પહોંચાડનાર છે.

જેમ વ્યવહારમાં સારા પણ શેઠને અપ્રમાણિક બનેલા મુનિમને રજા પણ આપવી પડે છે અને તેનાથી પેઢીને અને લાગતા વળગતાઓને જોખમમાં ન મૂકાવું પડે, તે ખાતર પોતાના મુનિમ માટે પણ યોગ્ય જાહેરાત કરવી પડે છે-તેમ શાસનમાં પણ પાકેલા અપ્રમાણિક આચાર્ય આદિ માટે તેવી જ રીતિએ શાસનમાંથી દૂર કરવા સાથે યોગ્ય જાહેરાત કરવાનું વિધાન છે. આત્મકલ્યાણના રસ્તાઓને રૂંધનાર આત્માઓથી જનતાને સાવચેત કરવી, એ તો હરેક હિતૈષીની ફરજ છે. તમારા નામે હજારોનો વહિવટ કરનાર જ્યારે અપ્રમાણિક બને અને ઉંધુ-છતું કરવા માંડે, ત્યારે તમે તમારા બધા આડતીયાને, લાગતી વળગતી પેઢીને, સ્નેહી-સંબંધીને અને વેપારી આલમને 'હવેથી એને અમારા નામે રાતી પાઈ પણ ધીરવી નહિ.'-આ પ્રમાણે જાહેર કરો છો યા નહિ ?

(સભામાંથી- બચાવ માટે તેમ કરવું જ પડે.)

એજ રીતે પ્રભુના શાસનમાં પણ એવા અપ્રમાણિકો માટેની તેવી જાહેરાત કરવી જ પડે, કારણ કે-તે જાહેરાત વસ્તુના સત્ય સ્વરૂપને ઓળખાવનારી હોઈ સ્વપર ઉભયનું હિત કરનારી છે.

**ગોળ તથા ખોળને એક કોટિમાં ન મૂકો.**

અનંતજ્ઞાની શ્રી વીતરાગદેવને પણ જેટલા કુનયો તથા જેટલા કુદર્શનો હતાં, તેને તે હતાં તેવાં કહેવાં જ પડ્યાં છે. 'તે ખોટાં છે, અયોગ્ય છે'-એમ સ્પષ્ટપણે કહેવું જ પડે. ખોટાની ખોટા તરીકે જાહેરાત, સાક્ષાત શ્રી જિનેશ્વરદેવોએ પણ કરી છે. અને કરી છે તેથી તો અનેક આત્માઓ મુક્તિ સાધી શક્યા છે અને આપણે સત્ય પામી શક્યા છીએ. સુદેવના સ્વરૂપનું વર્ણન કરતાં કુદેવને પણ ઓળખાવી દીધા, સુગુરૂનું વર્ણન કરતાં કુગુરૂનું પણ એવું વર્ણન કર્યું, કે એના એક એક દોષને અખંડપણે બતાવ્યો. સુધર્મનું સ્પષ્ટીકરણ કરતાં કુધર્મનું પણ નિરૂપણ કરી દીધું. આથી સ્પષ્ટ છે કે-વસ્તુના સ્વરૂપ વર્ણનને નિંદા તરીકે ઓળખાવનારા મહા અજ્ઞાની છે. એટલી વાત સાચી છે કે-વસ્તુનું વર્ણન કરતાં કોઈના પ્રત્યે પણ દુર્ભાવ ન હોવો જોઈએ. માત્ર એકજ હેતુ હોવો જોઈએ અને તે એજ કે-અયોગ્યના સંસર્ગથી પોતે બચે અને સહયોગમાં આવનારા પણ બચે. આથી જ કહ્યું કે-

'તેજ ભાવાચાર્ય કે જે શ્રી જિનેશ્વરદેવના મતને સમ્યક્ પ્રકારે પ્રકાશિત કરે.' શ્રી જિનેશ્વરદેવના મતને સુંદર રીતિએ પ્રકાશિત કરનારા ભાવાચાર્ય શ્રી તીર્થંકર દેવના જેવા છે. એવા તારક ભાવાચાર્યની આજ્ઞા જે ન માને, તે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના પણ વિરાધક

છે.'

'આથી સ્પષ્ટ છે કે-'જે શ્રી જિનેશ્વરદેવના આગમની દરકાર કર્યા વિના, સમયાદિના બ્હાને યથેચ્છ બોલે તે ભાવાચાર્ય નથી : માટે એની આજ્ઞા માનવી એ પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને વિરાધવા બરાબર છે.-આ જાતિનો વિવેક સમ્યગ્દૃષ્ટિમાં હોવો જોઈએ. 'અહીં પણ હું અને તહીં પણ હું'-એવા વિચાર સમ્યગ્દૃષ્ટિ આત્મામાં ન હોય. સમ્યગ્દૃષ્ટિ આત્મા એટલે શાસનનો પક્કામાં પક્કો અનુયાયી : આસક્તિ આદિના યોગે વિરતિનો અમલ ન પણ થાય, પરન્તુ એ વસ્તુસ્વરૂપની શ્રદ્ધામાં તો પક્કો જ હોય. તે ધર્મની બાબતમાં 'કાંઈ નહિ' એમ ન કહે. તે પોતાની ધર્મક્રિયાઓ બાબતમાં જેમ તેમ પોલ ન ચલાવે. જેમ કુશલ વેપારી ચોપડા તૈયાર રાખવામાં કીટ હોય : એ મેળ કાલ ઉપર ન રાખે. નાના વેપારીઓને ત્યાં કદી એમ બને કે આજનો મેળ કાલ ઉપર રહી જાય,-જો કે એ પણ માને કે ઠીક નહિ છતાં રહી જાય એ બને-પણ કુશળ વેપારી કે જ્યાં લાખોની લેવડદેવડ થાય, લાખોનો વહીવટ થાય અને ત્યાં આજનો મેળ કાલ ઉપર ન રહે. એના ચોપડા તો દીવા જેવા હોય. જ્યારે માગો ત્યારે તૈયાર. અરધી રાતે કોઈ હીસાબ માગવા આવે, એમ એ વેપારી સમજે છે. જો એ વખતે તૈયારીનો અભાવ હોય, તો પોલ છે એમ શંકા થાય. એને ત્યાં દિવસનો કાચો

ખરડો પણ રાતે પાકો થઈ જાય અને સવાર થતાં તો અગર સવારે તો ખાતાવહી પણ તૈયારજ હોય. રકમ ખતવાઈ પણ જાય. જુદા જુદા કામ ઉપર માણસો નિયત જ હોય. રાજતંત્રનાં કામ ઓછાં હોય છે ? વાઈસરોય પણ છાપામાં શું શું આવે તે બધું જાણે. એમના ટેબલ ઉપર બધો રિપોર્ટ તૈયાર જ હોય. 'આ શી પંચાત' એમ કરે તો ? ઘેર જવું પડે. વાઈસરોય પણ તૈયાર કેવા હોય ? ગમે ત્યારે, ગમે ત્યાં લઈ જાઓ, તે વખતે ગમે તે વ્યવહારૂ વિષય ઉપર બોલવા તૈયાર. બધી વાતો એમના ટેબલ પર તૈયાર જ હોય. નજીવો માણસ બોલે તેની પણ નોંધ તેઓ પાસે હોય, કારણ કે રાજ્ય ચલાવવું છે. એવી જ રીતે સમ્યગ્દૃષ્ટી આત્માએ પણ કલ્યાણકારી ક્રિયાઓ માટે નિરંતર સાવધ રહેવું જ જોઈએ. શાસનની સેવા કરવી, એ સમ્યગ્દૃષ્ટી આત્માની અનિવાર્ય ફરજ છે. શાસનમાં રહેલા સહુએ પોત પોતાની ફરજ સમજી, તેનો ઉચિત અમલ કરવો જ જોઈએ. ફરજનો ઉચિત અમલ છતી શક્તિએ પણ નહિ કરનારો શાસનની થતી હાનિમાં કારણભૂત થાય છે. શક્તિ મુજબ પ્રયત્ન કર્યા પછી પણ જો હાનિ થાય, તો કહી શકાય કે-'ભવિતવ્યતા' પણ વગર પ્રયત્ને તેમ કહેવું, એ ફરજ પ્રત્યેની ખુલ્લી બેદરકારી જ કરી ગણાય. શાસન પ્રત્યેની ફરજનો ઉચિત અમલ તે જ કરી શકે, કે જે ગોળ ને ખોળને એક ન માને. આથી જ હું કહું છું

કે-ગોળ ને ખોળ એક કોટિમાં ન જ મૂકો. વસ્તુને સમજવામાં તથા સમજાવવામાં સમ્યગ્દૃષ્ટિ આત્મા એક્કો હોવો જોઈએ. એની વાતચીતમાં શ્રી જિનેશ્વરદેવના મતની ઝાંખી થાય. શ્રાવક દુકાનને પણ પાઠશાળા જેવી બનાવે. એ પુણ્યાત્માનાં વિચાર, વાણી અને વર્તન એવાં હોય કે-એને ઘેર, એની પેઢી પર અને એના સહવાસમાં આવનારાને શ્રી જિનેશ્વરદેવના મતની જાણ થયા વિના રહે નહિ.

(સભામાંથી° હાલ એવા નથી.)

એમ કહી દીધે ચાલે ? બનવું પડશે. કોઈ નથી જ એમ ન કહેવાય. છે પણ અને તમારે પણ બનવું પડશે.

**વ્યક્તિરાગ હાનિકર છે.**

માન્યું કે-'તેવી શક્તિ વિગેરે નથી.' એ બધું જે કહો તે કબૂલ, પણ જે છે તે કેમ ન હોય ? વ્યવહારમાં જે બનાવો છો, તેનો ઉપયોગ અહીં કરવો પડશે. ગમે તેવો કૃપણ હોય, પણ શરીર ઉપર આફત આવે ત્યારે ડોકટર કહે કે-'પાંચ હજાર રૂપીયા હશે તો મટશે.'-તો શું કહે ? એ કહે કે-'છ હજાર લ્યો, પણ સાહેબ મટાડો.' કહો કૃપણતા ક્યાં ગઈ ? કહેવું જ પડશે કે-'લક્ષ્મી કરતાં શરીર ઉપર રાગ વધારે છે. માટે કૃપણતા પણ ચાલી

ગઈ.' શાસન ઉપર પણ એવો રાગ જોઈએ.

(પ્રશ્ન૰ શાસન ઉપરના એવા રાગ માટે તો પૂર્વના સંસ્કારો જોઈએને ?)

એકાંત કાયદો નથી કે પૂર્વના સંસ્કારો જોઈએ જ. જ્યારે ને ત્યારે તો નવુંજને. સંસ્કારવાળો જલ્દી પામે, પેલો ધીમે ધીમે પામે, પણ મુદ્દો એ કે-પામવા ધારે તો પામે. શરીર ઉપરની આપત્તિના પ્રસંગે શરીરપ્રેમીની કૃપણતા આપોઆપ ખસી જાય છે. આથી જ કહી શકાય કે-શાસનનો રાગી આત્મા ભલે કૃપણ પણ હશે, પણ એની લક્ષ્મી શાસનના કામમાં જરૂર આવશે. એને જણાશે કે-શાસન ઉપર આફત છે અને તે મારી લક્ષ્મીથી ટળે છે અને શાસનનો ટકાવ થાય છે, ત્યારે એ કૃપણ પણ પોતાની લક્ષ્મી આપી દેશે : પણ શરત એટલી જ કે-તેને શરીરપ્રેમીનો જેટલો રાગ શરીર ઉપર હોય છે, તેથી પણ અધિક પ્રેમ શાસન ઉપર હોવો જોઈએ. બજારનું કામ હોય, કંઈ ભાવમાં ફેરફાર હોય, તો શ્રી જિનપૂજામાં, વ્યાખ્યાનમાં કે બીજી ધર્મક્રિયાઓમાં ગાબચી મારી જાઓ : પણ ગમે તેવી મોસમ ચાલતી હોય તે વખતે પેટમાં શુળ ઉઠે તો ? જેમ શરીર માટે બધું તજાય છે, તેમ બધું ધર્મ માટે તજાય એવી દશા આવવી જોઈએ. આ દશા ત્યારે જ આવે, કે જ્યારે વસ્તુ ઉપર સાચો રાગ પેદા થાય. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વ્યક્તિરાગ ન જોઈએ, પણ પદરાગ જોઈએ. અમારા ખોખા

ઉપર ન મુંઝાઓ-'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ,'-એ પાંચે પદોનો રાગ હોવો જોઈએ. એ પદ જ્યાં હોય ત્યાં ઝૂકવાનું. પદ ન હોય, માત્ર વ્યક્તિ જ હોય, એ ન ચાલે, કેવલ ખોખા ઉપર મુંઝાયા તો કોઈ દિવસ માર્યા જશો. માટે ગુણ હોય ત્યાં જ ઝૂકો.

**આત્મા જેટલો આજ્ઞાથી બહાર તેટલો ભયંકર.**

વર્તમાનમાં અને દરેક કાલમાં હાનિ વ્યક્તિરાગ જ કરે છે. જીવ ઘણા પ્રકારના છે. કોઈ કેવા હોય અને કોઈ કેવા હોય. ગુણ જોઈને જ ઝૂકનારા વીરલા. શ્રી જિનેશ્વરદેવની બધી ય આજ્ઞાઓ બધાથી જ સમજી શકાય, એ તો અશક્ય અને અસંભવિત : પણ તેમને માર્ગે ચાલનારા આવું તો ન જ કહે, એ તો ખૂશીથી સમજી શકાય. અને શ્રી જિનેશ્વરદેવને ઓળખ્યા એટલે પછી મુનિ તો સ્હેજે ઓળખાય જ. 'મુનિ પણ શ્રી જિનેશ્વરદેવના-માટે અમારા' એમ સમ્યગ્દૃષ્ટિ આત્માને તો નિશ્ચિત જ હોય. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને અનુસરે તે જ મુનિ, અને તે જ શ્રાવક. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ એજ ફરમાવ્યું કે-'આજ્ઞાની અંદર વિચરતો શ્રી સંઘ માતાપિતા સરખો છે અને મોક્ષરૂપ ઘરના સ્તંભ સમાન છે, પણ તેજ સંઘ જો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી બાહ્ય હોય, તો સર્પ જેવો ભયંકર છે.'

આથી સ્પષ્ટ જ છે કે-શ્રી 'જિનેશ્વરદેવની આજ્ઞાથી યુક્ત હોય તે જ શ્રી સંઘ પૂજ્ય કોટિમા છે.' વ્યવહારમાં પણ વાસ્તવિક રીતિએ અમૂક શેઠ કે શાહુકાર શાથી ? પ્રતિષ્ઠા હોય એથી જ. પ્રતિષ્ઠાહીન થઈ જે પોતાને શેઠ કહેવરાવે, તેને કેવો કહેવાય ?

(સભામાંથી- શેઠ નહિ પણ શઠ.)

પ્રતિષ્ઠા ગઈ એટલે શેઠાઈ ગઈ. એવી જ રીતિએ શ્રી સંઘ પૂજ્ય, એમાં જરાએ વાંધો નહિ-પણ આજ્ઞાયુક્ત હોય તે જ. આજ્ઞા બહાર હોય તે તો સર્પ જેવો ભયંકર જ. વ્યવહાર કહે છે કે-માતાપિતા હજો, પણ માતા સર્પિણી જેવી ન હજો ! સર્પિણી ઘણા બાળકને જન્મ આપે, પણ ભાગ્યવાન હોય તેજ બચે. એ બચ્ચાંઓ ભાગવા માંડે તો જ એમાંથી એક બે બચે : કારણ કે-સર્પિણી એવી ભયંકર ભક્ષિકા છે. શાસ્ત્ર કહે છે કે-જે સંઘ આજ્ઞાથી વિરૂદ્ધ વર્તે, તે જેવો તેવો ભયંકર નથી. મનુષ્ય જો મનુષ્ય મટી જાય, તો જંગલી પશુ કરતાં પણ વધારે ભયંકર છે. જંગલી પશુ તો સામે આવે એને મારે, મનુષ્ય તો યોજનાપૂર્વક બધી કાર્યવાહી કરે. જંગલી પશુ તો એક બેને મારે, પણ મનુષ્ય ધારે તો લાખ્ખોના એક સાથે ફુરચા ઉડાડી દે : કારણ કે-મનુષ્ય તો યોજનાથી બધું કરી શકે છે. મનુષ્ય જેટલો ઉંચો, તેટલો જ તે જો મનુષ્યત્વહીન થાય તો નીચો છે : અને જેટલો સુંદર તેટલો જ ભયંકર

છે. સામગ્રી સાથે બુદ્ધિ ભળી એટલે એ યોજના એવી કરે કે-ભલભલાને રોવડાવે. પશુ તો સામે કોઈ આવે, ભેટે અને હડફેટમાં આવે તો જ મારે, જ્યારે મનુષ્ય તો તદ્દન અલગ રહેનારને પણ દૂર રહ્યો રહ્યો યોજનાથી ઉડાડે. મનુષ્ય ઉંચામાં ઉંચો, પણ જો તેનામાં ઉચ્ચતા ન રહે તો મહા ભયંકર. કેવલ સ્વાર્થનિષ્ઠ બનેલા મનુષ્યો જેટલી હિંસા કોણ કરે છે ? કહેવું જ પડશે કે-કોઈ જ નહિ. સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે-'જો મનુષ્ય, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી રસિક બની જાય અને સન્માર્ગસ્થિત થઈ જાય, તો તો તે પ્રાણીમાત્રનો રક્ષક પણ બની જાય.' જે મનુષ્ય ષટ્કાયનો વિરાધક હતો, તે માણસ ષટ્કાયનો રક્ષક બને. જે ઘાતક તેજ રક્ષક બને અને એ રક્ષકભાવને જો ખીલવે, તો સમતા વધે અને તે વધે તો પેલા હિંસક અને જંગલી પશુઓ પણ એ માનવીના ચરણમાં ઢળે. સમતા આદિના યોગે હિંસક આત્માઓ પણ અહિંસક બની જાય છે, એ વાત પણ હીણકર્મિ આત્માઓ માટે નથી: કારણ કે-અયોગ્ય આત્માઓની વાત જ કોઈ જૂદી છે. શ્રી તીર્થંકરદેવના અતિશયો પણ હીનપુણ્યવાન્ માટે કામ નથી આપતા. શ્રી તીર્થંકરદેવનો એ અતિશય છે કે-સવાસો યોજનમાં કંઈ ઉપદ્રવ ન હોય. એવા સમયમાં પણ જે નગરીમાં ભગવાન્ વિચરતા હતા, તે નગરીમાં પણ તીવ્ર કર્મોદયે ભયંકર વેદના ભોગવતા અમુક આત્માઓ હતા. શ્રી તીર્થંકરદેવોનું પુણ્ય

એટલું પ્રબળ હોય છે કે-પાપના પરમાણુને પણ પલટાવી નાખે : છતાં યે તીવ્ર કર્મોદયની વાત જુદી. શ્રી તીર્થંકરદેવોના પાંચે કલ્યાણક પ્રસંગે દેવલોકમાં ઈંદ્રોનાં સિંહાસનો સ્વયં હાલે, ઘંટા એની મેળે વાગે, નરકના પ્રાણીને પણ ક્ષણવાર સુખ થાય, એકી સાથે આ બધું થાય એ કયું પુણ્ય ? પાપનાં દળીયાંને ફેરવી નાખે એવું એ પુણ્ય. એવા પુણ્યની પ્રાપ્તિ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તનારાઓ નથી જ પામી શકતા. એવું પુણ્ય તે જ આત્માઓ ઉપાર્જી શકે છે, કે જે આત્માઓ પોતાના જીવનને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી ઓતપ્રોત બનાવે. સારામાં સારો ગણાતો મનુષ્ય પણ જો યોગ્ય સંસર્ગમાં ન મૂકાય, તો તે નીચો, તેમ મુનિ પણ જો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તે, તો તેનાથી પણ નીચો. તેમજ જેમ જેમ ઉંચે જાય તેમ પદસ્થ : પણ જો આજ્ઞાથી આઘે જાય તો એ તેનાથી પણ ભયંકર. જેમ ઉંચે જાય તેમ સામગ્રી વધારે હોય ને ! તમે બહુ તો કોઈને ખોટું બોલતાં શીખવો, પેલો તો સર્કલ એવું ફેરવે કે-ન પૂછો વાત. જેનો આગેવાન આંધળો, એનું કટક કૂવામાં. એ કટકના કાનમાં ફૂંક મારવી જોઈએ કે નહિ ? ફૂંકથી ન માને તો ઉદ્‌ઘોષણા કરવી જોઈએ કે નહિ ? ભંભા વગાડવી જોઈએ કે નહિ ? વગાડવી જ જોઈએ, પણ એમાં હેતુ શો ? એક જ કે-'કટક કૂવામાં ન પડે.'

**આચાર્ય કુમત તરફ કરડા હોય.**

સંઘ એટલે પણ સમુદાય. શાહુકારનો પણ સમુદાય હોય, સાધુનો સમુદાય હોય, અને લુંટારાઓનો પણ સમુદાય હોય. કોઈ પણ સમુદાયને એકદમ સારો કે ખોટો કહી દેવો એ ભયંકર. કહેવું પડે કે-'સાધુઓનો સમુદાય સારો, શાહુકારોનો સમુદાય પણ આબાદી કરનારો, પણ લુંટારાનો સમુદાય તો ગાબડાં જ પાડનારો.' સાધુઓનો સમુદાય આવે તો સામે જવું અને ગૌરવ પૂર્વકનું સન્માન કરવું, કે જેથી દુનિયા સન્માર્ગે જાય. શાહુકારનો સમુદાય આવે તો તેને પણ ઉચિત આદર અપાય : પણ લુંટારાનો સમુદાય આવે તો ? કહો ને કે ઉચિત કરવું પડે. તેવી જ રીતિએ શાસ્ત્ર કહે છે કે-શ્રી સંઘ પૂજ્ય પણ અને ભયંકર પણ. પૂજ્ય સંઘ કોણ ? શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાયુક્ત હોય તે. અને આજ્ઞા બહાર થઈ જાય તો તે કહેવાતો સંઘ પણ સર્પ જેવો ભયંકર. શ્રી સંઘમાં આચાર્યનું સ્થાન શ્રી તીર્થંકરદેવના જેવું છે. જેમ શ્રી તીર્થંકરદેવ કેવળજ્ઞાન પછી ભિક્ષા લેવા ન જાય, તેમ આચાર્ય થયા પછી આચાર્ય પણ ભિક્ષા લેવા ન જાય. આચાર્ય એટલે શાસનના નાયક. બધી જ ફરજ એમના માથે. ધર્મનો ઘાત થતો ભાળે તો તે બેસી ન રહી શકે. એમની પાસે વાદી હોય, બોલનારા હોય, ચર્ચા કરનારા હોય, આગળ ચાલનારા તેમજ પાછળ ચાલનારા પણ હોય, અર્થાત્

સઘળા સુપરિવારથી આચાર્ય પરિવરેલા હોય અને શાસનની રક્ષા માટે તેઓ સદા જ સજ્જ હોય. શાસનમાં ચાલતી સઘળી હીલચાલથી તેઓ વાકેફ જ હોય : કારણ કે-ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સ્થાપન એ તેઓની મુખ્ય ફરજ છે. રાજા જેમ રાજ્યના વિરોધી તરફ કરડો હોય અને રાજ્યના પ્રેમી તરફ મીઠો હોય, તેમ આચાર્ય પણ શાસનવિરોધિ તરફ કરડા હોય. એમની દેશનામાં બધા આવે, તેમની દેશનામાં કુમતનું ઉન્મૂલન ચાલતું જ હોય. આવા શાસનસંરક્ષક મહાપુરૂષની રક્ષા માટે આખો શાસનપ્રેમી સમાજ પોતાના પ્રાણ પાથરવા તૈયાર રહેવો જોઈએ. આચાર્ય વિનાનો સાધુસમુદાય ચોરની પલ્લી જેવો કહેવાય છે. સુનાયક જરૂર જોઈએ. જો એ નાયક સૂરિ જિનમતથી વિરૂદ્ધ પ્રરૂપણા કરે, તો તે મનોહર મટી ભયંકર થઈ જાય. પાંચસેં શિષ્યને લઈને અંગાર-મર્દકાચાર્ય આવતા હતા. એ અભવી હતા. આ જાણીને નગરમાં રહેલા આચાર્યે પોતાના શિષ્યોને કહી દીધું કે-પાંચસેં હંસને લઈને તેનો નાયક બનેલો કાગડો આવે છે. પેલા આવ્યા પછી પણ આ આચાર્યે પોતાના શિષ્યોને કહી દીધું કે-''આ સૂરિ ત્યાજ્ય છે.'' પાંચસેંએ કહ્યું કે-''કેમ ? એ તો અમારા ગુરૂ છે, ઉપકારી છે, તારક છે.'' આચાર્યે કહ્યું કે-''એ કબૂલ, પણ ત્યાજ્ય છે.'' આચાર્યે સ્વરૂપ સમજાવ્યું, પ્રતીતિ કરાવી. એ વાત કહેવાઈ ગઈ છે. માર્ગ સાચો કહેતા હતા, પણ કયી

વખતે બીજું ઝેર નાખશે એ કેમ કહેવાય ? બીજું ઝેર નહિ નાખે એની ખાત્રી શી ? હૈયાનો મેલ ક્યારે ઉતરે એ કેમ કહેવાય ? મેલ ન ઉતરે એની શી ખાત્રી ? નીતિશાસ્ત્રે પણ સજ્જન-દુર્જનનું લક્ષણ બાંધ્યું છે કે-દુર્જનનો એ ગુણ કે મુખે મધુ પણ હૃદયે તો હળાહળ ઝેર અને સજ્જનનો એ ગુણ કે હૃદયમાં મધુ પણ સમયે વાણીમાં કટુતા આવ્યા વિના રહે નહિ. મોંઢાની મીઠાશ ન સાચવી શકે, તે દુર્જનતાનો પાઠ પૂરો ન ભજવી શકે. સામા માણસ પાસેથી ગમે તે રીતે ચીજ લેવી છે અને ગુન્હેગાર પણ સામાને બનાવવો છે, એ માટે દુર્જન બધું કરે. જરાએ મીઠાશ ન ખૂએ. તેની ઢબછબ બધી જ જુદી : આંસુ પાડે, રોઈ પણ જાય, મને મારી નાખ્યો એમ પણ કહે : એનાથી થાય એટલા ઢોંગ કરે. સજ્જનની કટુતા પણ સજ્જનતા ફેલાવવા માટે છે, જ્યારે દુર્જનની મધુરતા દુર્જનતાનો ચેપ ફેલાવવા માટે છે.

**સંસારના અર્થીપણાને ધર્મમાં ફેરવી નાંખો.**

પૂર્વના મહાપુરૂષોએ ધર્મની રક્ષા કરી, એ કેટલા બધા માર્ગસ્થ હતા ? ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાને અને ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર આદિ મહારાજાઓને બધા વારંવાર કેમ યાદ કરે છે ? એ ભયંકર વીકટ સમયમાં થયા હતા.

એમને માથે બે કામ હતાં. ખોટા સાહિત્યની સામે સાચું સાહિત્ય મૂકવું તથા આપત્તિના પહાડ સામે ઉભા રહી માર્ગાનુસારિ લખવું, બોલવું અને સંકટ સહેવું. આ બધું એ મહાપુરૂષોએ કર્યું, માટે એમના પ્રત્યે એકે એકને એ સદ્‌ભાવ, એ ભક્તિ થઈ અને કહેવું પડ્યું કે-મહાપુરૂષોએ જો આ પ્રયત્ન ન કર્યો હોત તો થાત શું ? આજે વાતવાતમાં એ મહાપુરૂષોની સાક્ષી મૂકાય છે, એનું કારણ એજ કે-એ મહાપુરૂષોએ બધી વિપરીત વાતને ખંડિત કરી : વાક્યે વાક્યે ઉન્માર્ગનું ખંડન અને સન્માર્ગનું મંડન કર્યું. જે આત્મા જે સ્થિતિમાં હોય, તે સ્થિતિની પરીક્ષા કરી યોગ્યના ચરણમાં શિર ઝુકાવે તે સમ્યગ્‌દૃષ્ટિ. પરીક્ષા કરવા જતાં દ્રષ્ટિરાગમાં ફસાય તો ભયંકર. મુદ્દો એ છે કે-વસ્તુની કાળજી હોવી જોઈએ. તમારામાં બુદ્ધિ કમ છે ? આદમીને પગથી જ પરખો કે-આ શાહુકાર છે કે કેવો છે ? એવી તમારી બુદ્ધિ છે. તમારામાં શક્તિ નથી એ કહો તે કેમ મનાય ? એમ કહો કે-ત્યાં જેટલી દરકાર છે, એટલી અહીં દરકાર નથી. બાઈઓ પણ માટીનું ભાજન લેવા જાય, ત્યાં વીસાત તો બેચાર પૈસાની, પણ માટલું કેટલી વાર ખખડાવે ? જરા બોદું માલુમ પડે તો ન લે. એટલેથી સંતોષ ન થાય તો માંહિ પાણી ભરીને પણ જુએ, તે પછી લે. નોકર પણ શાક લેવા જાય તે પંદર દુકાને ફરીને, ગાળ ખાઈને પણ શાક સારૂં લાવે : કારણ કે-દરકાર છે. તેમ તમને પણ દરકાર

હોય, તો તમારી પણ બુદ્ધિ હેરત પમાડે તેવી છે. મુદ્દો એ છે કે-જે બુદ્ધિ બીજે માર્ગે જોડાઈ ગઈ છે, એને આ તરફ વાળવાની જરૂર છે.એ બુદ્ધિનો ઉપયોગ અહીં કરો. સામગ્રી રાખી નથી એનું આ પરિણામ છે. તમે ધર્મના અર્થી નથી એમ કહેવાય ? સાચું અર્થીપણું આવી જાય તો ? અર્થી અર્થ માટે ગામ, ઘરબાર, માબાપ, કુટુંબ પરિવાર, સ્નેહી-સંબંધી સર્વ તજે, જ્યાં પરિચિત ન હોય ત્યાં આવી વસે. મુંબાઈમાં બધા ક્યાંના ? બધા પરદેશી. ભાડુતી ઘરમાં રહેવાવાળા : કેમ આવ્યા ? અર્થના અર્થીપણાથી, ધર્મના અર્થીપણામાં શું કર્યું? જેટલું અર્થિપણું ત્યાં છે, તેટલું અહીં થાય તો બાકીની જીંદગીમાં એટલું બધું કામ કરી શકો, કે જેની સીમા નહિ બંધાય.

**શાસનસેવામાં સર્વસ્વનો સદુપયોગ કરી દેવામાં હાની શી ?**

વર્તમાનની હીલના તથા પ્રભાવનાનો અર્થ સમજો. આજની હીલના એટલે અજ્ઞાનીનો બકવાદ અને પ્રભાવનાનો અભાવ એ ધર્મીનો પ્રમાદ. ધર્મીની તૈયારી નથી. પહેલાંના વખતમાં એવી ભયંકર પરિસ્થિતિ હતી, કે જેનું વર્ણન ન થાય : પણ તૈયારી તમામ હતી. ઝટ તૈયારીનો અમલ હતો. ધર્મ અને અધર્મનું યુદ્ધ પ્રથમ પણ ચાલુ હતું, દરેક કાલમાં ચાલુ. ગોશાળો અગીયાર લાખનો ગુરૂ અને ભગવાન્ શ્રી મહાવીર દેવના એક લાખ ને ઓગણસાઠ

હજાર. સંખ્યાં કેટલી નાની ? છતાં કેવા દીપતા ? તે વખતે પણ સંખ્યાનું પ્રબલપણું સત્ય સામેના પક્ષમાં હતું.

(સભામાંથી- ચમત્કારની પણ અસર નહિં ?)

ત્યાંથી નીકળે ત્યારે સમવસરણ વિગેરે જોઈ જરાક થાય કે-કેવાક છે : પણ જરા દૂર જઈ બીજું જ બોલે. આપણો મુદ્દો એ છે કે-હરેક કાલમાં ધર્મીની તૈયારી હોય તો, આખી સ્થિતિ ફરી જાય. એક એક ધર્મી એક એક કામ હાથમાં લે અને એમાં સર્વસ્વ સમર્પે, તો સામેની ગમે તેવી તૈયારી અને ગમે તેવા ધસારા હોય, તો પણ તે નિષ્ફળ જ જાય : કારણ કે-આપણા મૂળમાં સત્ય છે. શ્રી હરિશ્ચંદ્રે બધું છોડ્યું, પણ સત્ય ન છોડ્યું. બધાએ કહ્યું કે-'પછી સત્યની પ્રભાવના કરજો, હાલ તરત જરા વેગળું મૂકો.' શ્રી હરિશ્ચંદ્રે કહ્યું કે-''અત્યારે સત્ય મૂકું, તો દુનિયા પાસે સત્યની વાત કરી શકું કેવી રીતે ? દુનિયા કહે કે-જેમ તમે પણ પ્રસંગ આવ્યે સત્ય વેગળું કર્યું તેમ અમે પણ કરીએ.'' સત્ય ખાતર શ્રી હરિશ્ચંદ્રરાજાએ રાજ્ય મૂક્યું, સુખસાહ્યબી સિંહાસન વિગેરે બધુંજ મૂક્યું, સામગ્રી માત્ર મૂકી. પોતે ક્યાં ? રાણી ક્યાં ? બચ્ચાં ક્યાં ? - આ હાલત સ્વીકારીને પણ સત્ય સાચવ્યું. પરિણામે પુષ્પ વૃષ્ટિ પૂર્વક રાજ્યસિંહાસન વિગેરે બધું જ મળ્યું અને હતું એથી કંઈ ગણું

માન વધ્યું : અને વસુરાજાએ સત્યને છોડ્યું, તો તે સિંહાસનથી પડ્યો, પૃથ્વી ઉપર ટીચાયો અને પડ્યો તેવો પાતાલે ગયો. ધર્મીની તૈયારી જોઈએ. પરંપરા ચાલે તેવું પાપ ધર્મને બહાને પણ ન થાય. એક કામ કર્યું, દોષ બી થાય, પણ બન્યા પછી પરંપરા મજેની : તેને શાસ્ત્રે ધર્મકાર્ય કહ્યું અને જેની પરંપરા પણ પાપની થાય, તેને અધર્મ કહ્યો, ઉપાશ્રય એ ધર્મસ્થાન અને બંગલોએ ?

(સભામાંથી- પાપનું સ્થાન.)

આ પણ સ્થાન ને એ પણ સ્થાન : બન્નેનો ઉપયોગ અને પરિણામ સમજો ! જે કાર્યમાં પરિણામ કટુ તે તો ત્યાજ્ય અને જેનું પરિણામ સુંદર તેની વર્તમાનની કટુતા પણ હોય તો તે સહેવી જોઈએ. ત્યાં હાય બાપ થાય તો ભવિષ્યમાં હાય બાપજ રહેવાની. સાધુ ઘરબાર છોડી નીકળ્યા શા માટે ? વર્તમાન સુખ માટે ? નહિ જ, ભવિષ્યના ભલા માટે નીકળ્યા છે. શ્રી તીર્થંકરદેવે વર્ષો સુધી ઘોર ઉપસર્ગ સહ્યા, તે અનંતજ્ઞાનની પ્રાપ્તિ માટે. ધર્મને ખીલવવો હશે તો વિરોધિઓનાં અપમાન પણ સહેવાં પડશે. ગાંડાઓની ગાળો પણ ખાવી પડશે, અને લોક આંગળી પણ કરશે. ઢીલા થયા તો નાશ તો છે જ. શાસન માટે સહેવું તે પણ કર્ત્તવ્ય છે. દુનિયાના રંગરાગ માટે સહન કરો છો, તો શાસન માટે સહન કરવામાં

હાનિ શી ? કંઈ શ્રાવકની હાલત પલટાઈ ગઈ, આ લોકમાં પણ કેઈની દશા ફરી ગઈ. અધર્મનું ફળ નોટીસ નથી આપતું. જો નોટીસ આપતું હોત તો તો છાતી ફાટી જાત, પણ અધર્મ છોડનાર તો નથી જ. એ રીતે નાશ થાય એ પહેલાં શાસનસેવા માટે સર્વસ્વનો સદુપયોગ કરી દેવામાં હાનિ શી ?

**મોતથી ડરીને વંદન છોડાય ?**

અર્જુનમાલી સાતને મારતો. છ આદમી અને એક સ્ત્રી. એ વાત પ્રસિદ્ધ છે. એની સ્ત્રી ઉપર કોઈએ બળાત્કાર કર્યો હતો. યક્ષમંદિરમાં બળાત્કાર થયો હતો. અર્જુનમાલીને ગુસ્સો થયો. એ યક્ષનો ભક્ત હતો. યક્ષની આરાધના કરી, યક્ષને પણ ગુસ્સો થયો અને તેણે તેના શરીરમાં પ્રવેશ કર્યો. ત્યારથી રોજ છ પુરૂષ અને એક સ્ત્રી એમ સાત જણને મારતો. હવે તેજ નગરીના ઉદ્યાનમાં ભગવાન્ શ્રી મહાવીરદેવ પધાર્યા, ત્યારે શ્રી જિનદાસ શ્રાવકને એમ થયું કે-ભગવાનને વંદના કરવા ગયા વિના ચાલે ? કેવળ મોતની બ્હીકે વંદન કરવા ગયા વિના રહેવાય ? મરવુ તો છે, પ્રભુ આવે અને વંદન કરવા ગયા વિના ચાલે ? ત્રણ લોકનો તારક આવે અને કેવળ મોતના ડરથી ન જાઉં તો ભક્ત શાનો ? ઘરમાં બધાને ભેળા કર્યા, ખમાવ્યા અને કહ્યું કે-જાઉં છું. એમ કહીને નીકળ્યા. જતા એવા શ્રી જિનદાસને અર્જુનમાળીએ

જોયા, જોઈને તે દોડ્યો અને સામો આવ્યો કે-શ્રી જિનદાસે અભિગ્રહ કર્યો કે-આપત્તિ ન ટળે ત્યાં સુધીનું અનશન અને ભગવંતનું જ શરણ. આ બળથી યક્ષ નાઠો, અર્જુનમાળી મૂર્છિત થયો અને શુદ્ધિમાં આવ્યા પછી પૂછ્યું કે-'ક્યાં જાઓ છો ?' શ્રી જિનદાસે કહ્યું કે-''ભગવાન પાસે.'' તે પણ સાથે ચાલ્યો. એકજ દેશના સાંભળી અર્જુનમાળીએ સંયમ લીધું. ક્ષણ પહેલાંનો ઘાતકી એક વખતની દેશનામાં કામ સાધી ગયો, કારણ કે-ભાવનામાં પરિવર્તન થઈ ગયું. અશુભ કર્મના ઉદય સમયે આત્મા જાગ્રત ન રહે, તો એકમાંથી અનેક પાપ કરે. અર્જુનમાળીએ પણ બનાવ બન્યા પછી કષાય ન કર્યો હોત, તો આગળ ક્રિયા ન વધત. પણ કષાય થયો, યક્ષને વિનવ્યો, પછી તો પરાધીન બન્યો. યક્ષ શરીરમાં પેઠો. પરાધીનપણે હિંસક બન્યો. એવો હિંસક પણ ભાવના ફરી ત્યારે સંયમ લઈ કામ સાધી ગયો. બેયને અશાતાવેદનીય સરખી હોય, બેયને પાંચ ડીગ્રી તાવ હોય : એક જણ શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલો હોય, તે અશુભના ઉદયમાં સહન કરે પણ સમતાથી. સમતાથી સહન કરે એનાં કર્મ ખપે, અને નવાં કર્મ બંધાય નહિ. પડ્યો પડ્યો નવકાર જપે. અને બીજો હાય વોય કરે, એ કર્મ છોડે થોડાં અને બાંધે ઘણાં. કલ્યાણનો જ અર્થિ આત્મા ક્રોધને આવવા દે નહિ, આવે તો ફળ પામવા દે નહિ. ડાહ્યા આદમી યોજના એવી કરે કે-આત્માને કલુષિત

થવા દેજ નહિ અને તીવ્ર ભાવનાના યોગે, કર્મની આધીનતાને યોગે, કષાય થાય તો એને નિષ્ફળ કરે-પણ ક્રોધનું ફલ ન બેસવા દે. સમ્યગ્દષ્ટિ આત્માનું એકજ ધ્યાન કે-કોઈપણ પ્રકારે અશુભ તરફ પ્રવૃત્તિ ન થવી જોઈએ. હેયમાં ઉપાદેય બુદ્ધિ અને ઉપાદેયમાં હેય બુદ્ધિ ન થવી જોઈએ.

**ધર્મ કરતાં કસોટી તો થશે જ.**

શ્રી અરિહંતદેવના વચનનો અનુયોગ કોને આધીન ? ભાવસૂરિને આધીન. શ્રી જિનમત પ્રકાશે તે ભાવસૂરિ વંદનીય, સેવનીય, પૂજનીય : અને વિપરીત કહે તે અવંદનીય, ગર્હાયોગ્ય, હીલના યોગ્ય. શા માટે ? સ્વપરહિતાર્થે. જગતનાં પ્રાણી ખોટાથી બચી સત્ય પામે એજ હેતુથી. સાચાને સાચું અને ખોટાને ખોટું કહે, કહેવું જોઈએ. અસ્તુ.

અત્યાર સુધીમાં આપણે જોઈ આવ્યા કે-શ્રી અરિહંતદેવના વચનની વહેંચણી ચાર અનુયોગમાં થઈ છે. એમાં પણ મૂખ્યતા ચોથા 'ચરણકરણાનુયોગ'ની છે અને શ્રી ગણધરદેવોએ પણ પ્રથમ રચના 'ચરણકરણાનુયોગ'ની કરી છે. હવે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-

**"अतस्तत्प्रतिपादकस्याचाराङ्गस्यानुयोगः समारभ्यते,**
**स च परमपदप्राप्तिहेतुत्वात्सविघ्नः तदुक्तम्-**

"श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि ।
अश्रेयसि प्रवृत्तानां क्वापि यान्ति विनायका: ॥१॥"
तस्मादशेषप्रत्यूहोपशमनाय मङ्गलमाभिधेयम्"

એજ કારણથી 'ચરણ કરણાનુયોગ'નું જ પ્રતિપાદન કરનાર શ્રી આચારાંગસૂત્રનો અનુયોગ અમે આરંભીએ છીએ અને તે પરમપદની પ્રાપ્તિનો હેતુ હોવાથી વિઘ્નવાળો છે. 'જેટલી વસ્તુઓ કલ્યાણકારી હોય છે, તે વિઘ્નવાળી હોય છે'-તે કારણથી કહેવામાં આવ્યું છે કે-

"મોટા પુરૂષોને પણ કલ્યાણકારી કાર્યો બહુજ વિઘ્નવાળાં હોય છે અને અકલ્યાણકારી ક્રિયામાં પ્રવર્તમાન થયેલા આત્માઓને વિઘ્નો કોઈ પણ સ્થાને ચાલ્યાં જાય છે." તે કારણથી સંપૂર્ણ વિઘ્નોના ઉપશમન માટે મંગલ કરવું એ યોગ્ય છે."

આ ઉપરથી સ્પષ્ટ છે કે-કલ્યાણકારી ક્રિયાઓમાં વિઘ્નો તો હોયજ. વિઘ્નોનો સદ્‌ભાવ એજ શુભની શુભ તરીકેની પ્રતીતિ છે અને એ વિઘ્નોથી નહિ ડરવામાં જ સાચી કસોટી છે: પરમ મંગલમય વસ્તુઓની સાધનામાં વિઘ્ન આવે એમાં આશ્ચર્ય પણ પામવાનું નથી અને મુંઝાવાનું પણ નથી, પણ તેના નાશ માટેના જ યત્નો આદરવાના છે. એજ કારણે ટીકાકાર

મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા કહે છે કે-સઘળાં વિઘ્નોના નાશ માટે મંગલની આચરણા કરવી જોઈએ. મંગલ તે કહેવાય છે, કે જે પોતાના સેવનાર આત્માને સંસારસાગરમાંથી બહાર કાઢે. શ્રી જિનેશ્વરદેવનું દર્શન, પૂજન અને સ્તવન ગુરૂદેવનું દર્શન, પૂજન અને સ્તવન તથા શ્રી જિનેશ્વરદેવના આગમનું શ્રવણ આદિ પણ મંગલજ છે. હવે વિચારો કે-એ મંગલ શા માટે છે ? સંસારથી બહાર કાઢવા કે સંસારમાં ને સંસારમાં રખડાવવા ? આટલી આટલી તારક વસ્તુંઓની પ્રાપ્તિ થયા છતાં, તમે સંસારમાંથી નથી નીકળી શકતા-તેમાં ખામી કોની ?

(સભામાંથી- અમારી.)

મંગલમય ચીજો જો હૈયામાં મંગલ તરીકે પરિણમે, તો સંસાર આપોઆપ લુખ્ખો થાય. સંસાર લુખ્ખો થાય, એટલે બધાં પાપ પાતળાં થાય અને તેમ થાય તો ઉદય પાસે જ છે. ધર્માત્મા જેમ કસોટી ઉપર ચઢે, તેમ તેનો ઉદય. શ્રી સુદર્શન શેઠ જેમ જેમ શૂળી તરફ જતા ગયા, તેમ તેમ ઉદય નજીક આવતો ગયો. શ્રી સુદર્શન શેઠ આપત્તિથી મુંઝાત અને વિચારત કે-ધર્મનું આ ફળ ? તો શું થાત ? એમનો પોતાનો બીલકુલ દોષ નથી, પોતે મૌન સ્વીકાર્યું તે પણ બીજાનો ઘાત ન થાય તે માટે જ, છતાં પણ નગરમાં વિલક્ષણ રીતે

ફરવું પડ્યું અને દોષિત તરીકે જાહેર થવું પડ્યું : તે છતાં શ્રી સુદર્શન શેઠ મુંઝાયા નહિ. એ તો ઉલટા એમ જ માનતા કે-જેમ જેમ કદમ ભરાય છે, તેમ તેમ આત્મા ઉપરનો કર્મનો ઢગલો ઉતરે છે. ઘર પાસે આવ્યા ત્યારે તેમની સ્ત્રીએ પોતાના પતિની એ દશા જોઈ : સ્ત્રીને વિશ્વાસ છે અને તે કહે છે કે-મારા પતિમાં પાપ કદી સંભવે નહિ. જોયો વિશ્વાસ? શ્રી સુદર્શન શેઠે સહન કર્યું, ભાવનામાં નિશ્ચલ થયા, તો પરિણામે શુળી મટી અને સિંહાસન થયું, અને પ્રથમથી પણ માન વધ્યું.

ધર્મ કરતાં પણ ગાંડાઓની ગાળો તો ખાવી જ પડશે અને વિરોધિઓનાં માન-અપમાન પણ સહેવાં જ પડશે. એ બધું ઘોળી પીશો, તો જ આત્માનો ઉદય થશે. જો એ બધાથી મુંઝાઈને ચળ્યા તો ખાડો તૈયાર જ છે.

❖ 33 ❖

**જૈનમાર્ગ શિવાય મુક્તિ નથીજ.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી પીઠિકામાં જ આપણને સમજાવી દીધું કે- 'દુઃખના નાશ માટે અને સુખની પ્રાપ્તિ ખાતર શ્રી અરિહંતદેવના ઉપદેશને મેળવ્યા સિવાય કોઈનો પણ છુટકોજ નથી : કારણ કે- રાગ, દ્વેષ અને મોહ આદિ દોષોનો સર્વથા ક્ષય કરી અરિહંત

બનેલા આપ્ત પુરૂષોના ઉપદેશ સિવાય પ્રાણીને વિશિષ્ટ પ્રકારના વિવેકની પ્રાપ્તિ નથી થતી : વિશિષ્ટ પ્રકારના વિવેકની પ્રાપ્તિ થયા વિના હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન માટે ઉચિત યત્ન થઈ શકતો નથી : હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન વિના રાગ અને દ્વેષ અને મોહાદિ તરફથી આત્માનો નિરંતર થઈ રહેલો પરાભવ કોઈ પણ રીતિએ અટકાવી શકાય તેમ નથી : અને તે પરાભવને અટકાવ્યા વિના દુઃખનો નાશ નથી, તેમ સુખની પ્રાપ્તિ નથી. એજ કારણે અમે શ્રી અરિહંતદેવના વચનનો અનુયોગ આરંભીએ છીએ.'

આ રીતિએ શ્રી અરિહંતદેવના વચનનો મહિમા એકે એક કલ્યાણના અર્થિ આત્મામાં સુસ્થિર થવો જોઈએ. શ્રી અરિહંતદેવનું વચન-સુખ, દુઃખ અને સુખદુઃખનાં સાધનોને બરાબર સ્પષ્ટ કરે છે. ટીકાકાર મહર્ષિએ સમજાવેલી વસ્તુ, એકે એક કલ્યાણના અર્થિ આત્માએ પોતાના હૃદયપટ ઉપર બરાબર કોતરી રાખવી જોઈએ : કારણ કે-શ્રી અરિહંત દેવના વચન ઉપર એ જાતિની આસ્થા આવ્યા વિના કદી પણ દુઃખના હેતુરૂપ રાગ, દ્વેષ અને મોહાદિકનું જોર ઘટવાનું નથી : અને એ ઘટ્યાં વિના દુઃખ જાય અને સુખ આવે એ કદીજ બનવાનું નથી. આ કારણે પરોપકારમાં રક્ત આત્માએ ગુરૂકુલવાસમાં રહી વિધિવિધાન મુજબ શ્રી અરિહંતદેવના વચનનો યથાસ્થિત અભ્યાસ કરી, વિશ્વના કલ્યાણ માટે તેનો જ અનુયોગ

કરવાનો નિરધાર કરવો જોઈએ. 'શ્રી અરિહંતદેવના વચનના અનુયોગ સિવાયની આ વિશ્વમાં બીજી એક પણ એવી વસ્તુ નથી, કે જેની ઉપાસનાથી રાગ, દ્વેષ અને મોહાદિક દોષોના યોગે અનેક જાતની શારીરિક અને માનસિક યાતનાઓથી રીબાઈ રહેલા આત્માઓ દુ:ખોથી છૂટી, શાશ્વત સુખના સ્થાનરૂપ શિવપદની સાધના કરી શકે.'-આ જાતિનો નિશ્ચય એકે એક સુખના અર્થિને થઈ જ જવો જોઈએ. પ્રભુ શાસનના નિર્ગ્રંથો, શ્રી જિનેશ્વરદેવના વચનનો જ અનુયોગ કરવાને ઈચ્છે અને પ્રભુશાસનના પ્રેમી શ્રાવકો એ અનુયોગના જ શ્રવણને ઈચ્છે: કારણ કે-તે બન્નેય એજ અનુયોગના યોગે દુ:ખનો નાશ અને સુખની પ્રાપ્તિ નિશ્ચયપૂર્વક માનનાર હોય છે. 'ચારે પ્રકારનો શ્રી સંઘ-એના સિવાય બીજું કોઈ શરણ જ નથી'-એમ ખાત્રી પૂર્વક માનતો હોવો જ જોઈએ. એ જ માન્યતાનો પડઘો ટીકાકાર મહર્ષિએ આ પીઠિકામાં પાડ્યો છે.

પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ સરજાયેલ શ્રી અરિહંતદેવના વચનનો અનુયોગ'૧-ધર્મકથાનુયોગ, ૨-ગણિતાનુયોગ, ૩-દ્રવ્યાનુયોગ અને ૪-ચરણકરણાનુયોગ'-આ ચાર પ્રકારે વહેંચાયેલ છે. એ ચારેમાં પ્રધાનતા 'ચરણકરણાનુયોગ'ની છે. પ્રથમના ત્રણે અનુયોગો તો તેના સાધન રૂપ છે. જે સાધનથી સાધ્યની સિદ્ધિ ન થાય, તે સાધન જ ન કહી શકાય.

એ ત્રણેને સાધન રૂપ બનાવવા હોય, તો વસ્તુના રહસ્યને સમજતાં શીખો : નહિ તો શાસ્ત્ર કહે છે કે-જે વસ્તુ પુણ્યવાન આત્માને લાભદાયી હોય છે, તેજ વસ્તુ હીનપુણ્ય આત્માને હાનિ કરનારી થાય છે : અર્થાત્ તેવા આત્માઓ એ વસ્તુને હાનિ કરનારી બનાવે છે. પ્રથમના ત્રણે અનુયોગો 'ચરણકરણાનુયોગ'ની સિદ્ધિ માટે છે. એને મુકી દેવામાં આવે તો એ ત્રણે અનુયોગોનો ઉપયોગ હાનિ જ કરે. 'ચરણકરણાનુયોગ' તરફના સદ્ભાવ વિના સેવવામાં આવેલા પ્રથમના એ ત્રણે અનુયોગો, મુક્તિમાં સહાયક બનવાને બદલે સંસારના સહાયક બની જાય. મુક્તિ કોની અને ક્યારે થાય ? મુક્તિ તેની જ થાય, કે જે ત્રણે અનુયોગો દ્વારા વસ્તુસ્વરૂપને સમજી, સ્વપરનો વિવેક કરી, ચરણકરણાનુયોગની સંપૂર્ણ આરાધના કરે. જ્યારે આત્મા ત્રણે અનુયોગોના પરિશીલન દ્વારા સત્યને સત્ય તથા અસત્યને અસત્ય સમજી, સ્વ અને પરનો ભેદ કરી, ચરણકરણાનુયોગના સેવન દ્વારા પરના સંસર્ગથી છુટે અને પોતાના સ્વરૂપને સંપૂર્ણતયા ખીલવે, ત્યારે જ મુક્તિપદનો ભોક્તા થાય.

(પ્રશ્ન૦ એટલે આ શાસનની પ્રાપ્તિ શિવાય તો મુક્તિ નહિ જ ને ?)

'અમે તો શ્રી મહાવીરને જ પૂજીયે'-એવું જ્યાં હોય ત્યાં જ આ પ્રશ્ન થાય : પણ જ્યાં 'શ્રી મહાવીર જિન હતા માટે એમને પુજીયે, અમે તો શ્રી જિનને જ પૂજીયે, પછી નામે

એ ગમે તે હોય'-આવું હોય ત્યાં આ પ્રશ્ન નજ થાય. શ્રી જિનેશ્વરદેવના અનુયાયી મુક્તિ પામે, અર્થાત્ જે રાગ-દ્વેષને જીતે તેની જ મુક્તિ થાય. 'શ્રી ઋષભદેવસ્વામિને પણ માનીએ અને શ્રી મહાવીરસ્વામિજીને પણ માનીએ : શાથી ? એ શ્રી જિનેશ્વર હતા, અરિહંત હતા એથી. સિદ્ધ ભગવાન્ કોણ ? જેઓએ આઠે કર્મો ખપાવ્યાં હોય તે : આચાર્ય કોણ ? પોતે શુદ્ધ આચારમાં પ્રવર્તે અને જગત્ને શુદ્ધ આચારમાં પ્રવર્તાવે તે : ઉપાધ્યાય કોણ ? જે આગમના વેદી હોઈ શિષ્યગણને આગમવેદી બનાવે તે : સાધુ કોણ ? જે પોતાના આત્માનું હિત સાધે અને આત્મહિતસાધકના સહાયક થાય તે.' જ્યાં આ જાતિની માન્યતા હોય, ત્યાં તમારા પ્રશ્નનો ઉત્તર હકારમાં જ હોય. શ્રી જૈનશાસનને પામ્યા વિના મુક્તિ ન થાય, એનો ભાવ એજ છે કે-રાગાદિ દોષોને જીતનાર મહાન્ આત્માઓએ બતાવેલા માર્ગની આરાધનામાં જ મોક્ષ અને એમ કહેવામાં કે માનવામાં પણ વાંધો શાનો હોય ? જે આત્માને ઉક્ત વસ્તુસ્વરૂપમાં વાંધો હોય, તેની મુક્તિ થાય પણ શી રીતિએ ? વસ્તુને વસ્તુસ્વરૂપે માનવામાં ઈન્કાર કરે, એ કોઈ પણ રીતિએ સિદ્ધિપદને સાધી ન જ શકે. જે જે આત્માને અનંત સુખના ધામરૂપ મુક્તિપદ સાધવું હોય, તેને તેને શ્રી અરિહંતદેવની આજ્ઞા સ્વીકારવી જ પડશે અને તે આજ્ઞા મુજબ દુનિયાના સઘળા પદાર્થોને આત્માથી પર માનવા જ પડશે અને તે શ્રી

અરિહંતદેવની જ આજ્ઞા મુજબ તે પદાર્થોના સંગમાં ફસેલા આત્માને અલગ કરવા માટે ઉચિત પ્રયત્નો આદરવા જ પડશે, અને તેમ થશે તો જ મુક્તિ સાધી શકાશે.

(પ્રશ્ન૦ અન્ય લિંગે સિદ્ધિ થાય છે ને ?)

પૂર્વની આરાધનાના યોગે કે તથાપ્રકારના તપના યોગે લઘુકર્મીપણું થાય, માર્ગાનુસારીપણું આવે, ક્ષયોપશમ થાય, સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થાય અને ક્ષપકશ્રેણિ માંડે, તો અન્યલિંગે પણ કેવળજ્ઞાન થાય, એમાં વાંધો શો ? મુદ્દો એ કે-વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થવી જોઈએ.

**જ્ઞાન ભણો, પણ જ્ઞાનનું ફળ ન વિસારો !**

પ્રથમના ત્રણે અનુયોગોનો જ્ઞાતા આત્મા, જો ભવાભિનંદી બની જાય તો અથવા તો સંસારની સાધના માટે તે ત્રણે અનુયોગોનો જ્ઞાતા બનવા માગે, તો તે આત્મા તે અનુયોગોના ફલને પામી શકતો નથી. પાપસ્થાનકોથી બચવા માટે નિર્માયેલા અનુયોગોનો, પાપસ્થાનકોની સેવામાં ઉપયોગ કરવો-એના જેવી ભયંકર અજ્ઞાનતા એક પણ નથી. ત્રણે અનુયોગોનું જ્ઞાન ત્યારે જ સફળ થાય, કે જ્યારે આત્માને ચરણકરણાનુયોગનો ઉપાસક બનાવે.

આખા ધર્મકથાનુયોગની રચના કરવામાં ઉપકારી પુરૂષોનું એકજ ધ્યેય કે-એ બધું જાણીને, સાંભળીને, જાણનાર અને સાંભળનાર સારૂં તથા ખોટું સમજે અને ખોટાથી છુટી

સારે માર્ગે આવે. કથાનુયોગમાં વર્ણવાયેલ મહાપુરૂષોનાં જીવન સાથે, આપણા જીવનને સરખાવી વિચારણા કરાય અને તે કરવા દ્વારા જો ખોટાપણું કઢાય અને સારાપણું આચરાય, તો જરૂર જીંદગી સફળ થાય. દરેક ચરિત્રની પાછળ મહાપુરૂષોએ કરેલી છેવટની ભલામણ ખાસ હૃદયમાં રાખવી જોઈએ. શરૂઆતના તથા અંતિમ ધ્યેયને લક્ષ્યમાં રાખી કથામાં પ્રવેશ કરવો, કે જેથી ભ્રમણા ન થાય. પહેલાં લખ્યું કે-આવી સ્થિતિ પામેલા પણ બધું વર્જી આત્મ કલ્યાણ સાધી ગયા. માટે એ પુણ્યવાનનું ચરિત્ર કહેનાર તથા સાંભળનારનું જીવન પવિત્ર થાય છે-એ હેતુથી આવા મહાપુરૂષનું જીવન કહીએ છીએ. છેલ્લે ઉપસંહારમાં પણ લખ્યું છે કે-એ જીવનને જાણી, જેના યોગે તે પુણ્ય પુરૂષ મુક્તિપદે ગયા, તે સેવવા તમે તમારી શક્તિનો સદુપયોગ કરો. આટલું જાણ્યા પછી વચ્ચે મુંઝવણ કેમ થાય ? વચ્ચે કથામાં તો આવે કે-અમૂક મોટું રાજ્ય પામ્યા, પણ તરત થાય કે-એમાં કાંઈ મહત્તા નથી, કારણ કે-એ તો પુણ્યનો પ્રકાર છે. પણ એમણે તે છોડ્યું તેમાંજ ખરી મહત્તા છે, કારણ કે-સાચો પુરૂષાર્થ તે છે. આ તો ન લેવી પીઠિકા,ન લેવી છેલ્લી વાત અને વચ્ચે પણ જ્યાં જ્યાં મુનિવરનો સમાગમ, તેમની દેશના તથા વૈરાગ્યની ભાવના વિગેરે આવે, ત્યાં ત્યાં તે વસ્તુને તો અડેજ નહિ, તેનું શું થાય ? મકાન, રંગરાગ, ખાનપાન વિગેરે વિગેરે વસ્તુઓમાંજ

અટવાયા કરે તો ડૂબી જાય, એમાં આશ્ચર્ય પણ શું ? ધ્યેય નક્કી થાય તો જ વસ્તુ ફળે. ઉપર કહ્યું તેમ ધર્મકથાનુયોગમાં ધર્મી ને અધર્મી આત્માઓની યોગ્ય ઉપસંહાર સાથે કથાઓ છે : ગણિતાનુયોગમાં દુનિયાના સઘળા પદાર્થોની ગણના છે : દ્રવ્યાનુયોગમાં જીવ અજીવ, ધર્માસ્તિકાય વિગેરે છએ દ્રવ્યોનું ભેદાદિ દ્વારા સ્વરૂપ વર્ણન છે : આ ત્રણેનું કામ શું ? એમાં ને એમાં જ રહી જવાય તો ? સાહિત્યવેદી બન્યા, ગણિતના પ્રોફેસર બન્યા, અને તત્વોની આડી ચોડી વાતો કરી, તેટલા માત્રથી મુક્તિ ન જ થાય ! જો વાતોથી મુક્તિ થતી હોત, બોલ્યે જ મુક્તિ મળી જતી હોત, તો તો બધા જ ચાલ્યા જાત : પણ તેમ નથી. માટે તો કહેવામાં આવે છે કે-એ બધાનો ઉપયોગ 'ચરણકરણાનુયોગ'ની પ્રાપ્તિ માટે કરવામાં આવે, તો તો સફળ : નહિ તો નિષ્ફળ : એટલું જ નહિ કિંતુ હાનિકર પણ થાય. 'હું વિદ્વાનમાં ખપું, મારી ખ્યાતિ થાય, સારા સારા આદમી પણ મારા ચરણોમાં ઝુકે, હું પણ કાંક છું એમ બતાવાય'-આવી આવી ઈચ્છા ખાતર, જો એ ત્રણે અનુયોગોનો અભયાસ થાય, તો તે ચોથા અનુયોગની રૂચિ કે પ્રાપ્તિ ન થાય અને એ ચોથાની પ્રાપ્તિ કે રૂચિ ન થાય, તો તે ત્રણે મુક્તિનાં કારણ હોવા છતાં પણ પલટાઈ જાય. માટે જ કહેવાય છે કે-જ્ઞાન ભણતી વખતે ફળને વિસરવું નહિ. ફળને વિસર્યા તો જ્ઞાન ગયું. દુનિયાની કોઈપણ ચીજ

હાથમાં આવે કે પરિણામ શોચવું જોઈએ. મનુષ્ય-દેહ મળ્યો, દેશ-જાતિ-કુળ બધું જ ઉમદા મળ્યું, કંઈ કમીના છે ? આ બધું મળ્યા છતાં સફળ ન થાય, નિષ્ફળ જાય,-અરે નિષ્ફળ જાય તો પણ દુ:ખ ન થાય-પણ હાનિકર થાય તો દુ:ખ કેમ ન થાય ? આવી સામગ્રીને હાનિકર થવા દેવી, એમાં કયી બુદ્ધિમત્તા છે ? સામગ્રીના પરિણામને નહિ વિચારો અને યથેચ્છ વિહરશો, તો મળેલું નકામું જ નહિ-પણ નુકશાનકર્તા થવાનું છે. પચાસ રૂપિયા ધીરતાં પણ જેને, આપો છો એ આદમી કેવો એ તો જુઓ છો ને ? એમ બધી વસ્તુને ફળની દૃષ્ટિએ વિચારો તો આત્મા સ્વયમેવ જાગૃત થાય. સાધુ તો જ્ઞાનીએ કહેલું સંભળાવે, પણ તમે હૃદયપૂર્વક ન વિચારો તો પરિણામ ક્યાંથી આવે ?

**પરિણત જનની સંખ્યા તો નાની જ હોય.**

શાસ્ત્રમાં ચાર ગતિ કહી : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકગતિ ! એમાં તિર્યંચગતિ અને નરકગતિ તો દુ:ખમય છે, એટલે એને જવા દો. ત્યારે લ્યો દેવગતિ અને મનુષ્યગતિ: દેવજીવન એ ભોગજીવન છે. મનુષ્યજીવન એ ભોગજીવન નથી, પણ ત્યાગજીવન છે-માટે એ જીવનની મહત્તા છે. જો ભોગજીવન માટે મહત્તા ગાવાની હોત, તો તો દેવજીવનની મહત્તા ગાત, પણ મહત્તા તો માનવજીવનની ગાવામાં આવી છે. દશ દૃષ્ટાંતે દુર્લભતા બતાવી, અનેક

રીતિએ મનુષ્ય જન્મની દુર્લભતા સમજાવી, એનો હેતુ જેને ન સમજાય, એ સમજાવવાનો ઈરાદો જેના હૃદયમાં ન ઉતરે, એનું ચિંત્વન જેને ન રહે, એની ઝંખના ક્ષણે ક્ષણે જેના અંતરમાં ન રહે. તે માનવજીવનને સફળ કયી રીતે કરી શકે ? દેવગતિમાં ભોગ તો ઘણા છે. શાસ્ત્રે તો સમજાવ્યું પણ કે-તારા આતમાએ કંઈ ગુણા ઉંચા દેવતાઈ ભોગો ભોગવ્યા, છતાં તૃપ્તિ કયાંય ન થઈ, તો આ ક્ષુદ્રભોગોથી તૃપ્તિ કયાં થવાની છે ? શાની થાય ? નજ થાય. જેમ જેમ તમે ભોગની પાસે જાઓ, તેમ તેમ તેની લાલસા વધે. તમે આટલા મોટા થયા : કહો જોઉં, તમારી લાલસા વધી કે ઘટી ? બાલ્યકાળથી તમારી દશા સુધરી કે બગડી ? કોઈ સમજાવે અને ભોગના સંસર્ગથી કોઈ દૂર થાય એની વાત જૂદી. ભોગનો એ સ્વભાવ કે-એના યોગે તૃષ્ણા શમે નહિ. દેવતાના ભોગ આગળ મનુષ્યના ભોગ કંઈ વિસાતમાં નથી, છતાં મનુષ્યજીવનની મહત્તા ગાઈ : કારણ કે-મનુષ્ય ધારે તો ઈષ્ટ ફળ ઉપજાવી શકે. દેવતા જેમ મોક્ષે ન જાય, તેમ મરીને દેવ પણ ન થઈ શકે અને મનુષ્ય તો ધારે તો દેવતા પણ થાય, ધારે તો મોક્ષે પણ જાય અને આમ ઉલટાપણામાં ધારે તો તિર્યંચપણામાં જાય અને છેવટે સાતમી નરકે પણ જાય. યોગ્યતા અને તાકાત બધી છે : સંયોગો બધા છે : અનુકૂળતા બધી છે : આત્માને લાભ લેતાં આવડે તો લે, ન આવડે

તો લાભ રહી જાય અને ઉલ્ટી હાનિ થાય. દુનિયામાં અકલ્યાણકર પ્રવૃત્તિના સાથી, સંબંધી સલાહકાર, રક્ષક, પાલક અને પોષક આત્માઓની સંખ્યા સદાને માટે મોટી છે. આ વિશ્વમાં બહુમતિ મેળવવી હોય તો અકલ્યાણકર કરણી કરનારાઓની જોઈએ તેટલી મળશે અને કલ્યાણકર પ્રવૃત્તિ કરનારાઓની તો જ્યારે ને ત્યારે લઘુમતિ જ રહેવાની. વિષયકષાયમાં આસક્ત થયેલી દુનિયામાંથી કલ્યાણકારી પ્રવૃત્તિમાં રક્ત થયેલા આત્માઓનાં દર્શન ઘણાં જ દુર્લભ છે. ખરેખર, ધર્મથી પરિણત જન થોડા જ હોય. તે થોડામાં પણ બરાબર હોત તો જૂદી વાત. થોડામાંના કેટલાક પણ 'આ શું ?-આ શું ??' એમ કરી કરીને મુંઝાય. ઠેઠ સુધી ટકનારની સરવાળે છેલ્લી સંખ્યા કાઢીએ, તો વેઢે ચઢે એટલી જ સંખ્યા આવે. આદિથી અંત સુધી એક સરખી પરિણામની ધારાવાળા તો વીરલાજ. કોઈ પાંચ કદમે ગભરાય, તો કોઈ દશ કદમે ગભરાય. કોઈ પચાસ કદમે તો કોઈ સો કદમે ગભરાય : કોઈ અધવચ્ચે ગભરાય, તો કોઈ છેલ્લી ઘડીએ ગભરાય : ન ગભરાય એવા કેટલા ? કહેવું પડેજ કે-થોડા. આખા ભવચક્રપુરની વચમાં વિવેકગિરિ છે. એના ઉપર જિનધર્મપુર નગર છે. ચારિત્ર રાજાની રાજધાની છે. દહીં-દુધીયા ત્યાં પણ છે તે અહિં બી હા અને તહીં બી હા. ચારિત્ર રાજાને પણ હા કહે અને મોહ રાજા સાથે પણ સંબંધ રાખે. બેયમાં પગ રાખે. એ

રાજધાનીમાં રહેનારાને આપત્તિનો સુમાર નથી. શાથી ? જે થોડા છે, તેમાંથી પેલાના પણ છે. પેલાના તો એના જ, અને આના છે તે એના પણ છે માટે આપત્તિ. એ દશાનો વિચાર કરવામાં આવે, તો બરાબર સમજાય. મક્કમ રહી ગયા, અણીશુદ્ધ પાર ઉતરી ગયા, તો પેલા પણ આવે : કારણ કે-એ દહીંદુધીયા પણ અહીંના રસીયા તો છે. પણ ધીરજ, સહિષ્ણુતા, શાંતિ બધામાં સરખી ક્યાંથી હોય ? પેલા એ ક્યાંથી લાવે ?

**ધર્મ અને નીતિનો તફાવત**

શ્રી ઋષભદેવ ભગવાનની સાથે ચાર હજાર નીકળ્યા હતા અને સંયમી થયા હતા. છદ્મસ્થકાળમાં શ્રી તીર્થંકરદેવ દીક્ષા આપતા નથી, પણ 'પ્રભુ કરશે તેમ કરશું'-એ ભાવનાથી નીકળ્યા હતા. થોડો સમય તો આહાર વિના રહ્યા, પણ પછી શું ? 'ભગવાન્ તો બોલતા નથી. કંઈ ભિક્ષા લાવતા નથી. ધ્યાનમાં ઉભા રહે છે. કરવું શું ?'-આ વિચાર કરી છેવટે ચારે હજાર રવાના થયા, એકે ન રહ્યા. ફાગણ વદ આઠમથી વૈશાખ શુદ બીજ સુધી કલ્પ્ય આહાર ન મળ્યો. ભક્તો તો એવા હતા કે-માગે તે આપે : પણ માગે તો ને ? ભગવાન્ આવે એટલે કોઈ કન્યા આપે, તો કોઈ અલંકાર આપે, પણ એ બધાને ભગવાન્ કરે શું ? આવીને ચાલ્યા જાય. કોલાહલ તો બહુ મચે કે-ભગવાન કંઈ લેતા નથી, પણ કોઈ નિર્દોષ

ભિક્ષા આપવામાં સમજે નહિ, ત્યાં શું થાય ?

(પ્રશ્ન૰ બધું લોકને શીખવાડ્યું અને આ રહી ગયું ?)

એ પણ સમજાવશે : એને વાર છે, હમણાં નહિ. શ્રી તીર્થંકરદેવના કલ્પનો અભ્યાસ કરો. એ તારકનું કરેલું કરવાનો દંભ ન કરવો સારો છે. એ તારકના શાસનને આરાધવું, એ પણ સહેલું નથી. શાસનની આરાધનામાં પ્રાયઃ બધા જ વિઘ્ન, ઘરબાર, કુટુંબપરિવાર, આડતીયો, કપડાં-લત્તાં, અરે નાક, એ પણ વિઘ્ન. બધે જીત મેળવીને આવવાનું. ખરેખર આ શાસનનો જીવનમાં અમલ કરતાં તો ભારે સણસણાટી થાય તેમ છે. વાસ્તવિક રીતે જો ધર્મી બનવું હોય, તો લોકહેરી તજો. લોકહેરીમાં પડ્યા તો આ બધું ગયું જ સમજો. ઉત્તમ પ્રવૃત્તિ વખતે લોક તરફ જૂઓ તો ખલાસ, કાંઈ ન થાય. લોક તો એવું કે-વાત સાંભળે અને ઓકે નહિ ત્યાં સુધી આફરો ઉતરે નહિ. જોઈને, ખાત્રી કરીને, ખાત્રીપૂર્વકનું બોલે તેને તો પહોંચાય. આ તો કોઈ પૂછે કે-વાત ક્યાંથી લાવ્યા ? બહારથી. પણ ક્યાંથી ? બહારથી. એની પરંપરા શોધતાં પાર ન આવે. શ્રી જિનેશ્વરદેવ તથા નિર્ગ્રંથ ગુરૂદેવોને આરાધવા હોય, તે તારકની આજ્ઞા મુજબ ચાલવું હોય અને સંસારથી છુટી મુક્તિ મેળવવી હોય તો ગમે તે રીતે પણ લોકહેરીને તજો. ધર્મશુદ્ધિ હોય તો વ્યવહારશુદ્ધિ રહે. ધર્મને આઘો મૂક્યો કે

વ્યવહારશુદ્ધિ પણ ગઈ : એકે શુદ્ધિ ન રહે. આત્માને નિર્મળ કર્યા વિના, સામાન્ય નીતિ પણ ધર્મરૂપે પળાતી નથી. નીતિ હોય ત્યાં ધર્મ હોય પણ, અને ન પણ હોય : અને ધર્મ હોય ત્યાં તો નીતિ નિયમા હોય. ધર્મશુદ્ધિ આવે ત્યાં વ્યવહારશુદ્ધિ હોય જ. નીતિ બે રીતે પળાય. એક તો ધર્મ માનીને નીતિ પળાય અને બીજી પ્રતિષ્ઠા ખાતર પણ નીતિ પળાય. નીતિથી પ્રતિષ્ઠા વધે, પ્રતિષ્ઠા વધે તો પેઢી સારી ચાલે, આવક વધે, આ હેતુથી પણ નીતિ પળાય. ચાહે તે થાય તો પણ નીતિને મૂકાય નહિ, એ રીતે પણ નીતિ પળાય. ધર્મબુદ્ધિથી નીતિ પાળનારને કોઈ લાખ આપવા આવે તો તે કહી દે કે-ધર્મ પાસે લાખ તુચ્છ છે, ધર્મ જતો હોય તો લાખ ન કલ્પે : વ્યવહારબુદ્ધિથી નીતિને પાળનાર તો તરત લઈ લે. નીતિ બેય જણની : પણ વ્યવહારબુદ્ધિથી નીતિ પાળનારને ગબડતાં વાર નહિ લાગે. નીતિનો સામાન્ય અર્થ શુદ્ધ પ્રવૃત્તિ : પણ ધર્મભાવના વિનાની નીતિ એવી જ હોય.

ધર્મી કોણ ? હેયને તજવાની રૂચીવાળો. નીતિમાં તો નીતિપૂર્વક મેળવવું એ છે અને ધર્મીપણામાં તો તજવાની વાત છે. 'न्यायसंपन्न विभवः' એ ગુણ સમજાવતાં વારંવાર ટકોર કરવી પડે છે. જેઓ વિભવ વર્જી શકતા નથી, તેઓ અનીતિના ફંદામાં ન ફસે માટે ત્યાં નીતિ અને ન્યાય એ વિધાન. ધર્મમાં તો ત્યાગની જ વાત. જ્યાં છૂટવાની ભાવના હોય,

એ સંયોગવશાત્ લેવા પણ જાય, તોપણ એની નીતિને વાંધો નહિ આવે. નીતિ મૂકવાની એ મૂર્ખાઈ કદી જ નહિ કરે. સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં રમે નહિ, એટલે સંસારમાં રહેવા માટે ન રહે-પણ રહેવું પડે માટે રહે. સમ્યગ્દૃષ્ટિ આત્માની આ મોટી ફરજ. રમત બંધ થાય ત્યાં સુધી રહેનાર રહે, પણ રહ્યા છતાં એ રહેવાનું એવું હાનિકારક ન થાય. શરત એટલી કે-વસ્તુ પરિણત થવી જોઈએ, ન થાય ત્યાં સુધી જોઈતો અમલ ન થાય.

**પોષક વસ્તુ રોજ જોઈએ.**

'કલ્યાણકારિણી વસ્તુમાં વિઘ્નો બહુ'-એનો હેતુ વસ્તુના શુદ્ધ પરિણામનો અભાવ ! પરિણત જન હોય એ ટકે : અપરિણત જન હોય એ ગબડે : પાછા આવે, ગબડે, આવે, એમ ચાલ્યા કરે. ધાર્યું કામ તો પરિણત થાય ત્યારે થાય. પરિણામને ટકાવવા હોય તો આલંબન શુદ્ધ જોઈએ. પરિણામ ઢીલા છે અને આલંબન પણ ઢીલાં હોય તો ? વ્યવહારની વાતમાં હાજી હાજી કહી, તમને વ્યવહારમાં ખોસતાં વાર લાગે તેમ નથી. ફરજ બજાવતાં જો અવસર જોવાનું કોઈ કહે, તો પરિણામ શું આવે ? મુશીબતથી કલાક આવતા હો તે પણ ન આવો. તમને એમ થાય કે-ન જઈએ તો પણ વાંધો નહિ. તમે આવતા હતા, નામનું મોં વળ્યું હતું, મન તો બીજે હતું, ખોખું આવતું હોય, તેમાં તમને આમ કહેનાર મળે તો

તમે આવો ? તમને પણ એમ થાય કે-કાંઈ નહિ, એતો ચાલે. કેટલાક આવીને કહે છે કે-ધર્મ ખરો, પણ વ્યવહાર અને નિશ્ચય બેય જોવાય : તે વ્યવહારનો અર્થ એ દુનિયાની કાર્યવાહી માને અને અહિંની કાર્યવાહીને નિશ્ચય માને : અને કહે કે-વ્યવહાર પહેલાં અને નિશ્ચય પછી. એમને કહો કે-વ્યવહાર અને નિશ્ચય સમજાવો. શું સમજાવે ? એતો એમ જ કહે કે-ભગવાને બેય કહેલ છે : વ્યવહાર અને નિશ્ચય. પણ વ્યવહાર એટલે શું અને નિશ્ચય એટલે શું ?-એ સમજાવવાનું કહીએ તો સમજાવે નહિ અને ઉઠીને ચાલ્યા જાય. મને એમ કહે કે-આપ નિશ્ચય માનો છો, વ્યવહારને સમજતા નથી : પણ હું પૂછું કે-સમજાવો, તો બોલે નહિ. આ શબ્દો ક્યાંથી આવ્યા એ સમજાતું નથી. જ્ઞાનીએ કહેલા નિશ્ચય તથા વ્યવહારને આવાઓ સમજતા નથી. ગેરસમજને લઈને ઘણાં દુષ્પરિણામ આવે છે. મોક્ષમાર્ગના સ્થાપક, મોક્ષે જવાને માટે બધુંએ તજવાનું કહેનારા, દુનિયાના વ્યવહારને સારા કહે ? જો એમ હોય તો બબ્બે વખત અઢાર પાપસ્થાનકની માફી મગાવે ? સાત લાખ પૃથ્વીકાય વિગેરે ચોરાશી લાખ જીવાયોનિની બબ્બે વખત માફી મગાવે ? રોજ એ માફી મગાવે? એક એક પાપને છુપું ન રહેવા દે, યાદ કરાવી પશ્ચાત્તાપ મગ્ન રખાવે, એ જ્ઞાની દુનિયાના વ્યવહારમાં રાચ્યામાચ્યા રહેવાનું કહે ? બુદ્ધિથી થોડું વિચારો. તમે તો મહામુનિઓને

સાંભળ્યા છે. એ બધું જાય છે ક્યાં ? આટલું છતાં તમારી આવી દશા શાથી ?

(સભામાંથી- બહુ સાંભળવાથી.)

બહુ સાંભળવાથી નહિ, પણ ભિન્ન સાંભળવાથી ગોટાળો થયો છે ! આ ખામી તમારી છે. કાલે કહી ગયો છું કે-સમ્યક્ પ્રકારે જિનેશ્વરદેવના મતને પ્રકાશે તે ભાવાચાર્ય : બીજા જૂદી કોટિના. તમે ગ્રાહક છો. માન્યું કે-તમે બીજું કાંઈ નથી જાણતા, પણ આટલું તો જાણો છો ને કે-ભગવાન્ શ્રી મહાવીર જિનેશ્વર વીતરાગ છે : એમણ બધાનો ત્યાગ કર્યો છે : મહા ઘોર ઉપસર્ગ પરિષહને સહ્યા છે : રાજપાટ-ઋદ્ધિસિદ્ધિ બધું મૂક્યું છે : દાન પણ થોકબંધ દીધું છે : અપૂર્વ શીલ પાળ્યું છે : ઘોર તપશ્ચર્યા કરી છે : ભાવનાથી જરા પણ ડગ્યા નથી : ત્યારે તીર્થંકર બનીને જગતના કલ્યાણ માટે માર્ગ સ્થાપ્યો છે. બારે મહીને કલ્પસૂત્ર સાંભળો છો : એમાં ભગવાન્ શ્રી મહાવીરદેવનું જીવન અથથી ઈતિ સુધી આવે છે. કોઈ કહે કે-રોજ એનું એ શું ? શાસ્ત્ર કહે છે કે-પોષક ચીજ રોજ જોઈએ. શાસ્ત્ર કહે છે કે-જો કલ્પસૂત્ર એકવીશ વાર વિધિ પૂર્વક જે સાંભળે, તે આઠમે ભવે મોક્ષ જાય. ગણધર દેવ સ્વયં દ્વાદશાંગીના રચનાર છતાં જ્યારે જ્યારે પ્રભુની દેશના સાંભળે, ત્યાં ઉભા પગે બેસી-બેય હાથ જોડી-દૃષ્ટિ સન્મુખ રાખી-ઉંચે કાને સાંભળે : આંખમાંથી હર્ષનાં અશ્રુ જતાં

હોય : શ્રી ગણધરદેવ જાણે તે પણ પોતે પૂછે, ફરી ફરીને સાંભળે. તમે રોજ પેઢી અને ઘરમાં જતાં કંટાળતા નથી. કંટાળતા હો તો અહીં આવોને ! નવાં મકાન, નવા માણસોનો પરિચય થશે. ગળપણનો કંટાળો આવે, પણ એની એ રોટલી અને એનાં એ શાકનો કંટાળો આવે છે ? નહિ. શાથી ? પોષક માન્યું છે એથી. એનાં એ કપડાં પહેરતાં રોજ કંટાળો આવતો નથી. રોજ ટાઈમસર જવાનું ત્યાં જવાય. માન્યું છે કે-જવાય તો ઠીક. ત્યાં પોષકતા માની. અહીં ન માની આ વસ્તુ પ્રત્યે ત્યાં છે તેવો અનુરાગ ન થાય, સાંભળવાનો રસ ન જાગે. પરિણામ ન પામે, અમલ ન થાય, ત્યાં સુધી સિદ્ધિ થાય શી રીતે ?

**ધર્મનાં કાર્યો વિઘ્નમય શાથી ?**

આગમના કહેનાર શ્રી અરિહન્તદેવ, રચનાર શ્રી ગણધરદેવ અને ધારણ કરનાર મુનિવૃંદમાં ત્યાગી, સમાન સૂરિવરો : બધા જ ત્યાગી. કહેનાર સંપૂર્ણ ત્યાગી, રચનાર પણ સંપૂર્ણ વૃષભ, અને આગમનું રક્ષણ કરનારા સૂરિવરો પણ ત્યાગી. એ આગમના કથનમાં શું હોય ? ત્યાગ જ હોય. એમ કહો કે તાકાત નથી, એ વાત જુદી : પણ ધ્યેય કયું? ધ્યેય હમેશાં મોટું હોવું જોઈએ : ધ્યેય ઢીલું, તો પ્રવૃત્તિ પણ પોલી.

જ્ઞાનીએ કહેલી વાતના ગ્રાહક તમે મક્કમ હો તો, રીતસર જાણનાર હો તો, અમે

ઢીલા થતા હોઈએ તો અમને પણ તમે મક્કમ બનાવી શકો છો : અમે અર્થકામની વાત કરીએ તો તમે કહી શકો છો કે-''અમારે અર્થકામનો ખપ નથી, એમાં તો અમે હુંશીયાર છીએ, એની મૂર્ચ્છામાં તો અમે પડેલા છીએ, અર્થકામ માટે તો તમારા કરતાં અમારી સલાહ સારી, એ માટે તો અમે ભલભલાને ગુલાંટ ખવરાવીયે એવા છીએ, ગ્રાહકને સમજાવવા માટે અમારી આંખની જાદુગરી અજબ છે, નોકરને ઈસારે સમજાવવાની કળા તોઅમે જ જાણીએ, માટે અમે તો અર્થકામથી છુટવા આવીએ છીએ''-એમ કહી દ્યો તો ભિન્નતા આવે ? શબ્દની કે શૈલીની ભિન્નતા આવે એ વાત જુદી છે. એ ભિન્નતા એ ભિન્નતા નથી, પણ આ બધું તમે મક્કમ બનો તો ને ! દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની વાત કરો-પણ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ તથા ભાવ એટલે શું ?-એ પૂછવામાં આવે તો તો માથું જ ખંજવાળોને ?

નિશ્ચય અને વ્યવહાર એ ધર્મની અપેક્ષાએ છે. એને બદલે દુનિયાના વ્યવહારને મજબૂત કરો તો ધર્મ ક્યાં રહે ? એટલા માટે જ ધર્મની કાર્યવાહી વિઘ્નમય. સહેજ ત્યાગવૃત્તિ થઈ, કે વિઘ્નની શરૂઆત થઈ. કલ્યાણકર પ્રવૃત્તિમાં, આત્માના નાશની ભાવનાવાળાં વિઘ્ન ન હોય તો, એ ઉપસર્ગ તો કસોટી માટે ગણાય. ત્યાં પેલા ઉપર ઝેર ન હોય. આત્માના નાશની ભાવના હોય ત્યાં ઝેર છે : ઝેર હોય ત્યાં મારી નાખવા સુધીની તૈયારી હોય છે. આ

સ્થિતિમાં કોણ ટકે ? કોઈક. જે ટકે તે પુણ્યવાન. શ્રી સ્થૂલિભદ્રસ્વામી ઉપર વેશ્યાએ અનુકૂલ ઉપસર્ગ ભયંકર કર્યા, પણ એનું હૃદય દ્વેષીલું નહોતું, તો પરિણામ શું આવ્યું ? ચાર ચાર મહિના સુધી એણે અખંડ રીતે પોતાની કાર્યવાહી કરી, તો પણ એ ચલાયમાન ન થયા. આત્મા કેટલો બળીઓ ! વેશ્યાએ પણ આખરે વિચાર્યું કે- મારા બળને જો એ આધીન ન થાય, તો એમના બળને આધીન મારે થવું જોઈએ. વેશ્યાએ આવીને કહ્યું કે-''તમે જીત્યા અને હું હારી. તમે પામ્યા તે મને આપો.'' આને પહોંચાય. શ્રી સ્થૂલિભદ્રસ્વામી ચોમાસું કરવા આવ્યા, ત્યારે જ કહ્યું હતું કે-તારે સાડા ત્રણ હાથ દૂર રહેવું. વેશ્યા પણ હૃદયની ચોર નહોતી. એ મર્યાદાનો ભંગ વેશ્યાએ પણ નહોતો કર્યો. વેશ્યાની ભાવના એ પૂરેપૂરી કે-આમને મારા તરફ ખીંચું, પણ મર્યાદા લંઘીને નહિ ! શ્રી સ્થૂલિભદ્રસ્વામી પણ આવ્યા, તે એજ હેતુ માટે કે-મારે બતાવવું છે કે, હવે તો સઘળું તજ્યું છે અને જે મેં લીધું છે તે કલ્યાણકારી છે. ષડ્ રસ ભોજન, વર્ષાઋતુ, પરિચિત વેશ્યા, બાર બાર વર્ષના સહવાસવાળી વેશ્યા, સહવાસ પણ એક એકના વિના એક એકને ક્ષણ પણ ચાલે નહિ એવા સહવાસવાળી વેશ્યા : ત્યાં પણ આત્મા કેટલો બળિયો કે મક્કમ રહ્યો. મર્યાદાનું લંઘન કોઈએ ન કર્યું. શ્રી સ્થૂલિભદ્રસ્વામિને આવતા દીઠા કે ઉભી થઈ અને હાથ જોડીને ઉભી રહી. 'મહાવ્રતોના

ભારથી વિધુર થઈને આવ્યા છે - એમ મનમાં વિચારીને બોલી કે-'પધાર્યા ! આદેશ કરો !! શું કરૂં ? આ શરીર, ધન અને પરિવાર સઘળુંય આપનું જ છે.'

શ્રી સ્થૂલિ- 'ચોમાસુ રહેવા માટે ચિત્રશાલા આપો !'

વેશ્યાએ ચિત્રશાળા ખોલી આપી.ચિત્રશાળા કેવી ? એમાં પેસતાં નપુંસકને પણ પાનો ચઢે તેવી. શ્રી સ્થૂલિભદ્રસ્વામીએ પણ ના ન પાડી, કારણ કે-જે માટે આવેલછે તે ત્યારે થાય. રોજ વેશ્યા સામે આવીને બેસતી, પણ આઘી રહેતી. મરજી પડે તેવા હાવભાવ કરતી, ચેનચાળા કરતી, વિષયને વધારનારી બધી કાર્યવાહી કરતી, પણ દૂર રહીને. આ મહાત્મા જોયા કરતા અને અડગતામાં એ પણ વધ્યે જતા હતા. વેશ્યા રોજ પોતાની કાર્યવાહી વધારતી, થાકતી ત્યારે ઓરડામાં જઈને રોતી. પોતે રૂએ છે એવી શીથીલતા એ વેશ્યા એમને બતાવતી નહિ. રખે શીથીલતા પરખી જાય, માટે ઓરડામાં જઈને રોતી. શી રીતે આમને ભીંજવવા એજ ધ્યેય હતું. રોઈરોઈને પાછી બહાર આવતી, ત્યારે તૈયાર થઈને આવતી.એ સમજતી કે-આમની પાસે ફાવવું મુશ્કેલ છે. એ પોતાની પોલો બહાર ન બતાવતી, કારણ કે-એને વિજયની આશા હતી. શ્રી સ્થૂલિભદ્રસ્વામી મક્કમ રહ્યા. પેલી દુઃખી થઈ એની દયા એમને ન આવી. પાપ લાગે કે નહિ ?

વેશ્યાએ કહ્યું : -"તમારી દયા ક્યાં ગઈ ? અહિંસા ક્યાં ગઈ ? તમારો ધર્મ ક્યાં ગયો ? હું બળી રહી છું, પણ તમને દયાયે નથી આવતી !"

શ્રી સ્થૂલિભદ્ર નિર્દય હતા ? નહિજ. ચાર મહીના વેશ્યાએ આર્ત્તધ્યાન કર્યું, એના પાપના ભાગીદાર કોણ ? એનો આત્મા. આજ તો એમ કહેવામાં આવે છે કે-એ બીચારા દુર્ધ્યાન કરે છે માટે આપણે આપણું મૂકી દો ! હું કહું છું કે-દુશ્મનનું પણ ભલું કરવું હોય, તો તમે તમારી સજ્જનતામાં મક્કમ રહો. 'શું કરીએ ?'-એમ કહી હાથ પહોળા કર્યા, તો પેલા સોગુણા બગડશે. એક ધર્મી માર્ગથી ખસે, એનાથી ધર્મની જે હાનિ થાય છે-તે જો એ ધર્મી ધર્મમાં ટકે તો કદીજ ન થાય. શ્રી સ્થૂલિભદ્રજી દયા ખાઈને સહેજ ખસત તો શાસનને હાનિ પહોંચત.

(પ્રશ્ન૰ શાસનને ?)

હા, ધર્મિની શાસ્ત્ર વિરૂધ્ધ અગર પતનની કાર્યવાહીથી ધર્મ પણ નિંદાય. ધર્મીએ ધર્મની રક્ષા માટે પોતાની ફરજમાં મજબૂત બનવું જોઈએ. શ્રી સ્થૂલિભદ્રસ્વામી ન પડ્યા, મક્કમ રહ્યા, એની પણ શાસ્ત્રે પ્રશંસાપૂર્વક નોંધ લીધી : સિંહગુફાવાસી મુનિ આવ્યા, પડ્યા, પડવાની તૈયારી થઈ, પણ વેશ્યાએ ન પડવા દીધા, તો તેની પણ પ્રશંસાપૂર્વક નોંધ શાસ્ત્રે

લીધી, શ્રી સ્થૂલિભદ્રસ્વામીએ કાર્યવાહી એવી કરી કે-પોતે તો ન પડ્યા પણ પોતાના સહવાસી પણ ન પડે એવી યોજના કરી.

**ધર્મમાં સ્થિર રહો !**

વિરોધી વાતાવરણ ઉભું થયું હોય, એ ફેરવવું હોય ત્યારે નિંદક ન બનતાં, બીજાને નિંદક ન બનાવતાં, કહેવું કે-ઉભો છું. ત્યારે કામ થાય : કારણ કે-બધા હીનકોટિના નથી, બધા વિરૂધ્ધ નથી, એમાં પણ કેઈ પુણ્યાત્મા છે. જે સંસર્ગથી-વાતાવરણથી દોરાઈ ગયા છે. એવા તો જરા જૂએ કે-'ના, ના, આમાં કાંક છે'-તો જરૂર ફરે. 'આ ચળતા નથી, મક્કમ છે, માટે કાંક છે'-અને 'અહીં તો પોલ છે'-આવું તરત થાય : પણ થાય ક્યારે ? ધર્મી મક્કમ હોય તો ને ! પણ પોલ ભાળે તો પેલા ચઢી બેસે. કહી દે કે-'ગબડાવો.' છેવટે શ્રી સ્થૂલિભદ્રસ્વામિજી એને શ્રાવિકા બનાવીને ગયા. બીજે વરસે સિંહગુફાવાસી મુનિ આવ્યા. વેશ્યા દેખાવ પરખી ગઈ કે-આ વાદ કરવા આવ્યા છે, પણ કયાં એ અને કયાં આ? મકાન માગ્યું, વેશ્યાએ આપ્યું. ષડ્ રસનો આહાર કરી બેઠલા તે મુનિની પરીક્ષા કરવા માટે મધ્યાન્હકાલે વેશ્યા, તે મુનિવર પાસે ગઈ. તે કમલાક્ષીને જોઈને તરત જ મુનિવર ક્ષોભ પામ્યા. સ્ત્રી અને તેવું ભોજન તેવા વિકાર માટે કેમ ન થાય ? કામની પીડાથી યાચના કરતા

તે મુનિને વેશ્યાએ કહ્યું કે-'હે ભગવન્ ! અમે તો વેશ્યા છીએ અને ધનદાનથી વશ થનારીઓ છીએ.'

મુનિ- 'અમારી પાસે ધન ક્યાંથી હોય ?'

વેશ્યા- 'નેપાલ દેશનો રાજા નવા સાધુને રત્નકમ્બલ આપે છે તેને લઈ આવો !'

એ કામાંધ બનેલા મુનિ ચોમાસામાં પણ નેપાળ દેશમાં જઈને રત્નકંબળ લાવ્યા. વેશ્યાને આપી. વેશ્યાએ એ રત્નકંબળને ખાળના કાદવમાં નાખી દીધી : એ જોઈ મુનિ બોલ્યા કે :-

**"अजल्पन्मुनिरप्येव-मक्षेप्यशुचिकर्दमे ।**
**महामूल्यो ह्यसौ रत्न-कम्बलः कम्वुकण्ठि किम् ॥१॥"**

'હે શંખ જેવા કંઠવાળી ! તેં આ મહામૂલ્યવાળા, રત્નકમ્બલને અપવિત્ર કાદવની અંદર કેમ ફેંકી દીધો ?

આ પ્રશ્નના ઉત્તરમાં વેશ્યાએ કહ્યું કે-

**"अथ कोशाप्युवाचैवं, कम्बलं मूढ ! शोचसि ।**
**गुणरत्नमयं श्वभ्रे, पतन्त स्वं न शोचसि ॥१॥"**

'હે મૂર્ખ ! તું કમ્બલનો શોક કરે છે, પણ નરકમાં પડતા ગુણરત્નમય પોતાને શોચતો નથી !'

વેશ્યાના એ વચનથી સંવેગ પામીને તે મુનિવરે કહ્યું કે-'સારૂં થયું કે તેં મને બોધ પમાડ્યો : હવે હું અતિચારથી લાગેલાં પાપોને ધોઈ નાખવા માટે ગુરૂની પાસે જઈશ અને તને ધર્મલાભ હો !' વેશ્યાએ પણ માફી માગી કહ્યું કે-'મેં બોધ પમાડવા માટે જ આપની આશાતના કરી છે. આપ જાઓ અને ગુરૂના વચનને સ્વીકારો.' ભગવાન્ શ્રી સ્થુલિભદ્રજી જેવાએ મક્કમ રહીને પ્રતિબોધેલી વેશ્યા પણ આટલી મક્કમ થઈ, કે તેણીએ પડતા મુનિને પણ બચાવ્યા. શ્રી સ્થૂલિભદ્રસ્વામિજી મક્કમ ન રહ્યા હોત, તો પરિણામની આ સુંદરતા ક્યાંથી આવત ? માટે કહું છું કે-મક્કમ બનો, પણ બનો તો હૈયાથી બનજો. હૃદયના પોલા ન બનતા. કોઈ કાર્યવાહી શાસ્ત્રવિરૂદ્ધ ન કરતા. શાસ્ત્રવિરૂદ્ધ આચરણ કરી ધર્માચરણરૂપ સોનાની થાળીમા લોઢાની મેખ ન મારતા

(પ્રશ્ન૰ શ્રી સ્થૂલિભદ્રજીની વાત કયા કાળની ?)

પંચમકાલની ! અત્યારે તો પાડનારી એવી સામગ્રી છે કયાં ? જે સામગ્રી સામા પાસે છે, તે તમારી પાસે છે. પાડનાર પાસે જેટલી સામગ્રી છે, તેટલી જ નહિ પણ તેથી કંઈ

ગુણી ઘણી બચાવ કરનાર પાસે છે. ધર્મપક્ષની સામે વિપરીત પક્ષ તો હરેક કાળમાં ઓછો કે વત્તો હોય જ. જેમ એ ધર્મમાં સ્થીર રહેતા તેમ તમે પણ રહો, એ વખતમાં પણ એવા ભાગ્યશાળી પણ થોડા જ. સંખ્યા થોડી. અત્યારે પણ એવા છે, પણ ઈરાદાપૂર્વક માનસિક શિથિલતાનો આરોપ માગી લેવો-એ ભયંકર છે.

❖ ૩૪ ❖

**વિઘ્નો શ્રેયકાર્યને દીપાવે છે.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવે છે કે-કલ્યાણના અર્થી આત્માએ સુખને માટે શ્રી અરિહન્તદેવના વચનનો અનુયોગ કરવો જોઈએ : કારણ કે-એ સિવાય વિવેકની પ્રાપ્તિ થતી નથી, અને એ વિવેકની પ્રાપ્તિ વિના હેય તથા ઉપાદેય પદાર્થના સ્વરૂપનું જ્ઞાન નથી થતું : એ જ્ઞાન વિના રાગ, દ્વેષ તથા મોહ ઘટતા નથી : એ ન ઘટે ત્યાં સુધી દુઃખ દૂર થતું નથી : અને એ દુઃખ દૂર ન થાય ત્યાં સુધી ઈચ્છિત સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી. સુખના સાધન માટે શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગ સિવાય બીજો એક પણ રસ્તો નથી. એ વચનના અનુયોગને ચાર વિભાગમાં વ્હેંચવામાં આવ્યો છે. '૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ, ૪. ચરણકરણાનુયોગ.' પ્રથમના ત્રણે

અનુયોગનું ફળ ચોથો અનુયોગ છે. ત્રણે અનુયોગોની સાર્થકતા ચોથા અનુયોગ ઉપર છે. ચોથા અનુયોગ વિના ત્રણે અનુયોગો લગભગ નિષ્ફળ જેવા છે. ચારે અનુયોગોમાં મુખ્ય એ છે. એ ચોથા યોગનું વધુમાં વધુ વર્ણન શ્રી આચારાંગસૂત્રમાં છે. શ્રી ગણધરદેવે પહેલી રચના આ સૂત્રની કરી. આ સૂત્રના કહેનાર ભગવાન્ શ્રી મહાવીરદેવ તથા રચનાર શ્રી ગણધરદેવ છે. શ્રી આચારાંગસૂત્ર એ પરમપદની પ્રાપ્તિમાં હેતુભૂત છે, માટે એ મંગલમય છે. મંગલમય ક્રિયામાં વિઘ્નો હોય છે : વિઘ્નોની પરંપરા હોય છે. લખવામાંય વિઘ્ન છે. લખવામાં જો વિઘ્ન હોય, તો એ આચારને અમલમાં મૂકવામાં વિઘ્ન આવે એમાં તો પૂછવું જ શું ? મોટા પુરૂષોને પણ કલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો ઘણાં આવે છે. અપમંગળ કાર્ય કરનારને, અકલ્યાણકર કાર્ય કરનારાને વિઘ્ન નડતાં નથી : કારણ કે-સ્વયં અપમંગળરૂપ છે, સ્વયં વિઘ્નરૂપ છે. ધોળામાં ડાઘ દેખાય, પણ કાળામાં ડાઘ ઓછો જ દેખાય ? મંગલમય ક્રિયામાં વિઘ્ન આવે, એથી એની કિંમત ઘટતી નથી પણ વધે છે. વિઘ્નો તો મંગળમય કાર્યને દીપાવે છે. વિઘ્નોથી તો મંગળમયતા વધુ ખીલે. કચરો બળી જાય છે, એટલે વસ્તુની વધુ શુદ્ધિ થાય છે. ધર્મના પાંચ આશયો ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજીએ જણાવ્યા છે. ૧. પ્રણિધાન, ૨. પ્રવૃત્તિ, ૩. વિઘ્નજય, ૪. સિદ્ધિ અને ૫. વિનિયોગ : પ્રણિધાન એટલે

કર્ત્તવ્યનો નિશ્ચય. એ થાય તો જ યોગ્ય પ્રવૃત્તિ થાય. પ્રવત્તિ શરૂ થઈ એટલે વિઘ્નો આવે જ. પ્રવૃત્તિમાં મહેનત ઘણી છે. વિઘ્નજય કરવાની તાકાત હોય તો જ સિદ્ધિ થાય અને પછી જ વિનિયોગ થાય. ખરી મુશ્કેલી પ્રવૃત્તિમાં જ છે. પ્રણિધાન મજબૂત હોય તો પ્રવૃત્તિ પણ મજબૂત થાય, પણ પ્રણિધાન પોલું હોય તો ? નિશ્ચય તો પાકો જોઈએ જ ને ! કરવા યોગ્ય વસ્તુ હોય તો તે આજ છે'-એવો નિશ્ચય તો જોઈએ જ. એ નિશ્ચય હોય તો પ્રવૃત્તિમાં વાંધો ન આવે. પ્રણિધાન શિથિલ હોય તો-'આ ઠીક કે આ ઠીક, આ જરૂરી કે આ જરૂરી, આમાં આત્મશ્રેય કે આમાં આત્મશ્રેય-આવી ડગુમગુ દશા હોય અને ત્યાં સુધી પ્રવૃત્તિ સીધી બને નહિ. પ્રવૃત્તિ કરવા જાય તોયે વિઘ્નના ઘસારાથી પાછા હતા ત્યાંને ત્યાં આવે. પ્રણિધાન માટે (પુસ્તકીયું જ્ઞાન) જોઈએ જ એવું ન માનતા. પૂર્વના સંસ્કાર યોગે પણ પ્રણિધાન બળવાન બને છે. સંસ્કાર યોગે થયેલા પ્રણિધાનથી પણ આત્માને કુદરતી રીતે જ નિશ્ચય થાય કે-આના સિવાય ઉદય નથી. એ વાત પોતાની મેળે જ સમજે એ આત્મા પાપથી કુદરતી રીતે કંપે, અને એથી જ એની પ્રવૃત્તિ એવી પ્રબળ થાય કે-ગમે તેવાં વિઘ્નો એની સામે કામ કરી શકે નહિ. વિઘ્નો આવવાનાં જરૂર. એમાં જીત મેળવનારા અલ્પ : કારણ કે-વસ્તુસ્વરૂપનું ભાન ઘણા ઓછાને હોય છે. અહીં ટકવું સ્હેલું નથી.

**મનુષ્યજન્મનું કર્ત્તવ્ય શું ?**

'કલ્યાણ માટે ઉત્તમ માર્ગ કયો ?'-એનો પાક્કો નિશ્ચય થઈ જાય એ જ સમ્યગ્ દર્શન. 'શું કરવું' એટલે કે-કર્તવ્ય શું ? અને એ કરવું તે 'શા માટે ?' એ બે વાતનો નિશ્ચય બરાબર જોઈએ. કોઈ પૂછે કે-મનુષ્યજન્મ પામીને કરવા યોગ્ય શું ? શું કરીએ તો મનુષ્યજન્મ સફળ થાય ?-આ પ્રશ્નો જો હૃદયમાં રટાઈ ગયા હોય તો સ્વાભાવિક ઉત્તર નીકળે. જેમ નામ દઈને કોઈ બોલવે છે અને ઉત્તર દેવાય છે, તેમ બોલી જવાય. પ્રણિધાન એટલે કર્તવ્યનો નિશ્ચય. એ કરવાથી આનંદ આવશે, અને તે પછી ધર્મરૂપ કર્તવ્યનું સુંદર રીતે સેવન થશે. અને એ જોઈને બીજાને પણ ભાવના થશે. શીખેલું બોલ્યે નહિ ચાલે, પણ હૃદયનું મનન જોઈએ. ત્યારે કહો મનુષ્યજન્મ પામીને કરવાનું શું ?

(સભામાંથી- કર્મક્ષય.)

એ તો મોટી વાત કરી. એ તો ધ્યેય-એ જવાબ, તો શા માટે કરવું ?'-એ પ્રશ્નનો છે. કરવું શું ? કરવા યોગ્ય શું ? અંગીકાર કરવા યોગ્ય શું ? સેવન કરવા યોગ્ય શું ? એક જ વાત કે-સેવવા યોગ્ય તત્ત્વત્રયી અને અંગીકાર કરવા યોગ્ય રત્નત્રયી ! સુદેવ, સુગરૂ અને સુધર્મ તે તત્ત્વત્રયી અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રયી

: દેવ ગુરૂ અને ધર્મ એમાં ‘સુ’ તો બેઠેલું જ. સુદેવ, સુગુરૂ અને સુધર્મ તેમજ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર. જ્યાં સારૂં ત્યાં ખોટું હોય જ, અસલની સામે નકલ હોય જ. જ્યાં ‘સુ’ હોય ત્યાં સેવાભાવ રહે : ‘સુ’ ન હોય ત્યાં સેવાભાવ ન રહે, જો રહે તો ડહાપણ તો નહિ જ. ખોટો રૂપીઓ લેવામાં ડહાપણ ખરૂં ? નહિ જ. સમ્યગ્દૃષ્ટિ એવા હોય કે-ઉલ્ટૂ જૂએ કે તરત અવાજ થાય કે-આ ન જોઈએ. એનું હૃદય એવા વિચારમાં જ લીન હોય છે. પરસ્પર અનુરાગ હોય તો સહચારીના વિચારો પરસ્પર એક સરખા જ આવે. જે વસ્તુનું બહુ રટણ એની જ ઝાંખી થયા કરે. આ નિશ્ચય એવો દૃઢ હોય કે જ્યાં ત્યાં શિર ન ઝુકે. જ્યાં ઝુકવું જોઈએ ત્યાં જ ઝુકે. એ અભિમાન નથી. આ ન હોય તો એ આદમીપણાને લાયક નથી. શિર એટલે ઉત્તમાંગ : એ જ્યાં ત્યાં ન ઝૂકાવાય. ભેંસાશાના વાળની વાત જાણો છો ને ! કહેવાય છે કે-એમની માતા પરદેશ ગયાં ત્યારે ભેંસાશાએ પોતાની મૂછનો વાળ આપ્યો હતો, અને કહ્યું કે-આ વાળ જ્યાં આપશો ત્યાં દ્રવ્ય મળશે. ભેંસાશાના વાળને પણ પૈસા મળતા. વાંકો પણ ભેંસાશાનો વાળ ! એ વાળથી એમની માતાને પૈસા મળ્યા : એ જોઈ એક બીજો માણસ પણ એ રીતે લેવા ગયો. સામો વેપારી કહે કે-આ વાળ તો વાંકો છે, એટલે પેલા બીજા ભાઈ કહે કે-‘લે બીજો’ એમ કહીને બીજો

વાળ તોડ્યો. વેપારીએ તરત કહી દીધું કે-'જેને પોતાના મૂછના વાળની કિંમત નથી, એની દુનિયાને શી કિંમત !' વસ્તુની કિંમત વિનાનો આદમી એ આદમી નથી. વસ્તુની કિંમત થયા બાદ તો હૃદય તથા શિર જ્યાં ત્યાં ન જ ઝુકે : ઝુકવા યોગ્ય હોય ત્યાં જ ઝુકે. તત્ત્વત્રયી સેવ્ય છે અને રત્નત્રયી ઉપાદેય છે : આ તત્ત્વત્રયીની સેવા અને રત્નત્રયીનો સ્વીકાર,-એ જ એક મનુષ્યજન્મનું સાચું કર્તવ્ય છે.

**'ગૃહસ્થપણું' નહિ પણ 'દેશવિરતિ' આદિ ધર્મ છે.**

એ આપણે જોઈ ગયા છીએ કે-આપણે શ્રી જિનેશ્વર દેવોની બધી આજ્ઞાઓ ન જાણી શકીએ, કેમકે-મહાપુરૂષો પણ બધી આજ્ઞા ન જાણી શક્યા, તો આપણે ક્યાંથી જાણી શકીએ? પણ કઈ આજ્ઞા શ્રી જિનેશ્વરદેવોની હોય અને કઈ ન હોય, કેવી આજ્ઞા હોય અને કેવી ન હોય, તે તો જાણી શકીએને ! ફલાણા શેઠ આવું જ કહે, આવું તો ન જ કહે-એમ ખાત્રીથી કહી શકો છો, તેમ ત્યાગની અખંડમૂર્તિ સમા શ્રી વીતરાગ દેવની આજ્ઞા કઈ હોય અને કઈ ન હોય, એ તો જરૂર જાણી શકાય ! એટલુંએ ન હોય તો તો પછી ઓઘદૃષ્ટિવાળા જ કહેવાઈએ : એટલે કે-અવિવેકપણે જેમ કરતા હોઈએ તેમ કરીએ, જેમ ચાલતું હોય તેમ ચાલવા દઈએ. સમ્યગ્દૃષ્ટિપણું એ ન કહેવાય. શાસ્ત્રની બધી વાત, દલીલ,

યુક્તિ-આ બધું તમે ન જાણતા હો, પણ આટલું તો તમે જાણોને કે-ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ જગત્માં ધર્મતીર્થ સ્થાપ્યું શું કામ ? તીર્થની ચાવી ગીતાર્થ એવા ત્યાગીઓના જ હાથમાં શું કામ રાખી ? અને તે તારકના અનુયાયી ત્યાગીઓએ કહ્યું શું ? આ વાતમાં એકમત થયા, કે તમને વસ્તુ સમજતાં વાર નહિ લાગે. ભગવાને ચાર પ્રકારનો સંઘ કહ્યો અને બે પ્રકારનો ધર્મ કહ્યો. ધર્મ બે પ્રકારનો કહ્યો : સર્વવિરતિ તથા દેશવિરતિ અથવા સાધુધર્મ તથા ગૃહસ્થધર્મ. સમજો, જે રીતિએ સર્વવિરતિની સ્થાપના કરી, તે જ રીતિએ દેશવિરતિની સ્થપના કરી કે બીજી રીતિએ ? જેઓ સર્વવિરતિ ન લઈ શકે, એમણે દેશવિરતિ લેવી જોઈએ-એ માટે કે થોડાએ પણ દેશવિરતિ લેવી જ જોઈએ એ માટે ? સર્વવિરતિ તો બધાએ લેવી જ જોઈએ, પણ પરમ જ્ઞાનીએ જોયું કે-સર્વવિરતિ બધા લઈ શકે તેમ નથી, તો જેઓ તે ન લઈ શકે તેમને માટે દેશવિરતિ ધર્મ કહ્યો. આ સમજો તો તો દેશવિરતિનો આગ્રહ લુલો થઈ જાય. શ્રી જિનેશ્વરદેવનો ઈરાદો તો બધાને સર્વવિરતિ દેવોનો છે : કરણ કે-બધાને મુક્તિએ જવાની ભાવના છે અને મુક્તિનો તો આ એક જ ઉપાય છે. ગૃહીલિંગે મુક્તિ થાય તો પણ સર્વવિરતિ વિના તો નહિ જ. સર્વવિરતિ ન લઈ શકે એના માટે દેશવિરતિ, એ પણ ન લઈ શકે એના માટે સમ્યક્ત્વ, એ પણ ન લઈ શકે એના મટે માર્ગાનુસારીપણું.

ઘરબાર માંડવા, રંગરાગ કરવા,-એને જેઓ ગૃહસ્થધર્મ માને છે, તેમનું એ માનવું ખોટું છે. ગૃહસ્થધર્મ એટલે દેશવિરતિ ધર્મ અથવા સમ્યક્ત્વ ધર્મ અથવા માર્ગાનુસારીપણાના ગુણ રૂપી ધર્મ. જેટલી વિરતિ એટલો ધર્મ : જેટલો સંયમ એટલો ધર્મ : જેટલું માર્ગની સન્મુખપણું એટલું જ ધર્મનું સન્મુખપણું. ગૃહસ્થધર્મ એટલે સમ્યક્ત્વમૂળ બાર વ્રત, અથવા સમ્યગ્ દર્શન અથવા માર્ગાનુસારીપણું, બાકીનો અધર્મ ! હરેકથી સાધુપણું ન બની શકે, માટે દેશવિરતિ : દેશવિરતિ પણ જેનાથી ન બની શકે તેને માટે કેવલ સમ્યક્ત્વ : અને તેનો પણ જે સ્વીકાર ન કરી શકે તેને માટે માર્ગાનુસારીપણું ! અર્થાત્ ધર્મ વિના કોઈ પણ ન રહે એવો અનંત જ્ઞાનીનો આશય. માટે સામાન્યમાં સામાન્ય આત્મા માટે પણ સામાન્યમાં સામાન્ય ધર્મની યોજના કરી.

સાધુ માર્ગાનુસારીતા આપે એમાં પણ શું કહે ? પહેલો ગુણ 'ન્યાયસંપન્ન વિભવઃ' એમાં વિભવ પેદા કરો એમ કહે ? નહિ, એટલા માટે તો કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીને ખુલાસો કરવો પડ્યો કે-વિભવ શબ્દ તમારા ઘરનો (અનુવાદ) છે અને ન્યાયસંપન્ન શબ્દ અમારા ઘરનો છે : એટલે કે-શ્રી જિનેશ્વરદેવના ઘરનો છે. તમારા ઘરમાં અમારૂં ઘાલવાની આ મહેનત છે. તમારા ઘરમાં તો તમે હુંશીયાર છો જ. આ મોટો ફરક

સમજાઈ જાય તો સ્થિર બનતાં વાર કેટલી ? 'શ્રી તીર્થંકરદેવે તીર્થની સ્થાપના તારવા કરી છે, નહિ કે ડુબાડવા !'-આટલો નિશ્ચય પાકો થવો જોઈએ. નીતિથી પણ પૈસા પેદા કરવામાં પાપ જ ન હોત, તો ત્યાગી થવાનું પ્રયોજન પણ શું હતું ?

(પ્રશ્નકાર- કહે છે કે-પૈસા હોય તો શાસનનો ઉદ્ધાર થાય, પણ બધા સાધુ થઈ જાય તો શું થાય ?)

સારૂં થાય. સાંભળનાર ડાહ્યો હોય તો કહે કે-'બધા સાધુ બની જાય એવું તું શા આધારે કહે છે ? ચક્રવર્તીના માથાના મુકુટ ઉતરાવનાર જ્ઞાનીઓ, શ્રી તીર્થંકરદેવો પણ બધાને સાધુ ન કરી શક્યા, તો બીજો કોણ કરી શકે ?' આ વસ્તુ સામે એક પણ દલીલ નથી કે જે ટકી શકે. બધા સાધુ થાય તો તો ઉત્તમ, પણ થવાના જ કયાં છે ? જો ધર્મ માટે વિત્ત જરૂરી મનાશે, એમાં ઉપાદેય બુદ્ધિ આવી જશે, તો તો પછી ધર્મ સુઈ જશે અને વિત્ત જ ઘુસી જશે. શાસ્ત્રોએ, જ્ઞાનીઓએ વારંવાર પોકારી પોકારીને કહ્યું છે કે-'લક્ષ્મી હેય છે, ત્યાજ્ય છે'-છતાંએ મૂર્ચ્છા નથી ઉતરતી તો પછી એમાં ઉપાદેય બુદ્ધિ આવ્યા પછી તો શું થાય ? માટે લક્ષ્મી હોય એનો સદુપયોગ કરવો એ ધર્મ : પણ લક્ષ્મી ધર્મ નહિ. કાદવમાં હાથ ઘાલીને ધોવો સારો કે ન ઘાલવો તે સારો ? હાથ ઘલાઈ જાય તો ધોવો એ સારો

પણ ધોવા માટે તો કાદવમાં હાથ ન ઘલાયને ? હાથ કાદવવાળો થઈ જાય તો ધોવો જરૂર, પણ ધોવા માટે કાદવવાળો કરાય ? નહિ જ. તેવી જ રીતે સદુપયોગ માટે લક્ષ્મીરૂપ પાપમાં હાથ ઘાલવાનો નિષેધ છે. લક્ષ્મી મેળવ્યા બાદ લક્ષ્મીથી ધર્મ થાય એ વાત કબૂલ, પણ ધર્મમાર્ગે લક્ષ્મી વાપરવા માટે પાપ કરવું અને લક્ષ્મી મેળવવી એ ધર્મ નથી.

(પ્રશ્ન૰ 'લક્ષ્મી આવે તો બધાં ધર્મકાર્યો થાય, માટે 'લક્ષ્મી મેળવી પછી શાસનની પ્રભાવના કરી, પછી સર્વવિરતિ લેવી'-એમ કોઈ કહે તો ?)

એમ કોઈ કહે તો પૂછી શકાય કે-'એમ કરતાં કરતાં ખપી જાઉં, આયુષ્ય પૂર્ણ થઈ જાય તો શું થાય ? માનો કે-જીવ્યો પણ, પણ લક્ષ્મી મળ્યા પછી લક્ષ્મીનો રંગ લાગી જાય અને ધર્મ ભૂલી જવાય તો શું થાય ?' લક્ષ્મી પામ્યા પછી ધર્મમાર્ગે વાપરનારા કેટલા અને રંગરાગમાં વાપરનારા કેટલા ? લક્ષ્મી પામ્યા પછી આત્મા કયાં વધારે ઝૂકે ? કેટલા ટકા આ તરફ વળે અને કેટલાક ટકા પેલી તરફ વળે ? લક્ષ્મી ન હોય ત્યારે તો બધું ચાલતું, પણ લક્ષ્મી આવે એટલે તો પોઝીશન (મોભો) વધે. પહેલાં મહીને દશ રૂપીએ ચાલતું હોય, તો પછી ન ચાલે : પછી બધું વધે.

**દાનનું કારણ લક્ષ્મી કે મૂર્છાનો ત્યાગ ?**

મંત્રીશ્વર શ્રી ઉદાયનના પુત્ર શ્રી આમ્રભટ્ટ ઘણા જ દાતાર હતા. એક વાર મહારાજા શ્રી કુમારપાલે શ્રી આમ્રભટ્ટને કહ્યું કે-

**'यं व्ययं भवान् कुरुते तादृक् कर्तुमहमपि न प्रभूष्णुः'**

'જે વ્યય તું કરે છે, તે વ્યય કરવાને હું પણ સમર્થ નથી.

આના ઉત્તરમાં શ્રી આમ્રભટ્ટે કહ્યું કે-

**''एवं विधं व्ययं कर्तु प्रभु र्न प्रभवति, यतोऽहं स्वामिबलेन व्ययं करोमि, स्वामी तु कस्य बलेन ? अतो मयैवेयद्रव्यव्ययः साधीयान् क्रियते ।''**

'આવા પ્રકારનો વ્યય કરવા માટે સ્વામી સમર્થ ન જ થાય : કારણ કે-હું તો સ્વામિના બળે વ્યય કરૂં છું, પણ સ્વામી કોના બળથી કરે ? આથી આટલો બધો દ્રવ્યવ્યય મારાથી જ સાધ્ય કરી શકાય.'

આથી મહારાજા શ્રી કુમારપાલ ખુશ થઈ ગયા. આ આમ્રભટ્ટ આવા દાતાર હતા, તે લક્ષ્મીના યોગે કે લક્ષ્મી ઉપરની મૂર્છાના ત્યાગના યોગે ? લક્ષ્મીને વળગેલો હોય તે દાન દે ? લક્ષ્મીને અનિત્ય, અસ્થિર, અને ત્યાજ્ય માની તો દીધીને ! લક્ષ્મી વિના ચાલે જ નહિ

એમ માનનારથી દાન દેવાય ? લક્ષ્મી જો ધર્મ માટે મેળવવી,-એમ હોત તો તો પરિણામ એ થાત કે-ધર્મ માટે લક્ષ્મી મેળવનાર આત્માની કિંમત ઉંચી અંકાત અને તેનો ત્યાગ કરનારની કિંમત ઓછી અંકાત : પણ તેમ નથી જ થતું. આથી સ્પષ્ટ જ છે કે-દાન એ ધર્મ, પણ લક્ષ્મી એ ધર્મ નહિ. સાચું દાન લક્ષ્મી ઉપરની મૂર્ચ્છાના ત્યાગના યોગે જ થાય. દાનનું કારણ લક્ષ્મી નહિ, પણ લક્ષ્મી ઉપરની મૂર્ચ્છાનો ત્યાગ છે. ઉપદેશ દાનનો હોય, પણ લક્ષ્મી કમાવાનો નહિ.

(પ્રશ્નકાર- લક્ષ્મી વગર દાન શાનું દે ?)

ગમે તેમ કરીને પણ દાન દેવું એમ નથી કહ્યું. જો ધર્મ માટે લક્ષ્મી મેળવવી ઉપાદેય હોય, તો પછી 'નીતિથી જ લક્ષ્મી મેળવવી'-એમ શું કામ ? તો તો પછી નીતિથી ન મળે તો અનીતિથી પણ મેળવો એમજ ને ? ધર્મ માટે મેળવવી છે, તો આમ પણ ઠીક ને આમ પણ ઠીક કેમ ? પરિગ્રહત્યાગ એ પાંચમું મહાવ્રત છે. પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતા-રખાવતાને અનુમોદે નહિ. આ રીતે સર્વથા પરિગ્રહના ત્યાગી મહાવ્રતધારી, દાનને બદલે લક્ષ્મી કમાવાનો ઉપદેશ આપે, તો એમનું પાંચમું મહાવ્રત ખંડિત થાય કે નહિ ?

(પ્રશ્નકાર- છોકરાને લાલચ આપે તે રીતે ધર્મમાર્ગે લાવવા કહે તો ?)

એ વાત ખરી કે-દવા માટે માતા બાળકને સાકરની ગાંગડી આપે, પણ વૈદ્ય કહી ગયો હોય કે-સાકરની ગાંગડી કુપથ્ય છે, એ આપવાથી રોગ ફાટી નીકળશે, તો માતા સાકર આપે ? નહિ જ, બીજું આપે પણ સાકર તો ન જ આપે. એ જ રીતે ધર્મગુરૂ પણ ધર્મ માટે સાકરની ટુકડી દે, પણ એ ટુકડી એવી ન દે, કે જે કુપથ્ય હોય. અર્થ અને કામ કુપથ્ય છે. મોટા વૈદ્ય એ કુપથ્ય આપવાની ના કહી ગયા છે. માતા પણ બાળકને ખોળામાં બેસાડીને સમજાવે કે-''સાકર મીઠી ખરી, પણ વૈદ્ય ના કહી ગયા છે : એમ કહી ગયા છે કે-એ ખાવાથી રોગ વધશે''-તો તરત બાળક પણ માની જાય. પણ માતા પોતે જ એમ કહે કે-'કંઈ રોગ વધતો નથી, ખાને !'' તો શું થાય ? અહીં પણ મોટા વૈદ્ય અર્થ અને કામને કુપથ્ય કહી ગયા છે.

(સભામાંથી॰ મોતીશા શેઠે આવાં મંદીરો બંધાવ્યાં, તો અમારી પાસે લક્ષ્મી હોય તો તેમ કરીએ, એ ભાવના તો થાય ને !)

લક્ષ્મી હોય તો, અગર થાય તો આવાં દેરાસર વિગેરે કરૂં-એ ભાવનાની વાત જુદી, પણ એ કરવા માટે લક્ષ્મી પેદા કરૂં એ ન થાય.

**લક્ષ્મી ઉપાદેય છે જ નહિ.**

જે લક્ષ્મીના યોગે સોનાનાં મંદિરો બનાવે, તેના કરતાં એક દિવસનાં સંયમને ધરનાર પણ ઉંચા છે. એ બેની વચમાં સર્ષવ અને મેરૂ જેટલું અંતર છે. વિષયાભિલાષી, ભવાભિનંદી આત્મા સંસારના આનંદને ઈચ્છે છે, પણ એનું વિષમ પરિણામ જોઈ શકતો નથી. એટલા જ માટે પૂછવું પડે છે કે-લાલચ પણ કઈ દેવાય ? નાશક કે પોષક ? પથ્યની કે કુપથ્યની? કહેવું જ પડશે કે-નાશક નહિ પણ પોષક અને કુપથ્યની નહિ પણ પથ્યની જ ! ધર્મની પ્રભાવના માટે પૈસો પેદા કરવામાં વાંધો નહિ. એમ થાય તો તો વેપારમાં ડરનારા પણ પછી તો વેપારમાં ઝંપાપાત જ કરે. મુનિ તો પ્રથમ સર્વવિરતિ બતાવે : સામો કહે કે-''તાકાત નથી, મારે તો ઘરમાં રહેવું છે.''- તો પછી મુનિ દેશવિરતિ બતાવે : તેની પણ ના પાડે તો સમ્યક્ત્વ બતાવે, તેનીયે ના પાડે તો માર્ગાનુસારીપણું બતાવે : તેની પણ ના પાડે તો મુનિ બીજું કરે શું ? માર્ગાનુસારીપણાનો અભાવ એ ઉન્માર્ગ. છેવટે મુનિ એમ કહે કે-માર્ગાનુસારીપણાની ભાવના રાખ :' પણ એથી બીજું શું કહે ? મુનિ પાસેથી એ સિવાય બીજી કયી વસ્તુની આશા પણ રાખી શકાય ?

**જેમ નિયાણાનો તેમ લક્ષ્મી કમાવાનોય નિષેધ !**

પ્રશ્નકાર- ''મુનિ કોઈને દેશવિરતિનું પચ્ચખ્ખાણ આપે, તો બાકીની અવિરતિના એ ભાગીદાર ખરા કે નહિ ?''

નહિ જ, કારણ કે-મુનિવરે તો પ્રથમ છએ કાયના જીવોની રક્ષા બતાવી હતી, પણ લેનારે ના પાડી અને કહ્યું કે-'હું તો આટલું જ બંધ કરી શકું છું, પણ બાકીનું નથી કરી શકતો'-એટલે જેટલું એણે બંધ કર્યું એમાં જ મુનિની અનુમોદના : ખુલ્લું રાખ્યું એમાં કાંઈ નહિ. જૈનશાસન કહે છે કે-દુનિયાના આત્મા જે નિયમ કરે અને તેથી જે પાપ અટકે, ત્યાં જ અમારી અનુમોદના : પાપ ખુલ્લું રાખે ત્યાં લેશમાત્ર સંબંધ નહિ. આથી કોઈ મુનિને આવીને કહે કે-''હમણાં બે લાખ કમાઈ લાવું છું : એમાંથી દોઢ લાખ ધર્મમાં વાપરીશ અને પચાસ હજાર ઘરમાં રાખીશ.'' તો પણ મુનિ તો લક્ષ્મીની અસારતા જ સમજાવે. કોને ખબર કે-બે લાખ લાવતાં ચાર લાખની ખોટ ગઈ તો ! અને કદાચ મળી ગયા અને તે વખતે તે ગાંડો થાય તો ? લક્ષ્મી એવી ભયંકર છે કે-આવ્યા પછી ધર્મભાવના કયાં જાય છે ?-એનો પત્તો જ લાગતો નથી. ધર્મના નામે લક્ષ્મી કમાનારા, ધર્મને નામે ભણવા જનારા, પૂર્વકાળમાં પણ અને આજ પણ જોવા લાયક ન રહ્યા એ શાથી ? અર્થકામની આસક્તિ

સાથે હતી માટે ! એનાથી બચનારા કેટલા ? અલ્પ, અને તે પણ લક્ષ્મીની મૂર્ચ્છાના ત્યાગના જ યોગે : પણ લક્ષ્મીના યોગે તો નહિ જ. એટલે લક્ષ્મી કોઈ પણ રીતિએ ઉપાદેય નથી જ, પણ હેય જ છે. લક્ષ્મી આવ્યા પછી મૂર્ચ્છા ઉતરવી મુશ્કેલ. આવ્યા પછી દાન દેવાય જ એમ ક્યાં બને છે ? મૂર્ચ્છા ઉતરે તો બનેને ! ખોટ જાય એ પાલવે, પણ મૂર્ચ્છા ઉતરવી મુશ્કેલ. જો ધર્મ માટે લક્ષ્મી મેળવવી ઉપાદેય હોય, તો નિયાણું કરવામાં પણ વાંધો રહેતો નથી. પણ નિયાણાનો તો નિષેધ છે ને !

**ધર્મ માટે લક્ષ્મીની જરૂર છે ?**

અજ્ઞાની માટે મુક્તિમાર્ગ ઉઘાડો છે જ નહિ. અજ્ઞાનીને જ્ઞાનીનો સંગ મળે તો એને મુક્તિ મળે અને કુસંગ મળે તો બીચારા ડુબી જાય. આથી જ ગુરૂ માટે ફરજ મૂકી કે- ''મહાવ્રતધારી અને ધીર બનો ! લોકની વાહવાહમાં ન તણાઓ ! સારા માને એવી માન્યતામાં ન ખુંચો ! લોકનું સારૂં થાય તે કહો ! ભલે, થોડા પામે એની દરકાર નહિ, પણ જે કહો તે હિતકર જ કહો ! નવાણું ટકા ખરાબ પરિણામ અને એક ટકો સારૂં પરિણામ દેખાવ માત્રથી દેખાતું હોય તે ખાતર શાસ્ત્રને આઘું મૂકીને કંઈ પણ ન કહો ! ભિક્ષાથી જ આજીવિકા ચલાવો ! કાયમ સામાયિકમાં જ રહો ! સામાયિક એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

અને સમ્યક્ચારિત્રનો જેમાં લાભ થાય તે : એમાં જ રહો ! એના સિવાય કાંઈ ન બોલો! ધર્મનો જ ઉપદેશ દો !'' જો ધર્મપ્રભાવના માટે લક્ષ્મીની જરૂર મનાય, તો રાજામહારાજા પણ કહેતે કે-ધર્મ માટે રાજ્યની જરૂર છે અને રાજ્ય કદી જ છોડત નહિ. ચક્રવર્તી ચક્રવર્તીપણું છોડત નહિ. માટે શાસ્ત્ર કહે છે કે-'ઉન્માર્ગની દેશના ન થાય એની કાળજી રાખો !' સાધુ પાસે અર્થકામની દેશનાની આશા તો અજ્ઞાન સિવાય કોઈ પણ ન રાખે.

(સભામાંથી- જો ધર્મપ્રભાવના માટે પૈસા પેદા કરવા એ ધર્મ હોય, તો સાધુ બનશે માટે છોકરાં પેદા કરવાં એ ધર્મ ખરો ?)

લ્યો, આ ભાઈએ બરાબર જવાબ આપ્યો. એકદમ આગળ ગયા. વાત સમજવા જેવી છે. પરંપરામાં ઉતર્યા તો પાપનો છેડો નહિ આવે. વારૂ, દાનમાં પૈસો જોઈએ. પૈસા માટે આરંભ-સમારંભ બધું થાય એ ધર્મ કે અધર્મ ? સંયમની પુષ્ટિ માટે અનાજ જોઈએ તો ખેતી એ ધર્મ ? વસ્ત્રપાત્ર બધું જોઈએ, તો તેનાં તેનાં કારણો એ પણ ધર્મ ? પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ (મૈથુન), અને પરિગ્રહ-આ પાચેના ત્યાગમાં ધર્મ કહ્યો. દુનિયાના દરેક શુદ્ધ દર્શનકાર એ કબૂલ રાખે છે. એમાં પહેલાનાં ચાર પાપ-હિંસા, જુઠ, ચોરી અને મૈથુન-એ ચારે પાપને લાવનાર પરિગ્રહ છે : એ ચારે પાપને વધારનાર-પોષનાર

પરિગ્રહ છે. પરિગ્રહની વ્યુત્પત્તિ એ જ કે-ચારે બાજુથી આત્માને ઘેરે, તે ભયંકર ગ્રહ : એ પરિગ્રહ કોઈ રાખે એની વાત જુદી, પણ એના ત્યાગમાં જ ધર્મ છે'-એ વાતને જરા પણ પોલી કરવા માગો તો શું થાય ? મુનિ કઈ રીતે કહે કે-ધર્મને માટે પરિગ્રહની જરૂર છે ? ગૃહસ્થે કરેલા ધર્મકાર્યને સાધુ વખાણે પણ એની લક્ષ્મીને કે રંગરાગને સાધુ ન વખાણે. એણે લક્ષ્મીનો સદુપયોગ કર્યો એમ કહે, પણ લક્ષ્મી હતી માટે કર્યું-એમ મુનિ ન કહે. લક્ષ્મી હતી માટે જ થાય એમ નહિ, પણ લક્ષ્મીની મૂર્ચ્છા છૂટે તો જ થાય. નિમિત્ત લક્ષ્મી નહિ, પણ મૂર્ચ્છાનો ત્યાગ છે !

(પ્રશ્નકાર- લક્ષ્મી ન હોય તો મૂર્ચ્છાનો ત્યાગ થઈ શકે ?)

હા, લાલસાનો ત્યાગ, આશાનો ત્યાગ થાય. કોટયાધિપતિ દાન ન કરી શકે અને બે પાંચ લાખવાળો કરે,-એનું શું કારણ ? મૂર્ચ્છાના ત્યાગના યોગે. કોટયાધિપતિ મૂર્ચ્છામાં પડેલો છે માટે નથી કરી શકતો. જો લક્ષ્મીના યોગે ધર્મ થતો હોય તો બધે જ થવો જોઈએ. કલ્પતરૂ દાતારને કહ્યો, પણ કેવલ લક્ષ્મીવાનને ન કહ્યો. લક્ષ્મીવાન દાતાર પણ હોય, કૃપણ પણ હોય અને લૂંટારો પણ હોય. દાતાર થોડા અને કૃપણ વધારે : રાજામહારાજા શેઠશાહુકારોએ લક્ષ્મીથી ધર્મની પ્રભાવના કરી તે ત્યાગીના તથા ત્યાગના યોગે કરી. એટલે

એ લક્ષ્મીનો પ્રતાપ છે જ નહિ.

❖ ૩૫ ❖

**હિત વસ્તુ અવશ્ય કહેવી.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવે છે કે-શ્રી અરિહન્તદેવના વચનોનો અનુયોગ ન થાય, એટલે કે એ સમજવા કે સમજાવવામાં ન આવે, ત્યાં સુધી સાચો વિવેક પેદા થતો નથી અને સાચો વિવેક પેદા ન થાય ત્યાં સુધી હેય-ઉપાદેય પદાર્થનું જ્ઞાન થતું નથી : એ જ્ઞાન વિના રાગ, દ્વેષ અને મોહ ઘટતા નથી : અને તેથી એની સાથે જ સંધાયેલાં દુ:ખ જતાં નથી : અને દુ:ખ ગયા વિના સુખની પ્રાપ્તિ થતી નથી : માટે સુખના અર્થીએ સુખના અર્થી પ્રાણીને માટે શ્રી અરિહન્તદેવના વચનનો જ અનુયોગ કરવો જોઈએ. જેટલી હોય તેટલી તાકાત બધી જ અજમાવીને જગતના જીવોની સન્મુખ અરિહન્તદેવના માર્ગને બરાબર મૂકવો જોઈએ : કારણ કે-એમાં જ જગતનું કલ્યાણ છે. એ સિવાય દુનિયાની કોઈ પણ વસ્તુથી આત્માનો ઉદય નથી થઈ શકતો. અનાદિ કાળની વાસનાઓ જુદી છે, એટલે શ્રી અરિહન્તદેવનાં વચનો અપરિચિત હોઈ, એ ચીજને બધા અપનાવે, બધા એમાં લીન થાય, એવું કોઈ કાળે બનતું નથી : પણ થોડા તો થોડા, જેટલા પામ્યા અને પામશે તે બધા અનંત

સુખના ભોક્તા બન્યા અને બનશે. પ્રાણી માત્રને સુખી કરવાની અભિલાષાવાળો સુખના અર્થીને સુખનું સાધન હોય તે જ આપે. એ આપનાર, જો સમાજની જ ઈચ્છા જોવા બેસે, તો મારી નાખે. સાચો ચિકિત્સક ચિકિત્સા કર્યા બાદ યોગ્ય જ ઔષધ આપે, પણ દરદી માગે તે ન આપે. જો એ ચિકિત્સક ઢીલો થાય, તો તો એ દરદીનો ઘાતક બને. ભગવાન્ શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કહે છે કે-સામાના રોષ કે તોષની પરવા કર્યા વિના, હિતકારી ભાષા અવશ્યમેવ કહેવી જોઈએ. સામાનું હિત કરવાની ભાવનાવાળાને સામાને કેવું લાગશે એ જોવું ન પાલવે. હિતકર કહેતાં સામાના રોષની દરકાર કરે, તો કાર્યસિદ્ધિ ન થાય. જેને રખડવું હોય તેને શિખામણ દેતાં તો ગુસ્સો આવે તે ઠીક, પણ બીજો કોઈ સારી ક્રિયા કરતો હોય તે જોઈને-તે જાણીને પણ ગુસ્સો આવે ? હીનભાગી દરિદ્રી આત્મા એવા પણ હોય કે-બીજો કમાય એટલે એ બળે. કમાનાર કહે કે-'ભાઈ ! તું પણ એમ કર.' પેલો કહે કે-''મહેનત ન કરૂં, પેઢી ન ખોલું, વેપાર ન કરૂં, નોકરી ન કરૂં, કમાઉં નહિ અને બીજો કમાય તે સહું પણ નહિ.'' એવા પણ દરિદ્રી હોય કે ભલે પોતે ન કમાય, પણ બીજો કમાય તે જોઈ રાજી થાય : એવાને પાસે બેસાડવાનું પણ મન થાય. ઉંચામાં ઉંચી ચીજમાં એવા પણ જીવો છે, કે જે આવું વર્તન કરે. અને એને એ ન પાલવે માટે એને કહેતાં એ ગુસ્સો

કરે એ તો માનીએ કે વ્યાજબી, પણ બીજાને કહેતાં પણ એ જીવો ગુસ્સો કરે બીજો અમલ કરે ત્યાં પણ એ જીવોને ગભરામણ છૂટે, માટે જ ભગવાન્ શ્રી ઉમાસ્વાતિજી મહારાજે કહ્યું કે-એવાના હર્ષ કે શોક, ગુસ્સો કે મહેરબાનીની દરકાર કર્યા વગર હિત વસ્તુ અવશ્ય કહેવી. આનું નામ જ ભાષાસમિતિનું સાચું પાલન છે ! વચનગુપ્તિ રાખનાર મુનિ અવસરે ભાષાની સમિતિ કરે. વગર પ્રયોજને મુનિએ બોલવું જ નહિ, જરૂર પડે તો ભાષાસમિતિ કરવી. ભાષાનો સમ્યક્ પ્રકારે ઉપયોગ કરવો, એનું જ નામ ભાષાસમિતિ છે ! હૃદયમાં અનુગ્રહ બુદ્ધિ રાખી હિત વસ્તુ કહેવામાં જરા પણ કમીના ન રાખવી અને તેમ કરવામાં સામાના રોષ કે તોષની પરવા પણ ન રાખવી જોઈએ.

**અનુષ્ઠાનના પ્રકાર.**

જાણતા હોઈએ કે-આ માર્ગે જનાર ખાડામાં પડશે, તો બધા કૌવતથી પણ જનારને ત્યાં જતાં રોકવો એ ફરજ છે : છતાં જાય અને ગબડે તો એનું ભાગ્ય. કોઈ કહે કે-હિતકારી ભાષા કહેવા છતાં એનું હિત ન થાય તો ? કહેવું કે-એનું ભાગ્ય ! એ જોખમદારી એની. એ જોખમદારી કહેનારની નથી. શ્રી જિનેશ્વરદેવ તો હિતકર વસ્તુ જ કહે : એને કોઈ ન સ્વીકારે એમાં એ વચનનો દોષ નથી. શ્રી અરિહન્તદેવના વચનનો અનુયોગ નવો છે, એટલે

અપરિચિત છે. બહુ થોડા જીવોને એ અભ્યાસમાં આવેલો છે. અનાદિનો અભ્યાસ જુદો છે. પાંચ પચીસ વરસના પરિચયના પદાર્થોનો રંગ છૂટતાં વાર લાગે, તો અનાદિની વાસના માટે તો પૂછવું જ શું ? અનાદિની વાસના મીઠ્ઠી લાગવાની જ. મીઠ્ઠી લાગ્યા વિના ન જ રહે, પણ એ મીઠ્ઠી, મીઠ્ઠી જ મનાતી રહે ત્યાં સુધી કદી આ વસ્તુની પ્રાપ્તિ થવાની નથી. એ મીઠ્ઠી વસ્તુ સેવવી પડે, તો પણ કડવી માનીને સેવાય તો જ આ પમાય. અનાદિની વાસના છુટતી નથી-પણ હેય છે, અવશ્યમેવ ત્યાજ્ય છે આત્માને હાનિકર છે, પરિણામે કટુ વિપાકને આપનારી છે, આ રીતે માનીને ન ચાલ્યે સેવાય, તો જ આ વસ્તુ પમાય. આ પામવા યોગ્ય વસ્તુ સેવતી વખતે પેલું પણ ઠીક છે-એમ થાય તો માનો કે આ ગયું. જ્ઞાની કહે છે કે-જે આત્મા ભવને ભયંકર માને તેજ ધર્મને ભદ્રંકર માની શકે. જ્યાં સુધી ભવ ભયંકર ન લાગે, ત્યાં સુધી ધર્મ કદી ભદ્રંકર ન લાગે. જે સંયોગોમાં બેઠા છીએ, તે જ્યાં સુધી બૂરા નહિ લાગે, ત્યાં સુધી બીજા સંયોગોની ઈચ્છા જ નહિ થાય : માટે જ્ઞાની કહે છે કે-તમને અહીંથી ઉંચકવા તો જરૂર પડશે. આખા ઉંચકાઓ તો મજેનું, આખા ન ઉંચકાઓ તો હાલવું તો જરૂર પડશે : હાલવું તો પડશે જ : હાલવું જ પડશે. અહીં બેસવાની ભાવનાથી જેટલો ધર્મ કરો તે વસ્તુતઃ ધર્મ નથી. એને તો લોકોત્તર મિથ્યાત્વ કહેવાય છે. સંસારની એક પણ

વસ્તુ પામવા અગર મળેલી વસ્તુને મજબૂત કરવાની ઈચ્છાથી કરેલો ધર્મ મિથ્યાત્વરૂપ ઝેરથી દૂષિત થાય છે. ધર્માનુષ્ઠાન પાંચ પ્રકારનાં કહ્યાં છે :-

૧. વિષાનુષ્ઠાન, ૨. ગરલાનુષ્ઠાન, ૩. અનનુષ્ઠાન, ૪. તદ્ધેતુક અનુષ્ઠાન અને ૫. અમૃતાનુષ્ઠાન. અમૃત અનુષ્ઠાન બહુ જ ઉંચી કોટિના આત્માઓ માટે છે આ લોકના પૌદ્‌ગલિક સુખની અભિલાષાએ કરાતો ધર્મ તે વિષાનુષ્ઠાન : પરલોકના પૌદ્‌ગલિક સુખની અભિલાષાએ કરાતો ધર્મ તે ગરલાનુષ્ઠાન : 'બધા કરે તેમ કરવું'- એમ માની કરે તે અનનુષ્ઠાન. આ ત્રણમાંથી એકેમાં આત્મકલ્યાણની ભાવના પણ ક્યાં છે ? પહેલાં બે અનુષ્ઠાનમાં ધર્મનું પરિણામ ઝેરનું ! એક એકદમ મારે, જ્યારે બીજું ધીમે ધીમે મારે. ત્રીજું અનુષ્ઠાન સંમૂર્ચ્છિમ જેવું છે : ગાડરીઆ પ્રવાહ જેવું છે, ભાવના નથી, સંવત્સરી આવી એટલે બધા ઉપવાસ કરે છે માટે કરવો પડે : પડીક્કમણું પણ કરવું પડે, ન કરીએ તો ખોટું દેખાય, આબરૂ જાય, માટે કરવું પડે એમ ધારીને કરે. આ ત્રણે અનુષ્ઠાનમાં ધર્મ ભાવના ક્યાં રહી ? પહેલાં બે અનુષ્ઠાન કરતાં ત્રીજું કાંક ઠીક, પણ ધર્મ પરિણામ ક્યાં છે ? ધર્મનાં પાંચ આશય : પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ. આ પાંચમાંનો એક પણ આશયએ ત્રણે અનુષ્ઠાનોમાં ક્યાં છે ? પ્રણિધાનમાં જ મીંડું છે. શાસ્ત્રે આ ત્રણ અનુષ્ઠાનનો સમ્યગ્‌દૃષ્ટિ

માટે નિષેધ કર્યો : કારણ કે-એ બુદ્ધિએ ધર્મ કરનાર ધર્મને કયી વખતે ઠોકરે મારશે તે ન કહેવાય.

**ધર્મ કરતાં પુદ્ગલની અભિલાષાને છોડો !**

અનુષ્ઠાન કરનાર-દેવાદિકની ભક્તિ કરનાર જો આવી લાલસાથી કરે અને એમાંથી દેવયોગે દેવાળું નીકળે, તો એ એવો વિરોધી થાય કે-ભક્તિ તો ઘેર ગઈ : પણ નવું ટીખળ ઉભું કરે. શાસ્ત્ર કહે છે કે-એવા દુનિયાના વિષયના પૂજારીઓ, એ માટે જ ધર્મ કરતા હોય તે ધર્મને ક્યારે ઠોકર મારશે એ કહેવાય નહિ. એ ધર્મ તો મિથ્યાત્વથી દૂષિત થાય છે. આ કોને માટે વાત થાય છે એ શોચો ! અનર્થ ન કરતા : ઉંધું ન પકડતા, સમજદાર છો માટે ! સમજીને ઈરાદાપૂર્વક આ રીતે કરે, એને માટે આ વાત થાય છે, કે જેથી એ સુધારી શકે : દોષ હોય તો દૂર કરે. આથી એમ ન થાય કે-ક્રિયા કરનારાએ બધાએ ક્રિયા મૂકી જ દેવી. આજે તમને ત્યાગની વાતમાં આનંદ નથી આવતો, એનું કારણ એ જ છે કે-ત્યાગ બુદ્ધિથી ધર્મ થતો નથી. જો ત્યાગબુદ્ધિથી ધર્મ કરો તો ત્યાગની વાત સાંભળતાં આત્મા પ્રફુલ્લિત થાય, રોમરાજી વિકસ્વર થાય. શ્રી શ્રેણિકરાજા શાલિભદ્રને ત્યાં ગયા ત્યારે એની સાહ્યબી જોઈ, રસ્તાથી જ જોઈને તેમજ ઘરમાં પ્રથમ પેસતાં જ જોઈને તેમજ ઠેઠ સુધી

યાવત્ શ્રી શાલિભદ્રને જોઈને, એની સુકોમળતા વિગેરે જોઈને, એમને એક જ વિચાર આવે છે કે-ભગવાને કહેલા પુણ્યના અનેક પ્રકારોમાંનો આ પણ એક પ્રકાર છે. એ વિચારે છે કે- ''મારા વિલાસ ભુવનમાં જે નહિ તેવું આનાં પશુઓને રહેવાના મકાનમાં ! કેવું અદ્ભુત પુણ્ય!'' વિચારો કે-ગમે તેવો તોયે શ્રી શ્રેણિક રાજા છે અને ચાહ્ય તેવી સાહ્યબી છતાં શાલિભદ્ર પ્રજા છે : પણ રાજા શ્રેણિકને એમ થાય છે કે-''ધન્ય છે કે મારા રાજ્યમાં આવા પુણ્યવાન્ વસે છે.'' જ્યારે શ્રી શાલિભદ્ર સંયમ લે છે-એવી ખબર માતા તરફથી મળે છે, ત્યારે શ્રી શ્રેણિક રાજા કહે છે કે-''આવો ભોગી પણ સંયમી થાય છે અને હું હજી રખડું છું. એનો મહોત્સવ તો હું જ કરીશ.'' શ્રી શ્રેણિક મહારાજા ત્યાગ નહોતા કરી શકતા, પણ ત્યાગ પ્રત્યે સન્માન કેટલું ધરાવતા ? શ્રી અરિહંતદેવની પૂરી આરાધનામાં જ નિમગ્ન રહેતા. એમની આજ્ઞામાં એમને પૂરો સદ્ભાવ હતો. એમની આજ્ઞામાં જ આત્માનું શ્રેય માનતા અને શ્રી અરિહન્તદેવની એવી આરાધનાથી તો તે પુણ્યપુરૂષે તીર્થંકર નામકર્મની નીકાચના કરી. મુદ્દો એ છે કે-જે કાંઈ કરવાનું છે, તે જ્યાં બેઠા છો ત્યાંથી ખસવા માટે!- આ ભાવના તો જરૂર થવી જોઈએ. સાધુને હાથ જોડો, તે ઘરબાર-કુટુંબપરિવાર મૂકવાની ભાવનાએ જોડજો : પણ ધનધાન્યની બુદ્ધિએ જોડતા નહિ ! વાક્યનાં અમુક પદ પકડે તો 

પરિણામ માર્યું જાય.- સીધી કથા વાંચી જાઉં તો કોઈને ખોટું ન લાગે, પણ જ્યાં 'અમૂક ક્રિયા ન થાય'-એ કહું કે તરત થાય કે-'આ શું ?' શાથી ? જે દૃષ્ટિએ ધર્મ થવો જોઈએ તે દૃષ્ટિએ થતો નથી માટે ! નવી વાત, અપરિચિત વાત, નહિ અનુભવેલી વાત બધાને ન રૂચે, થોડાને રૂચે, પણ રૂચિપૂર્વક કે અરૂચિપૂર્વક એક વાર હૈયામાં ઉતારાય, તો મરતી વખતે પણ સમાધિ આવે અને એમ થાય કે-આવું પણ કહેનારા હતા : પણ હૈયામાં રાખે તો ને ? ઓકી કાઢે ત્યાં શું થાય ? પૌદ્‌ગલિક સુખની અભિલાષાએ ધર્મ કરનાર ઉપર વિશ્વાસ ન રખાય : કારણ કે-એવો આત્મા ધર્મને કયારે ઠોકર મારે તે ન કહેવાય. જો એમ ન હોય તો પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ કરનારને ત્યાગ પ્રત્યે રસ કેટલો હોય ?

(સભામાંથી- નિ:સીમ.)

એકેએક ક્રિયામાં ત્યાગ સમાયેલો છે. સામાયિક એટલે બે ઘડીનો સાવદ્યયોગનો ત્યાગ. તે કરનારને સર્વત્યાગ પ્રત્યે કેટલો પ્રેમ હોય ? સામાયિક પારતી વખતે પણ શું થાય? કયી ભાવના હોય ? 'समणो इव सावओ हवइ जम्हा !' આ બોલતાં ત્યાં શું થાય ? 'શ્રાવક પણ શ્રમણ જેવો'-આ બોલતાં શ્રમણપણાનો ખ્યાલ આવ્યા વિના રહે ? સામાયિક કરનારને તો સામાયિક પારતાં આંસુ પણ આવે. એને તો એમ થાય કે રોજ ને રોજ આ

સામાયિક પારવાની પંચાત શી ? ક્યારે એ સમય આવે કે સર્વત્યાગ કરૂં !

**ભાવના યોગ્ય રીતે કેળવો !**

આજની તો દશા જ જૂદી છે અને હું એ કહી રહ્યો છું કે-દિશા ભૂલ્યા છો. એ દિશા બદલો. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિમાં તો આસમાન જમીન જેટલું અંતર છે : પણ હજી તો ભાવનામાં એ પત્તો નથી લાગતો, ત્યાં પરિણામ અને પ્રવૃત્તિની વાત તો થાય પણ શી રીતે ? ભાવના તેજ અને ઉંચા પ્રકારની જોઈએ. સામાયિકની ક્રિયા જો તન્મય બનીને કરાય, તો લેતી વખતે આનંદ આવે અને મૂકતી વખતે આંસુ આવે.

**'एएणं कारणेणं बहुसो सामाइयं कुज्जा'**

'જેટલી વાર સામાયિક કરે તેટલી વાર શ્રાવક સાધુ જેવો થાય છે, એ કારણ માટે શ્રાવકે બહુવાર સામાયિક કરવું જોઈએ.' સામાયિક પારતાં પણ આવું બોલનારને જાવજ્જીવનું સામાયિક લેવાની ભાવના થાય કે વિરોધ થાય ? એવા આત્માને તો સર્વત્યાગની વાત સાંભળી અતિશય આનંદ થાય. રોમરાજી વિકસિત થાય. તમારી થાય છે ? કોઈ સર્વવિરતિ લેવા તૈયાર થાય છે, ત્યારે તમને શું થાય છે ? વિચારજો, વખત આવે ત્યારે જોજો ! ભીષણ એવા સંસારમાંથી નીકળનારા કેટલા ? કોઈક ભવિ આત્મા નીકળે. સંસારમાંથી

નીકળવું અને દીક્ષા લેવી- એ નાની સુની બાબત હશે કેમ ? તમે બધા સાધુના પરિચિત, સાધુની સેવા કરનારા, સાધુને ભિક્ષા આપનારા અને સાધુના આચારવિચાર જાણનારા, છતાં તમારા મનમાં દીક્ષા ભોળવીને અપાય છે-એમ કેમ આવે છે ? દીક્ષા ભોળવીને અપાય ? ઈતર જો આ જગ્યાએ હોત, તો આવું હરગીજ ન બોલત. અરે, એ તો આ વાત માનેજ નહિ. આચાર જોતાં, વર્તાવ જોતાં, ઈતર પણ શું કહે ? તમે કહો છો તેવું કદી ન કહે. ભાવના બે પ્રકારે થાય છે. એક તો સ્વભાવથી, અભ્યાસથી, પૂર્વ સંસ્કારથી : અને બીજું, જ્ઞાન મળ્યા પછી પણ થાય છે. કંઈ પણ ન ભણેલાને અચાનક આ સાંભળીને પણ ભાવના થાય અને વર્ષો સુધી સાંભળનારને એ પરિણામ ન પણ થાય-એમ બને છે. એની ભાવના, પરિણામ, સ્થિતિ વિચારો ! અનુભવના અભ્યાસ કરો તો સમજાય, પણ તમારી દૃષ્ટિ જુદી પડી ગઈ છે, માટે તો કહું છું કે-એક વાર એક વસ્તુ નિશ્ચિત બનાવો, અને તે એ કે-કરવા યોગ્ય શું ? અને તે શા માટે ? તમે કરતા ગમે તે હો, પણ તમારી ભાવના કયી હોવી જોઈએ ?-એ નક્કી કરો. માટે જ ભગવાન્ શ્રી ઉમાસ્વાતિજી મહારાજે તો કહ્યું કે-સામાને રોષ થાય કે તોષ થાય, પણ હિતકારી ભાષા તો અવશ્યમેવ કહેવી જ જોઈએ. હિતની આશા રાખીને સાંભળવા આવનાર પાસે, એની શરમમાં પડીને કે એનાથી લેવાઈ જઈને

હિતની વાત ન કહે, તો એના જેવો વિશ્વાસઘાતી બીજો કોણ ? કસાઈ તો ગણત્રીનાં ઢોર મારે, પણ ધર્મગુરૂ તો ધર્મને મૂકી બીજે માર્ગે લઈ જાય તો એ એનાથી એ બૂરો !

**સ્થાન ઉંચું તેમ જોખમદારી વધારે.**

આ પદવી જેટલી મોટી, તેટલી જ ભૂલ થાય તો હાનિ કરનારી છે. સ્થાન જેટલું ઉંચું, તેટલું જ ગબડી જવાય તો નીચે લઈ જનારૂં છે. રોજ રૂપીયો કમાનારો શું દેવાળું કાઢે ? એને તો મળે એમાંથી ખાવાનું. મુડીવાળો દેવાળું કાઢે : એમાં પણ સો વાળો, હજાર વાળો અને કરોડવાળો દેવાળું કાઢે એમાં કેટલો ફેર ? કરોડવાળો દેવાળું કાઢે એમાં હજારો મરી જાય અને એની પોતાની શી હાલત ? જેટલી સ્થિતિ ઉંચી, સ્થાન ઉંચું, તેટલું જ પતન નીચું : જો પડી જવાય તો ! જેમ ધર્મ ઉંચો તેમ જવાબદારી પણ મોટી : જોખમ પણ મોટું. પાટે બેસવામાં પણ જોખમ મોટું છે. સાંભળનાર માને કે-આ જે બતાવે તે સાચું અને જ્ઞાનીએ કહેલું હોય, પછી પાટે બેસનાર બીજું બતાવે તો એના જેવો વિશ્વાસઘાતી બીજો કયો ? માતા ખવરાવે તે બાળક ખાય, પીવરાવે તે પીએ, સુવાડે ત્યાં સુએ : બાળકને વિશ્વાસ છે કે-માતા અહિત કરેજ નહિ. હવે આવા વિશ્વાસુ બાળકને જે માતા ઝેર પાય તે માતાને માટે શું કહેવું ? માબાપ તો થોડાં સ્વાર્થી પણ, પરન્તુ ગુરૂ તો કેવળ નિઃસ્વાર્થી

જ : તો માબાપ કરતાં પણ એમની જોખમદારી કંઈ ગુણી વધે છે.

(સભામાંથી- અમૃત માનીને ઝેર પાય તો ?

અમૃત માનીને ઝેર પી જુઓને ? બચાય ? એ માટે તો શાસ્ત્રે કહ્યું કે-સૂત્રોત્તીર્ણ સાંભળવા કરતાં કાનમાં ખીલા ઠોકવા સારા. બધા સમજે કે-આ તો હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, તથા પરિગ્રહના ત્યાગી મુનિ છે : ઘરબાર-પૈસોટકો-માબાપ કુટુંબપરિવાર છોડીને નીકળેલા છે : પ્રભુના માર્ગમાં એમણે જીવન સમર્પ્યું છે : એ કદી બૂરૂં ન કહે !' આવો વિશ્વાસ જેમના માટે ધારવામાં આવે, એમના માથે જોખમદારી કેટલી ? શ્રી તીર્થંકરદેવ કેવળજ્ઞાન થયા પહેલાં દેશના ન દે એનો હેતુ એ છે કે-પોતે જાતે તીર્થની સ્થાપના કરનારા છે. ગમે તેટલું સાચું કહે તો પણ કેવળજ્ઞાનની દૃષ્ટિએ કંઈ ફેરફાર હોય ત્યારે માણસોને શંકા થાય કે-પહેલાં આમ કહ્યું હતું ને હવે આમ કેમ કહે છે ! માટે શ્રી તીર્થંકરદેવ કેવળજ્ઞાન થયા પછી જ દેશના દે. અમે કેવળજ્ઞાન થયા પહેલાં પણ દઈએ એનું કારણ અમારે એનું આપેલું દેવું છે માટે : થોડું દે કે વધુ દે, એ વાત જૂદી : પણ દે તો એ કેવળજ્ઞાનીનું કહેલું જ !

(સભામાંથી- એ ખબર કેમ પડે ?)

આ વાત ખૂબ સમજાવાઈ છે. શ્રી વીતરાગદેવની બધી આજ્ઞા તમે ન સમજી શકોઃ પણ એ શું કહે અને શું ન કહે તે તો તમે સમજી શકોને ! બધા બીનજોખમદાર બને, તો પેઢી ને ઘર પણ ન ચાલે : માટે એટલા જાણકાર તો બનો ! સીડી એક પકડો. સીડીને મજબૂત પકડો. દિશા બરાબર પકડો. શાસ્ત્રે કહ્યું કે-ઉન્માર્ગે લઈ જનારી દેશના સાંભળવા કરતાં કાનમાં ખીલા ઠોકવા સારા ! એ સાંભળવાથી તો સન્માર્ગ પણ જાય, માર્ગ પણ જાય અને ઉન્માર્ગે ચઢવાથી આત્મા દુર્ગતિનો અધિકારી થાય. ન સાંભળવાથી ભલે સન્માર્ગે જતાં વાર લાગે, પણ માર્ગે તો રહેવાય, ઉન્માર્ગે તો ન જ જવાય. જેમ સાધના મોટી તેમ સાધન મજબૂત જોઈએ. એમાં ભૂલ થાય તો ? હિતકારી ભાષા કહેતાં આ કોણ ?- એ ન જોવાય! ચક્રવર્તીને તથા રંકને દેશના તો એક સરખી જ દેવાય. ઉભયને માટે ઉપદેશ તો-

'असारोऽयं संसारः ।' આ એકજ :

'આ સંસાર અસાર છે'- એ એકજ ઉપદેશ એ બેયને માટે ! સંસાર અસાર છે માટે વિરતિ એજ સાર છે : એજ ઉપદેશ આપે. કોઈ એમ કહે કે-રંકને તો આ ઉપદેશ આપે તો ઠીક, પણ ચક્રવર્તી છ ખંડનો માલીક એને આવો ઉપદેશ શા માટે ? એ તો ધર્મની સાધના કરે, માટે એને તો એમજ કહેવું કે-આ પણ ઠીક છે, એમ ? નહિ, અહીં તો બેયને મમતા

મૂકાવવી છે : ચક્રવર્તીને છ ખંડની સાહ્યબીની અને રાંકને ઝુંપડીની મમતા મૂકાવવી છે.

**પાપ પણ બેડી અને પુણ્ય પણ બેડી !**

ચક્રવર્તીપણામાં સ્વપરનો જે ઉપકાર ચક્રવર્તિ ન કરી શકે, તે ત્યાં (ત્યાગીપણામાં) કરી શકે છે. ચક્રવર્તીપણામાં ગમે તેવો ધર્મ કરે તોય કોણ ? ચક્રવર્તી ! ચક્રવર્તી હતો ત્યાં સુધી ષટ્કાયનો વિરાધક હતો : તે દીક્ષા લીધા પછી ષટ્કાયનો રક્ષક બન્યો. પાપ પણ બેડી ને પુણ્ય પણ બેડી !

(પ્રશ્ન- દેવતા સેવામાં હોય તે ક્યાં જાય ?)

ચાલ્યા જાય. ભગવાન્ શ્રી મહાવીરદેવ જન્મ્યા ત્યારે ચક્રવર્તી થશે, એમ ધારીને કંઈ રાજકુમારો અને રાજાઓ સેવા કરવા આવ્યા હતા ! એમણે ધાર્યું હતું કે-ચક્રવર્તી થશે તો આપણા ઉપર મહેરબાની રહેશે : પણ જાણ્યું કે-આ તો દીક્ષા લઈને તીર્થંકર થવાના છે, ત્યારે બધા જતા રહ્યા. દેવતા ત્રણ જ્ઞાનવાળા, પણ પુદ્ગલના રાગરંગમાં રાચેલા-માચેલા છે. એમને પણ લોભનો પાર નથી હોતો. ચક્રવર્તી પાસે પચીસ હજાર દેવો હોય, તે કાંઈ વૈમાનિક દેવો નથી હોતા : પણ વ્યંતર દેવો હોય છે. એ પણ સ્વાર્થથી આવે છે. મુદ્દો એ છે કે-ભાવના કયી એ વિચારો ! કોઈ ઈતર, શ્રી જિનેશ્વરદેવની પૂજા પૌદ્ગલિક ભાવથી

કરે, તો પણ એને એટલો દોષ નહિ લાગે ! કારણ કે-એ હજુ જાણતો નથી. એ તો આવ્યો છે તે માર્ગ ઉપર પણ આવશે. તમે તો જાણો છો માટે ઈરાદાપૂર્વક કર્યાનો વધુ દોષ. તમે જાણો છો કે-દેવ વીતરાગ, બધું મૂકીને નીકળેલા, મોક્ષે ગયેલા, છતાં એની પાસે પૌદ્‌ગલિક પદાર્થોની માગણી કરો તો દોષ લાગે કે નહિ ? સ્વામિને સેવક પદવી અપાય ? જેમ નોકર રાખો કે કચરો કાઢનારને મહિને પાંચ રૂપીયા, નામું લખનારને મહિને સો, પેઢી સાચવનારને મહિને બસો,-કામનો પગાર,-તેમ અહીં પણ અમૂક આપત્તિ ટળે તો આટલું કેસર ચઢાવું, આ શી દશા ? કેસરીયાજી જનાર વર્ગમાં જોશો તો મોટે ભાગે આ સ્થિતિ છે. ચુસ્ત ધર્મી જણાતામાં પણ આવું દેખાઈ જાય, ત્યારે થાય કે-ભાઈ ! તારામાં પણ આ ભાવના ? શું ભગવાન્ કેસરના ભૂખ્યા છે ?

(સભામાંથી- થાય છે ને !)

એ વાત જવા દો. સો આવે એમાંથી અમૂકને દેવયોગે થાય પણ, પણ એ વાતોને વીતરાગની મૂર્તિ જોડે સંબંધ હોય ? વીતરાગની મૂર્તિ સાથે આવા ચમત્કારની વાતને યોજવી. એના જેવી મૂર્ખાઈ કયી ? છોકરો સારો થાય એ ચમત્કાર વીતરાગની મૂર્તિને અંગે? સંસારના બંધનથી છૂટવાને અંગે તો મનાય ! બાકી આવા ચમત્કારો માટે પૂજા

કરનારો સમ્યક્ત્વની વાસનાનો લોપ કરી મિથ્યાત્વને વધારનારો છે.

**પ્રભુને શા માટે પૂજવા ?**

શ્રી જિનેશ્વરદેવનો પૂજારી, શ્રી જિનેશ્વરદેવને શું કહે ? વીતરાગ : ઈતર પાસે વીતરાગ કહો અને પછી આવા ચમત્કારની વાતો કરો, તો ઈતર શું કહે ? ''જોયા વીતરાગ! શાના વીતરાગ ? ભક્તિ કરે એને આપે, ન કરે એને ન આપે, એ વીતરાગ ? એ તો રાગી !'' હજી એમ કહો કે-ભક્તિ કરવાથી પુણ્ય થાય : નિર્જરા થાય તો ઠીક, નહિ તો પુણ્ય બંધાય અને એ પુણ્ય યોગે શુભ સામગ્રી મળે. જેમ સામગ્રી વધુ મળે તેમ ધર્મી વધુ બનવાનું અને સામગ્રીથી છૂટવાની કાર્યવાહી કરવાની. મુદ્દો એ છે કે-વીતરાગના સ્વરૂપને આઘાત પહોંચે તેવી રીતે ચમત્કાર ન વર્ણવાય. ભગવાન્ શ્રી પાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ કરતાં શું કહો છો ?

**कमठे धरणेंद्रे च, स्वोचितं कर्मकुर्वेति ।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेडस्तु वः ॥१॥**

પોતપોતાને ઉચિત કર્મ કરતા કમઠ અને ધરણેંદ્ર-ઉભય ઉપર તુલ્ય (સમાન) મનોવૃત્તિવાળા શ્રી પાર્શ્વનાથ સ્વામી તમારા કલ્યાણને માટે થાઓ !' કમઠે ઉપસર્ગ કર્યો.

ધરણેંદ્રે ભક્તિ કરી, પણ ભગવાન્ બેય પ્રતિ તુલ્ય દૃષ્ટિવાળા-માટે પૂજીએ છીએ. હવે આવું દેવસ્વરૂપ હોય ત્યાં શિર ઝુકે. એક બાજુ આ વાત અને બીજી બાજુ છોકરૂં આવે તો ભારોભાર કેસર ચઢાવવાની વાત : આનો મેળ મળે ? શ્રી વીતરાગદેવનું સ્વરૂપ તો આ જણાવ્યું તે ! ગુરૂનું સ્વરૂપ શું ? નિર્ગ્રંથ. પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતા-રખાવતાને અનુમોદે નહિ ! ધર્મનું સ્વરૂપ શું ? જે ક્રિયાથી વિષયનો વિરાગ થાય, કષાયનો ત્યાગ થાય, ગુણનો અનુરાગ થાય અને ક્રિયામાં અપ્રમાદ થાય તે ધર્મ ! પાંચે ઈંદ્રિયોના વિષયનો વિરાગ એટલે રાગનો અભાવ થાય : એટલે કષાયનો ત્યાગ આવે રાગનો અભાવ થાય અને તે આવે એટલે ગુણનો રાગ થાય : અને તે થાય કે તરત જ મોક્ષ ! સાધક ક્રિયાઓમાં અપ્રમાદ થાય ! આ ત્રણ પાસે-દેવ, ગુરૂ, અને ધર્મ પાસે શું મગાય ? ભવનિવ્વેઓ-ભવનિર્વેદ ! સંસાર ઉપર નિર્વેદ નથી થતો માટે તો ધર્મની સાચી સેવા નથી થતી. કોઈપણ એમ કહે ખરો કે-'બધું સાચું, સોનું સો ટચનું : પણ અમારૂં શું થાય ?' નહિ જ. તેમ ધર્મની રક્ષા માટે પણ એમ કેમ બોલાય ?-હું એકલો છું, મારૂ કોઈ નથી એ ભાવના કયાં ગઈ ? એ ભાવના ક્યારે આવવાની ? મરતી વખતે ? આજે તો ધર્મની સેવા કરવામાં આબરૂનો ભય પેદા થયો છે. એ લડવૈયા દુશ્મનના હાથે મરાવે કે જીવાડે ?

અહીંઆ આદમી સાથેના લડવૈયા નહિ હોં ? ઉંધું ન મારતા ! બાકી એવા સુભટો સાથે જનાર રાજા તો મુગટ મૂકીને જ આવે.

(સભામાંથી- માથુંય મૂકીને આવે !)

માથાની વાત જવા દો. મુગટ ગયો પછી માથું ગયા જેવું જ છે. ધર્મ પમાડવા માટે પૂર્વપુરૂષોએ શું શું કર્યું છે તે શોચો ! તમે કેટલો ત્યાગ સેવ્યો છે ? નિર્વેદ નથી આવ્યો માટે તમને આ બધા વિકલ્પો થાય છે.

**સત્ત્વશીલ બનો !**

જૈન ભલે આસક્તિ યોગે ત્યાગ ન કરી શકે, પણ ધર્મ ઉપર આફત આવે ત્યારે તો અવશ્ય ત્યાગ કરે. એ જાણે કે-છોડવાથી ધર્મની રક્ષા થાય છે તો ત્યાગ કરે-પણ થાય ક્યારે? સત્ત્વ જોઈએ. એવા પણ દાખલા છે કે-અર્થકામના રસીઆ અણીના વખતે શિથિલ બને, પણ તેવા સમયે માલીકે તો ધીર બનવું જોઈએ. શ્રી કુમારપાલ મહારાજાની સેના એક વખત સોનૈયાથી પલટાઈ ગઈ હતી. ઠેઠ યુદ્ધ વખતે એ ખબર પડી. જ્યારે સેનાએ હથીયાર ન ઉંચક્યા, ત્યારે માવતને પૂછ્યું કે-''આમ કેમ ?'' માવતે કહ્યું કે-સેના ફુટી છે.

કુમારપાળ૦ ''રહ્યું કોણ ?''

માવત૦ ''હું, આપ અને હાથી.''

પુણ્યવાન એવા કે તે દિવસે પટ્ટહસ્તિપર નહોતા બેઠા. અન્યથા એ પણ ફુટેલો હતો. શ્રી કુમારપાલ ધીર હતા. નિશ્ચય હતો કે-જાઉં તો જીતીને જ. અર્થના રસીયા ફુટ્યા તો ભાગ્ય એમનું ! માવતને કહે કે 'ચલાવ હાથી.' સામી સેનાએ સિંહનાદ કર્યો એટલે હાથી પાછો ફર્યો. હાથીના કાન બંધ કર્યા પછી હાથી ચાલ્યો. સામી સેના પણ સ્તંભિત થઈ કે-'સેના વિના એકલો રાજા, ધસારા સામે ધસ્યો આવવાની હિંમત કરે એ કેવોક હશે !' આત્માની ધીરતા લાખ્ખો આદમી પર અજબ અસર કરે છે. સેનાનાં હથીયાર હાથમાં રહ્યાં, તરત ત્યાં જઈ પેલા રાજાના હાથી પર કુદકો મારી રાજાને નમાવ્યો. એ રાજાએ માફી માગી, અમારી પડહ કબૂલ કર્યો, બન્ને સેનાએ શ્રી કુમારપાળ મહારાજાની જય બોલાવી. પુણ્ય, આકૃતિની તેજોમયતા અને મનોબળ બધું હતું. ફુટી જનારી સેનાને એમ થયું કે-રાજા શુંએ કરશે ! પણ જીવ્યા ત્યાં સુધી એક અક્ષર ન કહ્યો કે કેમ ફુટ્યા ? સેવકોને પણ અસર થઈ કે-સ્વામી હો તો આવા હો ! સેવકોનાં માથાં નીચાં તે ઉંચાં ન થયાં. આ બધું શાથી? ધીર હતા માટે ! 'હું એકલો શું કરૂં ?''-એનો જવાબ શો હોય ? આત્મા આવ્યોય એકલો અને જવાનોય એકલો છે. પ્રભુનો માર્ગ સાથે છે, પછી ભય કોનો ? શ્રી તીર્થંકરદેવોએ

કર્મક્ષય ક્યારે કર્યો ? એકલા બન્યા ત્યારે ! આ તો ઘરબાર-તીજોરી ખસે તો ને ! જ્યાં સુધી એ જાતિનો દસ્ત અપાય નહિ, ત્યાં આ પેસે શી રીતે ? ભવ પ્રત્યે ભય પેદા ન થાય, ત્યાં સુધી થાય શું ? વસ્તુ નક્કી કરો ! મોંઢે હા પાડવા માટે નહિ, પણ બધે તે સ્વરૂપે કહેવા માટે !

**લલિતાંગ કુમારનું ચરિત્ર**

કુટુંબને પણ કહો કે-'હું સ્વાર્થ માટે રહ્યો છું : તમારા ભલા માટે નથી રહ્યો : તમારામાં મારૂં ભલું માનીને રહ્યો છું : તમને આસક્તિ છૂટી હોય તો મારા માટે રહેશો નહિ : કલ્યાણના માર્ગ ખૂલ્લા છે, જાઓ !'' છોકરાને દુધ શું કામ પવાય છે ? છોકરાને બશેર પવાય અને પાડોશીને પાશેર પણ નહિ,-એનું કારણ શું ? સમજવામાં આવે એટલી ઉમરમાં આવ્યા પછી પણ, એ અધિક દૂધ પીનાર બાળકના ખ્યાલમાં આ હેતુ નથી આવતો. જો આવી જાય તો પરિણામ સારૂં આવે. કહોને કે-એ સ્વાર્થની આંટીઘુંટી અરસપરસ છે ! માટે અમારા જેવાની મહેનત સફળ નથી થતી. એટલે આવા સંસ્કારની જરૂર છે. આવા સંસ્કારથી ભલે કદાચ આસક્તિ ન ઘટે, પણ એ છોડવા જેવી છે અને શ્રી જિનેશ્વરદેવે ઉપદેશેલા ત્યાગધર્મના સ્વીકાર સિવાય સિદ્ધિ નથી, આટલું તો થાયજ : અને એ થાય એટલે બેડો

પાર, ઈડરીયો ગઢ જીત્યા. જે વસ્તુનો જ્ઞાતા થાય, તેને આપત્તિ આવે તો કહી દે કે-ચિંતા નહિ. લક્ષ્મી જાય તો કહી દે કે-ભલે ગઈ. શ્રી લલિતાંગકુમાર દાન દેતા : એમને દાન દીધા વિના ચેનજ ન પડે. દાતાર પાસે યાચકની કમીના હોય ? અને એ પણ યાચકને તો ઉપકારી માનતો : કારણ કે-એ એમ માનતો કે યાચક ન હોત, તો દાન દેત કોને ? વિઘ્નસંતોષી તો હોય જ. એ કેમ ધર્મથી પતિત થાય ?- એવો વિચાર કરીને એને માટે પ્રયાસ કરનાર એક મિત્ર પણ હતો ! એણે રાજાને ભરમાવ્યા. રાજાએ લલિતાંગ કુંવરને એકવાર સમજાવ્યો કે-''દાન દેવાની ના નથી, પણ હું વૃદ્ધ થયો છું. ગાદીનો માલીક તું છે, આવી રીતે દાન દેવાથી ભંડાર ખાલી થઈ જશે, તો રાજ્ય નહિ ચાલે.'' લલિતાંગકુમારના મનમાં એમ થયું કે-''દાન દેવાથી ભંડાર ખાલી થાય,-આવું ઝેર પિતાજીના કાનમાં નાખ્યું કોણે ?'' પિતાએ કહ્યું કે-''તું વિચારપૂર્વક દાન દેજે.'' લલિતાંગે કબુલ કર્યું કે-'વિચારપૂર્વક દાન દઈશ.' એ તો માનતો હતો કે-'દાન દેવાય છે એ પણ વિચારપૂર્વક જ દેવાય છે.' કુંવરે કબૂલ કર્યું એટલે રાજાએ એના કંઠમાં હાર નાખ્યો. કુંવર ત્યાંથી નીકળ્યો, કે યાચકોનું ટોળું ફરી વળ્યું. કુંવર પાસે હાર સિવાય બીજું કાંઈ ન હતું. યાચકો કહેવા લાગ્યા કે-''આજે કૃપણ કેમ ?'' કુંવરે વિચાર્યું કે-''શું કરવું ? દાન દેવું કે બાપની આજ્ઞા પાળવી ?'' બાપે

વિચારપૂર્વક દાન દેવાનું કહ્યું છે, એટલે કુંવરે વિચાર્યું કે-''પહેલા બાપ કે પહેલો ધર્મ ! આ બાપ મળ્યા શાથી ? આ બાપની ખાતર ધર્મરૂપી બાપને ધક્કો ન વાગવો જોઈએ. આ ધર્મબાપના યોગે આ બાપ ! આ ધર્મબાપ જાય તો એ પણ જાય.'' કુંવરે વિચાર્યું કે-''મને જે માનપાન છે, તે આ ધર્મને લઈને છે. ધર્મ ન હોત તો કાંઈ ન હોત. ધર્મ મૂકી દઉં તો કૃતઘ્ન થાઉં. ધર્મને કૃતઘ્ન થયો તો આ બાપનો કૃતઘ્ન થતાં પણ વાર નહિ લાગે !'' આવો વિવેક કરી કુંવરે હાર ફેંકયો અને યાચકોને સરખે ભાગે વહેંચી લેવા કહ્યું. હવે યાચકો ગુણગાન ગાવામાં બાકી રાખે ? હવે કુંવરની કીર્તિનું પૂછવું જ શું ? છતાં ખૂબી તો એ કે-દાન દે કુમાર, દેવાય ભંડારમાંથી, અને માથું દુઃખે પેલા પુણ્યવાનનું !

(સભામાંથી- પુણ્યવાનનું ?)

બીજું શું કહીયે ? શાસ્ત્રે ગરીબને પણ તપસ્વી કહ્યા છે ને ! વ્યવહારમાં પણ કહો છો ને કે-'બહુ ડાહ્યો !' એ ભાવમાં લ્યો. તરત પેલો રાજા પાસે ગયો અને વાત કહી. રાજાએ હુકમ કાઢ્યો કે-'મારા દેશમાં રહેવું નહિ.' કુંવરને તો ભાવતું હતું અને વૈદે કહ્યું. કુંવરે વિચાર્યું કે-જે રાજ્યનો માલિક પણ ધર્મનો અધિકારી નહિ તે રાજ્યમાં રહેવું કામનું શું ?' માતાને મળવા ગયો. માતાએ એના પિતાને મનાવવાનં કહ્યાં. પણ કુંવરે ના કહી.'

કહ્યું કે-'મારે મડદાની જેમ જીવવું નથી. માત્ર તમને જણાવવું જોઈએ માટે આવ્યો છું.' માતાને નમી આગળ ચાલ્યો. પેલો મિત્ર મળ્યો. જાણે જાણતોજ નથી તેવો ડોળ કર્યો. એને તો કુંવરને ધર્મથી પતિત કરવો હતો. પોતે કુંવરની સાથે ગયો. થોડે ગયા પછી એ કહેવા લાગ્યો કે-''જોયું કુમાર ! આ દાનનો પ્રભાવ ! તે સોનું શું કામનું, કે જે કાન તોડે ?- માટે પાછા ફરો, રાજાજી પાસે માફી માગો !'' કુંવરે કહ્યું કે-''આજેજ મેં જાણ્યું કે તું માત્ર નામનો જ સજ્જન કુમાર છે.'' એનું નામ સજ્જન કુમાર હતું. પેલે ફેરવી વાળ્યું કે-''હું તો આપની પરીક્ષા કરતો હતો !'' કુંવરે સમજાવ્યું કે-''મૂર્ખા ! શાના માટે શાનો ત્યાગ ! આ સ્થિતિ દાનયોગે નથી, પણ પૂર્વકર્મના પાપોદયથી છે.'' આ વાત મોટી છે : ટુંકામાં આગળ જતાં શરતો કરીને પેલા સાથે આવેલા સજ્જન નામ ધરાવતા દુર્જનકુમારે કુમારનો ઘોડો, તરવાર અને છેવટ આંખો પણ લીધી. વચમાં એકવાર કુંવરે કહ્યું કે-'મિત્ર ! સલાહ તો સાચી આપ !'' અને આ ઉપર કુંવરે એક દૃષ્ટાંત પણ આપ્યું :-

''એક શિકારીએ એક પક્ષી ઉપર બાણ તાક્યું. પેલા પક્ષીએ મનુષ્ય ભાષામાં કહ્યું કે- 'મારા બચ્ચાંને ચારો આપી આવું ત્યાં સુધી સબુર કર !'

શિકારી :-'તું ન આવે તો ?'

પક્ષી :-"મને વિશ્વાસઘાતનું પાપ !"

શિકારીએ માન્યું કે-જે વિશ્વાસઘાતના પાપને સમજે છે, ત જાુઠું ન બોલે. પક્ષીને જવા દીધું અને જઈને આવ્યું પણ : પછી શિકારીએ બાણ તાક્યું. પક્ષીએ પૂછ્યું કે-'મને એક સલાહ આપ !'

શિકારી-'શી ?'

પક્ષી-'હું તારા પર વિશ્વાસ રાખીને પૂછું છું કે-તારા બાણથી બચવા મારે કયી દિશામાં ઉડવું ?'

ધનુર્ધારીમાં ગુણ છે કે-પક્ષીની ચેષ્ટા પરથી કયી દિશામાં ઉડશે તે જાણી બાણ મારે : તે એવું મારે કે પક્ષીને વાગે. પક્ષીએ આ પૂછવાથી શિકારીને પણ થયું કે-'જો પક્ષી પણ વિશ્વાસઘાતના પાપથી ડરે, તો મારાથી ખોટી સલાહ કેમ અપાય ?' શિકારીએ સાચી સલાહ આપી. પક્ષીએ કહેલી દિશામાં ઉંડી ગયું અને બાણ બીજી તરફ ચાલ્યું ગયું. આ વાત કહ્યા પછી કુંવર કહે છે કે-"મિત્ર ! સલાહ તો સાચી આપ !"

આ વાતમાં આખરે પરિણામ એ આવે છે કે-એને આંખ પણ મળે છે, રાજ્ય પણ મળે છે, પાછો દાન પણ દે છે, અને પરિણામે એના પિતા પણ સંયમી થાય છે. આથી સ્પષ્ટ

છે કે-ધર્મને આઘાત થાય ત્યાં મોટા ચમરબંધીની પણ પરવા ન કરવી જોઈએ. જ્યાં સુધી ભવ ભયંકર ન લાગે, ત્યાં સુધી ભદ્રંકર લાગવાનો નથી. ધર્મને ભૂલ્યા તો આત્માને ભૂલ્યા જ સમજજો. એમાં તમને પોતાને જ ખોટ છે, કંઈ શાસનને ખોટ નથી. પહેલાંના મહાત્માઓએ પ્રાણાંત તકલીફ સહી, તે એમની મુક્તિ માટે ! ન સહી હોત તો એમની મુક્તિ રોકાત. જેને માટે શરીર તજતાં ન ગભરાવું જોઈએ, તેને માટે બાકીની ચીજોની તો વાત જ શી? આટલી મમતા ન તજો, તો અણીના વખતે શાસન તમારી આશા નહિ રાખી શકે ! સેનાપતિને રોજ કામ ન હોય પણ કામનો હુકમ છુટે ત્યારે એ કંઈ પણ ન જુએ. એ લોકની, પોતાના જાનની કે આબરૂની પણ દરકાર કર્યા વગર, ગમે તેવા નામાંકિતનું પણ કાંડુ પકડે. જોખમ ખેડીને પણ પકડે. યુદ્ધની સેનામાં વાવટાનીજ કિંમત ! અમૂક રંગના કે ચિન્હવાળા વાવટાની જ કિંમત ! એ વાવટો ક્યારે પડે ? બધા નામાંકિત મરી જાય ત્યારે ! એક મરે કે બીજો તૈયાર જ હોય. જીવતા પાછા આવે તે મુવા જેવા જ. કોઈ રાજા હારે ત્યારે માનવું કે-નામાંકિત એક પણ જીવતો ન આવે. કોઈ આઘો રહી ગયો હોય એ વાત જુદી ! પેલા શેઠની વાત યાદ છે ? જમીન ઉપરથી તેલ લઈને ચોપડ્યું, પણ અવસરે સાચાં મોતી વાટવા તૈયાર થયો. રાજા વીરધવલના રાજ્યમાં શ્રી વસ્તુપાળ તથા તેજપાળ મંત્રી હતા. રાજાના

મામાએ સાધુનું અપમાન કર્યું, કે તુરત જ સજાનો હુકમ કર્યો. કોઈએ કહ્યું કે-''આ રાજાના મામા છે !''

મંત્રીએ કહ્યું કે-''ગમે તે હોય, અમારી હયાતીમાં આવા સંતોનું અપમાન નહિ થાય !''

મંત્રીપદ લેતી વખતે જ રાજા વીરધવલને આ મંત્રીયોએ કહ્યું છે કે-''અમો જૈન છીએ. પહેલા શ્રી અરિહન્તદેવની સેવા, પછી નિર્ગ્રંથ ગુરૂઓની સેવા, પછી ધર્મની સેવા અને તે પછી, એ ત્રણને બાધ ન આવે તેવી રીતે આપની સેવા !''

રાજાને પણ થયું કે-જે એના દેવ, ગુરૂ, ધર્મને વફાદાર છે-તે મારી વફાદારીમાં કમીના નહિ રાખે. તમારે ત્યાં કોઈ જૈન નોકર રહેવા આવે તો શું કહો ? અહીં ચૌદશ-બૌદશ નહિ સચવાય એમ ને ? મને તો લાગે છે કે-જો આમ હોય તો ઈરાદાપૂર્વક આ ભીખ માગવાના ધંધા છે. તમારે તો એમ પૂછવું જોઈએ કે-''બોલ ભાઈ ! શ્રાવક છે ? રાતે ખાય છે ? પૂજા કરે છે ?'' રાતે ખાવાની હા પાડે અને પૂજાની ના પાડે, તો તરત કહી દેવું કે-'તારૂં કામ નથી.' ભગવાન્ શ્રી ઉમાસ્વાતિજી મહારાજે કહ્યું કે-સામાના રોષ કે તોષની પરવા કર્યા વિના હિતકારી ભાષા અવશ્ય કહેવી.

**સિદ્ધિ ક્યારે થાય ?**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજ ફરમાવે છે કે- શ્રી અરિહન્તદેવના ઉપદેશ વિના સાચો વિવેક જાગતો નથી અને એ જાગે નહિ ત્યાં સુધી હેય, જ્ઞેય, તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન થતું નથી : એ જ્ઞાન થાય નહિ ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઘટતા નથી : એ ઘટે નહિ ત્યાં સુધી દુઃખ જતું નથી અને સુખની પ્રાપ્તિ થતી નથી : માટે સુખનાઅર્થીએ, સુખના અર્થી પાસે શ્રી અરિહન્તદેવના વચનનો અનુયોગ કરવો જોઈએ : કારણ કે-શ્રી અરિહન્તદેવના વચનમાં જ જગત્ના પ્રાણીનું સુખ સરજાયેલું છે. સઘળાં પ્રાણીઓ સુખી કેમ થાય ?-એ માટે જ જ્ઞાનીએ આ બધી વાત કહી. શ્રી અરિહન્તદેવનું વચન, એ કોઈ બીજી સાધના માટે નથી, પણ આત્માના અનંતસુખની સાધના માટે છે. એ વચનનો અનુયોગ કરતાં ન આવડે તો, જેટલાં સુખનાં સાધન તેટલાં જ દુઃખના સાધન રૂપે પરિણમે : પણ એ વચન તો દુઃખનું સાધન નથી જ. એ તો દુઃખનું સાધન કહે જ નહિ. આપનાર તથા લેનાર યોગ્ય હોય,તો તે વચનના અમલ દ્વારા સુખની સાધના ઘણી સુંદર રીતે થાય. આપનાર તથા લેનાર બેય ઉત્તમ કોટિના આત્મા હોય, તો આ જ્ઞાનીનાં વચનો તો એકાંતે અનંત સુખને માટે જ છે. લેનારમાં યોગ્યતા ન હોય, તો એના યોગે જે હાનિ થાય છે, તે બીજી રીતે

ન થાય. જે નીસરણી ચઢાવે તે ચૂક કરનારને એવો પટકે કે-જમીન પરથી પડે ત્યારે ન ભાંગે તેવાં હાડકાં ભાંગે, દોષ નીસરણીનો કે ચઢનારના પ્રમાદનો ? સાધક કોણ ? સાધ્યના સાધનને આધીન થાય તે સાધક ! સાધનને પોતાના જેવાં બનાવે તે સાધક નહિ.સાધક તો સિદ્ધ પુરૂષને, સિદ્ધ પુરૂષની આજ્ઞાને અને સિદ્ધ પુરૂષે કહેલાં અનુષ્ઠાનોને સાધવા પ્રાણની પણ દરકાર ન કરે, તો સાધ્ય સાધી શકે. જો એ સિદ્ધને ભૂલે, એમની આજ્ઞાને ભૂલે તથા એમણે ઉપદેશેલાં અનુષ્ઠાનોને પોતાની મરજી મુજબ ફેરવે, તો એનો આત્મનાશ ન થાય તો શું થાય? સાધવું છે અને સાધક બનવું નથી એ ચાલે ? સાધવું હોય ત્યાં શિથિલતા ન ચાલે. ત્યાં તો સમર્પિત થવું જોઈએ. અનુષ્ઠાનોની સિદ્ધિ માટે ગમે તેવા પ્રસંગોને પહોંચી વળવા તૈયાર થવું જોઈએ. મેલી વિદ્યા સાધનારો પણ કાળી રાત્રે, મધ્ય રાત્રે, સ્મશાન ભૂમિમાં નિડરપણે જાય, કુંડાળામાં બેસે, મંત્રની સાધના ચલાવે, એ વખતે ઘોંઘાટ ગમે તેવો થાય પણ એ જાપ ન ચૂકે, જાપ ચાલુ જ હોય તથા જાપ આપનાર પુરૂષ પ્રત્યે બહુમાન રાખે, અને સાધનાથી ચળે નહિ. ચળે તો શું થાય ? ગાંડો. આ તો તુચ્છ વિદ્યા માટે ! અને આ સાધના કોની ? અવ્યાબાધ પદની, શાશ્વત પદની, મોક્ષની ! એ સાધના કેમ થાય ? સિદ્ધ પુરૂષની આજ્ઞાથી જીવન રંગાય ત્યારે ને ? પોતાથી ન બને તો પશ્ચાત્તાપ કરે, પણ

'જરૂર શી !' એમ તો ન જ કહે. સાધનને હલકાં પાડવાનું તો ન જ કહે. 'ત્રિકાળપૂજન, ઉભય ટંક આવશ્યક અને વ્યાખ્યાનશ્રવણ, સામાયિક વિગેરે કરીએ, તો ધંધો ક્યારે કરીએ ?એ ન થાય તોયે શું ?'-આવું તો ન જ કહે. 'હું પામર નથી કરી શકતો-એમ કહે, પણ 'આ કરવાની જરૂર શી ?' અથવા 'આ બધાં સાધનોને પોલાં કરો !'-એમ તો ન જ કહે.

**સાચા સાધક બનો !**

'દુનિયા આગળ વધે છે, અમે પાછળ કેમ રહીએ, આ જમાનો જુદો છે, આ જમાનામાં એ બધું ન ચાલે'-આ ભાવનાઓ આવી કે સમ્યક્ત્વ ગયું. પ્રભુનું શાસન ન હોય ત્યાં સુધી અનુષ્ઠાનો બીનજરૂરી છે, એમ કહેવાય ? જ્યારે એ બીનજરૂરી લાગ્યાં, ત્યારે તો શાસનથી બહાર ગયા, એમજ માનો. ગમે તેવા સંયોગોમાં સમ્યગ્દૃષ્ટિ અથવા વ્રતધારી રાજાઓ, યુદ્ધમાં પણ આવશ્યક ક્રિયા ચૂકતા નહોતા. દુશ્મનના પ્રહારો સામે પણ વ્રત ગુમાવતા નહોતા. જો તમને પ્રભુ ભાષિત અનુષ્ઠાનો પ્રત્યે, પ્રભુની આજ્ઞા પ્રત્યે, ધર્મ પ્રત્યે, શાસન પ્રત્યે, સાધ્ય પ્રત્યે, અનુરાગ ન જાગે તો સાધક શાના ? મુનિપણું ન બને, પણ આ શ્રાવકપણું તો બનેને ! વધારે નહિ તો ત્રિકાળપૂજા, વ્યાખ્યાનશ્રવણ અને ઉભય ટંક આવશ્યક એ તો ખરૂંને ? 'રોજ જરૂર શી ?'-એમ બોલાય તો સમ્યક્ત્વ શી રીતે રહે ? સાધક બન્યા

વિના સિદ્ધિ થાય શી રીતે ? સિદ્ધ પુરૂષને, એમની આજ્ઞાને, એમણે કલ્યાણાર્થે બતાવેલાં અનુષ્ઠાનોને વળગી રહો તો જ સિદ્ધિ થાય.

**कार्य साधयामि वा देहं पातयामि ।**

આ ભાવના દૃઢ થાય તો સિદ્ધિ થાય. આ ન થાય ત્યાં સુધી કોઈનીએ તાકાત નથી કે-ઉંચકીને સુખમાં મૂકી દે. સિદ્ધ પુરૂષ તો માર્ગ બતાવે. એ માર્ગ રગે રગે રૂચવો જોઈએ, રમવો જોઈએ, એ માર્ગે ચાલવું જોઈએ ! શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના બે શિષ્યોને એવો પ્રસંગ આવ્યો હતો કે-જિનમૂર્તિ ઉપર પગ મૂકે તો જ પ્રાણ બચે : એ વિના બચવાની બારી નહોતી. રાજા વિરૂદ્ધ, પ્રજા વિરૂદ્ધ, માત્ર આ બે જ આર્હત હતા.

**मरणं वरं वा तत्र पादमोचनं वरं ? ।**

શું કરવું ? મરવું કે પગ મૂકવો ? હાલ પગ મૂકીને પછી પ્રાયશ્ચિત્ત કરી લઈશું, એવી ભાવના એમને ન આવી. 'જીવતો નર ભદ્રા પામશે'-એવું એમના દીલમાં ન આવ્યું. જે જિનમૂર્તિ ઉપર પગ મૂકે, તે પછી શું ન કરે ? એ બેય મુનિઓ મર્યા, પણ પગ ન મૂક્યો. શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગના સાધક બને, તે કાર્યસિદ્ધિ કરે. સાધકે બીજું બધું ભૂલવું જ પડશે : માત્ર સાધ્યને જ યાદ રાખવું પડશે. માનપાન, ખ્યાતિ, હું, અમે, મારૂં,

આ બધું ભૂલવું પડશે. જ્યાં ધર્મ ન હોય ત્યાં હું, અમે, અને મારૂં નહિ ! ધર્મ ત્યાં હું ધર્મ ત્યાં અમે, અને જે ધર્મનું તે મારૂં ! એમાં ભેદ પડે તો શું થાય ? સાધક બને એને માટે તો બધું જ સહેલું થાય છે.

**શાસનમાં દ્વાદશાંગી કોની ચાલે ?**

શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગને ચાર ભાગમાં વ્હેંચ્યો છે. ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ ! પ્રથમના ત્રણ અનુયોગો, ચોથાની સિદ્ધિ માટે છે. ચોથાની પ્રાપ્તિ થાય તો એ ત્રણે સફળ. એના વિના આ ત્રણે સફલ નથી થતા. તત્ત્વની વાતો કરે, આશ્રવનું આ સ્વરૂપ, સંવરનું આ સ્વરૂપ, બંધ આવી રીતે પડે,નિર્જરા આ પ્રકારે થાય અને મોક્ષ આવી રીતે મળે,-આવી વાતો માત્રથી કોઈ કાળે કોઈની મુક્તિ થાય ? આ ખાવું અને આ પીવું,-એમ બોલવા માત્રથી પેટ ભરાય ? આશ્રવ છોડાય, સંવરને સ્વીકારાય, બંધથી બચાય, નિર્જરાની ક્રિયા આવે, ત્યારે મુક્તિ થાય ! પ્રથમના ત્રણ અનુયોગો તો આશ્રવ સંવરાદિકનું સ્વરૂપ બતાવનારા છે, પણ તમે આશ્રવથી જરા પણ ખસો નહિ, સંયમનો લેશ પણ સ્વીકાર કરો નહિ, તો પછી નિર્જરાની તો વાત જ ક્યાંથી હોય ? અને તે વિના મુક્તિ પણ શી રીતે થાય ? આ ચોથા ચરણકરણાનુયોગનું

મુખ્ય પ્રતિપાદક શ્રી આચારાંગસૂત્ર છે : એ પરમપદની પ્રાપ્તિમાં હેતુભૂત છે : માટે જ વિઘ્નમય છે. કલ્યાણકર વસ્તુ સામે જ વિઘ્નોનો ભય છે. આચારને અમલમાં મૂકતાં તો વિઘ્ન આવે, પણ લખતાંય વિઘ્ન આવે. મંગલમય કામ માટે વિઘ્ન ! આત્માને સંસારથી તારે તે મંગલ. એમાં પણ દેવતા છળે, બુદ્ધિનો ભ્રમ થાય એવી વિઘ્ન પરંપરા છે : એ વિઘ્નોને ભેદી, કાર્યસિદ્ધિ કરવા માટે શરણ કોનું લેવું ? વિઘ્ન રોકવા માટે શરણ કોનું લેવું? એનું જ. ત્રણે જગ્યાએ મંગળ કરવું-કયાં કયાં ? આદિ, મધ્ય અને અંતમાં ! મંગળની રચના એવી છે કે-વાંધો ન જ આવે. પહેલું સૂત્ર પોતે જ મંગળમય છે. જેની સેવાથી વિઘ્ન નાસે તે ચીજ મંગળ ! અહીં એમ શંકા થાય કે-પહેલું સૂત્ર મંગળ અને બીજું કેમ નહિ ? સૂત્ર, આખા આચારાંગમાં આવનારાં બધાં જ મંગળ છે, પણ પહેલા સૂત્રમાં કહેનારનું સ્મરણ છે, આજ્ઞાને આધીન રહેવાનો સ્વીકાર છે, અને આ આજ્ઞામાં જ આત્માનું કલ્યાણ છે એવો નિરધાર છે. આ સૂત્ર કહેનાર ભગવાન્ શ્રી મહાવીરસ્વામિજી છે અને રચનાર ગણધર ભગવાન્ શ્રી સુધર્માસ્વામિજી છે. દ્વાદશાંગી કોની ચાલે ? જે ગણધરદેવ છેલ્લા નિર્વાણ પામે તેમની ! છેલ્લા નિર્વાણ પામે એ ગણધરદેવની દ્વાદશાંગી શાસનમાં ચાલે. પહેલા નવ ગણધર તો ભગવાનની હયાતિમાં જ મુક્તિપદે ગયા હતા, શ્રી ગૌતમસ્વામી પછી ગયા અને શ્રી

સુધર્માસ્વામી સૌથી છેલ્લા મુક્તિપદે ગયા. ભગવાન્ શ્રી મહાવીરસ્વામીની પહેલી પાટે કોણ ? શ્રી સુધર્માસ્વામિજી !

**જ્ઞાન ગુરૂને આધીન છે !**

પહેલા સુત્રમાં ભગવાન્ શ્રી સુધર્માસ્વામિજી કહે છે કે-''આયુષ્માન એવા ભગવાન્ શ્રી મહાવીરદેવે આ પ્રમાણે કહ્યું છે. એ એમની સેવામાં રહેતા એવા મેં સાંભળ્યું છે.'' આટલું ન કહેત અને-'હું કહું છું'-એમ કહી દેત તો ? 'હું' પદ કયારે લગાડાય ? સ્વયં અનુભવથી કહેવાતું હોય તો ! અનુભવ એમનો, કથન એમનું, પામ્યો ત્યાંથી, અને 'હું કહું છું'-એમ કહેવું, એ તો ગુરૂનો અપલાપ છે. ગુરૂની અવજ્ઞા છે. 'નિહ્નવણે' દોષ છે. જ્ઞાનાચારના આચારોમાંનો એકનો ભંગ છે. જ્ઞાન લેનારે વિનીત બનવું જોઈએ. પાઠક ઉભો રહે અને વિદ્યાર્થી બેસે, એવો કાયદો અહીં નથી. અહીં તો વિદ્યાર્થીએ પાઠકના ચરણે શિર ઝુકાવવું પડે, ઉભે પગે રહેવું પડે, આવો વિનય જોઈએ ! જે કાળે આજ્ઞા હોય, તે જ કાળે પઠન થાય. ગુરૂને અનુકૂળ કાળ કયો છે, તે પણ વિદ્યાર્થીએ જાણવું જોઈએ. જ્ઞાનના અર્થીએ ગુરૂના અભિપ્રાયને સમજવાની કોશીષ કરવી જોઈએ. ગુરૂની આકૃતિ, પ્રકૃતિ, ચેષ્ટા ઉપરથી ગુરૂના અભિપ્રાયને સમજતાં શિષ્યે શીખવું જોઈએ. જ્ઞાન ગુરૂને આધીન છે. ગુરૂની પ્રસન્નતા

હોય તો જ્ઞાનની પ્રાપ્તિ થાય. ગુરૂના હૃદયનો સ્વભાવનો, પ્રકૃતિનો અભ્યાસ કરવો જોઈએ. વિનય ક્યારે થાય ? ગુરૂને અનુકુળ વર્તાય તો કે પ્રતિકુળ વર્તાય તો ? ગુરૂની જરૂર કેટલા પૂરતી છે ?

(સભામાંથી- મોક્ષ માટે !)

તો ગુરૂ પ્રત્યે વિનય કેવો, કેટલો અને કયી રીતનો જોઈએ ? જે જાતિનો વિનય જોઈએ, તે જાતિનો આવતો નથી : કારણ કે-બહુમાનની ખામી છે. માટે હૃદયથી બહુમાનવાળા બનવું પડશે. જે જ્ઞાન મેળવવું હોય, તેના જોગી લાયકાત મેળવવી પડશે. જ્ઞાન લીધા બાદ પણ ગુરૂને અંત સુધી વિસારી નહિ દેવાય. ગુરૂએ ભણાવ્યા મુજબજ સૂત્રનો ઉચ્ચાર, અર્થ, વ્યંજન અને અર્થ બેય, કરવા પડશે. આવી આધીનતા મેળવે, કેળવે, તો જ્ઞાનનો ભાગીદાર થાય. આ ભગવાન્ સુધર્માસ્વામિને, પોતે ચાર જ્ઞાનના ધણી છતાં, સૂત્રની શરૂઆત કરતાં-'આ ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું,-એમ કહેતાં આંચકો આવતો નથી, પણ બહુમાનપૂર્વક કહે છે. કહે છે કે-'ભગવાન મહાવીરે કહ્યું' તે એમની સેવામાં રહેતા એવા મેં સાંભળ્યું અને હવે ક્રમસર કહું છું.' કોઈ પૂછે કે-'બારોબાર સાંભળ્યું ?' કહે છે કે,-''ના, પણ હું ભગવાન જીવ્યા ત્યાં સુધી ભગવાનની પાસે જ હતો.'' આઘા કેમ નહિ ? આજ્ઞા કરે અને જાય એ

વાત જુદી, પણ શિષ્યની ઈચ્છા કયી હોય ? પાસે રહેવાની કે આઘા રહેવાની ? એમની પાસે જે હોય તે બધું મળે એ ઈચ્છા હોય : એમની જીવનપર્યંત સેવાની જ ભાવના હોય. 'ભગવાને કહ્યું તે મેં સાંભળ્યું, તે કહું છું'-આ શાને લઈને કહેવાય છે ? ભગવાન્ પ્રત્યેની આધીનતાને લઈને ! સ્વયં દ્વાંદશાંગીના પ્રણેતા, ચાર જ્ઞાનના ધણી, કયી વિધિથી શરૂઆત કરે છે ? પન્નરસે તાપસ કંઈ પણ ન સમજનારા છતાં એમને એકદમ કેવળજ્ઞાન થઈ જાય, એ શાથી ? પ્રભુની આધીનતાને લઈને ! ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીએ કહ્યું કે-''મારા પણ ગુરૂ છે'' તાપસો ચોંકયા કે-'આમના પણ ગુરૂ, એ કેવાક હશે ?' આટલી પ્રભુની આધીનતા, એ જ તાપસોને કેવળજ્ઞાનનું કારણ !

**આજ્ઞાધીનતા એ મહા મંગળ છે.**

સિદ્ધપુરૂષની તથા આજ્ઞાની આવી આધીનતાને લઈને, અનુષ્ઠાનોમાં એકતાનતાના પ્રતાપે, આ મહાપુરૂષો સાધી ગયા. શ્રી જિનેશ્વરદેવની સેવા, પૂજા, નમસ્કાર એ મંગળ તો છે જ : પણ આજ્ઞાધીનતા એ તો મહામંગળ છે. સેવા એ મંગળ, ઉપાસના એ મંગળ, ભક્તિ એ મંગળ, પણ આજ્ઞાધીનતા એ મહામંગળ ! સેવામંગળ કયારે ફળે ? આજ્ઞાધીનતા હોય તો ! ''ભગવાને આ પ્રમાણે કહ્યું તે કહું છું''-આમાં આજ્ઞાધીનતા છે. નમસ્કારથી પણ

આની માત્રા વધી જાય છે. આજ્ઞામાં પૂજા આવે કે નહિ ? આવે જ. પૂજામાં આજ્ઞા હોય પણ અને ન પણ હોય. પૂજા કરનાર આજ્ઞા ન માન તો ? આજ્ઞા પાળનાર ધર્મી કે માત્ર પૂજા કરી આજ્ઞા ન પાળનાર ? કહેવું જ પડશે કે-આજ્ઞાનો પાળનાર જ સાચો ધર્મી છે. ભગવાન્ શ્રી મહાવીરદેવ કોણ ? સિદ્ધપુરૂષ : મોક્ષમાર્ગના દર્શક ! ઉંચકીને લઈ જનારા ન કહેતા ! એમની આજ્ઞા શા માટે ? મોક્ષ માટે ! એમની આજ્ઞા કયી હોય ? ભોગની, રંગરાગની હોય ? નહિ જ ! એમની આજ્ઞામાં આત્મા રંગાયો કે મોહની સેનામાં નાસભાગ થાય જ : મોહને મંઝવણ જ થાય. અનાર્ય દેશનો પાટવીકુંવર આર્દ્રકુમાર, શ્રી અભયકુમારે મોકલેલી શ્રી જિનેશ્વરદેવની મૂર્તિને જોઈ કે ઝબક્યો : એવો ઝબક્યો કે-માતાપિતા પણ સમજ્યાં કે-કુમાર પલટાયો. રૂપરંગ ફર્યા નહોતા,-પણ ખાવા, પીવા, બેસવા, ઉઠવાની એની બધી ક્રિયા લુખ્ખી થઈ ગઈ હતી. દેશ, જાતિ, કુળ, અનાર્ય.-હતાં છતાંય મૂર્તિદર્શનના યોગે ભાવના આર્યપણાની થઈ ગઈ. આજ્ઞાધીન આત્માની સંસારની ક્રિયા લુખ્ખી હોય કે રસમયી? આજ્ઞાનો રંગ એ જ ભભૂતિ !જો બીજી ભભૂતિ હોત, તો તો કોઈને રહેવા ન દેત અને એવી ભભૂતિથી આવનારા પણ શું કરે ? ચાર દિવસ રહે, પણ વાળ ખીંચાવવા પડે ત્યારે ! જુઓ આ નાના સાધુઓ કેવો લોચ કરે છે ? એ ભાવના વિના કે ઈચ્છા વિના શક્ય

છે ? માટે કહું છું કે-પૂર્વના સંસ્કારોને સમજતાં શીખો. શ્રી જિનેશ્વરદેવના શાસનના સાધુપણાને ઓળખો. ભાગ્યું ભાગ્યું તોયે ભરૂચ જેવું છે. ઉંચું ચારિત્ર, ઘણું ઉંચું ચારિત્ર ગયું : પણ જે રહ્યું છે એની પણ જોડી નથી. અહીં રંગરાગ નથી કે ગાદીનો વારસો નથી. એટલી સાચી ભભૂતિ 'આજ્ઞાનો અખંડ રંગ'-એ છે. એ કોને લાગે ? સંસારની ક્રિયા જેની લુખ્ખી પડી હોય તેને જ લાગે !

**મંગલના ત્રણે પ્રકારો અને ત્રણેના હેતુઓ તથા 'મંગલ' શબ્દનું નિર્વચન.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા પીઠિકામાં ફરમાવી ગયા કે-શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગ સિવાય સુખના માટે કોઈ બીજો ઉપાય જ નથી. એ અનુયોગ ચાર વિભાગમાં વહેંચાયો છે, જેમાં ચરણકરણાનુયોગ મુખ્ય છે. એનું પ્રતિપાદન કરનાર મુખ્યપણે પહેલું અંગસૂત્ર, આ શ્રી આચારાંગસૂત્ર છે,-જે પરમપદની પ્રાપ્તિનું કારણ છે : માટે વિઘ્નમય છે. શ્રેયાંસિ બહુવિઘ્નાનિ । શ્રેય કાર્યોમાં વિઘ્નોની બહુલતા હોય છે. એ વિઘ્નોને જીતવામાં જ કાર્યોની સિદ્ધિ છે. વિઘ્નોને ખસેડવાની યોગ્ય પ્રવૃત્તિ આદરવામાં ન આવે, તો કાર્યસિદ્ધિ થાય નહિ, અને ધારેલી ધારણા પાર ન પડે. વિઘ્ન હોય, ત્યાં મંગળમય ક્રિયા હોવી જોઈએ. મંગળ કરવાથી આત્માના પરિણામની શુદ્ધિ થાય અને તેથી

વિઘ્નો આપોઆપ ખસી જાય છે. આથી જ ટીકાકાર મહર્ષિ કહે છે કે-

"**अशेषप्रत्यूहोपशमनाय मङ्गलमभिधेयम्**"

'સઘળાં વિઘ્નોના ઉપશમ માટે મંગલ કહેવા યોગ્ય છે.' આ પ્રમાણે કહીને તે મંગલના પ્રકારો, તે પ્રકારોના હેતુઓ, અને 'મંગલ' શબ્દનું નિર્વચન કરતાં, ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-

"'तच्चादिमध्यावसानभेदात्त्रिधा, तत्रादि मङ्गलं 'सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खाय' मित्यादि, अत्र च भगवद्वचनानुवादो मङ्गलम्, अथवा श्रुतमिति श्रुतज्ञानं, तच्च नन्द्यन्तः पातित्वान्मङ्गलमिति, एतच्चाविघ्नेनाभिलषितशास्त्रार्थपारगमनकारणं, मध्यमङ्गलं लोकसाराध्ययन-पञ्चमोदेशकसूत्रं-'से जहा के वि हरए पडिपुण्णे चिट्ठइ समंसि भोम्मे उवसन्तरए सारक्खमाणे' इत्यादि अत्र च ह्रदगुणैराचार्य्यगुणोत्कीर्तनम्, आचार्याश्च पञ्चनमस्कारान्तः पातित्वान्मङ्गलमिति, एतच्चाभिलषितशास्त्रार्थस्थिरीकरणार्थम्, अवसानमङ्गले नवमाध्ययनेऽवसानसूत्रम् 'अभि निव्वुडे अमाई आवकहाए भगवं समियासी' अत्रामिनिर्वृत्तग्रहणं संसारमहातरुस्कन्दोच्छेद्याऽविप्रतिपत्त्या ध्यानकारित्वान्मङ्गलमिति, एतच्च शिष्य-प्रशिष्यसन्तानाव्यवच्छेदार्थमिति, अध्ययनगतसूत्र मङ्गलत्वप्रतिपादने नैवाध्ययनानामपि मङ्गलत्वमुक्तमेवेति न प्रतन्यते, सर्वमेव वा शास्त्रं मङ्गलं, ज्ञानरुपत्वात्, ज्ञानस्य च निर्जरार्थत्वात्, निर्जरार्थत्वेन च तस्याविप्रतिपत्तिः यदुक्तं-'जं अन्नाणी कम्मं

खवेइ बहुयाइं वासकोडीहिं तं नाणी तिहिं गुत्तो खवेइ उस्सासमित्तेणं ॥१॥" मङ्गलशब्दनिरुक्तं च मां गालयत्यपनयति भवादिति मङ्गलं, मा भूद् गलो विघ्नो गालो वा नाशः शास्त्रस्येति मङ्गलमित्यादि, शेषं त्वाक्षेपपरिहारादिकमन्यतोऽवसेयमिति ।"

'તે મંગલ-'આદિ, મધ્ય અને અવસાન'-એમ ત્રણ પ્રકારે છે.

૧-તેમાં પ્રથમ મંગલ- "सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं" ઈત્યાદિ. આ પ્રથમ સૂત્ર છે : આ સૂત્રમાં 'ભગવાન્ શ્રી અરિહંતદેવના વચનનો અનુવાદ એ મંગલ છે અથવા શ્રુતમ્ એટલે શ્રુતજ્ઞાન અને તે શ્રી નંદીસૂત્રની અંદરનું હોવાથી મંગલ છે. વળી આ પ્રથમ મંગલ અભિલષિત શાસ્ત્રના અર્થને નિર્વિઘ્નપણે પાર પામવામાં કારણરૂપ છે.

૨-મધ્ય મંગલ "से जहा के वि हरए पडिपुण्णे चिट्ठइ समंसि भोम्मे उवसन्तरए सारक्खमाणे" ઈત્યાદિ, આ 'લોકસાર' નામના પાંચમા અધ્યયનના પાંચમા ઉદ્દેશાનું સૂત્ર છે. આ સૂત્રમાં હ્રદના ગુણોથી આચાર્યના ગુણોનું ઉત્કીર્તન છે અને આચાર્યો પંચનમસ્કારની અંદરના હોવાથી મંગલરૂપ છે. વળી આ મધ્ય મંગલ અભિલષિત શાસ્ત્રાર્થને સ્થિર કરવા માટે છે.

૩.અવસાન મંગલ - 'अभिनिव्वुडे अमाई आवकहाए भगवं समियासी' આ નવમા અધ્યયનમાં આવતું અવસાન સૂત્ર છે. આ સૂત્રમાં 'અભિનિવૃત્ત'નું ગ્રહણ છે અને તે અવિવાદપણે

સંસારરૂપ મહાવૃક્ષના સ્કંદના ઉચ્છેદ માટે ધ્યાન કરાવનારૂં હોવાથી મંગલ છે : અને આ અવસાન મંગલ શિષ્ય અને પ્રશિષ્યની પરંપરાના અવિચ્છેદ માટે છે.

આ ત્રણે મંગલોમાં અધ્યયનમાં રહેલાં સૂત્રોના મંગલપણાનું પ્રતિપાદન કરવાથી, અધ્યયનોનું મંગલપણું પણ કહેવાઈ જ ગયું છે : માટે અધિક કહેવાની જરૂર નથી.

અથવા-

શાસ્ત્ર જ્ઞાનરૂપ હોવાથી અને જ્ઞાન નિર્જરા માટે હોવાથી સમગ્ર જ શાસ્ત્ર મંગલ છે. જ્ઞાનના નિર્જરાર્થપણા માટે કોઈ પણ જાતનો વિવાદ જ નથી : એટલે કે-જ્ઞાન એ નિર્જરા માટે જ છે, એ નિર્વિવાદપણે સિદ્ધ છે : કારણ કે-જ્ઞાનીપુરૂષોએ પણ કહ્યું છે કે-અજ્ઞાની આત્મા ઘણી વર્ષકોટિઓએ કરીને જે કર્મ ખપાવે છે, તે કર્મને મન, વચન અને કાયારૂપ ત્રણે ગુપ્તિઓથી ગુપ્ત થયેલો આત્મા, એક શ્વાસોશ્વાસે કરીને ખપાવે છે.

અને-

'મંગલ' શબ્દનું નિર્વચન-'મારા આત્માને સંસારથી ગાળી નાખે તે મંગલ અથવા જેનાથી શાસ્ત્રને વિઘ્ન ન થાય અગર તો શાસ્ત્રનો નાશ ન થાય તે મંગલ'-આ પ્રમાણે છે.

બાકી-

આ મંગલના વિષયમાં અનેક પ્રકારના આક્ષેપો અને તે આક્ષેપોના પરિહાર વિગેરે અન્ય શાસ્ત્રોથી જાણવા યોગ્ય છે.'

**સાધના વિના સાધ્યની સિદ્ધિ નથી જ થતી !**

ટીકાકાર મહર્ષિએ આદિ મંગલમાં 'ભગવાનના વચનના અનુવાદ'ને મંગલ તરીકે ઓળખાવેલ છે. એ ઉપરથી સાધક દશાનું આખું સ્વરૂપ તારવી શકાય છે. 'પ્રભુના વચનનો અનુવાદ, એ આત્માને સંસારસાગરથી તારનાર છે.'-એ વાતને સમજનાર આત્મા, આ ઉપરથી ઘણું ઘણું સમજી શકે તેમ છે. 'પ્રભુવચનના અનુવાદ'ને મંગલ તરીકે ઓળખાવેલ છે : એમાંથી ત્રણ વસ્તુ તારવી શકાય તેમ છે. એક તો તેમાં વસ્તુના કહેનાર ભગવાન્ શ્રી મહાવીરદેવનું સ્મરણ થાય છે, બીજું કહેલું જ કહેવું એ ધ્વનિત થાય છે, અને ત્રીજું એ કે કલ્યાણ તે અનંતજ્ઞાનીના કથનને અનુસરવામાં જ છે.

'૧-પરમ ઉપકારી તારકપુરૂષનું વાતવાતમાં સ્મરણ, ૨-તેની આજ્ઞા ઉપર અચળ વિશ્વાસ, અને ૩-તે જ કરવાનું, કે જે એ તારક પુરૂષે ફરમાવ્યું.'-આ ત્રણ વસ્તુ જેના અંતઃકરણમાં અંકાઈ જાય, તે ખરેખરા ભાગ્યવાન્ આત્મા છે. આ વીસમી સદીના કહેવાતા વિજ્ઞાનવાદના જમાનામાં, આત્મમુક્તિના માર્ગની આ સાધકદશા જ લુપ્ત થતી જાય છે, અને એ ઘણી જ

ભયંકર બીના છે. જો મુક્તિરૂપ સાધ્યની સિદ્ધિ કરવી હોય, મુક્તિરૂપ સાધ્ય સાધવું હોય, તો સાધક બનવું જ પડશે. સાધક તે છે, કે જેને સિદ્ધ પુરૂષ પ્રત્યે પૂરો સદ્ભાવ હોય, સિદ્ધ પુરૂષની એકે એક આજ્ઞા પાળવાને જે આતુર હોય અને સિદ્ધપુરૂષે ઉપદેશેલ એકે એક અનુષ્ઠાનને ઉલ્લસિત હૃદયે, જે સેવનાર અને સાચવનાર હોય. વ્યવહારમાં પણ વિદ્યાની સાધના કરનાર સાધક શું કરે છે ? વિદ્યાના આપનાર પ્રત્યે એને બહુમાન હોય છે, વિદ્યા આપનારની આજ્ઞાનો અમલ કરવા તે તૈયાર હોય છે, અને બતાવેલ અનુષ્ઠાનની ક્રિયા ગમે તેવી કઠીન હોય તો પણ, મરણની પણ પરવા ન કરતાં તે સાધે છે. વિદ્યાની સાધના વખતે સાધક જો અનુષ્ઠાન ભૂલે, વિધિ ભૂલે અને આજ્ઞા ભૂલે તો વિદ્યાસિદ્ધિ ન થાય : તેમ આ મુક્તિના સાધક બનનારે પણ, સિદ્ધપુરૂષ પ્રત્યે હૃદયનો સદ્ભાવ રાખવો જ પડશે. બહુમાન કરવું જ પડશે : અને આજ્ઞા ઉઠાવવી જ પડશે ! તથા અનુષ્ઠાનની આરાધના માટે સર્વસ્વ સમર્પવું જ જોઈશે. ગમે ત્યારે, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે કાળમાં, ગમે તે સંયોગોમાં સિદ્ધ પુરૂષની આજ્ઞામાં મક્કમ રહી બતાવેલાં અનુષ્ઠાન નહિ આરાધાય, ત્યાં સુધી સિદ્ધિ નહિ થાય. ચોથા આરામાં જેટલા મોક્ષે ગયા, તે પણ સાધક બનીને જ ! પાંચમામાં અહીંથી નથી જઈ શકાતું, તેનું કારણ એ જ કે-આજ્ઞાનું સંપૂર્ણ પ્રકારે પાલન નથી થઈ શકતું. કોઈ

પૂછે કે-ત્યારે હવે અનુષ્ઠાન સાધવા શા માટે ?' તો કહેવું કે-સામર્થ્ય મેળવવા માટે, જેથી ભવાંતરમાં તથા-પ્રકારના સંયોગો મળે, કે જેથી સંપૂર્ણપણે આરાધી શકાય અને મુકતિ થાય.' પૂરી સામગ્રી નથી મળી એટલી કમનસીબી માની, પુણ્યયોગે જેટલી સામગ્રી મળી છે તેની સાધના કરી, સાધ્યસિદ્ધિને સહેલી બનાવવાની ઘણી જ જરૂર છે. માટે સંપૂર્ણ શક્તિ કે સઘળાં સાધનના અભાવે, વસ્તુની શક્ય સાધનાનો પણ નાશ કરવાની મૂર્ખાઈ ન કરવી, એ જ હિતાવહ છે. પૂજામાં જે ઉત્તમ દ્રવ્યો જોઈએ, તે ન મેળવી શકાય તો અશક્તિ બતાવો: પણ 'એના વિના ચાલે'-એમ ન કહો. જો એમ કહેવાની ભાવના આવે તો જે થોડું પણ થાય તે પણ કિંમત વિનાનું થઈ જાય, અને પછી પરિણામે સાધકતા પણ ચાલી જાય.

(સભા- મુક્તિનો રસ્તો તો બંધ છે ને ?)

મુક્તિનો રસ્તો બંધ નથી. મહાવિદેહ ક્ષેત્રમાં મુક્તિએ જવાનું ચાલુ જ છે. અહીં આ કાળમાં તથાપ્રકારનાં સાધનો નથી : પણ તેવાં સાધનો ભવાંતરમાં મળે તેવા પ્રયત્નોનાં સાધનો તો મોજૂદ છે જ. તે સાધનોને સાધવા માટે પણ જોઈતી સાધકદશા તો આવવી જ જોઈએ. એ તો ચોક્કસ જ માની રાખવું કે-જ્ઞાનીઓએ ઉપદેશેલાં સાધનોની સાધના વિના, સાધ્યની સિદ્ધિ નથી જ થવાની.

**ભક્તિ તથા ઉપદેશમાં પુનરૂક્તિનો દોષ નથી !**

અનંતજ્ઞાની આત્માઓએ એકાંત હિતની જ દૃષ્ટિએ ઉપદેશેલાં અનુષ્ઠાનોની આરાધના માટે, સ્વેચ્છાચારિતા તજી દઈને, આજ્ઞાધીનતા પ્રથમ જ સ્વીકારવી પડશે : આજ્ઞાધીનતા આવ્યા વીના, સાધકતા આવવાની જ નથી : સાધક સ્વાધીન હોય જ નહિ. 'મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ'-આ ચાર જ્ઞાનના ધણી અને દ્વાદશાંગીના સ્વયંપ્રણેતા પણ સ્થળે સ્થળે એમ જ કહે છે કે-'હું કહું છું તે મારૂં નહિ, પણ ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું કહું છું.' આનું જ નામ આજ્ઞાધીનતા અને એ મહામંગળરૂપ છે. આવા મહાપુરૂષો પણ આજ્ઞાધીન, તો આપણે કોણ ? આપણી તો પૂરેપૂરી ફરજ એ જ છે કે-એક પણ વિચાર, ઉચ્ચાર કે આચાર આજ્ઞાથી વિરૂદ્ધ ન જાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી આ જાતિની આજ્ઞાધીનતામાં ઉપકારીનું સ્મરણ, પૂજા, નમસ્કાર, સેવા, બધું જ આવી જાય છે. વાતવાતમાં મારા ભગવાને આમ કહ્યું-મારા ભગવાને આમ કહ્યું' એમ હૈયેથી બોલવા જેવી બીજી પૂજા દુનિયામાં છે પણ કયી ? શ્રી સુધર્માસ્વામી એટલે કોણ ? આખા શાસનના શિરતાજ ! સાંભળનારાઓ કંઈ એમને કમ નહોતા માનતા : છતાંય એ મહાપુરૂષ તો એમ જ કહેતા કે-''મ્હારા ભગવાન મહાવીરે જે કહ્યું, તે એમની સેવામાં રહેતા મેં સાંભળ્યું-તે કહું છું.'' આના જેવું આ વિશ્વમાં

એક પણ મહામંગળ નથી. આ ભાવના આવે, તો અત્યારે બધું જીવન જ ફરી જાય. શ્રી જૈનશાસનની મહત્તા જ ત્યાં છે. દરેક લખનારા પૂર્વના મહાપુરૂષો માટે આમ જ લખે છે, અને આથી જ વસ્તુ રહી છે. અને જેટલી રહી એટલી વસ્તુથી પણ શ્રી જિનેશ્વરદેવના માર્ગને વાસ્તવિક પામી શકાય છે. 'મહાપુરૂષની આજ્ઞાને આધીન રહેવું, તે ખરેખર પરમ મંગલ જ છે : એ વાત સાચી, પણ એથી વારંવાર મહાપુરૂષને આગળ લાવ્યા કરવા એ પુનરૂક્તિ નથી ?'-એમ પૂછનારને કહેવું કે-'ભક્તિમાં પુનરૂક્તિનો દોષ નથી. જેમ ભક્તિમાં પુનરૂક્તિનો દોષ નથી, તેમ ઉપદેશમાં પણ 'પુનરૂક્તિ'નો દોષ નથી. ઉપદેશમાં પણ એક વાત અનેકવાર આવે. ઉપદેશનો હેતુ એક જ કે-સાંભળનારના હૃદયમાં જે વસ્તુ ઘાલવી છે, તે ગમે તે પ્રકારે પેસાડવી : માત્ર કહી જવું એ જ ઉપદેશ નહિ, પણ જેના હૃદયમાં ઉતારવાની ઈચ્છા હોય, તેને જે રીતિ કહેવું ઘટે તે રીતિએ કહેવું- એ ઉપદેશ. અને એ રીતિએ કહેવાની ઉપદેશકને છૂટ હોય છે. શરત એટલી કે-ઉપદેશમાં કેવલ ઉપકાર બુદ્ધિ જ હોવી જોઈએ. ઉપદેશક કોઈ પણ રીતનો સ્વાર્થી ન હોવો જોઈએ.

**મુનિનો પહેલો ગુણ નિઃસ્પૃહતા જોઈએ**

ઉપદેશક, પરિગ્રહધારી-લાલસાવાળો-'તમે હો તો અમે' એવી ભાવનાવાળો ન જોઈએ.

'ગૃહસ્થોના આધારે અમે, તમે હો તો અમે'-એ ભાવના ઉપદેશકમાં ન જોઈએ. એ આવ્યું એટલે બગડ્યું. ગૃહસ્થની વસ્તુનો ઉપયોગ કરાય, એ વાત જુદી ! મુનિ રહે ગૃહસ્થની નિશ્રાથી, એટલે કે-આહારપાણી વિગેરે તો લે, પણ રહે કમળવત્ નિર્લેપ ! ભેળા ન ભળે. કાદવમાં ઉગેલું અને પાણીથી વધેલું કમળ નોખું જ રહે છે. પાણીનો લેપ પણ કમળના પત્તાને ન લાગે. કમળના પત્તાને પાણી ભીનું ન બનાવે, તેમ સંયમરક્ષા માટે જોઈતાં સાધન માટે મુનિ ગૃહસ્થના પરિચયમાં આવે, પણ તેઓથી લેપાય તો નહિ જ ! જો એ અલગ ન રહે, 'તમારાથી જ અમે'-એ ભાવના હોય, તો તો શાસ્ત્રની બધી વાત પાનામાં જ રહે, 'મોર, પીંછાથી રળીયામણા'-એ રીતે 'તમારાથી અમે'-એમ થાય તો તો અમે તમને શાસ્ત્રની વાત કહી શકીએ જ નહિ : માટે જ શાસ્ત્રે લોકહેરીને ત્યાજ્ય કહી છે. તમારાથી અમારી શોભા ખરી, પણ એમાં આ આગમ હોય તો ! તમારી જરૂર શા માટે ? તમારામાં આ મૂકવા માટે ! એ ક્યારે બને ? તમારાથી ખીંચાઈએ નહિ તો ! ખીંચાઈએ તો થઈ રહ્યું. મુનિનો પહેલો ગુણ તો નિઃસ્પૃહતા છે. શાસ્ત્રે મુનિ માટે કહ્યું કે-તેણે મહાવ્રત ધારી બનવું જોઈએ : પોતાના મહાવ્રતધારીપણાના પાલન માટે ધીર બનવું જોઈએ. તેની જ રક્ષા માટે ભિક્ષા માત્રથી આજીવિકા ચલાવનારા બનવું જોઈએ. અને સામાયિકમાં રહેનારા તથા ધર્મના જ

દેશક બનવું જોઈએ. ઉપદેશ દેવાના અધિકારી થવું, એ કાંઈ નાનું સુનું છે ? કોઈ વાર ગરમ થવું પડે, તો કોઈ વાર નરમ થવું પડે. કોઈ વાત મધુરતાથી કહેવાય, તો કોઈ વાત જરા આઘાત પહોંચાડીને પણ કહેવી પડે. તો જ અસર નીપજાવી શકાય. જમીનના કચરાના પ્રમાણમાં ઘા ! જ્યાં કચરો વધારે, ત્યાં ઘા પણ વધારે ! એ વિના બીજ વાવવા જેવી જમીન બની શકતી નથી, માટે ઘાની તો જરૂર ખરી. ઘા કેવો, એ જમીન ઉપર આધાર રાખે છે. હિતકર વાત અમારે કહ્યે છૂટકો અને તમારે સાંભળ્યે, ઝીલ્યે અને આચર્યે જ છૂટકો. કહે છે કે-રોજને રોજ ટોણા કેમ મરાય ? મ્હારે પણ મને કે કમને કહેવું પડે છે કે-મીઠું મીઠું બોલું તો સોગુણી વાહ વાહ થાય, એ મૂકીને રોજની નાહક પાંચ-પચીસ ગાળો પણ સાંભળવાનું અને ઘોંઘાટ સહેવાનું કારણ શું ? સમજ્યા ? ન સમજ્યા હો તો સમજો ! ! શાસ્ત્ર કહે છે કે-ખામી હોય તે સમજાવવા, ખામી કાઢવાના હેતુથી એ ખામીને સમજાવવા, હૃદયમાં ઉતારવા, જે કહેવું પડે તે કહેતાં આંચકો ખાવો નહિ ! વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજે કહ્યું કે-''સામો રોષ પામો કે તોષ પામો, પણ હિતકારી ભાષા અવશ્યમેવ કહેવી.'' ભલે, એ આ તરફ વળે કે ન વળે-પણ કહેનારે તો હિતકારી ભાષા અવશ્યમેવ કહેવી જ જોઈએ. દરદી દવા લે કે ન લે, તેની પરવા નહિ-પણ સાચો ચિકિત્સક તો યોગ્યતા મુજબ

કહી જ દે કે-'મારી દવાનું સેવન કરવું હોય તો ખાટું, ખારૂં, તીખું, તેલ, મરચું, આંબલી વિગેરે કંઈ પણ નહિ ખવાય, અરે માત્ર મગના જ ઓસામણ ઉપર રહેવું પડશે !' દરદી જો 'ના' કહે, તો સાચો નિર્લોભી વૈદ કહી દે કે-મારે તારી દવા કરી કલંકિત થવું નથી, માટે પાછો જા !'

(પ્રશ્ન- એવાની તો ઉપેક્ષા કરવાનું કહ્યું છે ને !)

પ્રયત્ન કર્યા બાદ ઉપેક્ષા. સામાન્ય ઘોંઘાટથી ગભરાઈ જવાય નહિ. આપણે સર્વજ્ઞ થોડા છીએ કે-બધી વાત માલુમ પડે ! જ્યાં સુધી સામાનું થોડું પણ ભલું થવાની આશા હોય, સોમાં પાંચનું પણ ભલું થતું હોય એમ લાગે, ત્યાં સુધી પ્રયત્ન તો કરવાનો જ ! પછી ન થાય તો मंगलम् । અમારૂં પણ મંગલ અને તમારૂં પણ મંગલ થાઓ, એ જ ભાવના! મને કે કમને ટોણા મારવાનો એક જ હેતુ કે-હૃદયરૂપ ભૂમિ ઉપરથી દોષરૂપ કચરો ઉપડે, તો એ હૃદયરૂપ જમીનમાં કાંક પેસે. તમને તો એમ થવું જોઈએ કે-'વારંવાર આ 'ઘા' કરવા પડે, એવું અમારામાં છે શું ?' તમને એની ચિંતા થવી જોઈએ. ઘેર બાવીસે કલાક ચિંતા રહે તો અસર થાય. આ દશા ન આવે, તો અસર થાય શી રીતે ? હવે તમે જાણો છો કે-ખરાબ વ્યાધિમાં ડોકટરો પણ ઈન્જેકશન મારે છે અને તે પણ એવું કે-પાંચ ડીગ્રી તાવ

લાવે એવું ! કારણ કે-એ વિના છુટકો નથી, એમ તેને લાગે છે. એમ જ ઉપદેશમાં પણ જરૂર હોય, ત્યાં કઠણ પણ કહેવું પડે : પણ શરત એ કે- અનુગ્રહ બુદ્ધિમાં ભેદ ન થવો જોઈએ. દોષિત આત્મા પ્રત્યે પણ દુર્ભાવના ન થવી જોઈએ ! આટલી ગેરંટી અને એ હોય તો પછી સામાના રોષ કે તોષની પરવા ન રખાય.

**બધેય મર્યાદા ન ચૂકો !**

શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવાન્ જેવાની આટલી આજ્ઞાધીનતા, તો પછી એમની અપેક્ષાએ આપણે તો તદ્દન અજ્ઞાની કશી તાકાત વગરના, બોલવા-ચાલવાના પણ ભાન વગરના, લેવા-મૂકવાની પણ સમજ વગરના, એવા આપણા માટે આજ્ઞાધીનતાની આવશ્યકતા કેટલી હોવી જોઈએ ? આજ્ઞાધીન ક્યારે ન રહેવું પડે ? જ્યારે શ્રી જિનેશ્વર બનીએ ત્યારે એ ભવમાં ! છતાં એમને પણ દીક્ષાકાળ વખતે લોકાંતિક દેવો આવીને કહે છે કે-''હે ભગવન્ ! બોધ પામો, જગત્‌ના જીવોના હિતાર્થે ધર્મતીર્થ પ્રવર્તાવો !'' ભગવાન્ તો બધું જાણતા હતા, છતાં ભગવાને એમ ન કહ્યું કે-'અમે કંઈ નથી જાણતા ?' દીક્ષા લેવા જાય ત્યારે કુલવૃદ્ધાઓ સર્વોત્તમ હિતશિક્ષાઓ આપે છે અને પ્રભુ સાંભળે છે. શીખામણના શબ્દોની પ્રભુ પણ ઉપેક્ષા કરતા નથી. બધા જાણે છે કે-પ્રભુ વિરાગી છે, પણ ઉમળકો

આવ્યા વિના રહે નહિ. એમને એમ થાય જ કે-અમારા કુળમાં જન્મેલો આત્મા ઉંચામાં ઉંચે સ્થાને જાય. જૈનકુળના વૃદ્ધો કોણ ? વૃદ્ધ તે, કે જે આખા કુળને ધર્મના અંકુશમાં રાખે. વડીલોના આશ્રય નીચે રહેવાનું નાનાને ફરમાન કર્યું, તે હેતુપૂર્વક છે. વડીલોની આજ્ઞા માનવી એ વાત તો પકડી લીધી, પણ વડીલે કેવા બનવું તે વાત મૂકી દીધી : એ વાતને નેવે ચઢાવી. માતાપિતા તથા વડીલની આજ્ઞામાં રહેવું જોઈએ, એ શા માટે ? વડીલો બાળકના હિતાહિતને સમજી શકે છે અને બાળકને હિતાહિતની ખબર પડતી નથી માટે ! તો પછી વડીલોએ વડીલ બનવાનો પ્રયત્ન કરવો પડે કે નહિ ? ભગવાને તો બધુંય કહ્યું : વડીલની આજ્ઞા માનવાનું પણ કહ્યું અને વડીલે કેવા બનવું એ પણ કહ્યું : ભક્તિ, વિનય, મર્યાદા સંબધી પણ કહ્યું. બધામાં ભગવાને મર્યાદા બાંધી કે નહિ ? વિનય કહ્યો, પણ બધેય નમવાનું ન કહ્યું ! ક્યાં નમવું ? જ્યાં નમવા યોગ્ય હોય ત્યાં ! ભક્તિમાં પણ મર્યાદા, અરે મર્યાદા સાચવવામાંય મર્યાદા ! મર્યાદા ક્યાં સુધી સાચવવી, તે માટે મુનિને કહ્યું કે-ગુરૂ કાગડાને ધોળો કહે, દિવસને રાત કહે, રાતને દિવસ કહે : તો પણ શિષ્ય-'પ્રમાણ' કહે, કબૂલ કરે, પણ ક્યારે ? ગુરૂ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં હોય તો ! શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેતા ગુરૂ અયોગ્ય કહેજ નહિ, એટલે તેઓ જે કહે તેમાં જરૂર મહત્ત્વનું કારણ

હોય જ. ગુરૂ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં હોય ત્યાં સુધી બધું જ કબૂલ, નહિ તો નહિ જ : મર્યાદા બધે. આ મર્યાદાનું પાલન ન કરીએ, તો જૈનત્વ ખીલે શી રીતે ? જૈનકુળના આચાર-વિચાર કાયમ હોત, તો જોઈતુંજ શું હતું ? એમાં બધુંજ હતું, પણ આજે એનું જ ઠેકાણું નથી અને એના નાશનાજ પ્રયત્નો ચાલી રહ્યા છે. જૈનકુળના આચાર શોધવા નીકળીએ, તો બહુ થોડે જ ઠેકાણે માલુમ પડશે : બહુ થોડે ઠેકાણે એનો અર્થ શો ? બીજામાં ન જ હોય એ ભાવના નથી : પણ ઘટી ગયા એ ભાવ છે. આગળ તો આંગણા ઉપરથી પરખાય કે-આ જૈન છે : ઘરમાં પેંસતાં સંસ્કારથી અને વાતાવરણથી જ જૈનત્વની પ્રતીતિ થાય.

**જિનદાસ શેઠની દિકરી**

જિનદાસ શેઠને એક દીકરી હતી. એ ગુણનિષ્પન્ન નામધારી શેઠે વિચાર્યું કે-'દીકરી દેવી પડે તો ક્યાં દેવી ?' શબ્દો યાદ રાખો ! દેવી નહિ, પણ દેવી પડે તો ક્યાં દેવી ? ધર્મને બાધ ન આવે ત્યાં : સમાન આચાર, સમાન વિચાર, સમાન શીલકુળ હોય ત્યાં ! એવું સ્થાન મનમાનતું ન મળવાથી, દીકરી મોટી થઈ છે પણ કુંવારી છે. એવામાં બહારગામનો એક મિથ્યાદૃષ્ટિ વેપારી આવે છે. મંદિરે જતી તે રૂપલાવણ્યવતી બાળાને જોઈ, આને

અનુરાગ થાય છે. પોતે જ્યાં ઉતર્યો છે ત્યાં પૂછગાછ કરતાં માલમ પડે છે કે-એતો શ્રી જિનદાસની દીકરી છે, કુંવારી છે અને જૈનધર્મીને જ દેવાની છે. એ તો વિષયાધીન બન્યો હતો. તરત પોતે જૈનસાધુ પાસે ગયો ! વિધિવિધાન શીખી લીધાં. બનાવટી પરમવ્રતધારી શ્રાવક બની, એજ જિનદાસનો મહેમાન થયો. ત્યાં જ ઉતારો કર્યો. ત્રિકાલ પૂજન, આવશ્યક ક્રિયાદિ જોઈ જિનદાસ ઠગાયા અને એને યોગ્ય માની, પોતાની પુત્રી એની સાથે પરણાવી. થોડા દિવસ પછી એ પોતાને ગામ ગયો. બાઈ પણ સાથે ગઈ. ત્યાં ઘરમાં પેસતાં જ બાઈએ જાણ્યું કે-'મારા પિતાજી ઠગાયા !' આ બનાવટી શ્રાવક બન્યા હતા, પણ ઘરમાં તો કાંઈ હતું જ નહિ. કયી રીતિના એ જૈનકુળના આચાર-વિચાર હશે, કે જેમાં પલોટાયેલી આ સંસ્કારી બાળા ઘરમાં પેસતાંજ જાણી શકી કે-'મારા પિતાજી ઠગાયા !' મુનિ તો પાપથી બચેજ, પણ શ્રાવકમાં પણ જો જૈનકુળના આચાર હોય, તો તે પણ દુનિયાનાં ઘણાં પાપોથી સ્હેજે બચે : કારણ કે-શ્રાવકનું જીવન સ્હેજે મર્યાદિત થવું જોઈએ. હવે એ બાલા ઉપર અહીં અનેક જાતિનાં આક્રમણો શરૂ થયાં : એની ધાર્મિક ક્રિયા ઉપર પણ અંકુશ મૂકાવા માંડ્યા : 'આ નહિ, આ નહિ, પણ આ.'-એમ એના પ્રત્યે વર્તાવા માંડ્યું. રાત્રે જમવાની વાત આવી, ત્યારે બાઈએ કહી દીધું કે-'મારે એકજ વાર જમવું છે.' જેમ જેમ અંકુશ મૂકાતા

ગયા, તેમ તેમ પોતાના આચારમાં કડકાઈ વેઠવી પડી. બાઈએ જણાવ્યું કે-'તકલીફ વેઠીને પણ હું મારા આચારનું પાલન કરીશ, પણ મારી ખાતર તમને ઉત્પાતનું કારણ નહિ રાખું.' આટલું છતાં કુટુંબ કહે કે-'આપણે આમ કરીએ અને આ કેમ આમ કરે ?' રોજ તોફાન. અંતે કુટુંબ નારાજ થયું. પતિની ઈચ્છા પહેલાં તો એવી હતી કે-'એ એને ફાવે તેમ ભલે વર્તે !'- પણ કુટુંબે એની પણ ભાવના પલટાવી નાખી : બધાએ ભેગા થઈ કહ્યું કે-'તું આ ઘરમાં રહેવા લાયક નથી, માટે જા !' બાઈ કહે કે-'હું ન જાઉં, જાઉં તો દુનિયા શું કહે? તમે નારાજ હો તો જે રીતે લેવા આવ્યા હતા તે રીતે મારા પિતાને ત્યાં મૂકી જાઓ : ત્યાં કહો કે-આ કારણથી અમને આ પાલવતી નથી. મેં બીજું તો તમારૂં કાંઈ બગાડ્યું નથી. મારે ઘરની કે દુનિયાના સુખની પરવા નથી.' પરિણામે કુટુંબ મૂકવા જાય છે. રસ્તામાં એક ગામ આવે છે. ત્યાં બાઈના સસરાનાં સગાંવહાલાં રહે છે, એ આ બધાંને પોતાને ત્યાં તેડી જાય છે. રાત પડી છે. રસોઈ થાય છે. જમવા બોલાવે છે. પેલા કુટુંબીઓ અહીં તાગડો રચે છે. એમનો હેતુ એ છે કે-કંઈ કરતાં આ પથરો પીગળે. પથરો કોણ છે, તે વાત જૂદી છે-પણ એ જાણે કોણ ? કુટુંબીઓ પેલા બધાને કહે છે કે-'વહુ ભુખી છે. એ ન જમે ત્યાં સુધી અમારાથી ન જમાય !' પેલાય બાઈને કહે છે કે-'ઉઠો, જમવા ચાલો, અમારી રસોઈ

બગડે છે અને તમારા જમ્યા વિના આ બધાં ભૂખ્યાં રહે છે.'

બાઈ- ''મારે જમવું નથી, ન જમવા ખાતર તો ઘર છોડવું પડે છે.''

સગાંવ્હાલાં- ''તારી ખાતર આ બધાં ભૂખ્યાં રહે છે એ ?''

બાઈ- ''તે એ જાણે. ભૂખ્યાં રહેશે તોયે કાંઈ રાતમાં મરી જાય, એમ હું માનતી નથી. પાપમાં અનુમતિ આપવી એનું નામ દયા નથી.''

આ બાઈ શ્રાવક કુળના સંસ્કારવાળી છે. સંસ્કારને લઈને આ દ્રઢતા છે. આવા શિક્ષણની જરૂર છે કે જેને લઈને આટલા વિરોધમાં પણ આ બાઈ ચળતી નથી. શિક્ષણ તે, કે જેનાથી આચાર-વિચારમાં શુદ્ધિ આવે : આચાર-વિચાર જોઈ શિર ઝુકાવવાં પડે. બધા થાક્યા ત્યારે કુટુંબીઓએ નવો રસ્તો કાઢ્યો કે-'એ પીરસે તો જમીએ !' પેલા સગાઓ કહે છે કે-'હવે તો વાંધો નથીને ? પીરસવામાં શું વાંધો ?' બાઈ પિરસવાની પણ 'ના' પાડે છે. કહે છે કે-''જે હું કરૂં નહિ, તેમાં નિમિત્ત કેમ થાઉં ?''

સગાંવ્હાલાં- 'તું ખાય પણ નહિ અને ખાવા પણ ન દે ?''

બાઈ- ''હું કયાં હાથ પકડું છું ?''

બધા નારાજ થયા. પેલાઓને થોડાજ ભુખ્યા રહેવું હતું ! એ તો જમ્યા. બાઈ ન

જમી.

**આચાર-વિચારની શુદ્ધિ કેળવો !**

માનીએ કે-તેવી દઢતા ભલે આજે ન પણ હોય, પણ આજના પ્રમાણમાં જે જોઈએ તે તો હોયને ! તમે તમારા આડતીઓને ઘેર જાઓ ને ધારો તો બચી શકોને ! પણ આજ તો નિયમ લેનારામાંનો મોટો ભાગ એવો નીકળે છે કે-ઘરમાં નિયમ અને બહાર છુટ્ટી ! ઘરમાં બંધી અને બહાર નહિ, એનું કારણ ? ગૃહસ્થ બહાર મુસાફરીમાં નીકળે, ત્યારે તપાસજો ! એમની ટ્રંકમાં તથા બીસ્તરામાં શું હોય ? બધું હોય, પણ ન શું હોય ? ધર્મક્રિયાનાં સાધનો ન હોય ! પૌષધ, પૂજા-સેવાનાં સાધનો કે સામાયિક આદિનાં સાધનો ન હોય ! સારા સારાના પણ આચાર-વિચાર બગડ્યા છે, એમ હું કહું છું-એમાં ખોટું શું કહું છું ? સારા ગણાતા માણસોના આચાર-વિચારમાં પણ કેવી ભયંકર ખામીઓ આવી ગઈ છે ? તમે બહાર નીકળો, ત્યારે જૈન તરીકે ઓળખાવાનું ચિહ્ન શું ? જાતિ સિવાય કયી કાર્યવાહી તમારૂં જૈનત્વ જણાવે એવી છે ? તમારા આડતીયાંને ઘેર જમવા પાટલે બેસો, ત્યારે અમૂક ચીજ આવે અને ન ખાઓ, તો સામાને ચીવટ પણ થાય અને કહી પણ દે કે-'આ મહેમાન આવે ત્યારે સાચવજો.' એ તો સાચવે, પણ તમારે સચવાવવું છે કયાં ? પોલ

જ તમારામાં છે. રાતે ન ખાઓ, તો એજ તમારા માટે વહેલું રંધાવે, તમને વહેલા જમાડવાની કાળજી રાખે, અને વ્હેલા જમાડે. તમારા યોગે એટલા દિવસ એ પણ વ્હેલાં જમે અને એમાં જો અસર થઈ જાય, સમજાઈ જાય, તો ધર્મ દૃષ્ટિએ અગર સામાન્ય હિતાહિતની દૃષ્ટિએ એ પણ, રાત્રિ ભોજન બંધ કરે : પણ તમારામાં હોય તોને ! તમારા ઘરે જ એ પોલ જોઈ રહ્યા હોય, ત્યાં થાય શું ? આચાર-વિચાર ગયા, એટલે બુદ્ધિ બગડી અને તેથી શ્રદ્ધા ગઈ. પૂજા-સેવાનું ઠેકાણું રહ્યું નહિ. સેંકડે પાંચ-દશ ટકા હોય તો બહુ બહુ એમ ને?

(સભા- એમાંથીએ ઘસાતા જાય છે.)

ત્યારે તમને સારા સારા શી રીતે કહ્યા કરવા ?

(સભા- નહિ, બરાબર હોય તેવું કહેવું જ જોઈએ.)

ઘુસેલા અનાચારો માટે ભયંકર પણ કહેવું પડે. એને શાસ્ત્રે ટીકા નથી કહી. છો તેવા ઓળખાવાય નહિ, તો કદી હિત થવાનું નથી. કૃપણને દાનવીર કહેવાથી શું થાય ? કૃપણ પણ ડાહ્યો હોય, તો કહી દે કે-''અમને દાનવીર, શૂરવીર, ધર્મવીર કહી ખોટી પ્રશંસા ન કરો, એથી તો ઉલ્ટી અમારી જીંદગી બગડે.'' કેવળ રાજી રાખવામાં, કહેનાર કે સાંભળનાર બેમાંથી એકનું પણ કલ્યાણ નથી. આચાર-વિચારમાં હાનિ છતાં, જો ન કહેવામાં આવે તો

અમે પણ અમારી ફરજથી ચૂકીએ છીએ અને ત્યાંના બગાડની અસર અહીં પણ થાય. ધર્મના સુસંસ્કારનો લોપ થતો જાય છે. જૈનકુળને ઓળખાવનારા સંસ્કારોનો લોપ થાય, એ લાંછન ઓછું છે ? રીત ભાત, કાર્યવાહી વિગેરે એવું જોઈએ, કે જેથી દેખનારને એમ થાય કે-આ કોઈ જૂદા છે. રાજ્ય કરે છે એ પ્રજા તરફ જૂઓ. ગમે તે દેશમાં એનો વેષ વિગેરે કંઈ ગયું ? એને જાતિનું અભિમાન છે, ત્યારે અહીં કયી દશા છે ? જૈન બચ્ચાને રાત્રે હોટલમાં જતાં જરા પણ શરમ આવે છે ?

(સભા- સ્વાદ આવે છે.)

આટલું છતાં કહે છે કે-ટીકા ન થાય.

(સભા- પાકું જ્ઞાન માટે.)

ખરેખરૂં પાકું જ્ઞાન ! તે ઘડી તો નીચું મોઢું કરવું જોઈએ. પોતાના આચાર-વિચારની કાળજી પૂરેપૂરી રાખવી જોઈએ. જે-તે અને જ્યાં-ત્યાં ખાવું, પીવું એ જૈન તરીકે નહિ છાજતું છે. શાસ્ત્ર કહે છે કે-પાપી કદાચ અજ્ઞાન દુનિયાથી છુપો રહે, પણ તે તો હૃદયમાં સમજેજ કે-હું પૂરો પાપી છું. હું તમને કહું છું કે-જેવા છો તેવા ઓળખાવાનું ‘પણ’ કરો. આચાર-વિચારની શુદ્ધિ વિના પ્રભુનો માર્ગ કઈ રીતે ઘુસે ?

**જમાનાના પ્રવાહમાં ન તણાઓ !**

જ્ઞાનીએ ત્યાગને મોક્ષમાર્ગની સીડી કહી છે. શક્તિ મુજબ ત્યાગને કેળવવો જ જોઈએ. આ શાસનની યોજના ઘણીજ સુંદર છે. વગર પૈસે ધર્મ સધાય. દાન, શીલ, તપ, ભાવ-બધું વગર પૈસે પણ થાય. હૃદયની ઉદારતા, સદાચાર સહિષ્ણુતા, અને ઉત્તમ વિચારો,- આમાં ક્યાં પૈસો જોઈએ ? હૃદયની ઉદારતા એટલે બધાનું ભલું ઈચ્છવું. દુશ્મનનું પણ ભલું ઈચ્છવું : એ જેવું તેવું દાન છે ? હોય તેમાંથી, થોડામાંથી થોડું પણ દઈને ખાવું. શીલ એટલે વ્રતધારણ, ઉત્તમ આચાર, બ્રહ્મચર્ય, પરનારીત્યાગ વિગેરે. તપ તો જાણો છો. સહિષ્ણુતા એ તપ : ખાવામાં વિવેક એ પણ તપ : રસત્યાગ, ઉણોદરી આ બધું તપ. ભોજન આદિમાં પણ એવો વિવેકી રહે કે-તે જમીને ઉઠ્યા પછી તેની થાળી એવી સ્વચ્છ હોય, કે જે જોઈને ઘાટી પણ આશ્ચર્ય પામે : પણ કહોને કે-ખાતાં પણ નથી આવડતું : થાળી સાફ થાય એમ જમતાં પણ નથી આવડતું. શ્રાવક જેમાં જમ્યો હોય, એ થાળી જોઈ ચીતરી ચઢે એવી હોય ? બે લોચા આમ ને બે લોચા આમ પડ્યા હોય એવું હોય ? એઠું બે ઘડી રહ્યા બાદ, એમાં સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય થાય છે એ માલુમ છે ને ! દેરાસરમાં પાણીનું સાધન રહે છે, ત્યાં પણ શી દશા છે ?-એ પણ વિચારો. બહારથી આવતા હોય, પાનના

ડૂચા તો ચવાતા જ હોય, આ પાણી પીધું ને આ પ્યાલો બોળ્યો ! મુદ્દો એ છે કે-વિવેક ક્યાં સુધી ભૂલાયો છે, તે સમજો. ધર્મસ્થાનમાં પણ કેટલી કાળજીનો અભાવ છે તે શોચો! નોકારશીમાં કે સ્વામિવાત્સલ્યમાં જમવા જવું, ત્યાં શા માટે વધુ લેવું કે જેથી એઠું મૂકવું પડે ? લોલુપતા એજ કારણ. ફરી નહિ આવે તો ? એટલા માટે ડબલ લે : પછી પડતું મૂકે. માલ કોનો, એ વિચાર્યું છે ? જમવા જનારની ભાવના કયી હોય ? જમાડનાર રૂપ-રંગને જમાડે છે, લક્ષ્મીને જમાડે છે, કે ધર્મના યોગે જમાડે છે ? અરે કહોને કે-ત્યાં એ પચીસ જણા જમતા હોય, ત્યાં જો છવીસમો કોઈ એક ધર્માત્મા જમતો હોય, તો પેલા ભગતડો-ભગતડો કહી મશ્કરી કરે ! પેલો થાળી ધોઈ પાણી પીએ, તો પેલા પચીસે કાગડાની જેમ વળગીને મશ્કરી કરે !! પેલાને એમ થાય કે-આવા નરાધમો પાસે ક્યાં આવીને બેઠો ! એમાં જો એ જરા ઢીલો થાય એને એમ થાય કે-'આજે થાળી ધોઈ નહિ પીઉં' તો એ પણ પોતાની ફરજ ચૂકે. આ દશામાં ત્યાગ શેનો ગમે ? અયોગ્ય સંસ્કારને ફેરવો, તો આચાર-વિચાર તરફ રૂચિ થાય. અત્યારે તો વસ્તુ શોધવી મુશ્કેલ થઈ પડી છે. ચઢતા લોહીને વિફરાવો નહિ, ઠારો પણ નહિ, પણ અંકુશમાં લો ! હજી તો માન્યતાનો અંકુશ ક્યાં છે ? હવામાં, જમાનામાં, ઈચ્છામાં, મતિકલ્પનામાં ધર્મ નથી, એ ભાવના ક્યાં

છે ? જો દુનિયા એમજ કહે કે-બધાએ સમયની પાછળ ચાલવું, તો તો છે તે પણ નષ્ટ થશે. હવા એ ધર્મ નહિ, પણ ધર્મ તો શ્રી જિનેશ્વરદેવે કહ્યો તે ! આટલા પણ અંકુશનો સ્વીકાર થાય, તો હમણાં ધર્મની જિજ્ઞાસા પ્રગટ થાય અને એ જિજ્ઞાસા પ્રગટ થાય, એટલે આપોઆપ આત્મા ધર્મ શોધે અને પછી બધુંજ થાય. એના એ સો ગુણું કામ આપે. 'જમાનો એ ધર્મ નથી'-એ વાત તો પ્રથમ નિશ્ચિત થવી જ જોઈએ.

**જ્ઞાન ભણ્યો પણ સરવૈયે શું ?**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવી ગયા કે-જ્યાં સુધી શ્રી અરિહન્તદેવના વચનનો ઉપદેશ ન મળે, ત્યાં સુધી સાચો વિવેક જાગતો નથી : સાચો વિવેક જાગે નહિ, ત્યાં સુધી હેય અને ઉપાદેય પદાર્થનું વાસ્તવિક જ્ઞાન થાય નહિ : એ હેય અને ઉપાદેય પદાર્થનું વાસ્તવિક જ્ઞાન થાય નહિ, ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઘટે નહિ : એ ત્રિપુટી ઘટે નહિ ત્યાં સુધી દુઃખ દૂર થાય નહિ અને સુખની ભાવના ફળે નહિ : માટે દુઃખને દૂર કરવા તથા ઈચ્છિત સુખને મેળવવા માટે, શ્રી અરિહન્તદેવના વચનનો અનુયોગ કરવો જોઈએ અને સાંભળનારે તે જ સાંભળવો જોઈએ : કારણ કે-આત્માનો ઉદય એના વિના નથી, ઉદ્ધાર એનાથી જ છે. એ જ અનુયોગ એવો છે કે જેનાથી આત્મા સાચો વિવેક પેદા

કરી શકે અને તે વિવેક વડે હેય અને જ્ઞેય તથા ઉપાદેયનું સ્વરૂપ સમજી શકે. હેય, જ્ઞેય અને ઉપાદેયનું સ્વરૂપ સમજાયું, કે તરત જ રાગ, દ્વેષ અને મોહ પાતળા પડે : એ પાતળા પડ્યા કે-દુઃખ આપોઆપ જાય અને સુખ ચાલ્યું આવે. સીધેસીધું ચાલ્યું આવે : લેવા ન જવું પડે. એ અનુયોગ ન થાય, ત્યાં સુધી દુઃખ તો છે જ : એમાં બીજું દુઃખ ઉમેરાતું જાય અને સુખ છેટે છેટે જતું જાય.

શ્રી અરિહન્તદેવનાં વચનને ચાર વિભાગમાં વહેંચ્યાં છે. એ ચારે વિભાગમાં ચોથો 'ચરણકરણાનુયોગ' મૂખ્ય છે. એના વિના એટલે કે પ્રાપ્તિ કે રૂચિ વિના, પ્રથમના ત્રણે અનુયોગો નિષ્ફળ છે. એની પ્રાપ્તિ કે રૂચિ વિનાનું જ્ઞાન, ફળ વિનાનું થઈ જાય છે. વાત પણ ખરી છે કે-જેના માટે જે, તેનાથી તેની પ્રાપ્તિ ન થાય તો કહેવું જ પડે કે-તે નિષ્ફલ ગયું ! આથી સ્પષ્ટ છે કે-શ્રી જિનપ્રણીત 'ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ તથા દ્રવ્યાનુયોગનું પ્રવચન કરનારાઓથી પણ ચરણકરણાનુયોગને આઘો ન જ કરાય : એ તો સાથે ને સાથે જ રહેવો જોઈએ. 'ધર્મકથાઓ સાંભળવી, પદાર્થોની ગણત્રી જાણવી, દ્રવ્યમાત્રનું સ્વરૂપ સમજવું'-એ વિગેરેનું ધ્યેય શું ? એ બધું શા માટે ? કહેવું જ જોઈએ કે-ચરણ માટે ! તો પછી તેને કેમ જ દૂર કરી શકાય ? કોઈ કહે કે-'પરદેશ જઈ આવ્યો, બહુ મહેનત કરી,

રોજ દુકાને બાર બાર કલાક બેસતો હતો.' પણ એને પૂછીએ કે-'પરિણામ શું ?' એ કહે કે-'ગુમાવી આવ્યો, તો તમારા તરફથી પણ શું કહેવાય ? એ જ કે-'મહેનત ધૂળમાં ગઈ. મહેનત ગમે તેટલી કરી, પણ સરવૈયે શું ? ખાડો હોય તો એ મહેનત શા કામની ?' તેમ ત્રણે અનુયોગોના અભ્યાસના સરવૈયાનું પરિણામ શું ? ચરણકરણાનુયોગ ન આવે, અગર તેના પ્રત્યે અરૂચિ થાય, તો 'ત્રણે અનુયોગો નિષ્ફળ જ ગયા'-એમ કહેવું પડે, એમાં આશ્ચર્ય શું ?

ચરણની પ્રાપ્તિમાં શ્રેય નહિ માનનારા આત્માઓ માટે 'ધર્મકથાનુયોગ' આદિ ત્રણે અનુયોગો સુંદર અને અનુપમ છતાં, નિષ્ફલ બની જાય છે. એવા આત્માઓ પોતા માટે અને પોતાના અનુયાયી વર્ગ માટે સમ્યગ્જ્ઞાનને મિથ્યાજ્ઞાન અને સમ્યક્શાસ્ત્રને મિથ્યાશાસ્ત્ર તરીકે બનાવી લે છે. એ પણ સત્ય જ છે કે-જે જ્ઞાનના યોગે આત્મા ચરણકરણાનુયોગથી પાછો હઠે, અરૂચિવાળો થાય, તે જ્ઞાન પણ સમ્યગ્ નથી : અને એવું જ્ઞાન આપતું શાસ્ત્ર પણ સમ્યક્ નથી. સાચો ઉપકારી પણ તે જ, કે જે સ્વપરના આત્માને ચરણકરણાનુયોગમાં જોડે: જે આત્માઓ કમતાકાતના યોગે ન જોડાઈ શકે તેવા હોય, તેવાઓને તેના રસિઆ બનાવે: કારણ કે-તેના યોગે જ આ આત્માનો સંસારથી ઉદ્ધાર છે. ત્રણે અનુયોગોની સફલતા તેના

જ ઉપર અવલંબેલી છે. માટે તે દૃષ્ટિ બહાર ન જ થવો જોઈએ.

**થોડી પણ ક્રિયા ધ્યેયશુદ્ધિ પૂર્વક કરો !**

બાકી વાતો તો ભાટચારણો પણ ક્યાં નથી કરતા ? ઉજાગરાવાળાને પણ ઉંઘ ન આવે એવી વાતો કરે છે. આખી રાતની રાત વાત ચલાવે અને સાંભળનાર સાભળે, એવી એનામાં કળા હોય છે : પણ એને ધર્મકથા કહેવાય ? નહિ જ, કારણ કે-એનું અંતિમ શું ? હા-હા, હી-હી, હસવાનું અને ગમ્મત કરવાનું. એને ધર્મકથા કેમ કહેવાય ? એ તો વસ્તુ વિનાની વાત કહેવાય. એવી વાતો કરે કોણ અને સાંભળે કોણ ? કહેવું જ પડે કે-નવરા હોય તે. દુકાને પણ કયી વાત કરો ? દુકાન ઉપર ગંજીપો ખેલો ખરા ? નહિ જ. કેમકે ખેલો તો પેઢીની આબરૂ જાય. દુકાને તો હાંસી પણ ન હોય : કારણ કે-એથી તો પેઢીનું વજન ઘટે. એટલે પેઢી ઉપર તો ભાવતાલની અને માલની જ વાતો હોય. વેપારની જ વાતો હોય. ત્યાં હાંસી-ઠઠ્ઠા ન જ હોય. મિત્રને પણ કહી દેવું પડે કે-ભાઈ ! આડીઅવળી વાતો માટે ઘેર આવજે. ઘરે પણ દીવાનખાનામાં નહિ : એનાં તો સ્થાન જ જુદાં. કારણ કે-એમાં આબરૂ નથી. આથી સ્પષ્ટ છે કે-ઉત્તમ સાધના કરવી હોય, ત્યાં વાત પણ સારવાળી જ હોવી જોઈએ. સાર વિનાની વાત કરનારા અને સાંભળનારા અજ્ઞાની છે, પણ જ્ઞાની નથી. ત્રણે

અનુયોગોનો સાર ચરણકરણાનુયોગ છે. માટે એનું કદી જ વિસ્મરણ ન થવું જોઈએ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર નિર્જરા, બંધ અને મોક્ષની કોરી વાતો કાંઈ મોક્ષમાં ન લઈ જાય. વિદ્વાનમાં ખપવા કે પ્રસિદ્ધિમાં આવવા માટે તત્ત્વની વાતો કરવાની નથી ! તત્ત્વની વાતો તો 'ચરણકરણાનુયોગ' તરફ સંપૂર્ણપણે ઝુકવા અને ઝુકાવવાનું સામર્થ્ય કેળવવા માટે જ કરવાની છે. ''ચારે અનુયોગોમાં 'ચરણકરણાનુયોગ' મુખ્ય છે : અને એ મેળવવા માટે જ પ્રથમના ત્રણ અનુયોગો સેવવાના છે.''-આટલી વાત જો બરાબર સમજાઈ જાય, તો તરત જ આત્માની બધી દશા પલટાઈ જાય : પણ એ તરફ ઝોક નમવો જોઈએ. અત્યારે તો એક જ વાત છે કે-'વાતો બધી કરો, પણ ધ્યેયને સ્પર્શો જ નહિ : સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દાન, શીલ, તપ, એ બધું કરવાનું કહો, પણ શાને માટે એ પંચાતમાં ન ઉતરો !' એનું કારણ એ જ છે કે-એ આવે એટલે દુનિયા તરફનો રસ ઉતરી જાય છે. 'શ્રાવકને સેવા, પૂજા, ગુરૂવંદન, વ્યાખ્યાન શ્રવણનું કહો, પણ શાને માટે એ ન કહો.' આમ કહેવાનું કારણ એ જ છે કે-'શાને માટે ?-' એ સમજાયું, એટલે દુનિયાનો રંગ છોડવો પડે છે અને અહીં રંગ જોડવો પડે છે. પણ હુ કહું છું કે-ક્રિયા બધી કરો, પણ એ વિના એટલે કે-જ્યાં સુધી દુનિયાનો રંગ છુટે નહિ અને આ રંગ આત્માને લાગે નહિ ત્યાં સુધી બધું

ધૂળ ઉપર લીંપણ જેવું છે.

(પ્રશ્ન- ક્રિયા તર્દન નિષ્ફળ ?)

નહિ જ. ફળનો ઈન્કાર નથી. ફળ માન્યું : માનો કે-ઠેઠ નવ ગ્રૈવેયક સુધી પહોંચાડ્યા, પછી શું ? ચાલનારો ચાલે તે ગમે ત્યાં જાય તો ખરો જ, કોઈ પણ ગામે કે ઝુંપડે જઈને ભટકાય તો ખરો જ, પણ જ્યાં જવું હોય ત્યાં ન જવાય તો શું ? જવું હોય પૂર્વ દિશાના ગામમાં ને જવાય સામેની દિશાના ગામમાં, તો થાય શું ? નુકશાનભરી નિષ્ફળતા કે બીજું કાંઈ ? એ જ. એ તો દુનિયાની સાધનાની ક્રિયા છે. જો એ પણ નિષ્ફલ ન જવા દેવાય અને નુકશાન ન ઉભું થવા દેવાય, તો ધર્મક્રિયા કેમ તેવી રીતે નિષ્ફળ જવા દેવાય ? એવી ક્રિયાનું ફળ તો મળ્યું, પણ પરિણામ શું ? એવી ક્રિયાના યોગે પણ અમૂક મળશે તો ખરૂં જ, પણ તે ધ્યેય અને ધ્યેય તરફના પ્રેમ વિનાની હોવાથી જે મેળવવાનું છે, તેનાથી છેટા જવાશે. એ જ ફળમાં બેસી રહેવું હોય, તો કંઈ ફળનો ઈન્કાર નથી : પણ કહું છું કે-આવી ભાવનાને લઈને જ ધ્યેય ઉપર ધ્યાન અપાતું નથી. 'ક્રિયાનું ફળ કંઈક તો મળશેને !' આમ મનમાં હોય છે, પણ એ કામનું શું ? મળ્યું અને ધક્કો મારીને ગયું, એમાં વળ્યું શું ? ધ્યેયપૂર્વક થતી થોડી ક્રિયાથી પણ અનુપમ લાભ મળે અને પરિણામે સાધ્યની સિદ્ધિ થાય.

**ચારિત્રહીન જ્ઞાની સદ્‌ગતિનો ભાગીદાર નથી !**

શ્રી નાગકેતુને પૂજન કરતાં પુષ્પમાંથી ન્હાનો સર્પ નીકળ્યો અને ડસ્યો, પણ એ ચલાયમાન ન થયા. શાથી ? એમણે નક્કી કર્યું હતું કે-શરીર મારૂં નથી અને મૂકવાનું તો છે જ. મમતા છોડેલી હતી. આવો પ્રસંગ આવે ત્યારે શરીરના મોહની ખાતર ધર્મને છોડવામાં ડહાપણ નથી. શરીર આત્માને ઉપકારી છે એમ નથી, પણ જો આવી ક્રિયામાં રક્ત રહે તો શરીર પણ ઉપકારનું સાધન છે. શરીર ખાતર ધર્મને ફેંકી દેવા ઈચ્છે, એ તો શરીરનો રસીયો કહેવાય. ધર્મ વિનાનું શરીર-ધર્મક્રિયામાં રક્ત નહિ એવું શરીર, આત્માને ડુબાડનાર છે. કેવળજ્ઞાન થાય ક્યારે ? ધ્યેયશુદ્ધિ હોય તો ! શ્રી નાગકેતુને ત્યાં જ કેવળજ્ઞાન થયું. આથી કહું છું કે-શરીર મારૂં નથી અને તે મૂકવાનું છે, એ ધ્યાન ધર્મીમાત્રને હોવું જોઈએ. જે આવા ધ્યેયવાળો હશે, તે અણીને વખતે ધર્મનો નાશ નહિ થવા દે. આ ધ્યેય ન હોય તો એ કઈ વખતે ઉત્તમ વસ્તુનો નાશ કરે એ કહેવાય નહિ. શરીર પહેલું કે ધર્મ ? ધર્મનું સાધન શરીર એ ઠીક, પણ શરીર ધર્મથી પહેલું છે, એમ તો ન જ મનાય. ધર્મનું સાધન શરીર ખરૂં, પણ પહેલું શું ? જ્ઞાનીએ તો શરીરને ધર્મનું સાધન કહ્યું, પણ આજના એ શરીરસેવકોએ તો એને ધર્મથી પણ પહેલું માન્યું અને મનાવવા માંડ્યું છે. જ્ઞાનીએ તો કહ્યું

કે-વિવેકપૂર્વક શરીરને ગુમાવીને પણ ધર્મને સેવવો : પણ ધર્મને ગુમાવીને શરીરને સેવવાની મનઃકામનાઓ ન કરવી. આજે તો એમ કહેવામાં આવે છે કે-ઠેઠ ન જાઓ, અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ઠેઠ સુધી ધ્યેય જોવાની છે, એટલે એ આજનાઓ સાથે મેળ મળે શી રીતે ? આ તો કહે છે કે-અમારે તો દુનિયાના રંગમાં પણ રહેવું અને અહીંના પણ રહેવું : દહીંમાં પણ અને દૂધમાં પણ ! શાસ્ત્ર કહે છે કે-દુનિયા ન જ છૂટે અને રહેવું જ પડે, તો નામના રહો અને અહીં કામના રહો ! આ તો કહે છે કે-ધાર્મિક ક્રિયામાં નામના અને દુનિયામાં કામના રહીએ. આ મેળ ક્યાં મળે ? તદ્દન ઉલ્ટું હોય ત્યાં શું થાય ? શાસ્ત્ર કહે છે કે-ગમે તેવી સારી ક્રિયા પણ જો ધ્યેય વિનાની હોય, તો નિશાન વિનાના બાણ જેવી છે. ધારેલું નિશાન તાકી ન શકે એવું બાણ ફેંકનાર ધનુર્ધર શાનો ? ક્રિયા થોડી હોય, પણ ધ્યેયથી ભરેલી હોય તો કામ થાય. બધું કરો પણ મુદ્દાની વાત આવે ત્યાં ખસો તો શું થાય ? જ્ઞાનીએ દ્વાદશાંગી રચી એનો સાર શો ? ચરણ (ચારિત્ર). શાસ્ત્ર કહે છે કે-ચરણથી હીન જ્ઞાની, જ્ઞાનનો ભાગીદાર છે, પણ સદ્‌ગતિનો ભાગીદાર નથી. ચૌદપૂર્વી માટે પણ પ્રમાદ કરે તો નિગોદ તૈયાર છે, સંસારમાં રૂલવાનું તૈયાર છે : જ્ઞાન કાંઈ પકડી રાખે ? બચાવે તો ક્રિયા જ, જ્ઞાન તો દિશા બતાવે, પણ ચાલવાનો અમલ તો ક્રિયા કરે.

'ચોપાટીનો રસ્તો જાણું છું.' એમ કોઈ કહે અને બેસી રહે પણ ચાલે નહિ, તો ચોપાટી આવે ? એ એમ કહે કે-'રસ્તો જાણું છું માટે ઉઠું નહિ' તો ચોપાટી આવે ? 'તારું' એટલે ગમે તેવો તરનાર પણ જો પાણીમાં પડ્યા બાદ, હાથપગ ન હલાવે તો ડુબી જાય. કિનારે ઉભેલો કહે કે-'હાથપગ હલાવ, નહિ તો ડુબીશ.' એ જો એમ કહે કે-'શા માટે હલાવું ? તરવું કેમ એ જાણું છું.' તો કહેવું પડે કે-'એ બેવકુફ છે.' તેમ શાસ્ત્ર કહે છે કે-'કેવળ જ્ઞાનથી જ જે મુક્તિ માને છે, તે મિથ્યાવાદી છે,-મિથ્યાજ્ઞાની છે.'

(પ્રશ્ન- ક્રિયા એ કર્મ ખરૂં કે નહિ ?)

ઉંધી ક્રિયા કરે તો કર્મ. સીધી ક્રિયા કરે તો કર્મનો નાશ થાય. કેવળ જ્ઞાનનયવાદી કે કોરો ક્રિયાવાદી નકામો. જે ઉભયને માને તેનું કામ થાય. 'જ્ઞાન અને ક્રિયા' બન્ને ભેગાં મળશે, ત્યારે જ કાર્યસિદ્ધિ થશે. ક્રિયા એવી ચીજ છે કે-સર્વત્ર હોવી જોઈએ. જ્ઞાનપ્રાપ્તિની પૂર્વે પણ, જ્ઞાન મેળવતાં પણ, અને પછી પણ ક્રિયા હોવી જોઈએ : કારણ કે-તેના વિના કાર્યની સિદ્ધિ થતી જ નથી.

**શ્રી કુમારપાળ મહારાજાનું દ્રઢ નિયમીપણું !**

મુદ્દો એ છે કે-ક્રિયા નિશ્રાવાળી હોવી જોઈએ. જ્ઞાનીની પૂંઠે ચાલવુ જોઈએ : પણ

આ તો ન જ્ઞાની ન જ્ઞાનીની નિશ્રા, ત્યાં હાલત કયી થાય ? આગળના જે જે મહાપુરૂષ શાસનની પ્રભાવનાં કરી શકતા હતા, એનું કારણ એ હતું કે-પાછળના બધા નિશ્રામાં હતા. જેટલી દૃષ્ટિએ યોગ્યતા જોવાવી જોઈએ, તેટલી દૃષ્ટિએ નક્કી કરે કે-આ યોગ્ય છે, પ્રભુ માર્ગથી જૂદું કહેનારા નથી' આટલું નિશ્ચિત થયા પછી તો એક જ વાત કે-આજ્ઞા. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા મળ્યા પછી, પૂજ્યભાવ થયા પછી મહારાજા શ્રી કુમારપાળને એક જ વાત કે-'આજ્ઞા.' ગુરૂદેવની અનુમતિ ન હોય, ત્યાં જે-તે ન થાય. ગુરૂદેવની નિશ્રામાં રહેવાથી તો મહારાજા શ્રી કુમારપાળે ધારેલી આરાધના કરી. અલ્પ સમયમાં તો એવી અનુપમ આરાધના કરી કે-એને યોગે રાજા છતાં ઉંચામાં ઉંચી હદનું આત્મકલ્યાણ સાધી ગયા. એના યોગે એમને જાત-જાતનાં વિશેષણો આપવાનું ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીને પણ મન થઈ જતું. 'પરનારી સહોદર, પરમાર્હત્ અને વિચારચતુર્મુખ' આવાં આવાં અનેક વિશેષણો આપ્યાં છે : કારણ કે-દિવસે દિવસે નિશ્રા એવી વધતી ગઈ અને રાજકારભાર પણ એવો અનૂપમ ચાલ્યે ગયો કે-ન પૂછો વાત. રાજા છતાં ગમે તેવા પ્રસંગે પણ અંગીકૃત કરેલા નિયમનું પાલન, અણીશુદ્ધ કરી શકતા હતા. પોતાની 'ભોપલદેવી' નામની પટ્ટરાજ્ઞીના અવસાન બાદ, સાથીઓ વિગેરેએ કહ્યું કે-દરેક મંગલમય ક્રિયામાં રાણી

જોઈએ. સામંતોએ, મંત્રીઓએ પુનઃ પરણવાનો ઘણો આગ્રહ કર્યો છે. દલીલો પણ અનેક કરી તે છતાં પણ શ્રી કુમારપાળ મહારાજા મક્કમ રહ્યા છે, પરણ્યા નથી અને બધાને સંભળાવી દીધું કે-રાણી વિના ન જ ચાલતું હોય, તો 'ભોપલદેવી'ની સુવર્ણની મૂર્તિ બનાવો અને તે તે સમયે મારી પાસે મૂકાવો, શ્રી કુમારપાળ મહારાજાનું જીવન તો જરા તપાસો ! કયું ભોગજીવન ભોગવ્યું ? એમની પચીશ વરસની ઉંમરથી, રાજ્યની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી તો એમને નાશભાગ કરવી પડી. એ નાશભાગમાં સુખનો અનુભવ ક્યાંથી જ કરવો પડે ? ગાદી મળ્યા બાદ થોડા વખત પછી રાણી મરી જાય છે, પણ પુનઃ પાણીગ્રહણ નથી કરતા. એ અઢાર દેશના માલીક મહારાજા પણ ચોમાસામાં સર્વથા પાંચ વિગયનો ત્યાગ કરતા, વનસ્પતિ માત્રનો ત્યાગ કરતા, નિયમિત એકાસણું કરતા. અઢાર દેશના માલીક માટે આ બધું સ્હેલું છે, એમ ? નહિ જ. ધર્મ પરિણત થયા વિના એ બધું સ્હેલું નથી જ લાગતું. આટલો આટલો ત્યાગ છતાં કાંઈ પરાક્રમ ઘટી ગયું હતું ? નહિ જ. આટલી મોટી ઉંમર બાદ તો એ મહા પુણ્યશાળી આત્માએ અભ્યાસ કર્યો. સારા કવિ બન્યા, કર્મના ગ્રંથોના વિષયમાં પણ પ્રવીણ થયા. ત્રિકાળ પૂજન, ઉભય ટંક આવશ્યક, નિયમિત વ્યાખ્યાનશ્રવણ, રાજકારભાર ચલાવવો અને એમાં અભ્યાસ કર્યો. બાધા પહોંચી ? હરકત આવી ? નહિ

જ. અને જીવન એવું જીવ્યા કે-સામંત આદિ બધા જ ખૂશ રહેતા. ખરેખર, ધર્મપરિણત આત્માઓની દશા જ જુદી હોય છે.

**શ્રી વસ્તુપાળ વિગેરે પ્રભાવક શાથી બન્યા ?**

સમ્યગ્દ્દષ્ટિપણું આવ્યા બાદ, ધ્યેયની શુદ્ધિ તો થવી જ જોઈએ. એકે એક ધર્મક્રિયા કરતી વખતે, દુનિયાના પદાર્થો પરથી પ્રેમ છુટવો જોઈએ અને અહીં સદ્ભાવ થવો જોઈએ. તેનું જ નામ સમ્યક્ત્વ. શ્રી કુમારપાળ મહારાજા એક વખત સામાયિકમાં હતા, ત્યારે પગે મંકોડો ચોંટ્યો. ઉખડે નહિ, ચપ્પુથી ચામડી કાપી એને આઘો મૂક્યો, પણ ઉખાડ્યો નહિ : મંકોડાને પીડા ન થાય એ જ હેતુ. 'યુદ્ધમાં પંચેન્દ્રિય જીવોનો ઘાત કરનારા આપણે, એને વળી આ મંકોડા બંકોડાની શી દયા ?'-એવું એમને ન થયું. રાજકારભારને અંગે યુદ્ધ કરવાં પડે, પણ એને એ કરણીય માનતા ? નહિ જ. વિચારો કે-મંકોડા જેવા નાના જંતુ પ્રત્યે પણ દયા કેટલી ? ચામડી કાપવી સ્હેલી છે, એમ ? એ હૃદય કયું ? ખૂબ વિચારો ! આજના લેભાગુઓ વાતો બધાની કરે કે-'કુમારપાળ આમ કરતાં હતા, વસ્તુપાળ, તેજપાળ, વિમળ મંત્રી વિગેરે આમ કરતા હતા'-પણ 'ક્યારે, કેમ અને કેવી રીતે ?'-એ ન સમજે. આથી જ કહેવું પડે છે કે-દૃષ્ટાંતોને ઉંધી રીતે ન લ્યો, એક રાજાને સંધિ માટે કહેવરાતાં, એ રાજાએ

એમ કહેવરાવ્યું કે-'એ ભાજીખાઉં વાણીયા શું કરવાના હતા ?' વસ્તુપાળ-તેજપાળ મંત્રીઓએ લખી મોકલ્યું કે-ભાજીખાઉં કેવા છે, એ જોવું હોય તો રણસંગ્રામમાં આવજો. સંગ્રામ થયો. મંત્રીઓને એ નિયમ છે કે-સામાએ હથીયાર ચલાવ્યા પહેલાં હથીયાર ચલાવવું નહિ. અત્યારે જીવન જોખમમાં છે : સંગ્રામભૂમિ છે : દુશ્મન સામે છે : બળ-શક્તિ છે : હાથમાં હથીયાર છે : ઝાલ્યું રહેવાય ? પણ નિયમની આધીનતા છે ! પેલો ક્ષત્રિય રાજા કહે છે કે-'વાણીયા પર પહેલો ઘા કરતાં શરમ આવે છે, માટે તમે પહેલો ઘા કરો. મંત્રી કહે છે કે-'રાજન્ ! ઘા કરો અને પછી અનુભવ લો કે- વાણીયા કેવાક છે. બાકી એમ ના માનશો કે-આવેશમાં આવી જઈને પણ હું પહેલો ઘા કરૂં. કદી પહેલો ઘા હું નહિ કરૂં.' વિચારો કે-પ્રતિજ્ઞામાં ધીરતા કેટલી ? ધર્મ તો ત્યાં વસે છે. નિયમ એ કે-નિરપરાધી ત્રસને સંકલ્પ પૂર્વક મારૂં નહિ' આવા નિયમધારી આત્માને અપરાધી પ્રત્યે પણ ભૂંડાની ભાવના તો ન જ હોય. ઘરબારી છે, વ્યવહારમાં ફસેલો છે, માટે અપરાધી પ્રત્યે શાંતિ રાખી શકતો નથી, માટે પોતે છૂટ રાખી : પણ કંઈ જ્ઞાનીએ છૂટ નથી આપી. આજે તો અપરાધ ન હોય તો પણ કલ્પી લેવાય છે. અપરાધી ઉપર પણ દુષ્ટ, એટલે કે તેના અહિતની ભાવના આવી કે-સમ્યક્ત્વ મેલું થાય અને પરિણામે કદાચ ચાલ્યું પણ જાય. શ્રી વસ્તુપાળ, તેજપાળ તથા શ્રી વિમલ મંત્રીનાં

નામ તો લે પણ એમની કાર્યવાહી ન જૂએ. એમ તરત કહી દે કે-'એ બધા યુદ્ધમાં પણ વિશારદ હતા, તો અમે કેમ ન થઈએ ?' પણ એ પહેલો ધર્મને માનતા કે આ બધી ધમાચકડીને, એ ન જુએ. એમ કહી દે કે-'એ મંત્રી હતા માટે પ્રભાવના કરી.' પણ એ ન વિચારે કે-'મંત્રી તો ઘણાએ થયા છે. બધાએ કેમ ન કરી ! આમણે જ કેમ કરી ?' શ્રી વસ્તુપાલ આદિએ પ્રભાવના કરી, તે એ મંત્રીપદને આધીન હતા એથી કે ધર્મને સ્વાધીન હતા એથી ? એ જાણ્યું છે ? જો એ ન જાણ્યું હોય તો જાણી લ્યો કે-એ તો ધર્મ જતો હોય તો મંત્રીમુદ્રા પણ ફેંકી દેવાને તૈયાર હતા. વ્યવહારમાં રહ્યા માટે તેટલા પૂરતી મંત્રી મુદ્રાની જરૂર માનતા, પણ એની ખાતર ધર્મને જવા દેવાનું માનતા નહોતા. દૃષ્ટાંતો લો તો ધર્મકથા રૂપે લો, પણ વિકથા રૂપે ન લો. પેલા રાજાએ બાણ ફેંક્યું, પછી વસ્તુપાળ તેજપાળ મંત્રીઓએ યુદ્ધ કર્યું અને એ રાજાને બાંધી પોતાના રાજા પાસે લાવ્યા. આવી સ્થિતિમાં નિયમમાં સ્થિર રહેવાનો ગુણ ક્યારે આવે ? ધર્મક્રિયાના ધ્યેયને હૃદયમાં સ્થાપે તો ! ધર્મીએ શરીરને પારકું તો માનવું જોઈએ ને ! શરીર મૂકવા જેવું કે રાખવા જેવું ? મૂકવા જેવું નહિ માનો, તોયે મૂક્યા વિના ચાલે એમ નથી : વળગી રહેશો તોયે જવાનું છે : નિયત સમયે જવાનું છે. ગમે તે સમયમાં, ગમે તે સ્થાનમાં, ગમે તે સંયોગોમાં હો, પણ શરીરને મૂક્યા

વિના છૂટકો જ નથી. શરીર પારકું છે, જવાનું છે, એને પોતાનું અને સ્થિર માનીને ધમાચકડી કરવી, એમાં કયી બુદ્ધિમત્તા છે ? શ્રીમાન્ હોય, લાખોની આવક હોય, સઘળી હુંશીયારી હોય, છતાં એ બધું ચાલ્યું જાય છે. આદમી ગમે તેટલો હુંશીયાર હોય, તો પણ એ જવાનું. જવાનું તે રહેવાનું નથી, રાખીએ તો પણ રહેવાનું નથી. કોઈ સત્તા નથી કે રાખે. આવા શરીર પાછળ, આવા દુનિયાનાં પદાર્થો પાછળ, જીંદગી બરબાદ કરવી-એમાં કયું ડહાપણ છે ? જે શાસ્ત્રને પણ ન માને ને અનુભવને પણ ન માને, તેનું થાય શું ? પારકાને પોતાનાં માની માનીને બધાની પેઠે મરી જવું છે, કે જૈન તરીકે જીવન-મરણનો ફડચો લાવવો છે ? પારકાને પારકું માનવામાં આટલી બધી મુંઝવણ કેમ ? ચૈતન્યને અને જડને સંબંધ શો ? બેય ચીજ જુદી છે, એમ નિશ્ચિતપણે સમજી શક્તિનો સદુપયોગ કરો, તો જ પ્રભાવના થઈ શકે !

**સમ્યક્ અને મિથ્યા પ્રવૃત્તિનાં નિદાન સમજો**

ભગવાન્ શ્રી મહાવીરદેવ ધ્યાન ધરે, શ્રી સુધર્મા ઈંદ્ર પ્રશંસા કરે, અને 'સંગમ' નામના દેવના અંતરમાં લાહ્ય લાગે, એનું કારણ શું ? ભગવાન્ શ્રી મહાવીરદેવ એટલે છએ કાયના પાલક પિતા, એ ભયંકર અટવીમાં એકલા ધ્યાન ધરે અને એમની અપૂર્વ ધીરતા જોઈ

અસંખ્યાત દેવોના સ્વામી ઈંદ્રને આનંદ આવે, એ કદી પ્રશંસાના બે બોલ કહે, એમાં સંગમને ગુસ્સો આવે એનું કારણ ? એજ કે-આ પાપાત્માની મિથ્યાદષ્ટિતા ! પાપના ઉદયવાળાને પાપ બાંધવા માટે નિમિત્તો મળે. શાસ્ત્ર કહે છે કે સંગમને ઘોર મિથ્યાત્વનો ઉદય છે અને તેનો આત્મા અભવિ છે. જો એમ ન હોય, તો છ મહીનાની ધીરતા જોયા બાદ પલટો થયા વિના ન રહે. એણે પ્રભુને જે તકલીફ દીધી છે, તે હદ બહારની છે. સાધુઓની સામે, સજ્જનની સામે, બીજા પણ ધમાચકડી કરે, પણ બે-ચાર-છ દિવસ પછી ધીરતા જોઈ પલટો થાય : પણ દુર્ભવિ હોય કે અભવિ હોય એને પલટો તો ન થાય, પણ જેમ જેમ ધીરતા દેખાતી જાય, તેમ તેમ ગુસ્સો ચઢે. છેવટે છ મહિને સંગમ થાક્યો. 'હવે ચાલશે નહિ'-એમ જોયું, એટલે હાથ જોડ્યા : તે પણ શા માટે ? ઈંદ્ર નારાજ થશે, પેસવા નહિ દે, એ માટે ! હાથ નહિ જોડાય તો ત્યાં દશા માઠી થશે, એ માટે ! કાંઈ એના હૃદયનો પલટો નહોતો થયો. ધ્યાની ધ્યાન કરે, પ્રશંસક પ્રશંસા કરે, એમાં ત્રીજાને શું લાગે વળગે ? સુધર્મા ઈંદ્ર એમ બોલ્યા કે-''ભગવાન્ ધ્યાનમાં એવા મગ્ન છે, એવા ધીર છે, કે તે મહાપુરૂષને સુરેશ્વરો (ઈંદ્રો) પણ ચળાયમાન કરી શકે તેમ નથી.'' આવું પણ સુંદર વર્ણન સુરાધમ સંગમથી ન સહેવાયું, એટલું જ નહિ પણ ઉલ્ટું એને તો એમ લાગ્યું કે-'આખી દેવ જાતિનું અપમાન

કર્યું, એ મનુષ્ય માત્ર કોણ ? સ્વામિને તો ઈંદ્રપદનું અભિમાન છે, એટલે ગમે તેમ બોલે છે !' વિચારો, આમાં દેવતા જાતિનું અપમાન હતું ? પ્રશંસા કરનાર પોતે પણ ઈંદ્ર હતા કે નહિ ? અવધિજ્ઞાનવાળા બીજા ઈંદ્રોને પણ અપમાન લાગ્યું ? નહિ, માત્ર સંગમને લાગ્યું. અસ્તુ. હવે કોઈ એમ પૂછે કે-સંગમને આમ કેમ થયું ? ઉત્તરમાં એમજ કહેવું પડે કે-પાપનો ઉદય આવ્યો હોય, ત્યારે સારી વસ્તુ પણ ખોટા રૂપે પરિણમે. એમાં ભગવાનના ધ્યાનનો પણ દોષ નથી, અને સુધર્મા ઈંદ્રે કરેલી પ્રશંસાનો પણ દોષ નથી : દોષ સંગમનો પોતાનો જ છે. માટે જ કહું છું કે-મિથ્યા પ્રવૃત્તિનાં નિદાન પરખો.

**યોગ્યતા મુજબ જ વસ્તુ પરિણમે.**

દૃષ્ટિમાં જે જાતિની ગ્રહણશક્તિ હોય, તેવું ગ્રહણ થાય : જેવી યોગ્યતા હોય તેવું લેવાય. મિષ્ટાન્ન બધા ખાય, પણ ચાર મહિનાની પથારીએ પડેલા પાસે લઈ જાઓ તો કહે કે-'આઘું નાખો !' વસ્તુમાં કડવાશ છે ? નહિ, પણ રોગના પરિણામે સારી ચીજ પણ ન ગમે. રોજ પાંચસો પાડા મારનાર કાલસૌકરિક કસાઈને અંતે ધાતુવિપર્યયનો રોગ થયો. એને કોઈ રીતે ચેન ન પડે. એનો પુત્ર સુલસ પિતૃભક્ત હતો. બાપ, 'હાય બાપ ! અને હાય મા' એમ કરે, એટલે ચંદનના લેપ કરે : 'નથી ફાવતું, નથી ફાવતું' કહે, કે તરત પુષ્પની

શય્યામાં સુવાડે : ઉંચામાં ઉંચી ચીજો ખવરાવે, બધી રીતે ભક્તિ કરે તોયે દરદ વધે. આથી સુલસને ખેદ થાય છે કે-બાપને કોઈ પણ રીતે શાંતિ થતી નથી. એણે વિચાર્યું કે-શ્રી અભયકુમાર પાસે જાઉં : એ બુદ્ધિનિધાન છે, વસ્તુઓનો જ્ઞાતા છે અને શ્રી જિનેશ્વરદેવનો અનુયાયી છે. એ ખોટી સલાહ તો ન જ આપે. એણે આવીને શ્રી અભયકુમાર પાસે પોતાના પિતાની દશા જણાવી. શ્રી અભયકુમારે જણાવ્યું કે-'સુલસ ! તું ભક્તિ કરે છે, પણ એ ખોટી છે. તારો બાપ રોજ પાંચસો પાડા મારનારો, એને નર્કે જ જવાનું હોય : ભગવાને પણ કહ્યું છે કે-સાતમીએ જવાનો છે. ત્યાં જવાની આ બધી તૈયારી છે. ધાતુવિપર્યય થયો છે. એને પુષ્પની શય્યા ન રૂચે. એ તો ખુંચે. બાવળની શૂળોની શય્યા જોઈએ. ચંદનના લેપ એને ન ગમે, એથી તો એ બળે. એને તો વિષ્ટાના લેપથી ટાઢક વળે. મિષ્ટાન્ન એ ન ખાય એ તો કડવા તીખા પદાર્થો પાંદડાં ખાય તારા બાપને જો થોડી પણ શાંતિ આપવી હોય, તો આ રીતે ભક્તિ કર !'' સુલસને વિશ્વાસ તો પાકો હતો. તરત બાવળની શય્યા કરી એમા સુવાડ્યો કે-''હા આશ, કાંક ઠીક થયું' એમ કાળસૌકરિક બોલ્યો. સુલસ તો સ્તંભિતજ થઈ ગયો. વિષ્ટાના લેપથી એ કસાઈ વધારે શાંત થયો. આખરે એ મરીને સાતમીએ ગયો. એના મર્યા પછી કુટુંબીઓ ભેગાં થઈ સુલસને કહેવા લાગ્યાં કે-''હવે પાંચસેં પાડા રોજ

મારવાનો કુલધર્મ તું આદર !''

સુલસ કહે છે કે-''મેં પ્રત્યક્ષ ફલ જોઈ લીધું છે., અનુભવ્યું છે, માટે એ મારાથી નહિ થાય.''

કુટુંબીઓ-''તારા દુ:ખમાં અમે ભાગીદાર થશું.''

'કાલસૌકરિક' કસાઈને આવી રીતે મરતાં જેમ સુલસે જોયો હતો, તેમ કુટુંબીઓએ પણ જોયો હતો : પણ હીનભાગ્યને અસર ન થાય. આખરે સુલસે એક કુહાડો મંગાવી પોતાના પગ ઉપર માર્યો-લોહી નીકળ્યું, મૂર્છિત થયો, બૂમાબૂમ પાડવા લાગ્યો, કુટુંબીઓ ભેગા થયા, અને 'શું થાય છે ?'-એમ પૂછવા લાગ્યાં.

સુલસ કહે છે કે-''મરી ગયો, થોડું થોડું દુ:ખ વહેંચી લો !''

કુટુંબીઓ-''દુ:ખ વહેંચી લેવાય એવું સાંભળ્યું છે ?''

સુલસ-''ત્યારે પહેલાં શું જોઈને બોલતા હતા ?''

શ્રી અભયકુમાર કુઠારના ઘાથી પીડાતા સુલસને શાંતિ આપવા ગયા અને કહ્યું કે-'બધુંજ અમે સાંભળ્યું, એટલે આનંદથી હું અહીં આવ્યો છું. ખરેખર, કાદવથી જેમ દૂર ખસે તેમ તું પિતાના પાપથી દૂર થઈ ગયો છે, માટે ધન્યવાદને પાત્ર છે.'

આ પ્રમાણે તમે કોઈના મિત્ર બનો, તો એવા બનજો કે-તમારો મિત્ર પણ કાંક પામે : પણ તમારામાં હોય, અહીં હૈયે પણ હોય, તો પામે ને ! શ્રી અભયકુમારની યોજનાઓ જ એવી હતી કે-રોજના પાંચસેં પાડા મારનારના દીકરાને પણ એ આવો બનાવી શક્યો. અશુભોદય વખતે સારી ચીજ પણ ખરાબ નીવડે. દરેક ચીજને તેના સ્વરૂપમાં માનો, તો સમાધિમરણ થાય. વાતવાતમાં મુંઝાઓ તો કામનો અંત ન આવે. જે વસ્તુ જે રીતે હોય, તે રીતે તે વસ્તુને માનો તો બધી ક્રિયા ફળે, નહિ તો ધૂળ ઉપર લીંપણ.

**ભલાની ભાવનાએ કટુ પણ કહેવાય.**

ધર્મક્રિયા કરનારનું અંતર દુનિયાથી જૂદું જ હોય. વ્રતધારીની વાત તો દૂર રહો, પણ સમ્યગ્દૃષ્ટિને પણ શાસ્ત્રે અલ્પસંસારી કહ્યો છે. એ પણ શ્રી અરિહન્તદેવ તથા નિર્ગ્રંથની સેવા કરે છે. તે પણ ચારિત્ર્યની જ સેવા છે ને ! સમ્યગ્દૃષ્ટિ આત્માની દેવગુરૂની સેવા અખંડિત હોય. જાણો છો કે-સમ્યક્ત્વનું ત્રીજું લીંગ કયું ? ન જાણતા હો તો જાણો કે-

'વૈયાવચ્ચ ગુરૂ દેવનું, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણી પરે, આળસ નવિય લગારરે. પ્રાણી''

ત્રણ લિંગ ક્યાં ? શુશ્રૂષા, ધર્મરાગ, અને વૈયાવચ્ચ : શુશ્રૂષા એટલે શ્રી સર્વજ્ઞદેવનાં

શાસ્ત્રને સાંભળવાની ઈચ્છા. એ કેવી હોય ?, એનું વર્ણન કરતાં શ્રી ઉપાધ્યાયજી મહારાજા ફરમાવે છે કે-

''તરૂણ, સુખી, સ્ત્રી પરવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિ ઘણોરે, ધર્મ સુણ્યાની રીત.' પ્રાણી.''

તરૂણ હોય, સુખી પણ હોય, સ્ત્રીથી પરિવરેલો હોય, ચતુર હોય, એટલે પાંચે ઈંદ્રિયોના વિષયોના ઉપભોગમાં તીવ્ર કુશળતા ધરાવનારો હોય અને દેવતાઈ ગાનતાનમાં ગુલતાન હોય, આમાં જે રાગ હોય તેથી અતિ ઘણા રાગથી ધર્મ સાંભળવાની રીત છે. આ ક્યારે થાય ? આ આગમ, આ ધર્મ પ્રત્યે તે જાતિનો સદ્ભાવ આવે તોને ? વિષયાંધોએ સ્ત્રીનાં અંગોપાંગોને જે જે કલ્પિત ઉપમાઓ આપી છે, તે પ્રત્યે મહાપુરૂષોએ ભયંકર ટીકાઓ કરી છે. એ ભયંકર ટીકા કરવાનો હેતુ એજ કે-અજ્ઞાન આત્માઓ ખોટો મોહ ન પામે. વિષયાંધ આત્માઓને 'રાસભ' અને 'શુકર' આદિની ઉપમાઓ ઉપકારી પુરૂષોએ આપી છે.

(સભામાંથી પ્રશ્ન૰ પણ એ તો અઢારમી સદીમાંને ?)

અરે પાંચમા આરાના છેડે પણ કહેવાય. ભલાની ભાવનાએ કટુ વચન પણ કહેવાય. ભાવના ભલાની હોવી જોઈએ.

(સભામાંથીઃ શુકરનો અર્થ સમજાવો.)

શુકર એટલે ભુંડ. એનું સ્વરૂપ :-

'કણનું કુડું પરહરી. વિષ્ટાસુ તસ રાગ.'

-આ છે. તેમ વિષયાધીન આત્માને પણ સારી વસ્તુમાં રસ ન આવે. એ તો મલીનતારૂપ કીચ્ચડમાં જ ચોંટે.

જિતેંદ્રિયતાનો પ્રગટ પ્રભાવ-

જિતેંદ્રિય આત્મા સ્વ-પરનું રક્ષણ કેવી રીતે કરી શકે છે, એનું-

**એક ટુંકું દ્રષ્ટાંત**

એક રાજા હતો. એને એક મોદી હતો. એ રાજમોદી કહેવાતો. એ મોદીના અંતઃપુરમાં સ્ત્રીરત્ન હતું, અર્થાત્ મોદીની સ્ત્રી અત્યંત રૂપાળી હતી. સદ્ગુણસંપન્ન પણ હતી. સુસંસ્કારાન્વિતા હતી. આ જોઈ વિઘ્નસંતોષીઓને ઈર્ષ્યા થઈ. એમણે જઈને રાજાને કહ્યું કે- 'હે રાજન્ ! આપની પાસે બધું છે, કંઈ કમીના નથી, પણ આપના એક અદના સેવક પાસે જે સ્ત્રીરત્ન છે, તેવું આપ પાસે જ્યાં સુધી નથી, ત્યાં સુધી આ બધી ઋદ્ધિસિદ્ધિમાં ધૂળ પડી હોય એવું છે.' એ તો રાજા. તરત મોદીને બોલાવીને કહ્યું કે-'કાલે મારે તારે ત્યાં

જમવા આવવું છે.' મોદી તો ગભરાયો, પણ કરે શું ? કબૂલ્યું. ઘેર આવી સ્ત્રીને વાત કરી. સ્ત્રી પણ પામી ગઈ કે-રાજાનું મન બગડ્યું છે. બીજે દિવસે રાજા આવ્યો : જમવા બેઠો : પીરસાયું. એ ક્યાં જમવા આવ્યો હતો ? એ તે જમે કે જૂએ ? તે દિવસે તો રાજા જમીને ગયો. બીજે દિવસે રાજાએ કોઈ કામના બહાને મોદીને બહારગામ જવાનો હુકમ સંભળાવી દીધો. પોતે તો નોકર, શું કરે ? બાઈએ કહ્યું કે-''તમે જાઓ, જરા પણ મારી ફીકર ન કરતા. રાજાનું હૃદય હું પામી ગઈ છું, પણ પુણ્યપ્રભાવે પોતાપણું સાચવવાની તાકાત મારામાં છે.'' વિચારો, અહીં કયી સ્થિતિ છે ? સામાન્ય કુટુંબ, પતિ દરિદ્રી, મુસીબતવાળું જીવન, મુસીબતના પ્રસંગ અને રાજા પણ રૂપે રંગે રૂપાળો આતુર, છતાં પણ આ બાઈનો આ સદ્‌ભાવ કોના બળે ટક્યો ? ધર્મરાગના બળે. મોદી બહારગામ ગયો. રાજાઓ નગરચર્યા જોવા નીકળતા-અને અડધી રાત્રે પણ ફાવે ત્યાં પેસતા. અડધી રાત્રે કમાડ ઠોકી રાજા અંદર દાખલ થયો. બાઈએ આવકાર આપ્યો, સન્માન આપ્યું, રાજાને બેસાડ્યો. વિષયાંધની બુદ્ધિ તથા શક્તિ નષ્ટ થઈ જાય છે, નહિ તો અદના સેવકની સ્ત્રી પાસે પ્રજાપાલક રાજા પોતાની દુષ્ટ ભાવના વ્યક્ત કરી શકે ? પણ કરી. બાઈ શાણી હતી. સમય વિચારી કહ્યું ''આપ મારી સેવા તો સ્વીકારો !'' અહીં સમય વિચારવાનો. શીલ

ધર્મના સંરક્ષણ માટે સમય વિચારે છે. સમય, ધર્મના રક્ષણ માટે જોવાય-પણ નાશ માટે નહિ ! પોતે બધી તૈયારી તો કરી જ હતી. જાણતી જ હતી કે-આજે જ રાત્રે આવશે. કામીને ધીરજ ન હોય. પોતે એક થાળમાં પાંચ પ્યાલા લાવી. પાંચે પ્યાલા જુદા જુદા રંગના હતા અને એકથી બીજો એમ એકથી એક ચઢીયાતા હતા. થોડું થોડું એમ પાંચે પ્યાલામાં એક પ્યાલા જેટલું દુધ ભરેલું હતું. રાજા ખૂશ થયો. કામી છે. રાજાએ જાણ્યું કે-જેમ પ્યાલા ઉંચી ઉંચી જાતના છે, તેમ દરેકમાં દૂધ પણ જુદા જુદા સ્વાદનું હશે. રાજાએ પીધું. જે સ્વાદ પહેલામાં, તેજ બીજામાં, ત્રીજામાં, ચોથામાં અને પાંચમામાં. રાજાએ કહ્યું કે-‘‘તારે જો એકજ જાતનું દૂધ પાવું હતું, તો આ જુદા જુદા પ્યાલામાં શા માટે પાયું ? એક જ પ્યાલામાં પાવું હતું ને ! પાંચ પ્યાલા શું કામ બગાડ્યા ?’’

બાઈ-‘‘આપનો અંધાપો ટાળવા.

કેવા શબ્દો છે ? યોગ્ય જ. સાદા હોય જ નહિ.

રાજા-‘‘મને અંધાપો ? શી રીતે ?’’

બાઈ-‘‘પ્યાલા જોઈ વસ્તુની કિંમતમાં મલકાયા, એ અંધાપો નહિ ? ઉપરના રંગરાગ સારા હોય, માટે મહીં બીજું હોય છે ? પ્યાલા જુદા માટે ચીજ જુદી ? ચામડી જુદી,

પણ ચીજ એકજ. હાડ, ચામ અને માંસ જાણે ગંધાતી ગટર. તમારા અંતઃપુરમાં પણ એ અને તે જ અહીં, અને એજ ચંડાળને ત્યાં ! પણ, આંખો ફુટી ગઈ હોય એ દેખે ? પ્રજાનો પિતા, પુત્રીને ત્યાં અત્યાચાર કરવા આવે ? હજી પણ કહું છું કે-સ્થાનમાં નહિ રહો તો રાજભ્રષ્ટ થશો !'' આ સાંભળી રાજાની વિષયવાસના મરી ગઈ.

બાઈએ 'હે ભઈશાબ' કર્યું હોત, તો શું થાત ? બાઈની ઈંદ્રિયો પોતાના કાબુમાં ન હોત, તો પરિણામ ભયંકર જ આવત. આથી સ્પષ્ટ જ છે કે-જિતેંદ્રિય બેયનું રક્ષણ કરી શકે. બાઈના હૃદયમાં શીયળનો રંગ હતો, ધર્મનો રંગ હતો, અને દુનિયાની વસ્તુને એ તુચ્છ સમજતી હતી, તો જ આ પરિણામ લાવી શકી.

રાજા-''તું દેવી છો.''

બાઈ-''નહિ રાજન્ ! હું માનુષી છું.''

રાજા-''કોઈ જાણે નહિ.''

બાઈ-''આપ, હું અને મારા માલીક તો જાણે છે જ. તેઓ કળી ગયા છે. બીજાું કોઈ નહિ જાણે.''

રાજા-''મારી ભૂલ થઈ.''

બાઈ-''તમે ભૂલ સુધારી એટલે હવે તમે માલીક (રાજા) થયા : અત્યાર સુધી લુંટારા હતા. હે રાજન્ ! હું તમારી દીકરી છું, બાળક છું, અવજ્ઞા માફ કરજો !''

બાઈના જિતેંદ્રિયપણાએ બેયનો ધર્મ સાચવ્યો. પ્રાણીમાત્રના શિર ઉપર અંકુશ હોવો જ જોઈએ. અંકુશ વિનાના માનવી એ વસ્તુતઃ માનવી નથી.

❖ ૩૯ ❖

**આચારશુદ્ધિ વિના સમ્યક્ત્વ ટકે નહિ**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી, પીઠિકામાં ફરમાવી ગયા કે-શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગ શિવાય, સાચો વિવેક જાગતો નથી અને તેવો વિશિષ્ટ વિવેક જાગૃત ન થાય, ત્યાં સુધી હેય તથા ઉપાદેય પદાર્થોના સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન થતું નથી, હેય-ઉપાદેયના વાસ્તવિક જ્ઞાન વિના રાગ, દ્વેષ અને મોહ ઘટતા નથી, એ ઘટે નહિ ત્યાં સુધી દુઃખ દુર થતું નથી અને સુખની ભાવના ફળતી નથી. ભગવાન્ શ્રી અરિહન્તદેવની વાણીને ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે, જેમાં ચરણકરણાનુયોગ મુખ્ય છે. ત્રણે અનુયોગના ફળ રૂપ અને ચારે અનુયોગમાં પ્રધાન 'ચરણકરણાનુયોગ' છે. એના વિના બાકીના ત્રણે અનુયોગો, આત્માને જે વસ્તુની જરૂર છે તે આપી શકતા નથી. સાધ્યની સિદ્ધિ

માટે, ચોથા અનુયોગની પ્રાપ્તિ કે રૂચિ વિના, ત્રણે અનુયોગો ઉપયોગી થઈ શકે તેમ નથી. એ ત્રણે અનુયોગોની સહાયથી ચોથો બહુ મજેનો, શુદ્ધ અને રસાળ બને, તો એ ત્રણે અનુયોગો ઉપયોગી છે. માટે જ ચોથો અનુયોગ મુખ્ય છે. શ્રી ગણધરદેવે રચના પણ પહેલી આ શ્રી આચારસૂત્રની કરી : કારણ કે-તે 'ચરણકરણાનુયોગ'ને પ્રતિપાદન કરનારૂં પ્રથમ અંગસૂત્ર છે. આચાર, એ મૂખ્ય વસ્તુ છે. આચારશુદ્ધિ વિના વિચારશુદ્ધિ પણ થતી નથી. અયોગ્ય આચારમાં રહેલો કોઈ આત્મા વિચારશુદ્ધિ કદાચ પામી પણ જાય, પરંતુ એનું દૃષ્ટાંત ન લેવાય. બહુલતયા તો, આચારશુદ્ધિ વિના સંપૂર્ણ વિચારશુદ્ધિ ભાગ્યે જ હોય, નથી કહીએ તો ચાલે, અયોગ્ય આચાર કરવા પડે માટે કરે અને કરવા માટે કરે એ બેમાં અંતર છે. થઈ જાય છે એમાં અને કરવા પડે છે એમાં ઘણું અંતર છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા, દુનિયાદારીના આચારને કરવાની ઈચ્છાવાળો નથી હોતો, તેનો પ્રશંસક નથી હોતો, છતાં એના હાથે થઈ જાય છે, એને પણ કરવા પડે છે તે વાત જુદી : છતાં એમાં એ લીન તો નથી જ થતો. થઈ જાય અથવા કરવા પડે માટે કરે છે. એ રીતે કરનાર આત્માને મલીન આચાર એટલો મલીન નહિ કરે, કે જેટલો ''કરવા જોઈએ'' એમ માનીને કરે, એ આત્માને મલીન કરે. આચાર નથી માટે તો સમ્યગ્દૃષ્ટિને પણ શાસ્ત્રે બાલ કોટિમાં મૂક્યો. જ્યાં

પંડિતમરણની વાત આવે છે, ત્યાં મુનિના મરણને પંડિતમરણ કહેવાય છે. વ્રતધારી દેશવિરતિ શ્રાવકના મરણને બાલ પંડિતમરણ કહેવાય છે, અને બાકીના બધાના મરણને બાલમરણ કહેવાય છે. એમાં સમ્યગ્દૃષ્ટિ પણ આવી જાય. શાથી ? એ જાણે બધું પણ તદ્દન શિથિલ. અયોગ્ય આચારને ફેરવીને યોગ્ય આચાર નથી કરી શકતો, એ દૃષ્ટિએ એ બાલ છે. જાણવાની દૃષ્ટિએ તો એ પંડિત છે, પણ વર્તનની દૃષ્ટિએ એ બાલ છે. યોગ્ય રીતિએ જ્યાં આચારશુદ્ધિ પણ ન કેળવાય, ત્યાં આવી ગયેલું સમ્યક્ત્વ પણ ટકવું બહુ કઠીન છે. દ્રવ્યાનુયોગમાં જે તત્ત્વચિંતા છે, તે બીજે ક્યાંય નથી, પણ તે તત્ત્વમાં રમણતા થવી જોઈએ. કોઈ કહે કે-'ચારિત્ર્ય ન આવે પણ તત્ત્વજ્ઞાતા હોય તો તત્ત્વરમણતા કેમ ન આવે?' બાહ્ય સંયોગોમાં અતિશય ગુંચાઈ ગયેલા આત્માને એ સંયોગોની ગુંચ નીકળ્યા વિના, જોઈતી તત્ત્વરમણતા આવતી નથી. પરતંત્રતાનાં બંધન છુટ્યા સિવાય સ્વતંત્ર કઈ રીતે થવાય ? સમ્યગ્દૃષ્ટિ પણ ચારિત્રી નથી બનતો, એ ઈચ્છાથી કે પરતંત્રતાથી ? જો ઈરાદાપૂર્વક ચારિત્રી ન બનતો હોય, તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. 'પરતંત્રતા વળગેલી છે, માટે એ ચારિત્રી નથી બનતો' એ વાત જુદી,-પણ તે ઈરાદાપૂર્વક ન બને, એ તો બનવા જોગ જ નથી. હવે વિચારવાનું એ છે કે-પરતંત્રતા મજબૂત છે કે મજબૂત માની લીધેલી

છે ? શ્રી શ્રેણિક મહારાજા અને શ્રી કૃષ્ણ મહારાજા માટે તો આ મુદ્દામાં કહી શકીએ કે-એ પરતંત્ર હતા, પણ તેમ બીજા માટે નહિ કહેવાય : કારણ કે-ત્યાં તો જ્ઞાનીએ નિશ્ચિત કહ્યું હતું. તે છતાં પણ એ મહા પુણ્યશાલીઓના આખા જીવનમાં, વિચારમાં અને પ્રયત્નોમાં તો સર્વવિરતિના ધોધ વહેતા હતા. ભલે એ લેતા નહોતા, પણ પ્રશંસા તથા સઘળા પ્રયત્નોથી તેની આરાધના માટે તો તેઓ સજ્જ જ હતા. આટલી ભાવના, આટલા પ્રયત્નો અને 'બધા પામે તો સારૂં' એવા વિચારો છતાં, એમનાથી ન બની શકે તો તો મનાય કે-પરતંત્રતા છે, પણ જ્યાં ભાવ ન હોય, બહુમાન ન હોય, તે તરફ દૃષ્ટિ ન હોય; કોઈ જાતનો પ્રયત્ન સરખો પણ ન હોય, તો એના માટે ન કહી શકાય કે-એ પરતંત્રતામાં પડેલો છે. મોસમ બરાબર ચાલતી હોય, એવામાં બીમારી આવી જાય, બહાર ન નીકળી શકાય એવી બીમારી આવી જાય ત્યારે એ શું કહે ? પોતાના પુત્ર આદિને કહે કે આવી કમાણીના સમયે દુર્ભાગ્યે બીમારી આવી. મારે તો પડ્યા રહ્યા વિના છુટકો નથી, પણ તમે તો જાઓ. આ મોસમના દિવસ ગયા તો બધું ગયું. વરસ આખું ગયું. છોકરાઓ તથા કુટુંબીઓ પણ વૈદ ડૉક્ટરને લાવે અને કહે કે-ઝટ મટાડો, ઝટ ઉભા કરો. બે ચાર આની મટે, લાકડી લઈને ચાલી શકે એવો થાય, તોયે ઝટ વેપાર કરવા એ જાય. માંદો હોય ત્યારે પણ કુટુંબીઓ

પુત્રને કહે કે-પાસે બેસવા જેવું છે, તો પણ પિતા કહે કે-ના ભાઈ, તું તારે જા પણ મોસમને ન ગુમાવ. મુદ્દો એ છે કે-કયી ઈચ્છા ? કયી ભાવના ? સમજે છે કે-ત્યાં જવાનું જરૂરી છે. મોસમની કિંમત સમજે છે. મોસમના મર્મને સમજે છે. નથી જવાતું એ ખામી છે એમ માને છે. અહીં પણ આ દશા હોય, એ પથારીમાં પડ્યો નથી, પણ પડી રહેવું પડ્યું માટે પડ્યો છે. ઉભા થવાની શક્તિ નથી, અશક્ત છે, ઉભો થતાં ચક્કર આવે છે માટે પડી રહ્યો છે,- પણ એની નજર, વૃત્તિ તો મોસમ તરફ જ છે. તેવી જ રીતે ચારિત્ર મેળવવા માટે સમ્યગ્દૃષ્ટિ આત્માને પૂરી આતુરતા હોવી જોઈએ. ન મેળવાય માટે પશ્ચાત્તાપ કરે. કોઈ મેળવે એટલે એના આનંદની અવધિ ન હોય. સાથેનાઓ-સહચારીઓ, ઝટ એ મેળવે એ ભાવના હોય અને યથાશક્તિ પ્રેરણા પણ હોય.

**નિંદાપાત્ર કોણ ? ચઢીને પડેલો કે નહિ ચડેલો ?**

આ વસ્તુ બરાબર પરિણમે, તો દુનિયાની ચીજને જોવા પણ નહિ રહે. બંધનો તથાવિધપણે દૂર ન થાય ત્યાં સુધી તથાપ્રકારે તત્ત્વરમણતા થઈ શકે નહિ. ભણેલાઓ પણ અયોગ્ય સંસર્ગમાં મૂકાયા હોય તો ઝોક ખાઈ જાય. શાસ્ત્રે આત્માને ભાવુક દ્રવ્ય કહ્યું છે. એટલે એના ઉપર બાહ્ય સંયોગોની અસર થયા વિના રહેતી નથી. ઉંચામાં ઉંચો મહાવ્રતધારી

સાધુ, એને માટે પણ એમ કહ્યું કે-તેણે સ્ત્રી, પશુ, પંડક વર્જિત વસતીમાં રહેવું. ચઢતાને પડવાની બીક હોય, ચઢે જ નહિ એને બીક શી ? પડવાની બીક ચઢતાને કે નહિ ચઢતાને? ઉભેલાને કે બેઠેલાને ? બેઠેલાને કે સૂતેલાને ? પડે તે, કે જે ચઢ્યો હોય, ચઢતો હોય. ચઢેલો અગર ચઢતો પડે તે નિંદાને પાત્ર કે પડવાની બીકે ચઢતો જ નથી તે તિરસ્કારને પાત્ર ? પેલો પડ્યો, પણ ચઢીને પડ્યો. ચાખવાનું ચાખી આવ્યો, જોવાનું જોઈ આવ્યો. કોઈ કહે કે-'ફલાણો પડ્યો.' એને કહો કે-'તું તો અહીં જ છે ! એ તો એટલો ઉદ્યમ કરી પણ ચૂક્યો અને તું તો એદી જ રહ્યો. એ તો દિશા જોઈ પણ આવ્યો, એણે માર્ગ જોયો, હવે વળી જ્યારે એનું મન થશે ત્યારે ઉલટભેર જશે, પણ તું તો પગ ભાંગીને જ બેઠો છે!' સ્કુલમાં જનાર પાસ કે નાપાસ થાય, પણ ન જાય તેને પાસ કે નાપાસ થવાનું છે જ ક્યાં? નહિ જનારો કોઈ ઠોઠ 'ભલેને એ સ્કુલમાં ગયો, એણે વાંચ્યું તોયે નપાસ થયો. તો હું સારોને કે, વાંચતો જ નથી.' આ પ્રમાણે કહે તો ડાહ્યો માણસ એને એ જ કહે કે-'મૂર્ખા! તારામાં ને એનામાં ફેર છે. એ તો અમુક માર્ક ત્રુટવાથી નાપાસ થયો, પણ તું તો મીંડામાં રહ્યો.' આવું કહેવા છતાં પણ ઠોઠ તો એ ન જ જુએ. આ ઉપરથી પડેલાનો બચાવ કરવામાં નથી આવતો. પડેલાને માટે પણ જૈન શાસ્ત્રે ભયંકર શબ્દો કહ્યા છે. પડેલો પણ

ગબડ્યા કરે, તો એવો ગબડે કે-પત્તો જ ન લાગે. પત્તો લાગતાં લાંબો કાળ જોઈએ, પણ કહ્યું કે-એ પડેલો ગમે ત્યાં જાય, પણ ચઢવા માટે જ્યારે નિમિત્ત મળશે કે તરત ચઢશે, પણ પગ ભાંગીને બેઠેલો તો જવાનો જ નથી. પડેલાને જોવા કરતાં, એ જોવું જરૂરી છે કે-ચઢ્યા કેટલા ? ચઢે છે કેટલા ? ચઢનાર, ચઢી રહ્યા છે તે કેટલું ચઢ્યા ? પડેલા પણ કેટલું સાધી આવ્યા ? આજે એ બધું જોવું નથી ને કોઈ પડે, લાગ આવે તો પોતે જ એને પાડવામાં હિસ્સેદાર થયા હોય, અથવા ગમે તે પ્રકારે કોઈ પડે, તે માટે મોટા મોટા વિચારો કરવા છે અને બધી બુદ્ધિનો ખજાનો ખાલી કરવો છે. એટલે કે-પોતાની યોગ્યતા તપાસ્યા વિના પોતાને નિંદાજ કરવી છે અને વધુમાં એવા 'પતિત' કહેવાતાઓને પોતાની નાસ્તિક માન્યતાઓના પ્રચારમાં ભેળવવાની કૂટ નીતિઓ વાપરતાં, પેલાના સદ્ભાગ્યે નિષ્ફળતા મળે, ત્યારે એવા તરફ આંગળીઓ ચીંધી સન્માર્ગને અને એના પ્રચારકોને ભાંડવા છે. પણ જો બુદ્ધિપૂર્વક વિચારવામાં આવે તો સમજાય કે-નિંદાપાત્ર કોણ ? ચડીને પડેલો કે નહિ ચઢેલો?

**સમ્યગ્દૃષ્ટિ, ભાવીને પ્રધાનતા ન આપે.**

શ્રી નંદીષેણ પડ્યા, પણ ચઢ્યા તો પડ્યા. પડ્યા પડ્યા પણ એમની એ દશા તે ચઢવાને આભારી છે. ચઢતી વખતે પડવાની ભાવના ન હોય. 'પડાય તો શું ?'-એવી

પહેલેથી ભાવના રાખનાર તો લુચ્ચો કહેવાય. રણસંગ્રામમાં ગયા પછી ટકી ન શકાય અને કદાચ ભાગવાની ભાવના થાય એ વાત જુદી, પણ રણસંગ્રામમાં જતાં પહેલાં જ ભાગવાના માર્ગ, છીંડાં ગોતે, ભગાશે ક્યાંથી એ ગોતે, એ તો બહેતર છે કે-ન જ જાય. એવાઓથી કોઈ કાળે જીત ન થાય. શ્રી નંદીષેણજીને પડવાની ભાવના નહોતી. પડ્યા એ વાત ખરી, પણ ન પડાય માટે પૂરતા પ્રયત્ન કર્યા હતા. અંતે કર્મોદયે પડ્યા એ વાત ખરી. પડીને રહ્યા ક્યાં ? સામાન્યધર્મી પણ ન રહે ત્યાં ! વેશ્યાને ત્યાં. કેવી રીતે ? ઓઘો આઘો મૂકીને. પણ હૈયેથી એને ભૂલ્યા નહોતા. પોતે પ્રમત્ત બન્યા, ધર્મલાભના બદલે અર્થલાભ આપવાનો સ્વીકાર કર્યો માટે પડ્યા. સામાની અર્થલાભની માગણીમાં લલચાયા માટે પડ્યા. નીસરણીનું એક પગથિયું ચુકાય કે ગબડ્યો. સાધુ પાસે શું હોય ? ધર્મલાભ. કોઈ મારે એને પણ ધર્મલાભ, કોઈ પગે લાગે એને પણ ધર્મલાભ : ભિક્ષા લેવા જાય ત્યાં ભાવથી ભિક્ષા વહોરાવનારને પણ ધર્મલાભ અને 'નથી આપતા, ચાલ્યા જાઓ, બહાર નીકળો' એમ કહેનારને, અરે ધક્કા મારી કાઢનારને પણ ધર્મલાભ : 'આવો' કહેનારને પણ ધર્મલાભ અને 'જાઓ' કહેનારને પણ ધર્મલાભ : રાજી થનારને પણ ધર્મલાભ અને નારાજ થનારને પણ ધર્મલાભ ! સાધુ પાસે આ સિવાય બીજો આશિર્વાદ જ ન હોય. કોઈ મારવા આવે એનું

પણ કલ્યાણ થાઓ એ જ ભાવના. સૌનું કલ્યાણ થાઓ એ જ મનોરથ. એ ન હોય તો મહાત્માપણું ગયું. રહ્યું ક્યાં ? મુનિની પાસે જે આવે તે બધાને ધર્મલાભ દે. રંકને પણ ધર્મલાભ અને રાજાને તથા ચક્રવર્તીને પણ ધર્મલાભ ! ઈન્દ્ર આવે તો ઈન્દ્રને પણ એજ ધર્મલાભ ! મહાત્માઓએ આ એક જ ધ્યેય માટે આખી દુનિયાનો ત્યાગ કર્યો છે. એ ધ્યેયને મૂકીને મહાત્મા બીજું શું આપે ? શ્રી નંદીષેણ વેશ્યાના ઘરમાં ગયા, ધર્મલાભ દીધો, એ વખતે વેશ્યાએ કહ્યું કે-'અહીં તો અર્થલાભ જોઈએ.' શ્રી નંદીષેણ મુનિ- 'અમારી પાસે અર્થલાભ નથી'-એમ કહીને ચાલી ગયા હોત તો વાંધો હતો ? નહિ જ.

(સભામાંથી- ભાવિ.)

શ્રી નંદીષેણજીની બાબતમાં 'ભાવિ' એ વાત તદ્દન સાચી, બાકી સમ્યગ્દૃષ્ટિ આત્મા ભાવિને પ્રધાનતા ન આપે પણ ગૌણ કરે. જો ભાવિને જ પ્રધાન કરાય, તો તો પાપથી બચવાના ઉગ્ર પ્રયત્નોમાં મંદતા આવે. પ્રયત્ન કર્યા પછી સફળતા ન મળે તો જ ભાવિ. આંખે દેખનારો ઉપયોગ વિના ચાલે અને થાંભલે ટીચાય ત્યાં ભાવિનો વાંક કાઢવો, એ મૂર્ખાઈ છે. જોવા છતાં, કાળજી રાખવા છતાં, ટીચાય તો જ ભાવિનો વાંક ! સમ્યગ્દૃષ્ટિ આત્મા પુરૂષાર્થને પ્રધાન માને. એ તો કહે કે-'મને તત્ત્વની ખબર છે, પુણ્ય-પાપ જાણું છું,

આશ્રવના માર્ગ જાણું છું, કેમ બચાય એ જાણું છું, સંવરને કેમ સ્વીકારાય એ જાણું છું, બંધથી બચવાને શું કરવું તથા નિર્જરા કેવી રીતે કરવી એ જાણું છું, તો પછી જાણનારથી પ્રયત્ન વિના કેમ રહેવાય ?-પૂરતા પ્રયત્ન છતાં વિપરીત થાય તો સમજવું કે ભાવિ ભયંકર છે, જો આમ ન થાય અને માત્ર ભાવિને જ પ્રધાનતા અપાય, તો પુરૂષાર્થની મહત્તા એકદમ ઘટી જાય.

**મુનિ ગૃહસ્થ કરતાં ઉંચી કોટિના શાથી ?**

શ્રી નંદીષેણ મુનિવરના પ્રસંગમાં તો ભાવિ માન્યું. પણ તેમાંય નિમિત્ત કયું એ વિચારો. 'અર્થલાભ' દેવાની ઈચ્છાના નિમિત્તે પતન થયું. અર્થલાભ દેવા આતુર ન થયા હોત, તો પતન થાત ? માગનારાને રાજી રાખવા માટે જે પોતાપણું ગુમાવે છે, તે ખરેખર બધું જ હારી જાય છે. માગણી કરનાર તો અજ્ઞાન છે, માટે ગમે તે માગે,-પણ આપનારે સાવધ રહેવું જોઈએ. માગે તે અપાય ? કમ્પાઉન્ડરની પાસે શીશા તો ઘણાયે પડ્યા હોય, દરદી કહે કે-મોટા શીશામાંથી આપો તો એ આપે ? નહિ જ, એ તો ડોકટરે લખી આપ્યું હોય તો જ આપે. એના માગ્યા મુજબ આપે અને કાંઈ થાય તો શું થાય ? ડોકટર કારણ પૂછે અને તે એમ કહે કે-'દરદીએ એ માગ્યું હતું માટે આપ્યું.' તો ચાલે ? ડોકટર તરત

કહે કે-'દરદી માગે તે આપવા તમને રાખ્યા છે કે હું લખી આપું તે આપવા તમને રાખ્યા છે ? પણ કહોને કે-સમજદાર કમ્પાઉન્ડર બીજું આપે જ નહિ. કારણ કે-એને પોતાની નોકરી અને સ્થિતિની દરકાર છે. દવા પણ આપે તે પ્રમાણ હોય તે મુજબ માપ માપીને જ આપે, પણ અનુમાનથી ન આપે : બહુ અનુભવ થયો હોય, અનુમાનથી આપે, તે પણ માપ મુજબ જ આપી શકતો હોય તો તે વાત જુદી છે. પણ એમ કરતાં દરદીને નુકસાન થાય તો એનો એ બચાવ કોઈ સાંભળે નહિ, એ ડીસમીસ થાય. યાચક માગે તે આપવું એ દાતાનું કામ ન કહેવાય, પણ યોગ્ય અને સામાનું હિત થાય એવું દાતા યાચકને આપે. સલાહ પણ શ્રેયસ્કર કહેવાય. મુનિ પાસે તો દેવાનો એક ધર્મલાભ જ છે. મુનિ પાસે એક ધર્મ જ છે. તમારી પાસે થોડા થોડા ધર્મ, અર્થ અને કામ એ ત્રણે છે. અમારી પાસે પણ એ ત્રણે થોડા થોડા હોય, તો તમે અમારી સામે આ રીતે બેસો ? નહિ જ. કારણ કે-બેય સરખા, અંતર શું ? તમારી પાસે ત્રણ : ધર્મ, અર્થ અને કામ-અને અમારી પાસે એક ધર્મ. એકવાળો વધારે શ્રીમાન્ કે ત્રણવાળો ? તમારી પાસે પેલા બે જે અર્થ અને કામ છે, તે પેલા પહેલાને બગાડનારા છે. તમે ધર્મ ઉપર મક્કમ ન રહો, એ બેથી બચવાનો પ્રયત્ન ન કરો, તો ધર્મ બચે નહિ. પેલા બે એવા છે કે-ખરાબ કરી નાખે. તમારી પાસે ત્રણ છે માટે, એટલે અંશે

ઉતરતી કોટિના. મુનિ પાસે તો ધર્મ જ, માટે તે ઉંચી કોટિના. એ બે વચ્ચે અંતર કેટલું? શાસ્ત્ર કહે છે કે-મેરૂ અને સરસવ જેટલું ! શાથી ? એથી જ કે-ગૃહસ્થ અર્થ-કામમાં ગુંચાયેલો છે. સાચો ગૃહસ્થ પણ અર્થ-કામ દેવાનો રસીયો ન હોય. અર્થ દે તે પણ ભક્તિ માટે, સામાના શ્રેય માટે, સામાને ધર્મમાં સ્થિર કરવા માટે ! મુનિ પાસે ધર્માર્થી શા માટે આવે છે ? બબ્બે કલાક સાંભળવા આવો એનું કારણ એક જ હોવું જોઈએ કે-તમારામાં પેલા અર્થ અને કામ અધિક ઘુસેલા છે ને ઘુસી રહ્યા છે, તે નીકળી જાય અને એ બેને લઈને ધર્મમાં મંદ પડ્યા છો તે તેજ થવાય. ધર્મની ઈચ્છા છતાં, ધર્મને સારો માન્યા છતાં, પેલા બેના સહયોગે જે ધર્મ નથી થઈ શકતો, તે ધર્મ કરી શકાય અને અર્થ-કામની મમતા જે છુટતી નથી એ છોડી શકાય. આથી સ્પષ્ટ જ છે કે-જેની પાસે એકલો જ ધર્મ છે, એને ધર્મલાભ સિવાય બીજું આપવાનો અધિકાર નથી.

**પ્રાયશ્ચિત્તની યોજના શા માટે ?**

મુનિ, ધર્મ સિવાય અર્થ-કામ વિગેરે દેવા જ માંડે, તો દાતાર મટી ઘાતક થઈ જાય. મુનિ પાસે તો એક ધર્મ જ છે. અને એ દેવામાં કોઈનું પણ અહિત થવાનો સંભવ નથી જ. સારી અને ખોટી મિશ્રિત ચીજ હોય, ત્યાં દાન દેતાં વિચાર કરવાનો, પણ માત્ર સારૂં જ

હોય ત્યાં વાંધો શો ? પથરાના ઢગલામાં પડેલા હીરાને લેવો હોય તો ઝવેરીનું કામ પડે, કેમકે-હીરો લેતાં પથરો ન આવી જાય, એ માટે ઝવેરીની જરૂર, પણ હીરાના ઢગલામાંથી હીરા લેવા હોય તો તો ખોબા જ ભરાય. સામાન્ય માણસે હીરો લેવો હોય તો સીધું ઝવેરીને ઘેર જવું પડે. ભય તો નહિ ? સારી ને ખોટી બે ચીજ હોય ત્યાં વિચાર. વૈદ તો બધી માત્રા બતાવે, જુદાં જુદાં પથ્ય હોય તે પણ બતાવે, પણ આપે યોગ્યને ! તેમ મુનિ પણ સર્વવિરતિ ક્યારે આપે ? અર્થ અને કામનો તદ્દન ત્યાગ કરીને આવે ત્યારે ! રાતી પાઈ પણ ન રખાય, એમ માનીને આવે ત્યારે ! સર્વવિરતિને આપનારી 'કરેમિ ભંતે' ક્યારે ઉચ્ચરાવાય ? ત્યારે જ, કે જ્યારે શરીર ઉપર વાલની વીંટી પણ ન હોય. માબાપને, બંગલાબગીચાને ભૂલે ત્યારે ! દેવાનું બધું પણ શરત ખરી. જીવતાં સુધી બધું મૂકવું પડે. મનથી, વચનથી, અને કાયાથી. કાયાથી એ કે-હવે ઘરમાં નહિ જવાય, વચનથી ઘર મારૂં નહિ બોલાય અને મનથી ઘર મારૂં નહિ ગણાય. આ પથ્ય. ચીજ બધી દેવાય, પણ સામાનું એકાંતે કલ્યાણ થાય તેવી. વૈદ માત્રા આપે, પણ કહે કે, 'તેલને આંગળી પણ નહિ અડાડાય. ઘી, ઘઉં, દૂધ સાકર વગેરે કાંઈ નહિ ખવાય. જો બીજું ખાઈશ તો મારી માત્રા ફુટી નીકળશે, કીડા પડશે, પાછું વારણ નહિ થાય, બચાવ નહિ થાય, બચાવની એક પણ

બારી નહિ રહે અને મસાણે (સ્મશાને) જવું પડશે.' જો કે વૈદ કુટુંબીને કહે તો જાય કે-કંઈ ગોટાળો થાય તો તરત ખબર આપજો, પણ એ વાત બનતાં સુધી દરદીને તો ન જ કહે. દરદીને તો ચોખ્ખું આવું જ કહે. વૈદ પાસે વારણ તો હોય. વારણ ન હોય એ વૈદ નહિ. એવા વૈદની દવા ખાવી નહિ : જે પ્રતિકાર ન કરી શકે, તેવો ઉપકારી ન જોઈએ. આપ્યા પછી ફેરફાર થાય તો સુધારો કરી શકે, એવો ઉપકારી જોઈએ. શાસ્ત્રે એટલા માટે તો પ્રાયશ્ચિત્ત રાખ્યાં. પ્રાયશ્ચિત્ત લેવાં પડે એવી ક્રિયા કરવી જોઈએ નહિ, પણ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત છે, કારણ કે-છદ્મસ્થમાત્ર ભૂલને પાત્ર છે. તમારી પાસેની કેટલીયે ચીજો આપવા જેવી નથી અને ભોગવવા જેવી પણ નથી. પણ મુનિ જો પોતાના મુનિધર્મમાં નિષ્ઠ રહે તો એની પાસે ઘાતક એક પણ ચીજ નથી. આથી ઉઘાડું જ છે કે-મુનિથી ધર્મલાભ સિવાય બીજું કંઈ કહેવાય નહિ. વેશ્યાએ અર્થલાભ માગ્યો. મુનિ 'અર્થલાભ નથી' કહીને ચાલ્યા ગયા હોત, તો કંઈ નહોતું,-પણ શ્રી નંદીષેણ મુનિવરને ત્યાં કર્મોદયે અહંકાર આવ્યો. 'શું મારી પાસે અર્થલાભ નથી ?' એમ થયું. 'શું હું કમ છું ?' એમ થયું. 'મારી પાસે અર્થલાભ નથી'-એમ કહેવામાં શરમ શી ? સાધુને કોઈ ભીખારી કહે, તો સાધુ વાંધો માને? નહિ જ. ભીખારી બે જાતના. એક પેટભરા અને એક આત્મભરા. પેટભરા ભીખારી અહીં

કલ્પે નહિ. ચક્રવર્તિને પણ આ દેવાય અને ભીખારીને પણ આ દેવાય. પણ ક્યારે ? ચક્રવર્તી ચક્રવર્તીપણું મૂકે અને ભીખારી ભીખારીપણું મૂકે ત્યારે ? ચક્રવર્તીથી 'હું રાજા' એમ ન કહેવાય અને ભીખારીથી 'રોટલા આપો' એમ ન કહેવાય. ચક્રવર્તીમાં 'ચક્રવર્તીપણું' એ ખામી અને ભીખારીમાં 'ભીખારીપણું' એ ખામી છે. એ ખામી નીકળી જાય ત્યારે જ પ્રભુમાર્ગની સર્વવિરતિ સ્વીકારી શકાય અને તે દ્વારા વાસ્તવિક આત્મકલ્યાણ સાધી શકાય.

**મુનિને ધર્મદાનનો જ અધિકાર છે.**

'સર્વવિરતિ' ના સ્વીકાર પછી જીવન તન્મય જ બનવું જોઈએ. સર્વવિરતિનો ધરનાર મુનિ જે દાન કરે છે, એ દાન તો આત્માને અવશ્ય ઉપકારક જ છે, કારણ કે-મુનિને ધર્મદાન સિવાયના બીજા દાનનો અધિકાર જ નથી. 'શું મારી પાસે અર્થ નથી ?' એ ભાવના 'શ્રી નંદીષેણ' જેવા મુનિવરને પણ પાડનારી થઈ, માટે જેનો મેળ મળી ન શકે, તે મેળ મેળવવાની ઈચ્છા પણ ન કરવી જોઈએ. શ્રાવક તથા સાધુને કેવો અને કેટલો મેળ ? કહેવું જ જોઈએ કે-ધર્મ પૂરતો જ ! તમારા વેપાર, રોજગાર, બજાર, ભાવ, તાલ, માલ, આવક, જાવક, પૈસો, ટકો, બંગલા, બગીચા, વારસ, છોકરાં, છૈયાં, વિ. જાણવાનું મુનિને કામ નથી. 'પૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણાદિ તમે કરો છો કે નહિ જ, એ જ મુનિ જાણે.

એ જાણવાને વાંધો નહિ, કારણ કે-ધર્મનું સેવન અને ધર્મનો પ્રચાર એ જ મુનિનું ધ્યેય હોય છે. સાધુ-શ્રાવકે પરસ્પરની નીતિ રીતિ જાણવાની જરૂર છે. તમે તમારી ફરજ સમજો. જેને સાધુ માનો, તેના પ્રત્યે કયો વર્તાવ રાખવો જોઈએ, એ બાબતમાં શાસ્ત્રસિદ્ધ મર્યાદાઓનો અભ્યાસ કરો. તમારી દુનિયાની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર મુનિને નથી, તેમ તમારાથી મુનિને એમાં ન જ નાખી શકાય. તમારે તો મુનિને એમ કહેવું જોઈએ કે-''અમે આધિ, વ્યાધિ તથા ઉપાધિથી સળગી રહ્યા છીએ, અમને ધર્મરૂપ નીરથી કાંઈ ઠંડા પાડો !'' આ એક જ માગણી પૂરી પાડવાનું કામ મુનિનું છે. શ્રી નંદીષેણે અર્થલાભ દીધો તો ઓઘો ખીંટીએ મૂકી વેશ્યાને ત્યાં રહ્યા, અને સંયમથી પતિત થયા. લબ્ધિના જોરે સાડાબાર ક્રોડ સોનૈયા વરસાવ્યા, વેશ્યા વળગી, ''હવે તો અહીં રહીને ભોગવો, નહિ તો આ સોનૈયા ગાડાં ભરીને સાથે લઈ જાઓ !'' મુનિ નમેલા તો હતા જ, વધુ નમ્યા. ત્યાં બેઠા વેષ દૂર કર્યો. પણ ચઢેલા હતા, વર્ષો સુધીની આરાધના હતી એના યોગે આત્મા ડંખ્યો, અને પરિણામે અભિગ્રહ કર્યો કે-'રોજ દસને આના (ચારિત્રના, પ્રભુમાર્ગના) રંગી બનાવું નહિ ત્યાં સુધી જમું નહિ !'

**પડતાને ટેકો આપો !**

હવે વિચારો કે-સાધુપણું મૂકીને વેશ્યાને ત્યાં બેઠેલા પણ વસ્તુના રાગીને નિયમ હોય તો સાધુપણામાં રહેલાને આ (સંયમ) આપવાની, આ કોઈ લે તેવા પ્રયત્નો કરવાની, ઓઘો વારંવાર બતાવવાની, આ વસ્તુ તરફ આકર્ષવાની ભાવના થાય અને એમ વર્તે, તો એમાં આની (ઓઘો વારંવાર બતાવવો એ ઓઘાની આશાતના છે, એમ એક સાધુએ કહ્યાની વાત આવી હતી.) આશાતના શી ? વેશ્યાને ત્યાં રહેનારની આ ભાવના શાથી ? કહેવું જ પડશે કે-સ્વાદ ચાખીને આવ્યા હતા એથી. એથી જ એમને એમ થયું કે-એ સ્વાદ ચાખવા બીજાને પણ મોકલું. તો મુનિપણામાં સ્થિર રહેલ મુનિ ઓઘો બતાવે, ઓઘો યાને રજોહરણ આપવાના પ્રયત્નો કરે, એ તરફ આકર્ષે, એમાં આશાતના શી ? આ મુનિપણાનો વેષ તો શ્રાવકે ઘરે રાખવો જોઈએ. એ તમે રાખવો બંધ કર્યો, માટે મેં બતાવવો શરૂ કર્યો છે. શાસ્ત્ર કહે છે કે-શ્રાવક ઘેર આ વેષ રાખે, પૂજે, હાથ જોડે, ભાવના કરે કે-ક્યારે પામું ? આ રીત તમે બંધ કરી, એટલે મેં બતાવવું શરૂ કર્યું. એમાં આશાતના શી ? શ્રી નંદીષેણે સંયમ મૂક્યું, પણ સંયમના રસીયા હતા. વેશ્યાને ત્યાં રહી દશને પ્રતિબોધે એ હૈયામાં વૈરાગ્ય કેટલો ભર્યો

હશે ? શ્રાવકની કે સાધુ થનારની કે સાધુની ભાવના શુદ્ધ જોઈએ. સંસારમાં અસારતાની માન્યતા જોઈએ. રોજ સંયમશુદ્ધિની ભાવના જોઈએ, હૈયું શુદ્ધ જોઈએ. વિનયરત્નની જેમ કપટથી ચારિત્ર પાળનાર ન જોઈએ. શ્રી નંદીષેણ ઘણા વખત સુધી એ રીતે રહ્યા અને રોજ દશને પ્રતિબોધ પમાડતા. છેલ્લે એક દિવસ એક મળ્યો. એ દિવસે નવ તો ગયા, પણ એક માને નહિ. એ એક કહેવા લાગ્યો કે,-''બધી વાત સાચી, સંસાર ખોટો, વિષયો વિષ જેવા, બધું કબૂલ, પણ તમે કેમ પડી રહ્યા છો ?'' શ્રી નંદીષેણે સમજાવ્યું કે-''કર્મોદયે પતિત થયો છું, પણ માર્ગ એ છે.'' રકઝક ચાલી. રસોઈ તૈયાર થઈ એટલે વેશ્યા બોલાવવા આવી કે,-''રસોઈ ઠરી જાય છે, જમવા ચાલો, ક્યાં સુધી રકઝક કરશો ?'' શ્રી નંદીષેણે કહ્યું કે-''આ દશમો માનતો નથી.'' વેશ્યાએ કહ્યું-''દશમા તમે થાઓ.'' મુનિને રાગ તો હતો જ, માત્ર નિમિત્તની જ જરૂર હતી. તરત ઉભા થયા, વેષ પહેર્યો, વેશ્યાએ ઘણું કહ્યું, પણ હવે એ ઓછા જ પાછા વળે ? તરત ગયા. ગુરૂ પાસે જઈ પ્રાયશ્ચિત્ત લઈ, આલોચના કરી, ફેર દીક્ષા લીધી. ચઢે એ પડે પણ ખરા, માટે ચઢીને પડેલાની ઠેકડી કરવા કરતાં ચઢનારનાં દૃષ્ટાંતો જૂઓ : ચઢનારાની ભાવનાવાળાને ટેકો આપો : ચઢવું સારૂં એમ માનો : ચઢતાને

ચઢવા દ્યો ને પડતાને ઝીલો ! ચઢેલાને હાથ જોડો, ઝુકો. ચઢવા ઈચ્છનારાને સલાહ આપો, પ્રેરણા કરો, સહાય આપો, સામગ્રી આપો, ગબડે તો ઝીલો. શ્રી મેઘકુમાર જ્યારે દીક્ષાની રજા લેવા આવે છે, ત્યારે માતા કહે છે કે-'આ પડ્યા તે પડ્યા' ત્યારે શ્રી મેઘકુમાર કહે છે કે-'મા ! તને ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાંથી આ જ દૃષ્ટાન્ત જડ્યાં ? હજારો, સંખ્યાબંધ ચઢ્યા, ચઢી રહ્યા છે તે ન દેખાયા ?' આવું કહેનાર શ્રી મેઘકુમાર પહેલી રાત્રે પડ્યા અને ભગવાને ટકાવ્યા, પણ ભગવાને એમ તો ન જ કહ્યું કે-''તું તારી માને મ્હોંઢે તો ડાહી ડાહી વાતો કરતો હતો અને આમ કેમ ? જા, જા. પાળ્યું એ તો !'' પણ ભગવાને તો એમને ટકાવી લીધા અને તરત જ શ્રી મેઘકુમારે આંખો સિવાય શરીર માત્રની પરિચર્યા ન કરવાનો અભિગ્રહ કર્યો.

**ચઢતાના પગ ન ખીંચો !**

વૈભારગીરિ પર શ્રી શાલીભદ્રજી તથા શ્રી ધન્નાજીએ અનશન કરેલ છે, તે વખતે શ્રી શાલિભદ્રજીની માતા પોતાની પુત્રવધૂઓ સાથે વંદન કરવા ભગવાન પાસે આવે છે. ત્યાં શ્રી શાલીભદ્રજી તથા ધન્નાજીને ન જોતાં, ભગવાનને પૂછ્યું. ભગવાને અનશનની વાત કરી.

ભગવાને કહ્યું કે, ''તમારે ત્યાં આહાર લેવા ગૌચરી આવ્યા હતા, પણ તમે અહીં આવવાની ધમાલમાં એમને જોઈ ન શક્યાં, તેઓ તો પારણું કરી વૈભારગીરિ ઉપર ગયા અને ત્યાં અનશન લીધું છે.'' ત્યાંથી માતા તથા બત્રીસે સ્ત્રીઓ રોતી રોતી ત્યાં જાય છે. ત્યાં જઈને પણ સખ્ત આક્રંદ કરે છે. એવું રૂદન કરે છે કે-પક્ષીઓ પણ રોવા લાગ્યાં. વિલાપ કરતી માતાને શ્રી શ્રેણિક મહારાજા તથા શ્રી અભયકુમાર કહેવા લાગ્યા કે-હે જગત્પૂજ્યે જનની! જેનો આવો પુણ્યશાળી દીકરો અને જમાઈ, તે આવે સમયે આક્રંદ કરે ? અત્યારે આ બેય પુણ્યશાલીઓ, ભગવાન્ શ્રી મહાવીરદેવના શિષ્ય તરીકે મુક્તિમાર્ગની આરાધના કરી રહ્યા છે. હે માતા ! તમે પ્રભુના માર્ગને સમજો છો, તમારાથી આમને મોક્ષમાર્ગની કાર્યવાહીમાં વિઘ્ન કરાય ? એમનો માર્ગ નિર્વિઘ્ન થાય એવો આશીર્વાદ આપો !' તેત્રીસેનાં આંસુ સુકાઈ ગયાં. આજના કહેવાતા સુધારકોમાંનો કોઈ ત્યાં હોય તો ? તમારામાં પણ જે કોઈ એવા છે, એમાંનો કોઈ ત્યાં ભૂલેચુકે ભેટી ગયો હોય તો ? શું કહે ? એજ કે-''છે કાંઈ દયા? મા રૂએ છે તોયે હૈયું પીગળે છે ? દીકરા આવા હોય ? આ ધરમ ? આવો ધરમ કોણે કહ્યો ? શીખવાડ્યો કોણે ?'' આ પ્રમાણે કહી ભેગા પોક મૂકે. પણ આ કોણ હતા ? શ્રી

શ્રેણિક મહારાજા અને શ્રી અભયકુમાર બન્ને ભગવાન્ શ્રી મહાવીરદેવના માર્ગના મર્મને સમજનારા અને સાચા ભક્ત હતા. પડતાને ચઢાવવા એ આનું નામ. શ્રી શ્રેણિક મહારાજા તથા શ્રી અભયકુમાર બન્નેય ક્રિયાની અંતિમ આરાધનાનું સ્વરૂપ સમજતા હતા. આ પ્રસંગે વિલાપ ચાલુ રહે, અનશન કરનારનું ધ્યાન ભગ્ન થાય, તો સમીપ રહેલી સદ્ગતિ ઉડી જાય અને ઉલ્ટી ગતિ બગડે. એટલે શ્રી શાલિભદ્રજીની માતાને સ્તુતિ દ્વારા માર્ગનું ભાન કરાવ્યું અને એ પુણ્યશાલી માતાએ પણ એકદમ વિલાપ બંધ કરીને કહ્યું કે-''તમે ભગવાન્ મહાવીરના પુત્રો છો. આત્માને માટે આજ માર્ગ શ્રેયસ્કર છે. અમારા આક્રંદમાં પણ તમે અડગ રહ્યા, એ જોઈ આનંદ થાય છે. તમારો માર્ગ નિર્વિઘ્ન હો ! વિલાપ કરી તમારી કરેલી આશાતનાની માફી માગીએ છીએ.'' કેવી ઉમદા ભાવના થઈ ? પ્રતાપ કોનો ? શ્રી શ્રેણિક મહારાજા તથા શ્રી અભયકુમારનો ! માટે કહું છું કે-ચઢાવો, ચઢવાની સલાહ આપો, ચઢતાને સહાય કરો, એ ન બને તો ચઢતાને પગ પકડીને નીચે તો ન જ પટકો. એક આદમી ઉંચી ભાવનાવાળો હોય, એને પાંચ હજાર પાડવાની પેરવી કરે, તો પછી એ ટકે ક્યાં સુધી ? 'ઘરની કનડગત જુદી, બહારની જુદી : ચારિત્રની ભાવનાવાળો બન્યો કે ઠેકડી શરૂ થાય : 'આ ઘરમનું

પૂછડું' વિગેરે વિગેરે બોલાય : આ રીતે ઘરની ધમાલ જુદી, બહારના નામચીન બોલે એ જુદા, લખનાર-બોલનાર ભાંગડો વાટે એ જુદા અને પાછા ગપગોળા ચાલે તે જુદા'-આ દશામાં સંયમના પરિણામ ટકાવવા કેટલા મુશ્કેલ ? આવી મુશ્કેલીઓના યોગે કોક ગબડે, તો કહે કે-''જોયું ! નહોતા કહેતા ?'' પણ વિચારે નહિ કે-એ તે પડ્યો કે પાડ્યો ? સીડી ચઢનાર સામે મ્હોંઢે ચઢે અને પાછળથી ટાંટીઓ પકડીને ખીંચીને કોઈ પટકે, ત્યાં થાય શું? હાથનું દોરડું છીનવી લઈ, ટાંટીઓ પકડી પટકે, પછી કહે કે-'પડ્યો.' આવી સ્થિતિમાં આજે ધર્મના પરિણામ સાચવવા મુશ્કેલ છે. ભલભલા ધર્મીનાં પણ ચિત્ત વિહ્વળ થયા વિના રહી શકે તેમ નથી. ઘોંઘાટ, ગપગોળા, આડીઅવળી વાતો, અસભ્ય લખાણ અને વચનો વિગેરે સાંભળીને કંપી ઉઠે અને એમ થાય કે-'નિર્વાહ કેમ થશે ?' પહેલાંના પુરૂષો ચઢનારાને ચઢવા દે. પડવાની તૈયારીમાં હોય એને પણ એવી શીખામણ દે કે-પડતાં બીએ, પાછો સ્થિર થાય અને કદાચ કોઈ પડે તો પણ આશ્વાસન દે કે-'હોય, કર્મે ઉછાળો માર્યો, માર્ગ જોયો છે તો ફેર જવાશે.' આજે તો ચઢનારને પાછળથી ટાંટીઓ પકડી પટકે. આ દશા ઘણીજ ભયંકર છે, માટે કહું છું કે-ચઢતાના પગ ન ખીંચો !

## ❖ ૪૦ ❖

**જ્ઞાનીના વર્તનમાં પ્રશ્નો જ ન હોય.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા ફરમાવે છે કે-શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગ શિવાય સાચો વિવેક જાગતો નથી : એ જાગે નહિ ત્યાં સુધી હેય તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન થતું નથી : અને એ હેયોપાદેયનું જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઘટતા નથી : તેમજ એ ઘટે નહિ ત્યાં સુધી સુખ દુઃખ દૂર થતું નથી અને સુખની ભાવના ફળતી નથી. એટલા માટે સુખના અર્થિએ, સુખના અર્થિ માટે શ્રી અરિહન્તદેવના વચનનો જ અનુયોગ કરવો જોઈએ. શ્રી અરિહન્તદેવની વાણીને ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે,-જેમાં 'ચરણકરણાનુયોગ' મૂખ્ય છે. અને એ 'ચરણકરણાનુયોગ'નું મૂખ્ય પ્રતિપાદક, આ 'શ્રી આચારાંગ' નામનું પ્રથમ અંગસૂત્ર છે. તે પરમપદની પ્રાપ્તિમાં હેતુભૂત છે, માટે વિઘ્નમય છે, અને એટલા માટે મંગલ અવશ્ય કરવું જોઈએ. એટલે તે મંગલ-'આદિમંગળ, મધ્યમંગળ અને અંતમંગળ'-એમ ત્રણ રીતે આ સૂત્રની અંદર કરવામાં આવ્યું છે. આદિમંગળરૂપ પ્રથમ સૂત્રમાં અર્થથી દ્વાદશાંગીના પ્રણેતા ભગવાન્ શ્રી મહાવીરદેવનું સ્મરણ તથા એ તારકની આજ્ઞાની આધીનતા અને એ તારકની આજ્ઞામાં જ કલ્યાણ,-એવો નિરધાર કરીને

કરેલું મંગળ, એ જેવું તેવું મંગળ નથી. તારકને નમસ્કાર શા માટે કરવાનો ? આધીનતા બતાવવા ! જ્યાં આધીનતા હોય, ત્યાં જ સાચો નમસ્કાર સંભવે છે. નમસ્કાર, સેવા કે પૂજા કરતાં પણ આજ્ઞાધીનતાની કિંમત વધી જાય છે. હવે પ્રશ્ન એ છે કે-'એ આદિમંગળ શા માટે ?' એનો ઉત્તર એ છે કે-સૂત્રાર્થના પારને પામવામાં પણ વિઘ્નો હોઈ શકે છે, માટે નિર્વિઘ્નપણે ઈચ્છિત શાસ્ત્રાર્થના પારને પામવા માટે છે : 'મધ્યમંગળ' તરીકે 'લોકસાર' નામના પાંચમા અધ્યયનના પાંચમા ઉદ્દેશામાં આવતા સૂત્રથી હદના ગુણોથી આચાર્યના ગુણોનું ઉત્કીર્તન કરવામાં આવ્યું છે. 'આચાર્ય' પણ પરમેષ્ઠિ મંત્રમાં ત્રીજે પદે બીરાજે છે: માટે એમના ગુણોનું સમુત્કીર્તન, એ પણ મંગળરૂપ છે. અને એ 'મધ્યમંગલ' અભિલષિત શાસ્ત્રના સ્થિરીકરણને કરવા માટે છે : 'અંતમંગલ' રૂપ 'ઉપાધાનશ્રુત' નામના નવમા અધ્યયનમાં આવતું છેલ્લું સૂત્ર છે : કારણ કે-તે ધ્યાન કરાવનારૂં છે. ધ્યાન, સંસારરૂપ મહાતરૂના સ્કંદનો છેદ કરાવવા દ્વારા પરમપદની પ્રાપ્તિમાં હેતુભૂત છે, માટે એ મંગળરૂપ છે. અને એ 'અંતમંગલ'-આ શાસ્ત્ર અને તેનો અર્થ શિષ્યપ્રશિષ્યની પરંપરામાં અવિચ્છિન્નપણે ચાલુ રહે એ માટે છે !

(સભામાંથી૰ શ્રી ગણધરદેવ તો જ્ઞાની હતા : તો પછી તેઓને મંગલની આચરણા

કરવાની શી જરૂર ?)

જ્ઞાની પુરૂષોની આચરણાઓ અનેક હેતુથી હોઈ શકે છે. 'મંગલ કરણીય છે'-એ વસ્તુનો શિષ્યજનને બોધ કરાવવા માટે પણ હોઈ શકે. એવા એવા અનેક હેતુઓની કલ્પના જ્ઞાનીની આચરણાઓમાં કરી શકાય. બીજું-'જ્ઞાની જાણતા હતા માટે શું કામ મંગળ કરે ?'-એ પ્રશ્ન જ ન હોઈ શકે : કારણ કે-જ્ઞાની એમ પણ જાણતા હતા કે-'મંગળ કરવું જોઈએ અને મંગલના યોગે નિર્વિઘ્ન સમાપ્તિ વિગેરે થશે.' માટે જ્ઞાનીની વાતોમાં આવા પ્રશ્નો જ ન હોય. જ્ઞાની જેમ એમ જાણતા હતા કે-'આ થવાનું છે' તેમ એમ પણ જાણતા હતા કે-'આમ કરવાથી આ થવાનું છે.' શ્રી તીર્થંકરદેવો તો ગર્ભથી જ બધી વાતો જાણે : જન્મસમય, દીક્ષાકાળ, કેવળજ્ઞાન-પ્રાપ્તિ ક્યારે થશે તે અને નિર્વાણનો સમય, એ બધું જ જાણે : એ જાણે કે-મુક્તિ થવાની છે, પણ સાથે એ પણ જાણે કે-દીક્ષાના યોગે, ઉપસર્ગાદિ સહેવાપૂર્વક, તપશ્ચર્યાથી નિર્જરા કરવા દ્વારા ક્ષપકશ્રેણિના યોગે કેવળજ્ઞાન મેળવ્યા બાદ જ મુક્તિ થવાની છે. 'ભગવાન્ શ્રી મહાવીરદેવ જાણતા હતા કે-બહોંતેર વર્ષની વયે મુક્તિ થવાની છે, તો ચારિત્ર શું કામ લીધું ?' આમ પૂછનારને કહેવું કે-'મુક્તિ જવાનો છું'-એમ જે રીતે જાણતા હતા, તેમ સાથે સાથે એમ પણ જાણતા હતા કે-'રાજપાટ છોડી, ત્યાગ

સ્વીકારી, ઉપસર્ગાદિ સહન કરી, કેવળજ્ઞાન મેળવ્યા બાદ જ મુક્તિ મળવાની છે.' અને-'તેઓ અમૂક વયે કેમ નીકળ્યા ?'-એનો પણ ઉત્તર એ જ કે-'એ જાણતા હતા તે વયે નીકળ્યા' અને 'અમૂક વય સુધી કેમ ન નીકળ્યા ?' આનો પણ ઉત્તર એ જ કે-'એ પણ જાણતા હતા કે-ત્યાં સુધી નીકળવાનું નથી, માટે ન નીકળ્યા.' અર્થાત્ જ્ઞાની જાણે તેમ કરે, તેમાં અજ્ઞાનીઓ માટે પ્રશ્નને સ્થાન જ નથી.

**કયો જ્ઞાની કર્મ ખપાવે ?**

સાચું જ્ઞાન કે સાચા જ્ઞાનના સ્વરૂપનું જ્ઞાન નથી, એથી જ એવા એવા પ્રશ્નો થયા કરે છે. શ્રી જૈનશાસનમાં ક્રિયારહિત જ્ઞાનની કિંમત નથી, કારણ કે-શ્રી જૈનશાસને જ્ઞાનને નિર્જરા માટે સ્વીકાર્યું છે. જે જ્ઞાન બંધનું કારણ થાય, એ જ્ઞાન વસ્તુતઃ જ્ઞાન નથી. આ એક જ્ઞાનની કસોટી છે. જે જ્ઞાનથી આત્મા વિષયકષાયમાં વધુ લેપાય, વિષયકષાય તરફ વધુ ઢળે, તો એ જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમ્યું કહેવાય. અને એ જ કારણે-'અભિમાન' એ જ્ઞાનનું અજીર્ણ કહેવાય છે. એ 'અભિમાન' રૂપ અજીર્ણ બધાને થાય એ કાયદો નથી, પણ જેને જેને જ્ઞાન તે રૂપે ન પરિણમે, તેને થવા સંભવ છે. માટે જ્ઞાનીએ સાવચેત રહેવું, એ તો જરૂરી જ છે. બધાને જ થતું હોત, તો તેને અજીર્ણ ન કહેવાત, પરંતુ કંઈક એને પચાવી શક્યા છે

અને એના યોગે કલ્યાણ સાધી ચૂક્યા છે. એટલે જે ભણતરથી આત્મા વિષય-કષાયમાં લીન બને અને અભિમાન જેથી આવે તે અજીર્ણ ! બાકી જેમ જેમ જ્ઞાન વધુ ને વધુ આવતું જાય, તેમ તેમ વિષય-કષાયની ભાવના મંદ પડતી જ જાય છે. જ્ઞાનપ્રાપ્તિના પરિણામે જો 'અભિમાન' આવે, તો સમજવું કે-'જેવું જોઈએ તેવું જ્ઞાન પરિણામ પામ્યું નથી.' જ્ઞાન, એ માત્રા છે. માત્રા લીધા પછી પથ્ય ન પળાય, તો ફુટે એમાં નવાઈ પણ શી ? લેતાં ભાવના સારી હોય, લીધું હોય પણ વિનયથી, પરન્તુ લીધા પછી-'હું પણ કાંક છું'-એમ થાય, તો પણ પરિણામ ભયંકર આવે ! મળ્યા પછી જે જાતિની જોખમદારી છે, તે જાતિની જોખમદારી મળ્યા પૂર્વે નહોતી. પહેલાં તો મેળવવાની લાલસા હતી. અર્થી બને ત્યારે તો લઘુતા આવે, પણ મળ્યા પછી તે લઘુતા ટકાવવી એમાં ખરી ખૂબી છે. નિંદા સાંભળવી અને એથી અક્ષુબ્ધ રહેવું સ્હેલું, પણ પ્રશંસા સાંભળવી અને એ જીરવવી એ કઠણ છે : નિંદા સાંભળી શાંતિ રાખનારા થોડા નીકળે, પણ નીકળે તો ખરા જ : જ્યારે પ્રશંસા સાંભળી સમપણું જાળવનાર બહુ જ થોડા : આંગળીના ટેરવે આવે એટલા જ ! અનાદિની વાસનાથી ટેવાયેલા આત્મામાં, દોષ ક્યારે પ્રાદુર્ભાવ પામશે તે ન કહેવાય. કાળજી ન રાખે તો વિકાર થવાનો સંભવ છે. આહારનો ઉપયોગ કરવાથી હરેકને અજીર્ણ થાય જ એમ નહિ, તેમ જ હરેકને જ્ઞાનપ્રાપ્તિ

થયા બાદ 'અભિમાન' થાય જ એમ પણ નહિ ! અને હરેકને જ એમ થતું હોય તો તો એને અજીર્ણ ન કહેવાત, પણ વિનાશ કહેવાત. કારણ કે-આહારનો અપચો હોય, ઝેરનો નહિ! વિષ તો મારે. એટલે જેમ કોઈને 'અજીર્ણ' થવાનો સંભવ, તેમ જ કોઈને 'અભિમાન' પણ થવાનો સંભવ ! માટે તો વિધિ બાંધી કે-જ્ઞાન પણ યોગ્યતા જોઈને જ દેવાય. અમૂક શાસ્ત્ર, સંયમ લીધાને અમૂક વર્ષો થયા બાદ તપોયોગાદિ કરવા વડે અપાય એ વિધિ છે. યોગ્યતા વિના દેવાય તો પરિણામ વિપરીત આવે, તે તદ્દન સ્વાભાવિક છે. ગૃહસ્થને સૂત્રાદિના વાંચનની મનાઈ, એનું કારણ પણ એ જ કે-એ ઘરબારી. ગમે તેવો તોયે તેની નજર તો ઘર તરફ જ. શ્રી વજ્રસ્વામિજી બાલવયમાં શ્રવણમાત્રથી અગીયાર અંગ ભણ્યા, બધાને વાચના દીધી અને એમની પાસે વાચના લેનારા શિષ્યોએ ભગવાન્ શ્રી વજ્રસ્વામિજીને 'વાચનાચાર્ય' બનાવવા માટે ગુરૂદેવને વિનંતિ કરી : તેના ઉત્તરમાં ગુરૂએ કહ્યું કે-

**"अग्रमाम वयं ग्राम - माचार्योऽयं च वोऽर्पितः ।**
**अत एव यथा वित्थ-यूयमस्येदृशान् गुणान् ॥१॥**
**अन्यथा वाचनाचार्य-पदवीं नायमर्हति ।**
**गुर्वदत्तं यतोऽनेन, कर्णश्रुत्याददे श्रुतम् ॥२॥**

'એટલા જ માટે અમે ગામ ગયા હતા અને આચાર્ય તરીકે તમને આ વજ્રને અર્પણ કર્યો હતો, કે જેથી તમે આના આવા પ્રકારના ગુણો જાણી શકો. અન્યથા આ 'વજ્ર' 'વાચનાચાર્ય'ની પદવી માટે યોગ્ય નથી. કારણ કે-આણે ગુરૂએ નહિ આપેલું શ્રુત કર્ણની શ્રુતિથી ગ્રહણ કરેલું છે.'

આથી સ્પષ્ટ છે કે-પૂર્વના ક્ષયોપશમ યોગે જ્ઞાન તો થઈ જાય, પણ ગુરૂગમની ખામી તો રહે જ. ગમે તેવો બુદ્ધિમાન પણ ગુરૂની નિશ્રાએ જ્ઞાન મેળવે નહિ, તો આમ્નાય વિના ઠોકર ખાય. શું નાગાર્જુનમાં બુદ્ધિ કમ હતી ? નહિ જ, છતાં પણ ભગવાન્ શ્રી પાદલિપ્તાચાર્ય પાસેથી પાદલેપનું વિધાન નહિ મેળવી શકવાથી અને નિત્ય સેવામાં રહેતા હોવાથી, એક વાર પરઠવી દીધેલા તે પાદલેપવાળા પાણીની સુગંધીથી, તે પાદલેપમાં આવતી સઘળી વસ્તુઓ તેમણે જાણી લીધી. વિચારો કે-બુદ્ધિ કેટલી ? આટલી તીવ્રબુદ્ધિ છતાં ગુરૂનિશ્રાના અભાવે, જાણેલી તે વસ્તુઓનો પાદલેપ બનાવી ઉડવા માંડ્યું, પણ ઉડે અને પડે : કારણ કે-આમ્નાયની ખામી રહેલી હતી. જ્યારે સામાન્ય વસ્તુમાં આ હાલત થાય, તો પછી પરમતારક અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવના આગમનું રહસ્ય, આમ્નાય વિના કેમ જાણી શકાય? શુદ્ધ હેતુ વિનાના જ્ઞાનથી અજીર્ણ થવાનો સંભવ છે, માટે રોજ જોવું, વિચારવું અને

તપાસવું કે-જ્ઞાનના યોગે આત્માની કઈ સ્થિતિ છે ? જો વિપરીત દિશામાં આત્માનું વર્તન હોય, તો સમજવું કે-જ્ઞાન જે રીતે પરિણામ પામવું જોઈએ, તે રીતે પરિણામ પામ્યું નથી. જ્ઞાન, એ નિર્જરાનું કારણ છે અને નિર્જરા માટે જ જ્ઞાનનો સ્વીકાર હોવો જોઈએ. જે જ્ઞાન મન, વચન અને કાયા ઉપર કાબુ મેળવવામાં સહાય ન કરે, તે વાસ્તવિક રીતે જ્ઞાન નથી.

'જ્ઞાની શ્વાસોશ્વાસમેં, કર્મ ખપાવે જેહ, પૂર્વ ક્રોડ વરસાં લગે, અજ્ઞાની કરે તેહ.'

આ દોહરો તેજ જ્ઞાની માટે છે, કે જે જ્ઞાની મન, વચન અને કાયાના યોગો ઉપર પોતાનો કાબુ જમાવે. આ દોહરા ઉપરથી જેઓ શુષ્ક જ્ઞાનની મહત્તા સ્થાપિત કરવા મથતા હોય, તેઓ વાસ્તવિક રીતિએ જ્ઞાની જ નથી. આ જ વાત આખા શાસ્ત્રની મંગલમયતા સિદ્ધ કરતાં ટીકાકાર મહર્ષિએ ફરમાવી છે. અને તે આપણે જોઈ પણ ગયા છીએ. તેમાં તે મહર્ષિએ સાફ સાફ ફરમાવ્યું છે કે-'આ શાસ્ત્ર જ્ઞાનરૂપ હોવાથી આખુંય મંગલરૂપ છે. કારણ કે-જ્ઞાન, એ નિર્જરા માટે છે. અને જ્ઞાનની નિર્જરાર્થતા વગર વિવાદે સિદ્ધ છે : કારણ કે-જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું છે કે-

**''जं अन्नाणी कम्मं खवेइ बहुयाइं वासकोडीहिं ।**
**तं नाणो तिहिंगुत्तो खवेइ उस्सासमित्तेणं ॥१॥''**

'ઘણી વર્ષ કોટિઓએ કરીને અજ્ઞાની જે કર્મને ખપાવે, તે કર્મને-'મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ'-આ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયેલ જ્ઞાની એક ઉચ્છ્વાસ માત્રે કરીને ખપાવે છે.'

આ ઉપરથી સ્પષ્ટ જ છે કે-જ્ઞાન એ આડંબર કરવા માટે કે અડંગા જમાવવા માટે નથી જ પરંતુ તેની પ્રાપ્તિ દ્વારા મન, વચન અને કાયા ઉપર મજબૂત કાબુ મેળવી કર્મક્ષય કરવા માટે છે અને જ્ઞાન દ્વારા કર્મક્ષયરૂપ સાધ્યની સિદ્ધિ તેજ આત્માઓ કરી શકે છે, કે જેઓ પોતાના મન, વચન અને કાયાના યોગોને અંકુશમાં રાખવાના પ્રયત્ન તો કર્યા જ કરે. તેજ જ્ઞાની તેવી રીતે કર્મ ખપાવવાની તાકાત ધરાવે છે, કે જે ત્રણે યોગોને કાબુમાં રાખી શકે. 'ત્રણે યોગ ફાવે તેમ કરે, તેમાં મને શું ?'-એમ જ્ઞાનીથી કહેવાય જ નહિ. મનને ગમે તે મન કરે, વચનને ફાવે તેમ એ બોલે અને કાયાને ગમે તેમ તે કરે'-આવાં વચન જ્ઞાનીના મુખમાંથી કદી જ ન નીકળે. મન, વચન અને કાયા,-એનું કામ કરે છે-એવો બચાવ પણ જ્ઞાની તો ન કરે. વ્યવહારમાં પણ ગુનો કર્યા પછી એમ કહો કે-'ગુનો આત્માએ નથી કર્યો, પણ શરીરે કર્યો છે'-તો ન્યાયાધીશ પણ કહે કે-'અમે સજા પણ કાયાને કરીએ છીએ, ત્યાં વાંધો શો ?' શ્રી તીર્થંકરદેવો પણ ભોગને રોગ પરે ચિંતવી ભોગવતા. તે જ્ઞાની મહાપુરૂષ તો એમ કહી પણ શકે કે-'આત્માથી ભોગ નથી ભોગવ્યા, પણ શરીરથી ભોગવ્યા છે.' કારણ

કે-એવી જ રીતે ઉપસર્ગ સહન કરવા પણ તેઓ તૈયાર હતા. ઉપસર્ગ વખતે તે મહાપુરૂષો શરીરનો જરા પણ બચાવ નહોતા કરતા અને પગ ઉપર ખીર રંધાણી, કાનમાં ખીલા ઠોકાણા, તથા શરીરથી એવાં એવાં અનેક ભયંકર કષ્ટો સહ્યાં ! પણ જેઓ આજે એક નાના કાર્યોત્સર્ગમાં અથવા બીજી અવસ્થામાં એક નાના જંતુના સ્પર્શને પણ નથી સહી શકતા અને ઉલ્ટા તે જંતુની કમબખ્તી કરી નાખે છે, તેવાઓ એમ કહે કે-'લુખ્ખા મનથી દુનિયાની કાર્યવાહી અમે કરીએ છીએ'-તે કેમ મનાય ? અર્થાત્ ન જ મનાય. આથી સ્પષ્ટ છે કે-જેઓ યથેચ્છપણે મન, વચન, અને કાયાના યોગોને પ્રવર્તાવે છે. અને ઉપરથી 'જ્ઞાન થયા પછી મન, વચન, કાયા ગમે તેમ વર્તે તેમાં શું ?'-આ પ્રમાણે કહે છે, તેઓ ઈરાદાપૂર્વક પાપના માર્ગને પોષનારા છે. હજુ એમ કહે કે-'મેં જાણ્યું છે, પણ હજી મન, વચન, કાયાના યોગ ઉપર સ્વામિત્વ નથી મેળવ્યું.'- તો તો એ વાત જુદી છે.

**બંધનનાં દોરડાં વધારે તે ગુરૂ નહિ !**

બાકી આજ તો જ્ઞાનના નામે, જ્ઞાનના બહાને એવી છૂટ લેવામાં આવે છે, કે જે છૂટ અજ્ઞાની પણ નથી લેતા. અજ્ઞાની તો એટલે અંશે કદાચ સારા કહેવાય-કે શાસ્ત્રની વાત આવે ત્યાં કહી દે છે કે-'અમે નથી જાણતા.'-પણ આજના આડંબરી જ્ઞાનવાળાઓ તો કહે છે કે-

'અમને શું વાંધો ?' આમ ને આમ ચાલે તો તો એના નિમિત્તે હજારો આદમી ઉન્માર્ગે જાય. આથી જ શાસ્ત્રે કહ્યું કે-તત્ત્વજ્ઞાની તે, કે જે મનથી ખરાબ ચિંત્વન ન કરે, હૃદયમાં નકામા વિચારો પેદા થવા જ ન દે, કદાચ ચિત્ત શુદ્ધ ભાવનાથી સુવાસિત ન રહે અને ખરાબ વિચાર થઈ જાય, તો પણ તેવા વિચારોને વાણીમાં તો ન જ ઉતારે અર્થાત્ બોલે નહિ અને મૂર્ખની સોબતથી કદાચ બોલી જવાય, તો પણ વર્તાવ તો ખરાબ કરે જ નહિ : છતાં જો એ કરે, તો તો તે તત્ત્વજ્ઞાની જ નહિ : કારણકે એમ કરવાથી તો જ્ઞાની અને અજ્ઞાની બેય સરખા જ થયા ગણાય. જ્ઞાનીથી અજ્ઞાની જેવી ચેષ્ટા થાય જ કેમ ? ધર્મી કહેવરાવવું અને અધર્મથી ડરવું નહિ, એ કેમ બને ? મુક્તિએ જવાનું કહેવું અને સંસારના સંગથી તસુભર ખસવું નહિ, એ કેમ ચાલે ? પોતાની જાતે જ થાંભલે વળગવું અને-'છોડાવો'-એવી બૂમ મારવી, એ કેવું વિપરીત કહેવાય ? વધુમાં કોઈ છોડાવવા આવે, તો પાછા થાંભલાને જોરથી બાઝવું એ કેવું ? હું તમને પૂછું છું કે-'તમે જાતે બંધાયેલાં છો કે-તમને કોઈએ બાંધેલા છે ?' 'કર્મથી બંધાયેલા છો'-એ વાત તો માની, પણ તમારા પ્રયત્નો બાંધવાના ચાલુ છે કે છૂટવાના ચાલુ છે ? છૂટવાની ભાવનાવાળા આત્માઓની મનોદશા કેવી હોય, એ કદિ વિચાર્યું છે ? એની કાર્યવાહી શી હોવી ઘટે, એ કદિ સોચ્યું છે ? સંસારનું સ્વરૂપ

કેવું છે, એ જાણો છો ? એક મકાન વચ્ચે એક થાંભલો છે. તેમાં એક આદમીને દોરડાથી મજબૂતપણે બાંધ્યો છે. એવામાં ચારે તરફ અગ્નિ સળગ્યો અને એને માલૂમ પડ્યું કે-ચોતરફ અગ્નિ સળગ્યો : તે વખતે એને શું થાય ? તેને મનથી એમજ થાય કે-'હું ક્યારે છૂટું !'-વચનથી બોલે કે-'કોઈ આવો, કોઈ આવો : મને એકદમ છોડાવો. બળી ગયો રે !'-અને કાયાથી પણ બાંધેલું દોરડું ઢીલું કરવા તમામ કોશિશ કરે, દોરડું તોડવા બચકાં ભરે. વારૂ, એ વખત એને વ્હાલું કોણ લાગે ? છોડાવવા આવે તે, કે વધુ બાંધવા આવે તે ? 'કોઈ ઉપકારી આવી પહોંચે અને મને છોડાવે'-એવી ભાવના હોય કે બીજી ? બુમ પણ શી મારે? 'દોડો, દોડો, બળી જાઉં છું, મરી જાઉં છું, કોઈ ઝટ છોડાવો !' એજ કે બીજી ? એજ. એ વખતે તેના હૃદયમાં છૂટવા સિવાયની બીજી ભાવના પણ ન હોય અને કોઈ ન આવે ત્યાં સુધી રાડો પાડતો જાય તથા સાથે દાંતથી બચકાં ભરી દોરડું કાપવાનું કામ પણ ચાલુ જ હોય ! આમ છતાં એને કોઈ છોડાવનાર ન મળે, તો-'દોરડું તુટતું નથી, મરી ગયો, ઝટ આવો, છોડાવો !'-એવા જોરપૂર્વક વચનથી ઘાંટા પાડે અને મનથી પણ પોતાની કમનસીબી માટે નિઃશ્વાસ નાખતાં એજ ચિંતવતો હોય કે-'કોઈ આવતું નથી : અરેરે ! હવે હું શી રીતે અને ક્યારે છુટીશ ?' જેમ જેમ અગ્નિની જ્વાળા વધતી જાય, તેમ તેમ તેવા

પ્રયત્નો તે જોરબંધ કરે. શરીરબળ વાપરી ધમપછાડા કરે, બૂમો પણ જોરથી મારે અને જ્વાળા વધે તેમ છૂટવાની ભાવના પણ વધતી જ જાય, તીવ્ર બનતી જાય : મંદ તો ન જ બને. એ વખતે જો કોઈ આવીને દોરડું તોડી બચાવે, તો એને તે ઉપકારી માને, અને પોતાના પ્રયત્નથી તુટે તો પાપ છૂટયું એમ માને : પણ તે પછી તે ત્યાં ઉભો રહે ખરો ? નહિજ. છુટયો કે તરત ભાગવા જ માંડે અને ભાગતાં ભાગતાં કદાચ ભડકામાંથી પસાર થવું પડે તો તેમ પણ કરે, દાઝી જવાય એવા અંગારાને અડકી જવાય તો પણ વાંધો નહિ, પણ નાસે, કૂદે અને નીચે પડતું પણ મૂકે : નીચે પથરો હોય તો પણ વિચાર ન કરે. કદાચ દેવતાના અંગારાથી ફોલ્લા પડશે તો દવા થશે એમ માને, હાડકાં ભાંગશે તો સંધાશે ને બે મહીના બીમારી ભોગવી સાજા થવાશે એમ માને, પણ ત્યાંથી તો ભાગેજ. જ્યારે બાહ્ય અગ્નિના ભયથી બચવાની ઈચ્છાવાળાની આ દશા હોય, તો આખા સંસારને અગ્નિ સમાન માનનારા અંતરાત્માની આ કારમા બંધનોથી છૂટીને ભાગવા માટેની કેવી મનોદશા હોય ?

(પ્રશ્ન૰ સંસાર દુ:ખરૂપ જ ક્યાં મનાય છે ? આ ભાવના કયા ગુણઠાણાની ?)

ચોથા ગુણઠાણાવાળાની આ ભાવના હોઈ શકે. એમાં તરતમતા હોય, પણ નિરૂપણ 
તો અંતિમ જ થાય. સંસારને અગ્નિ સમાન માનતો અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ આત્મા, કોઈ

પણ ભોગે તેનાથી બચવાના પ્રયત્નો કરે. એ વખતે કોઈ બાંધવા આવે તો તેને અપકારી જ લાગે. એ વખતે માતાપિતાનો સંબંધ ન ગણાય. તેને તો બંધનથી જે છોડાવે તે પૂજ્ય અને બંધન વધારે તે પૂજ્ય નહિ, પણ અપકારી ! કુટુંબ પ્રત્યે પણ આ માન્યતા, તો ગુરૂ પ્રત્યે કયી હોય ? સદ્‌ગુરૂ તો બંધનનાં દોરડાં કાપ્યા વિના રહેજ નહિ અને બંધનનાં દોરડાં વધારે તે ગુરૂજ નહિ ! આ વાત સમ્યગ્‌દૃષ્ટિ આત્મા માટેની છે, એ યાદ રાખજો ! મિથ્યાદૃષ્ટિની ધર્મના વિષયમાં તદ્દન નવાની વાત જુદી છે. ખુલાસો કરી દઉં કે-પહેલા ગુણઠાણાવાળા માટે દેશના જુદી, સમ્યગ્‌દૃષ્ટિ માટે દેશના જુદી તથા દેશવિરતિ અને સર્વવિરતિ માટે પણ શાસ્ત્રે દેશના જુદી કહી છે. પહેલા ગુણઠાણે એવા પણ છે, કે જેને ધર્મની દરકાર પણ નથી : તે અયોગ્ય છે.

**મિથ્યાત્વ છતાં ગુણસ્થાનક કેમ કહ્યું ?**

ત્યાં પણ ‘ભદ્રકત્વ’-‘કોમળતા’-‘સરળપણું’-‘સત્યનું અર્થિપણું’ એ વિગેરે ગુણો છે માટે ! જેનામાં આ ગુણ હોય, તે પહેલા ગુણસ્થાનકવાળા ! આ પણ ન હોય તે એ ગુણસ્થાનકે, પણ નામના ! પેલા અર્થાપેક્ષયા અને આ રૂઢિની અપેક્ષાએ ! હજી જેને આત્માનું ભાન નથી, એવા ભદ્રકત્વાદિ ગુણવાળા પહેલા ગુણસ્થાનકે રહેલા કરતાં સમ્યગ્‌દૃષ્ટિની,

એનાથી દેશવિરતિની, અને એનાથી સર્વવિરતિની યોગ્યતા વધતી જાય છે. અંતરાત્મદશા જાગૃત થાય, ત્યારે આત્મા શું ઈચ્છે ?-એ વિચારો ! તમે શ્રાવક તરીકે જન્મ્યા, સુશ્રાવક લખાઓ, તો વ્યવહારથી મારે તો તમને ચોથા-પાંચમા ગુણઠાણે માનવા જોઈએને ! સમ્યગ્દૃષ્ટિનું ચોથું ગુણઠાણું, દેશવિરતિનું પાંચમું ગુણઠાણું, અને મુનિનું છઠ્ઠું ! ત્યારે માર્ગાનુસારીનું ગુણસ્થાનક પહેલું ! માર્ગાનુસારીમાં અમુક પ્રમાણમાં ગુણ અને પ્રવૃત્તિ બેય હોય.

(પ્રશ્ન૦ માર્ગ પ્રત્યે વિરૂદ્ધ ભાવ હોય તે ?)

તે સમ્યગ્દૃષ્ટિ પણ નહિ અને માર્ગાનુસારી પણ નહિ : એતો એથી પણ ગયો.

(પ્રશ્ન૦ ત્યારે શું સમ્યક્ત્વની પ્રાપ્તિ વિનાના બધા જ પ્રથમ ગુણસ્થાનકે ?).

હા. સમ્યક્ત્વની પ્રાપ્તિ વિનાના બધા જ પહેલા ગુણસ્થાનકે. ત્યાં પણ ઉંચા-નીચાના ભેદ પડે. કોઈ ઘોર મિથ્યાદૃષ્ટિ, તો કોઈ સામાન્ય મિથ્યાદૃષ્ટિ ! 'મિથ્યાત્વ' ગુણસ્થાનકે રહેલા છતાં પણ ભદ્રિકતાદિ ગુણોના યોગે માર્ગાનુસારિ આત્માઓ પણ સંસાર પ્રત્યે બહુમાનવાળા નથી હોતા. બીમારને જેમ અનાજની રૂચિ ન હોય, પરન્તુ ન છૂટકે લે, એ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્માને સંસાર પ્રત્યે રૂચિ ન હોય. રોજ એ સ્થિતિ માટે આત્માને પૂછો

! માર્ગાનુસારી આત્મા પણ જ્યાં જ્યાં ત્યાગ જૂએ, ત્યાં ત્યાં એની રોમરાજી વિકસ્વર થાય. ત્યાગીને તે હાથ જોડે અને ઈચ્છે કે-'એ દશા ક્યારે આવે ?' ધર્મી અને અધર્મી બેય હજી સ્થાન પર છે. જેમાં ધર્મ નથી તે અધર્મી-એ દૃષ્ટિએ અધર્મી માત્ર દયાપાત્ર છે, પણ એ ધર્મ તરફ લાલ આંખ કરતો નથી, ડોળા કાઢતો નથી, માત્ર ધર્મ પામ્યો નથી એટલું જ ! ધર્મીને ધર્મ મળ્યો છે માટે એ ભક્તિપાત્ર અને કમનસીબીને લઈને અધર્મીને ધર્મ મળ્યો નથી, માટે દયાપાત્ર ! પણ ત્રીજો વિરોધી તો આંખો કાઢનારો, એટલે એની તો ગણનાજ નહિ. એક માણસ કોઈનું બહુમાન કરે, ગાદીએ બેસાડે, માનસન્માન કરે, આગતાસ્વાગતા કરે, તો ત્યાં પ્રેમ થાય, આનંદ થાય. બીજો એક માણસ બોલાવે પણ નહિ, તોય થાય કે-'કાંઈ નહિ.' પણ એક એવો કે એને ઓટલે પગ મૂકો કે-ગાળ દે, દાંતીઆં કરે, તો આવનારને ભાવના કયી થાય ? તે વખતે ધર્મીને પણ થાય કે-બીચારો પાપાત્મા છે. પાપના યોગે આ કંગાલીયત પામ્યો છે અને આવી કાર્યવાહીથી વધુ ને વધુ પાપનો ભાર સંઘરતો જાય છે. ધર્મિ ત્યાં પોતાના ધર્મ ખાતર સહનશીલતા રાખે, ત્યારે કેટલાક સંસારીયો અશક્તિથી અથવા તો પોતાની આબરૂને બટ્ટો ન લાગે માટે સહન કરે, અને કહે કે-'અમે જાતવાન છીએ માટે આટલું સહ્યું પણ અવસરે બતાવશું.' દુનિયામાં આ ભાવના આવે છે. એવી અહીં ધર્મ

માટે આવે તો ધર્મના રક્ષક બની શકશો, નહિ તો ખામી આવવાની. ધર્મીએ આટલી વસ્તુ સમજવીજ જોઈએ. પેઢી ચલાવવી હોય તે વેપારીએ, પેઢી ઉપર આવનારાઓને ઓળખવા જોઈએ અને સહુ સાથે ઘટતો વર્તાવ રાખવો જોઈએ. ગાદી લાયક ગાદીએ બેસે, સામે બેસવાલાયક તેમ બેસે, ને ઉભો રહેવા લાયક ઉભો રહે તો પેઢી ચાલે. મુનિમ ગમે તેવો સારો હોય, બહુજ હુંશીયાર હોય, ભલે બારે મહીને સારામાં સારૂં એને ઈનામ અપાતું હોય, તો પણ તે શેઠ સામે તો એ રીતસરજ વર્તાવ કરે. અંધવિશ્વાસે જો શેઠ એમ કહી દે કે-'તુંજ શેઠ' અને પોતે કાંઈ ખબર ન રાખે તો ? ત્રીજે દિવસે પેઢી ઉઠી જાય. ત્યાં તો તમે બધું જાણો છો. ધીરાતા હોય ત્યાં ધીરાય, અપાતા હોય ત્યાં અપાય, દેવાતા હોય ત્યાંજ દેવાય અને લેવાતા હોય એનાજ લેવાય ! આમાં પોલ ચલાવો તો પેઢી ન ચાલે. કોને ઓળખવા જોઈએ, એમ વ્યાપારી કહે ? નહિજ. પણ બધાને ઓળખે, પગથી ઓળખે ! તો પછી અહીં કેમ લોચો વાળે ? સામાન્ય દુનિયાના વ્યવહારમાં આટલી કુશળતા ધરાવનાર આદમી, ભવતારક ચીજ માટે લોચા વાળે, એ બુદ્ધિમાન માટે શોભાસ્પદ નથી. ધર્મિ, અધર્મિ પ્રતિ કરૂણા દાખવી શકે, પરંતુ ધર્મ ને ધર્મિ સામે લાલ આંખ કરનારને અટકાવી નિરાબાધપણે ધર્મારાધના ચાલુ રહે, એવી તો એની કાર્યવાહી હોય જ, આ વાત આજ જ નથી કહેવાતી.

પણ મુદ્દો એ છે કે-હજી એ વસ્તુ પરિણામ પામી નથી : એની જ આ ખામી છે, નહિ તો આ દશા હોય જ નહિ. 'વસ્તુના શુદ્ધ પરિણમનમાં જ આત્માનો ઉદય છે.'-આટલી વાત સમજાઈ જ જવી જોઈએ અને એજ સમ્યગ્જ્ઞાન છે. એવા અનુપમ સમ્યગ્જ્ઞાનનો સ્વામી બનેલો જ્ઞાની મન, વચન અને કાયાના યોગને યથેચ્છ નજ પ્રવર્તવા દે.

**સડેલો ભાગ દૂર કરવો તે દ્વેષ નથી !**

મન, વચન અને કાયાને કાબુમાં રાખનારો જ્ઞાની, એક શ્વાસોશ્વાસમાં એટલાં કર્મ ખપાવે, કે જે અનેક કોટિ વરસો સુધી અનેક તકલીફો વેઠવા છતાં પણ, અજ્ઞાની આત્મા ન ખપાવી શકે. જ્યારે મોક્ષમાં જવું હશે, ત્યારે અંતર્મુહૂર્તમાં કર્મ માત્ર ખસેડવાં પડશે. એ અંતર્મુહૂર્ત માટે આ બધો અભ્યાસ છે. વિદ્યાર્થી બાર મહિના મહેનત કરે, તે જેમ પરીક્ષાના બે ચાર કલાક માટે-તેમ આ બધો અભ્યાસ એ અંતર્મુહૂર્ત માટે છે ! ચારે ઘાતી કર્મને અંતર્મુહૂર્તમાં જ ભેદવાનાં છે. દશમે ગુણઠાણેથી બારમે આવે, ત્યાં આત્મા સ્થિરતા ભોગવે. આઠમે-નવમે-દશમેથી લંઘીને આવ્યો. સ્વયંભૂરમણ સમુદ્ર તરવો સહેલો, પણ આટલે જવું કઠીન છે. અસંખ્ય કોટાકોટિ યોજન પ્રમાણનો સ્વયંભૂરમણ સમુદ્ર છે. તીર્છાલોકમાં અસંખ્યાતા સાગર અને અસંખ્યાતા દ્વીપ છે. તેમાં છેલ્લો આ છે. એને ભૂજાથી તરાય ? છતાં એ સહેલું,

પણ શાસ્ત્ર કહે છે કે-આત્માને માટે અપ્રમાદી બની કર્મનો છેદભેદ કરી બારમે ગુણઠાણે આવવું કઠીન ! બારમે ગુણઠાણે આત્મા સ્થિર થઈ જાય. ત્યાં જરાએ કલ્લોલ નહિ. મોહનીય ગયું. બધીય મારામારી મોહનીયને આભારી છે. દશમા ગુણઠાણાના અંતે મોહનીય સાફ થાય, પણ ક્ષપક શ્રેણીવાળાનું ખપે અને ઉપશમ શ્રેણીવાળાનું દબાય. કચરો પાણીની નીચે બેઠો, તે જરા પાણી ડહોળાય કે ઉપર આવે : માટે કચરો તો બહાર જ કાઢવો. રહી જાય તો કાંઈ નહિ, એવો લોચો ન વાળતા. કાંકરા વીણનારી બાઈ, બરાબર ન દેખાય તો ચશ્મા રાખે, પણ જો બરાબર ન વીણે ને બે કાંકરા રહી જાય, તો બધી રોટલીમાં કચકચ થયા કરે. રહી ગયેલા પાંચ જ કાંકરા પણ શેર શેર લોટને ફેંકી દેવા જોગો કરેને ? માટે કચરો રાખવાના લોભમાં ન ફસો. કચરો રાખવાની કાર્યવાહીમાં ન રહો, પણ કાઢવાની કાર્યવાહીમાં રહો. તંબોલીની કાતર ચાલુ જ હોય. પાન ખંડિત થયું ત્યાં કાતર ચલાવ્યે જ જાય. સડેલો ભાગ કાઢે, ન કાઢે તો આખો કંડીયો બગાડે, સડેલો ભાગ દૂર કરવો, એમાં એના પ્રત્યે દ્વેષ નથી : પણ આખા કંડીયાને ન બગાડે એ માટે જ તંબોલીની કાતર ચાલુ હોય ! પાન ખવડાવનારા સામગ્રી કેટલી રાખે ? કાથો, ચુનો, જીનતાન બધું રાખે. પાનની પેટી હોય, પણ કાતર પહેલી. તંબોલીને તો કાતર વિના ચાલે જ નહિ. તેમજ શાસ્ત્રે કહ્યું

છે કે-શ્રી સંઘે જો પોતાનો બચાવ કરવો હોય, તો નિહ્નવતા, ઉન્માર્ગગામિતા, આદિ સડા ઉપર કાતર ચલાવવી જોઈએ. જો એમ ન થાય, તો આગમનો અને ધર્મનો કેટલોય નાશ થાય. એક સડેલ હજારને સડાવે, કારણ કે-એ ચેપી રોગ છે. શાસ્ત્રે શ્રી સંઘને સાવધ રહેવાની ભલામણ પૂરેપૂરી કરી છે. જેટલે અંશે એ ભલામણનો સ્વીકાર, તેટલે અંશે શ્રેય! સડેલો ભાગ આઘો રાખવો તેમાં કાંઈ વૈરભાવ નથી, ત્યાં દુર્ભાવના નથી, પણ સડેલા ભેળા ભળી સડવાનો કે શક્તિ છતાં એનું દુર્લક્ષ્ય કરવાનો અથવા તેને વધવા દેવાનો શાસ્ત્ર ઈન્કાર કરે છે. દયા એનું નામ નથી, કે જેનાથી આત્માનો ઘાત થાય. સંયમધર પણ જો રોગી હોય, તો તેને માટે સામગ્રી અલગ રાખવાની કહી છે. વૈયાવચ્ચ પૂરી કરવી, સમાધિ પૂરી આપવી, પણ સામગ્રી અલગ : કારણ કે-રોગ એ સંયમઘાતક છે. એમાં બીજા સંયમીને સંયમમાં વાંધો ન આવે એ હેતુ છે. કેટલીકવાર રોગના પરિણામે ઉપચાર કરતાં, ષટ્કાયના જીવોની વિરાધના થઈ જાય છે : એટલા માટે તો શાસ્ત્ર કહે છે કે-સહનશક્તિ હોય, આર્ત્તધ્યાન ન થતું હોય, તો તો ઔષધ ન લેવું : પણ એ સ્થિતિ ન ટકે, તો સમાધિના હેતુથી ઔષધનો યતનાપૂર્વક અને વિધિપૂર્વક ઉપયોગ કરે. અસ્તુ. કોઢીયાને એવી કુટેવ હોય છે કે-'બધાને જ અડવાનું એને મન થાય.' એને 'ના' પાડે તોયે એ બધાને ઈરાદાપૂર્વક અડે. એની ભાવના

એવી થાય, તેમ નાકકટ્ટો પણ બધાને જ પોતાના જેવા જોવા ઈચ્છે. એવી જ રીતે ઉત્સૂત્રભાષી અને ઉન્માર્ગગામિની ભાવના પણ કોઢ રોગીના જેવી થાય છે, માટે એવાઓથી દૂર રહેવામાં જ આત્માનું કલ્યાણ છે. જોકે એવા પણ સન્માર્ગે આવો, એ ભાવના ન જવી જોઈએ,-પણ દોષો નિભાવવાની વૃત્તિ પણ નજ હોવી જોઈએ. જો એ કાયદો ન રાખીએ તો આપણા પણ નાશનો સંભવ છે.

**શ્રી આચારાંગ-એ પ્રથમ અંગ છે અને તે શ્રી જિન પ્રવચનનો સાર છે.**
**કારણ કે**
**તેમાં મોક્ષના ઉપાયરૂપ 'ચરણકરણ'નું પ્રતિપાદન છે.**

અત્યાર સુધીમાં ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજાએ આપણને સમજાવી દીધું કે-'સંસારી પ્રાણી માત્ર રાગ, દ્વેષ અને મોહથી અભિભૂત હોવાથી શારીરિક અને માનસિક અનેક અતિકટુક દુઃખોથી પીડિત છે. તેણે જો પોતાનાં તે દુઃખો દૂર કરવાં હોય, તો હેય અને ઉપાદેય પદાર્થોનાં પરિજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ : કારણ કે-હેય અને ઉપાદેય પદાર્થોનું સમ્યગ્જ્ઞાન થયા વિના એ દુઃખનો નાશ કોઈ પણ રીતિએ શક્ય નથી : તે હેય અને ઉપાદેય પદાર્થોના જ્ઞાન માટેનો વાસ્તવિક પ્રયત્ન પણ વિશિષ્ટ પ્રકારના વિવેક

વિના થઈ શકતો નથી : અને એ વિશિષ્ટ વિવેકની પ્રાપ્તિ પણ સકલ અતિશયોથી સંપન્ન આપ્તપુરૂષના ઉપદેશ વિના અશક્ય જ છે. આપ્ત પણ તે જ કહેવાય છે, કે જેના રાગ, દ્વેષ અને મોહાદિક દોષોનો આત્યન્તિક ક્ષય થયો હોય અને રાગાદિક દોષોનો તેવો ક્ષય શ્રી અરિહંતદેવ શિવાય અન્ય કોઈનો જ હોઈ શકતો નથી : માટે સુખના અર્થિએ પોતાના અને અન્ય પ્રાણીમાત્રના હિત માટે, શ્રી અરિહંતદેવના વચનનો જ અનુયોગ કરવો જોઈએ.' વધુમાં એ પણ સમજાવ્યું કે-'શ્રી અરિહંતદેવના વચનનો અનુયોગ-'૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ અને ૪. ચરણકરણાનુયોગ'- આ ચાર વિભાગમાં વહેંચાયેલો છે અને તેમાં પ્રધાનતમ અનુયોગ 'ચરણકરણાનુયોગ' છે. એ સર્વપ્રધાન અનુયોગનું મુખ્ય પ્રતિપાદક આ 'શ્રી આચારાંગ' સૂત્ર છે : તે પરમપદની પ્રાપ્તિમાં હેતુભૂત હોવાથી વિઘ્નમય છે : એ કારણથી આ અંગસૂત્રમાં સઘળાં વિઘ્નોના ઉપશમ માટે કરવા યોગ્ય મંગલ,- આદિમાં, મધ્યમાં અનેઅંતમાં કરવામાં આવ્યું છે. આદિ મંગલ અભિલષિત શાસ્ત્ર અને તેના અર્થનો નિર્વિઘ્નપણે પાર પામવા માટે કરવામાં આવ્યું છે, મધ્ય મંગલ અભિલષિત શાસ્ત્રાર્થને સ્થિર કરવા માટે કરવામાં આવ્યું છે અને અંત્ય મંગલ આ સૂત્ર અને તેનો અર્થ શિષ્ય અને પ્રશિષ્યની પરંપરામાં અવિચ્છિન્નપણે ચાલુ રહે, એ માટે આચરવામાં આવ્યું છે !'

આ ઉપરથી સ્પષ્ટ છે કે-શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આચારની મૂખ્યતા છે અને એ જ કારણે આચારના પ્રતિપાદક આ. શ્રી આચારાંગસૂત્રના અર્થની ઉત્પત્તિ પણ પ્રથમ થઈ છે અને સૂત્રની રચના પણ પ્રથમ જ થઈ છે.

પ્રશ્નો...........અને.........ઉત્તરો

**''कदा पुन र्भगवताऽऽचारः प्रणीतः ?''**

'શ્રી તીર્થંકર ભગવાને આચારની રચના ક્યારે કરી ?'

આ પ્રશ્નોનો ઉત્તર આપતાં શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીએ પણ ફરમાવ્યું કે-

**''सव्वेसिं आयारो तित्थस्स पवत्तणे पढमयाए ।**
**सेसाइं अंगाइं इक्कारस आणुपुव्वीए ॥१॥''**

**❖ ૪૧ ❖**

સઘળા શ્રી તીર્થંકરદેવોના તીર્થના પ્રવર્તનમાં આચારની પ્રવૃત્તિ પ્રથમ છે અને બાકીનાં અગીઆરે અંગોની પ્રવૃત્તિ ક્રમસર તે પછી છે.'

શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીના કથનને સ્પષ્ટ કરતાં, ટીકાકાર મહર્ષિ પણ

ફરમાવે છે કે-

**"सर्वेषां तीर्थङ्कराणां तीर्थप्रवर्त्तनादावाचारार्थः प्रथमतयाऽभवद्भवति भविष्यति च, ततः शेषाङ्गार्थ इति, गणधरा अप्यनयैवानुपूर्व्या सूत्रतया ग्रथ्नन्तीति ॥**

'સર્વ શ્રી તીર્થંકરદેવોના તીર્થપ્રવર્તનની આદિમાં પ્રથમ આચારનો અર્થ જ થયો છે, થાય છે અને થશે : તે પછી જ બાકીનાં અંગોનો અર્થ. શ્રી ગણધરદેવો પણ એ જ ક્રમે સુત્રરચના કરે છે.'

**શ્રી આચારાંગસૂત્ર' સર્વથી પ્રથમ કેમ ?**

બારે અંગોમાં આ શ્રી આચારાંગસૂત્રની રચના પ્રથમ કેમ ?'-આ પ્રશ્નના ઉત્તરમાં બારે અંગોમાં તે પ્રથમ છે,- તેનો હેતુ દર્શાવતાં શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા ફરમાવે છે કે-

**"आयारो अंगाणं पढमं अंगं दुवालसण्हंपि ।**
**इत्थ य मोक्खोवाओ एस य सारो पवयणस्स ॥१॥"**

'આ શ્રી આચારાંગસૂત્ર એ બારે અંગોમાં પણ પ્રથમ છે, કારણ કે-શ્રી આચારાંગસૂત્રમાં મોક્ષના ઉપાયભૂત 'ચરણકરણ'નું પ્રતિપાદન છે અને આખાએ પ્રવચનનો તે સાર છે.'

**સારમાં સારભૂત શું ?**

'પ્રવચનનો સાર આચાર છે.'-આનું કારણ એ છે કે-પરિણામે અવ્યાબાધ સુખની પ્રાપ્તિ છે. આ વસ્તુ બતાવવા માટે શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી ફરમાવે છે કે-

**''अंगाणं किं सारो ? आयारो तस्स हवइ किं सारो । ?**
**अणुओगत्थो सारो तस्स वि य परूवणा सारो ॥१॥''**
**''सारो परूवणाए चरणं तस्स वि य होइ निव्वाणं ।**
**निव्वाणस्स उ सारो अव्वाबाहं जिणा बिंति ॥२॥''**

'બારે અંગોમાં સારભૂત શ્રી આચારાંગસૂત્ર : શ્રી આચારાંગસૂત્રનો સાર તેનો વ્યાખ્યાનભૂત અર્થ : તે વ્યાખ્યાનભૂત અર્થનો સાર તેની યથાસ્થિત પ્રરૂપણા : તે યથાસ્થિત પ્રરૂપણાનો સાર ચારિત્ર : ચારિત્રનો સાર નિર્વાણ અને એ નિર્વાણ એટલે મોક્ષ-તેનો સાર અવ્યાબાધ. એટલે કે-કોઈ પણ જાતના દુઃખના લેશ વિનાના સુખની પ્રાપ્તિ !' એમ શ્રી જિનેશ્વરદેવો કહે છે.'

આ સઘળું જોતાં સહજમાં સમજી શકાય તેમ છે કે-આચારહીનતામાં માનતા આત્માઓ શ્રી જૈનશાસનની આરાધના કોઈ પણ રીતિએ કરી શકતા નથી : કારણ કે-આ શ્રી જિનશાસનમાં

આચાર એ જ મુખ્ય વસ્તુ છે અને એ પરમશુદ્ધ આચારનું પ્રતિપાદન, આ શ્રી આચારાંગસૂત્રમાં કરેલું છે : તેથી તે બારે અંગસૂત્રોમાં સારભૂત અંગસૂત્ર છે. તે અંગસૂત્રનો સાર અનુયોગાર્થ એટલે વ્યાખ્યાનભૂત અર્થ છે, તે વ્યાખ્યાનભૂત અર્થનો સાર પ્રરૂપણા છે, તે પ્રરૂપણાનો સાર ચારિત્ર છે, તે ચારિત્રનો સાર મુક્તિ છે અને મુક્તિનો સાર અવ્યાબાધ સુખની પ્રાપ્તિ છે.

અને આથી એ સિદ્ધ થાય છે કે-આખી દ્વાદશાંગીનો સાર એક જ અને તે એ જ છે કે-આત્મા જડના સંસર્ગથી છૂટી અનંત સુખનો ભોક્તા થાય. અનંત સુખના ભોક્તા થવું હોય તો સંસાર છોડીને મોક્ષમાં જવું જ પડે અને મોક્ષમાં ત્યારે જ જઈ શકાય, કે જ્યારે સર્વ સંસારનો ત્યાગ જેમાં સમાયો છે, તેવા ચરણનો સ્વીકાર થાય. સર્વત્યાગમય ચરણની પ્રાપ્તિ પણ ત્યારે જ થાય, કે જ્યારે શુદ્ધ પ્રરૂપણા થાય અને શુદ્ધ પ્રરૂપણા પણ તે જ કરી શકે, કે જે શ્રી આચારાંગસૂત્રના વ્યાખ્યાનભૂત અર્થના સુંદર જ્ઞાતા હોય. જેઓ શ્રી આચારાંગસૂત્રના વ્યાખ્યાનભૂત અર્થના સુંદર જ્ઞાતા હોવા સાથે, તેનો અનુયોગ કરવામાં પ્રવીણ હોય, તે એવી સુંદર પ્રરૂપણા કરે, કે જેના યોગે અનેક આત્માઓને ચરણની પ્રાપ્તિ થાય, અને જેથી મુક્તિ થાય અને મુક્તિના યોગે અનંત સુખની પણ પ્રાપ્તિ થાય ! એ જ આ આખી દ્વાદશાંગીનો સાર છે. સુખ જોઈએ અવ્યાબાધ અને કાર્યવાહી જુદી હોય તો એ સુખ ન જ મળે !

## અવ્યાબાધ સુખ મોક્ષ વિના બીજે નથી.

અવ્યાબાધ સુખ મોક્ષ વિના બીજે કોઈપણ સ્થળે નથી. જે સુખ આત્માને જોઈએ છે, તે જ્ઞાની કહે છે કે-દુનિયામાં કોઈ સ્થળે નથી. સંસારનાં જેટલા સુખો છે, તે બધાં જ સંયોગજન્ય છે : માટે સંસારમાં અવ્યાબાધ સુખ છે જ નહિ. સંયોગજન્ય સુખોનો અભાવ જરૂર થાય છે. સંયોગજન્ય સુખ તો આવે અને જાય, માટે એ સુખ તો દુ:ખનું જ કારણ છે, માટે એ સુખ તે સુખ કહેવાય જ નહિ, પણ દુ:ખ જ કહેવાય. દુનિયાના જીવો જે એકાંતિક, આત્યંતિક અને સંપૂર્ણ સુખની ઈચ્છા રાખે છે અને શાસ્ત્ર જે સુખને ઈષ્ટ અને ઉપાદેય તરીકે ઓળખાવે છે, તે સુખ મોક્ષ સિવાય બીજે કોઈ પણ સ્થળે નથી, માટે જ ઉપકારી મહાપુરૂષો કહે છે કે-આત્માની દ્રષ્ટિ દુનિયાના સુખ તરફ ઢળેલી છે, તે ફેરવીને મોક્ષ તરફ વાળવી જોઈએ. દ્રષ્ટિ સંસાર તરફથી ખસે નહિ ત્યાં સુધી મોક્ષ તરફ વળે નહિ અને ત્યાં સુધી આ બધી વાતો કામ પણ આવે નહિ. આખા સંસાર તરફથી દ્રષ્ટિ પરિવર્તન પામે અને મોક્ષ તરફ ઢળે, ત્યારે જ આ દ્વાદશાંગી શાંતિપૂર્વક સંભળાય અને તેમાંથી જીવનમાં ઉતારવા જેવું જીવનમાં ઉતારાય. દ્વાદશાંગીને કોણ સાંભળી શકે ? પચાવી કોણ શકે ?, જીવનમાં કોણ ઉતારી શકે ?, દ્વાદશાંગી અર્થરૂપે શ્રી જિનેશ્વરદેવોએ કહી અને સૂત્રરૂપે શ્રી

ગણધરદેવોએ ગૂંથી એ શા માટે ?, એ કહેવામાં અને રચવામાં હેતુ કયો ?-આ બધું વિચારવું અને સમજવું જ જોઈએ. શ્રી દ્વાદશાંગી કહેવામાં અને રચવામાં સંસર્ગોથી બચી અનંત સુખના ધામરૂપ મુક્તિની સાધના કરી શકે, કારણ કે-દુનિયાના પ્રાણીમાત્રને જે સુખ જોઈએ છે તે અનંત સુખ, દુનિયામાં નથી પણ મોક્ષમાં જ છે.

**રતિમાં વિરક્તિ કોને રહે ?**

દ્વાદશાંગીના સેવનથી વસ્તુ અનેક મળે છે. એનું સેવન કરનારને, એની આજ્ઞા પાળનારને કોઈ ચીજ ન મળે તેવું તો નથી જ. મોક્ષની ભાવનાવાળો આત્મા દુનિયામાં જન્મે તો ક્યાં જન્મે ? સારીજ જગ્યાએ. એને મળે તે બધું જ સારામાં સારૂં મળે. દ્વાદશાંગીના સેવનથી મળે બધું, પણ તેની માગણી કયી ? રાજ્ય, ઋદ્ધિ, ચક્રવર્તિપણું, ઈંદ્રપણું વિગેરે બધું જ મળે, પણ તે માગે શું ? એક મોક્ષજ. દુનિયાની ચીજો તો માગો તોયે મળે, અને ન માગો તોયે મળે. ધર્મના પ્રભાવથી માગો કે ન માગો તોયે ચીજો બધી જ મળે, પણ માગ્યેથી મળે અને ન માગ્યેથી મળે, એમાં ઘણોજ ભેદ છે. નિયાણું કરવાથી પણ અનેકને મળ્યું છે. એક ચીજ માગી એટલે એની આધીનતા થઈ. નહોતી માગી ત્યાં સુધી આધીનતા નહોતી. નીતિશાસ્ત્રે પણ કહ્યું કે-'આશા એજ મહા દુ:ખ છે.'-આશા આવી એટલે પરાધીનતા થઈ.

પરાધીનતાને લઈને સુખ એ દુઃખમાં જ પરિણમે. માગવાથી મળેલું પૌદ્ગલિક સુખ, દુઃખના ખાડામાં ગબડાવ્યા વિના પ્રાયઃ રહેતું નથી. શ્રી વીતરાગ સ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે-'હે નાથ ! જ્યારે આપ નરેંદ્રપણાની અને દેવપણાની લક્ષ્મીને ભોગવતા હતા, અને જ્યાં ત્યાં કેવળ આનંદની જ સામગ્રી મોજુદ હતી, ત્યાં પણ તમે વિરાગી જ હતા. જ્યાં રતિ રતિ અને રતિ જ હતી, ત્યાં પણ તમારી વિરક્તિ કાયમ જ રહેતી હતી.' હવે વિચારો કે-રતિમાં વિરક્તિ કોને રહે ? જેઓ માગીને રતિ લે તેઓને રહે ? જે માગીને રતિ લે એને વિરક્તિ આવે ? જે વિરક્તિ રતિ ખાતર વેચી, તે વિરક્તિ રતિમાં આવે ક્યાંથી ? ત્યાગધર્મના ફળ તરીકે માગેલી રતિ, વિરક્તિને આવવા કયી રીતે દે ? આ ધર્મના યોગે, આચારપાલનના યોગે, દ્વાદશાંગીની આજ્ઞાના પાલનના યોગે, રતિ મળી પણ જાય, પણ તે રતિ મેળવવા માટે વિરક્તિ વહી ન જાય, એની કાળજી પૂરેપૂરી રાખવી જોઈએ. અને એથી મળી જાય તો ભલે, પણ તે માગવી તો નહિ જ. વિરક્તિના ફલ તરીકે રતિ માગો, તો વિરક્તિ વેચાઈ જાય એમાં આશ્ચર્ય પણ શું ? રતિ એટલે દુનિયાના સુખની સામગ્રી. આરાધક આત્માઓની વિરક્તિ રતિમાં પણ જાગૃત રહેતી હતી. વિચારો કે-રતિમાં વિરક્તિ ક્યાંથી આવી ? કહેવું જ પડશે કે-તે પુણ્યપુરૂષોએ રતિ માગી

જ નહોતી, પણ તે મહાપુરૂષોને તો પુણ્યબળે આવી જ મળી હતી. માગી હોત તો વિરક્તિ ચાલી જ જાત, પણ રતિ આવી મળી હતી માટે જ વિરક્તિ કાયમ હતી. 'રતિ માગી મળે અને રતિ આવી મળે'-એમાં ઘણો જ ફેર પડે. રતિ આવી મળે ત્યાં વિરક્તિ વધે છે : અને રતિ માગી મળે ત્યાં વિરક્તિ વેચાઈ જાય છે. રતિ આવી મળે ત્યાં આત્માની માલિકી કાયમ રહે છે અને રતિ માગી મળે ત્યાં આત્મા માલીક નથી રહી શકતો, પણ ગુલામ બની જાય છે. આત્મા માગીને દેવાદિકનાં સુખો મેળવે, વર્ષો સુધી, પલ્યોપમ સુધી, સાગરોપમ સુધી ભોગવે, પણ છેવટના છેલ્લા છ મહિના એટલું દુ:ખ થાય છે કે-પહેલાંનું તમામ સુખ એમાં સ્વાહા થઈ જાય છે. એ સુખમાં પડીને જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય છે. તે તે વખતે દેખાય અને હાય બાપ, વિગેરે ચાલુ થાય. હાય નદી, હાય વાવડી, હાય વિમાન, આવા આવા કરૂણ શબ્દોથી વિલાપ શરૂ થાય છે. ક્ષણભરની શાંતિ એ વખતે હોતી નથી. શાથી? માગીને મેળવ્યું છે એથી ! માગીને નથી મેળવતા તેને તો છેલ્લી ઘડી સુધી એક સરખી જ સ્થિતિ રહે છે. ઉત્તમ પુણ્યશાળી દેવતાઓની તો પુષ્પમાળા પણ કરમાતી નથી. એ જાણવા ધારે તો પોતાની ગતિ જાણે, પણ એ પુણ્યાત્માઓને મુંઝવણ ન થાય : કારણ કે-એ પુણ્યશાલિઓને દુનિયાના પદાર્થોની પરવા જ નથી, ઈચ્છા જ નથી અને એ પદાર્થો પ્રત્યે

તેવો અનુરાગ પણ નથી. દ્વાદશાંગીની આજ્ઞાનો આરાધક આત્મા દુનિયાનાં સુખોને તિલાંજલિ જ આપે. એનાથી તો એ ઈચ્છાય જ નહિ.

**આપત્તિ કરતાં સંપત્તિથી વધુ ડરો !**

શાસ્ત્ર કહે છે કે-સમ્યગ્દૃષ્ટિ આત્મા અવસર મળે તો દુનિયાના રંગરાગને-દુનિયાના પદાર્થોને વગોવે ખરો, પણ વખાણે તો નહિ જ. સમ્યગ્દૃષ્ટિ હુંશીયાર હોય, એને ટાઈમ મળે તો દુનિયાના સુખની એવી વગોવણી કરે કે-સામાને પણ સ્હેજે તેના પ્રત્યે અરૂચિ થાય, પણ તે આત્મા પ્રશંસા તો ન જ કરે. સમ્યગ્દૃષ્ટિ આત્માનો આ એક મોટામાં મોટો ગુણ છે. તે આત્મા તો સંવેગના યોગે-

**'સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક.'**

આ ભાવનાવાળો દુનિયાનાં પૌદ્ગલિક સુખોને માગે ? નહિ જ. રતિની સામગ્રીમાં વીતરાગદેવના આત્માને વિરક્તિ ટકી રહી, એનું કારણ એક જ કે-એ સામગ્રી મળી ગયેલી પણ માગીને મેળવેલી નહિ જ ! મળી જાય એ ભોગવવા માત્રથી મિથ્યાત્વ ન લાગે અને સમ્યક્ત્વ ન ચાલ્યું જાય, પણ માગીને મેળવ્યું હોય અથવા મેળવવા જેવું અને ભોગવવા જેવું માને તો મિથ્યાત્વ લાગે જ અને સમકિત ચાલ્યું જાય. જ્યાં સુધી સર્વ કર્મના બંધનથી

રહિત ન થવાય, મોહ ઉપર સર્વથા વિજય ન મેળવાય, ત્યાં સુધી મુક્તિ મળે એમ નથી જ. મુક્તિ મળે ત્યાં સુધી મળતું પૌદ્ગલિક સુખ ભોગવાય એ જુદી વાત પણ ભોગવવા જેવું અગર મેળવવા જેવું મનાય તો મુક્તિ દૂર જ થાય. 'પૌદ્ગલિક સુખ મેળવવા જેવું અને ભોગવવા જેવું ન મનાઈ જાય.'-એટલી આત્મશુદ્ધિ જાળવી રાખવાની જરૂર છે. જો એ શુદ્ધિ રહી શકે તો એ આત્માને કોઈ પણ પાપસંસર્ગ, આધીન બનાવી શકતો નથી. શ્રી તીર્થંકરદેવની સ્તુતિ કરતાં,-શ્રી વીતરાગદેવની સ્તવના કરતાં, શ્રી હેમચંદ્રસૂરિજી કહે છે કે- 'હે ભગવન્ ! દુઃખના હેતુમાં તને જે વિરાગ નહોતો, તેવો વિરાગ સુખના હેતુમાં હતો!' દુઃખના હેતુમાં વિરાગ સામાન્યને પણ આવે, પણ ભગવાનને તો દુઃખના હેતુમાં જે વિરાગ નહોતો, તે સુખના હેતુમાં હતો. જો એમ ન હોય તો દેવલોકમાં વિરાગીપણું ટકે શાનું ? સમ્યગ્દૃષ્ટિ આત્મા આપત્તિથી જેટલો ન ભાગે તેટલો સંપત્તિથી ભાગે. એ સમજે છે કે- આપત્તિ યોગ્ય રીતિએ સહન થાય તો કર્મક્ષયનું સાધન છે, પણ મોટે ભાગે સંપત્તિ તો કર્મ વધારનાર જ છે, માટે એ આત્મા સંપત્તિથી ડરે. આપત્તિમાં તો 'ઓ બાપરે' કરતાં પણ ભગવાન યાદ આવી જાય, પણ સંપત્તિમાં તો કોઈ વિરલાને જ યાદ આવે. સંપત્તિમાં તો ભગવાનને દહેરામાં રાખે, જ્યારે દુઃખમાં તો દુઃખને કાઢવા માટે પણ ભગવાનને યાદ કરે.

અશુભોદય કરતાં શુભોદય ભોગવવો કઠીન છે. નારકી મરીને નારકી ન થાય પણ મનુષ્ય મરીને નારકી થાય. નારકીને એકલી દુઃખની સામગ્રી છે. ત્યાં ગમે તેવી ધમાલ કરાય છતાં નારકીનું આયુષ્ય ન જ બંધાય. શાથી ? દુઃખની વિટંબણાથી નારકી કાયર બનેલો છે. એને ત્યાંથી છૂટવાની ભાવના ચાલુ જ રહે છે. કારણ કે-અશુભોદય છે. શુભના ઉદયમાં પડેલાઓ પોતાને જવાનું છે એમ જાણતા છતાં, એમને એ સાહ્યબી વખતે પશ્ચાત્તાપ નથી આવતો. પુદ્‌ગલાનંદમાં બધું વિસરી જવાય છે. મુદ્દો એ છે કે-ખરો વૈરાગ્ય કેળવવા માટે જે ભાવના જામવી જોઈએ તે જામતી નથી.

**મુનિપણું શાથી કઠીન જણાય છે ?**

અહીંની વાતમાં 'આવું આવું ન થાય'-એમ બોલાય છે અને દુનિયાની કાર્યવાહીમાં બધું થાય છે એનું કારણ ? એજ કે-દુનિયાની કાર્યવાહીઓ પ્રત્યે જેટલો રાગ છે, તેટલો રાગ ધર્મની કાર્યવાહીઓ પ્રત્યે નથી. પણ ભાગ્યશાળીઓ ! 'દુનિયાની કાર્યવાહીઓનું પરિણામ શું ?'-એ વિચારો ! પરિણામ સુધી પહોંચશો એટલે તો આપોઆપ જ અટકી પડશો. અને પરિણામ સુધી પહોંચવું જ જોઈએ. જો પરિણામનો વિચાર ન થાય તો, માનો કે-સમ્યક્ત્વ હોય તો પણ તે નિર્મળ શી રીતે રહી શકે ? ધાર્મિક ક્રિયામાં-'આ ન થાય,

આ ન થાય' એમ થાય અને દુનિયાની કાર્યવાહીમાં-'આ મજેથી થાય' એમ બોલાય, એવા વિચારો થાય તો સમ્યક્ત્વ સુધરે કે બગડે ? બગડે જ. તમારે તો વિચાર કરવો નથી : સંભળાવવું પણ મારે અને તમારીવતી વિચાર પણ મારે કરવો, એમ ? જો એમજ હોય તો તે ન જ પાલવે. વિચાર તો તમારે તમારી જાતે જ કરવા જોઈએ. આજે પૂછનાર કદી આવે તો એમ પૂછે છે કે-'રોજ ત્યાગની વાત કેમ કરો છો ?' પણ થોડાક અપવાદો બાદ કરતાં કોઈ એવું પૂછવા નથી આવતા કે-'અમારાથી કેમ છૂટતું નથી ?' કોઈ કોઈ 'ભૂલ કેમ કાઢો છો ?' એમ પૂછવા આવે છે, પણ 'ભૂલ કેમ નીકળતી નથી ?' એમ પૂછતા નથી આવતા. તમારે વિચારવાની વાતો અમારે વિચારવી પડે એની અસર શી ? તમને વિચાર થાય તો જ કામ આવે. આ વિચાર માટે ટાઈમ નિયત કર્યો છે ? સામગ્રી યોજી છે ? એને માટે જ્ઞાનીઓએ નિયત કરેલા ટાઈમનો પણ ઉપયોગ કરાતો નથી. એટલી ક્રિયા ન થાય તે માટે પશ્ચાત્તાપ થાય, તો પણ આત્મા જાગતો થઈ જાય. આજે વિહિત ક્રિયાઓના કરનારા પણ કેટલા ? વેઢે આવે એટલા કરે. તે પણ બહુલતયા ફોનોગ્રાફની ચૂડી જેવા. આજે પર્વાધિરાજ પર્યુષણા પર્વનો આગલો દિવસ છે. તેની આરાધના માટેની તમારે તૈયારી કરવી પડશેને ! આવ્યું અને ગયું એમ તો નજ થાયને ! પર્વમાં મોટી કાર્યવાહી 'શુદ્ધિ' પણ છેને ? આત્માની

શુદ્ધિ એ પણ એક કાર્ય છે. આ આઠે દિવસો એવા મજેના છે કે-ન પૂછો વાત. આ પર્વમાં દરેક કાંઈ ને કાંઈ કરે : છેવટ દર્શન, વ્યાખ્યાનશ્રવણ, પૂજન, સંવત્સરીપ્રતિક્રમણ, ક્ષમાપનાદિ કરે. આ પર્વનું આરાધન એવું કરવું જોઈએ કે-ઓછામાં ઓછા બાર મહિના સુધી તો એની અસર અંતરમાં રહે. શાસ્ત્રે કહ્યું છે કે-શ્રી કલ્પસૂત્ર એકવીસવાર સાંભળે તો તે સાત-આઠ ભવમાં મોક્ષે જાય, પણ તે કયી રીતે સાંભળે તો ? એકાગ્રતાપૂર્વક, વિધિ વિધાનપૂર્વક અને હૃદયના ઉલ્લાસથી સાંભળે તોજ ! પણ આડી અવળી બીજી બીજી ભાવનાઓ આવે તો નહિજ. અસ્તુ. આ ભાઈ કહે છે કે-રતિના સ્થાનમાં જ્ઞાનીને પણ વિરક્તિ રહી ક્યાંથી ? એનો ઉત્તર હું આપી ગયો છું તેજ છે કે એ રતિ માગી મેળવી નથી માટે !' રતિ મળે એના ભોગમાં વસ્તુ ન જાય, પણ માગવામાં જાય. મગાય શું ? ભવનિવ્વેઓ.' જે રતિને માગે છે તે વિરક્તિને વેચે છે : વિરક્તિનું મૂલ્ય આપી માલમાં રતિ ખરીદાય છે : ઐરાવણના બદલામાં રાસભની ખરીદી થાય છે : કિંમતમાં ચિંતામણી આપી માલમાં કાચનો ટુકડો લેવાય છે. વિરક્તિ વેચી રતિ માગવામાં સમ્યક્ત્વ ટકે ? સમ્યગ્દૃષ્ટિને વિરક્તિને બદલે રતિ માગવાની ભાવના કેમ થાય ? રતિ ન માગવી એમાં દીક્ષા આવે છે ? ધર્મના ફલ તરીકે પૌદ્ગલિક રતિ ન માગો એમ કહું, એમાં દીક્ષા ક્યાં આવે છે ? 'ધર્મના ફલ

તરીકે પૌદ્‌ગલિક રતિ ન માગવી'-એ શું કઠિન છે ? કોઈ નહિ બોલે મને ખાત્રી છે. એ ભાવના ઉડી જાય તો રતિના ભોગવટાની લહેજત ઉડી જાય. લહેર ન આવે, કેમ ? પણ જ્યારે એ તરફથી મોંઢું ફરશે ત્યારેજ ઉદયની તૈયારી થશે !

**તમે ક્યાં જાગો છો અને ક્યાં ઉંઘો છો ?**

દ્વાદશાંગીના સાર તરીકે જે વસ્તુને સૂત્રકાર કહે છે, તે હૃદયમાં કોતરી રાખવી જોઈએ. આજ દ્વાદશાંગી પામીને અનંતા તરી ગયા, સંખ્યાબંધ તરે છે અને અનંતા તરશે, તેવીજ રીતે જે પૌદ્‌ગલિક રતિના રસિયા હતા, તે આ જ દ્વાદશાંગીને પામીને અનંતા ડૂબી ગયા, સંખ્યાબંધ ડૂબે છે અને અનંતા ડૂબશે. યોગ્યતા ન કેળવાય તો જે તારે તેજ ડૂબાડે. ચલાવતાં ન આવડે તો પોતાનું હથીયાર પોતાને જ મારે, વ્યવહારમાં પણ કહેવત છે કે-'સોનાની છરી પેટમાં ન મરાય.' દ્વાદશાંગીની આજ્ઞાનું પાલન મજેનું છે. એ બધુંજ આપે : સંસારનું સુખ પણ આપે અને મોક્ષનું સુખ પણ આપે, પણ તેના ફલ તરીકે મગાય તો મોક્ષજ. આની આરાધના વિના સંસારનું પણ યોગ્ય સુખ મળતું નથી. સંસારનું પણ જે યોગ્ય સુખ મળે છે, તે પણ આની આરાધનાથી જ ! શ્રી દ્વાદશાંગીમાં બધુંજ છે, પણ જેને જે હિતકર નીવડે તે અનુયોગ કરનાર કહે : બાર અંગના સાર તરીકે આચાર મુખ્ય છે.

આ ચીજ એવી છે કે-દુનિયાના કોઈપણ આત્માને મુંઝવે નહિ. બધામાં મુખ્યતા આનીજ કેમ? એથીજ કે-સુંદર પરિણામ એમાંજ છે. જેમ જેમ જ્ઞાન વધે, સમજશક્તિ વધે, તેમ તેમ આચારશુદ્ધિ વધે તથા સ્વમાં અને પરમાં, મિત્રમાં અને શત્રુમાં સમાનતા આવે. એવો પુણ્યશાલી આત્મા તો આત્માને કલ્યાણકારી જેટલી પ્રવૃત્તિ હોય તેમાંજ અતિશય અપ્રમાદી હોય અને હાનિકર પ્રવૃત્તિમાં તો બહેરો, આંધળો અને મૂંગોજ હોય, એટલે કે-તેવી પ્રવૃત્તિને સાંભળે નહિ, જૂએ નહિ અને બોલે પણ નહિ તથા તે હંમેશાં એક મોક્ષ પદનાજ ધ્યેયવાળો હોય. અને આવા યોગીમાં જ સાચી સમાનતા આવે. જે આત્મિક પ્રવૃત્તિમાં આંધળો, બહેરો અને મૂંગો હોય, તે કદીજ 'સદાચિદાનંદપદોપયોગી' ન થાય. કહો તમે ક્યાં જાગતા અને ક્યાં ઉંઘતા છો ?

કહો કે-આત્મિક પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત રહેવાની અને પર પ્રવૃત્તિમાં બહેરા, આંધળા અને મૂંગા રહેવાની સ્થિતિ આવે ક્યારે ? શુદ્ધ આચાર પરિણમે ત્યારે ! માટે કહું છું કે-રોજ આત્માની પરીક્ષા કરો. તમે મુસાફરી તો રોજ કરો છો, પણ તમારે જવું છે ક્યાં એનો પત્તો નથી. ગામડિયો મુસાફર હોય, એને પણ મુસાફરીનું સ્થાન નિયત હોય ! તમારી મુસાફરી તો ધમધોકાર ચાલુ છે, પણ નિયત સ્થાનનો પત્તો નથી 'જ્યાં જવાયું ત્યાં ખરૂં'-

એમ ને ? એ તે મુસાફર કહેવાય કે મૂર્ખ ? કે જેના સ્થાનનો પત્તો નથી કે ક્યાં જવું ? તમને વિચાર કરવાની તક પણ મળે છે, તે છતાં પણ તમે તો વિચાર કરતાજ નથી. વેપારીને ત્યાં પણ કાયદો કે-એક ઉધારે તો બીજો પેલાના જમા કરે. બેયના ચોપડે રકમ પડે. આ તો હું બોલું અને તમને તો યાદજ નહિ. તમે વિચારો તો તમારામાં આ ઘુસે, બરાબર ઘુસે અને એની ખુમારી રહે : દુનિયાની પ્રવૃત્તિ લુખી થાય, લૂલી થાય અને પરિણામે ઘટે. ભલે 'આ દીક્ષા' આ ભવમાં હાથમાં ન આવે, પણ ભવાંતરમાં તો આવે ? ભવાંતરમાં હાથ આવે તે માટે પણ આ ભવમાં કાંઈ તો કરવુંજ પડશેને ! આ વિચાર કરો તો પોતપોતાના હૃદયનું માપ કાઢી શકો. હૃદયમાં કયો રંગ છે તે પરખાય.-સંસારનો રંગ બેઠો હોય તો સમજવું કે-સમ્યગ્દર્શનમાં-શ્રી જિનેશ્વરદેવના વચન પ્રતિની શ્રદ્ધામાં હજી ખામી છે. આટલું મનાય તો આ વસ્તુ પરિણામ પામે.

**નારકીને દુઃખ કેટલું અને તે ફરી નારકી કેમ ન થાય ?**

નારકીના દુઃખની તો વાત જ જવા દો. એક નારકીના જ જીવો એવા છે, કે જેઓને મરવાની જ ભાવના થાય. બીજી ત્રણ ગતિના આયુષ્યને પુણ્યપ્રકૃતિમાં ગણ્યાં છે, જ્યારે નારકી ગતિના આયુષ્યને પાપપ્રકૃતિ કહી છે. ત્યાં તો ભયંકર ત્રાસ અને આયુષ્ય પણ

નિરૂપક્રમ. માટેજ કહું છું કે-બંધ પહેલાં વિચાર કરો. શ્રી શ્રેણિક મહારાજાને આયુષ્યનો બંધ થયો છે, ભગવાન પાસે એમણે ઉપાય પણ પૂછ્યો છે, પણ ભગવાને કહ્યું કે-એક વાર તો જવું પડશે, ભોગવવું પડશે. હાલની આરાધનાનું ફળ મળશે, પણ પછી : પહેલાં તો બાંધ્યું તે ભોગવવું પડશે. નરકનાં માનસિક, વાચિક તથા કાયિક દુઃખોની વાત જ ન પૂછો. ત્યાંનાં દુઃખોનો કંઈ પાર છે ? સારૂં ધારે તોયે ખરાબ થાય. ત્યાંનું સ્થાન, દેખાવ વિગેરે સઘળું ભયંકર. આવાં ભયંકર દુઃખોમાં પડેલા આત્માઓને ત્યાં પશ્ચાત્તાપ પણ થાય, પણ શું કરે ? અશુભનો વિપાક ભોગવ્યા વિના કાંઈ છુટકો ઓછો જ છે ? ત્યાં કેવળ ભોગવવાનું જ માટે અને નરક યોગ્ય બંધ નહિ હોવાથી નારકી મરીને નારકી થઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ ત્યાં બૂમો તો પાડે જ, પણ સમ્યક્ત્વના પ્રભાવે કર્મસ્થિતિ સમજે અને એટલે અંશે એને શાંતિ અનુભવાય. ક્ષેત્રપીડા, દેવ (પરમાધામી) કૃત પીડા એ બધી પીડા તો એને પણ હોય, પણ પોતાનો આત્મા કાબુમાં માટે શાંતિ માને. મનથી માને કે-બાંધ્યું તે ભોગવ્યા વિના છુટકોજ નથી. બે સરખી સ્થિતિના ગૃહસ્થ છે. બેયની વિષમ સ્થિતિ આવી. એક જે સમ્યગ્દૃષ્ટિ હોય તેને નં લાગે અને બીજો માથું કુટે. લક્ષ્મી જાય ત્યાંયે સમ્યગ્દૃષ્ટિ માને કે-શુભોદય ભોગવાઈ ગયો, પીડા ગઈ અને સાચવવી મટી : ત્યારે પેલો બીજો વસ્તુને નહિ

જાણનારો માથાં કૂટે. સમ્યગ્દૃષ્ટિ લક્ષ્મી આવે તો નાચે નહિ અને જાય તો મૂર્છિત પણ ન થાય : અને પેલો મિથ્યાદૃષ્ટિ આવે તો પગ પછાડે અને જાય તો માથું ફોડે ! આખી દ્વારિકા સળગી, બચાવવાને માટે એમણે પ્રયત્ન થાય તેટલો કર્યો, પણ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ શ્રી કૃષ્ણમહારાજાના આત્માએ આખરે વિચાર્યું શું ? એજ કે-'ભગવાનનું વચન અસત્ય ન જ થાય.' સમ્યગ્દૃષ્ટિને સુખ આવે તોયે મુંઝાય નહિ અને જાય તોયે મુંઝાય નહિ. પરિવાર વધે કે ઘટે તોયે એને કાંઈ ન થાય. બેય વખતે સમાન. સમ્યગ્દૃષ્ટિ આનંદ કે શોકનો અતિરેક કરે જ નહિ. એ જાણે છે કે-'એવા પ્રસંગે આયુષ્ય બંધાઈ જાય તો ઘણું જ અનિષ્ટ થાય !' અશુભ તથા શુભના યોગો ગમે એટલા આવે પણ એકેમાં ન ભળવું. શ્રી તીર્થંકરદેવને ઉપસર્ગ કરનારાએ ઉપસર્ગ કર્યા અને ભક્તિ કરનારાએ ભક્તિ કરી, પણ એ તો બેયમાં સમાન. શ્રી તીર્થંકરદેવને ન આવે રોષ કે ન આવે તોષ. જો રાગ-દ્વેષ આવે, તો કેવળજ્ઞાન પણ કેમ થાય ?

**દેવો મરીને દેવ ન થાય તેનું કારણ ?**

દેવોને પુદ્ગલની આધીનતા એટલી બધી છે, પુદ્ગલના સુખમાં એ એટલા લીન છે કે-ન પૂછો વાત. અને ત્યાં પણ દેવગતિને યોગ્ય બંધની સામગ્રી ન હોવાથી, ફરી દેવ

આયુષ્ય બાંધે એવા એના પરિણામ થતા નથી. દેવો શ્રી તીર્થંકરની ભક્તિ કરવા જાય, ત્યાં પણ એ મૂળરૂપે તો પોતાના સ્થાને જ રહે. જ્યારે મનુષ્ય તો ઘરબાર વિગેરે તેમજ કુટુંબ આદિને તજીને પૂજા કરવા જઈ શકે છે. શાસ્ત્રે કહ્યું કે-બાહ્યધૂનન વિના આંતરધૂનન થાય નહિ. જ્ઞાની કહે છે કે-વિષયની સામગ્રીથી દૂર રહો તો વાસના તો આપોઆપ મરી જશે. જો કે આંતરશુદ્ધિ વિના બાહ્ય વસ્તુ બરાબર ફળતી નથી, પણ બાહ્યશુદ્ધિ વિના આંતરશુદ્ધિ થતી જ નથી. ધૂનન પણ સૌથી પહેલું સ્વજનનું કહ્યું. સ્વજન છૂટે તો બધું આવે. એ છૂટે તો આત્મકલ્યાણ થવા માંડે. મનુષ્યને પ્રભુની ભક્તિ કરતો જોઈને દેવો તુષ્ટમાન થયા સાંભળ્યા છે, પણ ઈંદ્રને ભક્તિ કરતાં કોઈ ઈંદ્ર પણ તુષ્ટમાન થતા સાંભળ્યા છે ? ઈંદ્ર ભક્તિ કેવી કરે ? ઠેઠ ક્ષીરસાગરથી પાણી લાવે, પાંચ રૂપે ભક્તિ કરે, એક રૂપે આગળ વજ્ર લઈને દોડે, એક રૂપે પાછળ છત્ર ધરે, બે રૂપે ચામર વીંઝે, અને એક રૂપે પ્રભુને લે. આવી રીતે પાંચ રૂપે ભક્તિ કરે છે. છતાં કોઈ તુષ્ટમાન થયા નહિ અને મનુષ્ય ઉપર દેવો તુષ્ટમાન થાય છે, કારણ કે-જિનેશ્વરદેવની આજ્ઞાના આદર્શની નિકટ મનુષ્ય પહોંચી શકે છે. મનુષ્યના સંયોગો એવા છે કે જેથી દેવો પણ તેને પહોંચી ન શકે. શાસ્ત્ર કહે છે કે-અયોગ્ય ભાવનાવાળા ન થવું હોય, તો અયોગ્ય સંસર્ગથી દૂર રહેજો. કોઈ કહે કે-'અયોગ્યમાં રહી

બચવા માગીએ છીએ તો માનવું કે તે દંભ છે. ઉલટી એ તો અયોગ્યમાં રહેવાની, સારી વસ્તુના નામે છૂટ માંગે છે. કોઈ એમ કહે કે-'મન સારૂં છે તો અયોગ્ય સંસર્ગમાં રહેવામાં વાંધો શો ?' તો કહેજો કે-જેનું મન સારૂં તે એવા અયોગ્ય સંસર્ગમાં રહે શું કામ ? એને રહેવાની ભાવના પણ કેમ થાય ? ઘણા દશ-પંદર ઉપવાસ કરે છે, એ જોઈને કોઈ એમ કહે કે-'મારામાં તાકાત નથી' એ તો ઠીક, પરંતુ એને બદલે એ-'પણ ન કરીએ તો યે શું અને કરીએ તોએ શું ?'-એમ કહે તે તો અયોગ્ય જ છે : કારણ કે-એમ કહેવામાં તો દાંભિક વૃત્તિ છે. દેવતાની ભક્તિ મનુષ્યની ભક્તિની તોલે નહિ આવે. પણ હાલ જે ભક્તિ થાય છે તે ન માનતા. ઈંદ્ર મહારાજ તો ભગવાનને બહુમાનથી બે હાથે લેતા અને આજ તો ભગવાનની મૂર્તિને પ્રાયઃ ઘણા તરફથી ગળેથી પકડાય છે. જાણે દુશ્મનને જ ન પકડતા હોય ! શ્રી સિદ્ધચક્રજીના ગટ્ટાઓની તો એક ઉપર એક એમ થપ્પી કરે છે. કોઈ જૂએ તો પણ ત્રાસ થાય. જો કોઈ તેમ ન કરવા કહે, તો સામે એમ જ કહે કે-'બેશ, બેશ, અમે તો રોજ એમ કરીએ છીએ.' અવિધિ કોઈ વખત થાય તે પ્રમાદથી, ભૂલથી : પણ વિધિની દરકાર જ ન કરાય, કોઈ કહે તો પણ અમલ ન થાય અને અવિધિનો ગોટાળો કાયમ જ રખાય, એ ભક્તિ કેમ ફળે ? ઈંદ્રોની ભક્તિ કમ નથી, પણ એ પૌદ્‌ગલિક સંસર્ગમાં તલ્લીન છે,

ફસેલા છે. મનુષ્ય જે ભાવના મેળવી શકે તે મેળવવાની એમનામાં તાકાત નથી. શ્રી દશાર્ણભદ્ર રાજા સામે પ્રભુભક્તિના વરઘોડાને અંગે ઈંદ્રે બહુ કર્યું, પણ એ રાજાએ જ્યાં મુકુટ ઉતારી સંયમ લીધું કે-તરત જ ઈંદ્ર નમ્યા અને કહ્યું કે-'હું હાર્યો.' મનુષ્ય આગળ ઈંદ્રો ભોગની પંચાતમાં પહોંચે, પણ ત્યાગમાં નહિ. આત્મસિદ્ધિની વાત આવે ત્યાં તો ઈંદ્રો પણ પાછા જ હઠે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને પણ મોક્ષે જવા મનુષ્ય લોકમાં આવવું પડે. ત્યાંથી સિદ્ધશિલા ફક્ત બાર જ યોજન ઉંચી, છતાં ત્યાંથી ન જવાય, અને અહીંથી સાત રાજલોક દૂર પણ અહીંથી એક સમયમાં જઈ શકાય. એ દેવ અહીં આવી મનુષ્ય બની, સંયમધર બની, કેવળજ્ઞાની બને ત્યારે જ મોક્ષ મેળવે. 'કોઈને ઉંચકીને મોક્ષમાં કોઈ મૂકી દે.'-એવો કાયદો અહીં નથી. તમે કાર્યવાહી નહિ કરો તો તમને પણ મોક્ષ નહિ જ મળે ! વિશિષ્ટ તાકાત, એ મનુષ્યની યોગ્યતા છે. આથી 'અમે દેવથી ઉંચા' એમ રોજ ન બોલતા. જે આરાધના કરતો હોય અને બોલે તેની વાત જૂદી. જેને લઈને મનુષ્યભવ ઉંચો છે, તે વસ્તુને સમજો. જો એ ન સમજાય તો એ મનુષ્યભવની કિંમત બહુ કમ છે. ઉંચે જવું હોય તો ઉંચી પ્રવૃત્તિ કરવી જ પડશે, નહિ તો આત્મા અધોગતિએ જ જશે. દેવતાઓ પુદ્‌ગલમાં ફસેલા છે માટે નથી કરી શકતા. મોક્ષમાં જવા ઈચ્છનારે જડથી છૂટા થવું જ

પડશે અને દોષને તજી ગુણને ગ્રહણ કરવા જ પડશે.

❖ ૪૨ ❖

**ચરણની રૂચિ વિના બધું જ હાનિકર !**

શ્રી આચારાંગ સૂત્રમાં અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા કે-ટીકાકાર મહર્ષિએ મંગલાચરણ કરતાં સમજાવ્યું કે-આ તીર્થ સદાને માટે જયવન્તુ વર્તે છે : કેમકે-તેમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તથા એક પણ યોગ્ય વિચારનો ઈન્કાર નથી : એટલા જ માટે તે શાશ્વત છે, અનુપમ છે, અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાએલું છે. આગળ ચાલતાં આપણે એ પણ જોયું કે-કલ્યાણના અર્થિ આત્માએ. કલ્યાણના અર્થિ આત્માને માટે, શ્રી અરિહન્તદેવના જ વચનનો અનુયોગ કરવો તે જ યોગ્ય છે : કારણ કે-એ શિવાય સાચો વિવેક આવતો નથી, સાચો વિવેક આવ્યા વિના હેય તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન થતું નથી, હેય તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન થયા વિના રાગ, દ્વેષ તથા મોહ ઘટતા નથી, અને એ રાગ, દ્વેષ તથા મોહ ન ઘટે ત્યાં સુધી આધિ વ્યાધિ-ઉપાધિ રૂપ દુ:ખ તેમજ જન્મજન્માન્તરના પરિભ્રમણ રૂપ દુ:ખ દૂર થતું નથી અને સુખની પ્રાપ્તિ પણ થતી નથી. એટલે કે-જે આત્મા સ્વકલ્યાણની કામનાવાળો હોય, તેણે આત્મકલ્યાણની કાંક્ષાવાળા

આત્માને માટે, શ્રી અરિહન્તદેવના જ વચનનો અનુયોગ કરવો એ જ ઈષ્ટ છે, અને એથી જ સાચા વિવેકની, સાચા જ્ઞાનની તથા સાચા સુખની પ્રાપ્તિ થઈ શકે તેમ છે. શ્રી અરિહન્તદેવના વચનના અનુયોગને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ, અને ૪. ચરણકરણાનુયોગ ! આ ચારે અનુયોગોમાં મુખ્યતા ચરણકરણાનુયોગની છે, કારણ કે-જ્યાં સુધી એ ચરણકરણાનુયોગની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી પૂર્વના ત્રણ ધર્મકથાનુયોગાદિ અનુયોગો વાસ્તવિક રીતે જોઈએ તેટલા સફળ થતા જ નથી. પૂર્વના ત્રણ અનુયોગો ચોથા ચરણકરણાનુયોગની પ્રાપ્તિ માટે જ છે, અને માટે જ એ વિનાના પહેલા ત્રણ અનુયોગોની વાસ્તવિક સફળતા નથી. એટલું જ નહિ પણ, જો ચોથા અનુયોગ પર બીલ્કુલ રૂચિ જ ન હોય, તો તો એ ત્રણે અનુયોગની પ્રાપ્તિ કદાચ ફાયદાને બદલે નુકશાન પણ કરી બેસે : એ જ ત્રણ અનુયોગો આત્માના નાશક પણ બની જાય ! ભલા, એ કહો જોઉં કે-ચારિત્રની રૂચિ વિનાનો આ ત્રણે અનુયોગોને વાંચે જ શા માટે ? કહેવું જ પડશે કે-કાં તો પેટ ભરવા, કાં તો પંડિતમાં ખપવા, કાં તો માર્ગની વિરૂદ્ધ પ્રલાપ કરવા ! કહો, આ શિવાય બીજા કયા હેતુથી એ ધર્મકથાઓ વાંચે, વર્ણનો વાંચે, કે દ્રવ્યાદિનાં સ્વરૂપ સમજે ? કથાઓ સાંભળીને કરવાનું શું ? વર્ણનો વાંચીને સમજવાનું

શું ? અને દ્રવ્યાદિનું સ્વરૂપ શા માટે ? ચરણની પ્રાપ્તિ માટે અને એના નિર્મલ પરિપાલન માટે ! માટે જ કહેવાય છે કે-ચોથાની પ્રાપ્તિ ન હોય તો પણ કદાચ પહેલા ત્રણ અનુયોગો લાભદાયી નિવડે, પણ ચોથા પ્રત્યે રૂચિ જ ન હોય, તો તો એ જ ત્રણ અનુયોગો આત્માને ઘાતક નિવડે, કારણ કે-રૂચિને માર્ગ તો જોઈએ જ. એક બીજાની રૂચિ તો ચાલુ રહેવાની જ. જ્યાં સુધી કર્માવરણ છે, ત્યાં સુધી મન, વચન, તથા કાયાની પ્રવૃત્તિ તો અખંડપણે ચાલુ રહેવાની જ : યોગની પ્રવૃત્તિ સર્વથા તો ચૌદમે ગુણસ્થાનકે જ બંધ થવાની. એ યોગોને-એ રૂચિને સીધે માર્ગે ન લાવો, તો ઉંધે માર્ગે તો એ છે જ : તેની તેવી પ્રવૃત્તિ તો ચાલુ છે જ અને રહેવાની પણ ! નદીનું પૂર એમ ને એમ રોકયું રોકાય નહિ. એનો પ્રવાહ એવો પ્રબળ હોય કે-એ આડે આવતા પહાડને ભેદીને પણ માર્ગ કરે. પરંતુ એ પૂરને જો હાનિકર ન બનાવવું હોય, તો એને યોગ્ય માર્ગે વાળવું જોઈએ, અને તેમ થાય તો એનું એ હાનિ કરનારૂં પૂર, હાનિ કરવાને બદલે ફાયદો કરનારૂં પણ નિવડે. તેવી જ રીતિએ યોગોના ઉલ્ટા પ્રવાહને સીધી દિશામાં વાળવા માટે એની દિશા ફેરવવી જ જોઈએ. એટલે કે-જે યોગો સંસાર તરફ ઢળી રહ્યા હોય-પાપપ્રવૃત્તિમાં રચ્યાપચ્યા હોય, તેમને સંયમ તરફ વાળી ઈન્દ્રિયનિગ્રહમાં રસિક બનાવવા જોઈએ. આમ થાય તો જ પહેલા ત્રણે અનુયોગો

લાભદાયક નિવડે, અન્યથા એના એ ત્રણ અનુયોગો આત્માના અહિતના જ કારણરૂપ બની જાય : આથી જ જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું છે કે-યોગ્ય આત્માને માટે જે સાધનો મુક્તિનાં કારણો બને છે, તેનાં તે જ સાધનો અયોગ્ય આત્માને માટે સંસારમાં રૂલાવવાનાં કારણો બની જાય છે. ત્યારે સમજો કે-આ ત્રણે અનુયોગો અપાય કોને ? શુદ્ધ રૂચિવાળાને જ ! ચરણની પ્રાપ્તિ માટે કઠીનતા બતાવાય કે એ માટે પોતાની નિર્બળતા દર્શાવાય, અને એની રૂચિ હૃદયમાં સ્થિર કરાય, તોય આ ત્રણે અનુયોગો ફળ આપે : પણ એને બદલે ચરણની રૂચિમાંય વાંધો હોય, એ કેમ પાલવે ? હવે આપણે આગળ ચાલીએ. એ ચરણની રૂચિ ક્યારે પેદા થાય ? જ્યારે સંસારની વાસના ઘટે ત્યારે જ ! સંસારની વાસના ક્યારે ઘટે ? જ્યારે સંસાર કડવો ઝેર જેવો લાગે ત્યારેજ ! સંસાર કડવો ક્યારે લાગે ? ત્યારે જ કે જ્યારે આત્માને હિતકર એવું કડવું પણ સત્ય કહીને સન્માર્ગે દોરનારની પાસેથી પ્રેમપૂર્વક સંસારનું યથાસ્થિત સ્વરૂપ સમજાય તો ! ત્યારે ચરણની રૂચિ પેદા કરવાને માટે તમારે સત્યને સત્ય તરીકે સાંભળવા ને સમજવા તૈયાર થવું પડશેને ? કદાચ એકદમ ઉંચે ન અવાય, તો ક્રમસર તો આવવા કબુલ છો ને ? તમે ભણ્યાગણ્યા, કાર્ય કુશલ બન્યા, વિદ્વાન થયા તે કેટલીય ઠોકરો અને થપ્પડો ખાઈને કે એકદમ જ્યારથી જન્મ્યા ત્યારથી જ આજના જેવા ?

મહાનુભાવ ! પૂર્વનો આરાધનયોગ ન હોય ને તેથી તીવ્ર રૂચિ પેદા ન થાય, પરંતુ રૂચિ પેદા કરવા માટે ક્રમસર પ્રયત્ન તો કરવો જ પડશે ને ? એ રૂચિને જાગૃત કરાવવાના જ આ પ્રયત્નો છે. અને એ જ કારણે વારંવાર વિચારવું પડે છે કે-ધર્મકથાનુયોગાદિ પહેલા ત્રણ અનુયોગો મુક્તિના સાધનરૂપ ખરા, પણ તે કોને અને ક્યારે ? જેમને આ સંસારની આસક્તિ ઘટી હોય તેમને અને સંયમની રૂચિ પેદા થાય ત્યારે ! આ ત્રણે અનુયોગોમાં તો બધું જ વર્ણન આવે છે. જેમ અનેક પુણ્ય કરણીયોનું તથા સમ્યક્ત્વાદિ ગુણોનું વર્ણન આવે છે, તેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, તથા પ્રમાદના પ્રકાર, એની હાલત, તથા એના પરિણામનું પણ વર્ણન આવે છે : ચક્રવર્તીની, ઈન્દ્રની અને કેવલજ્ઞાનીની સાહ્યબીનું પણ વર્ણન હોય અને જીવતાં ચામડી ઉતરે છતાં આત્મમગ્ન રહેનાર સાધુ પુરૂષોનું પણ વર્ણન હોય : ઋદ્ધિસિદ્ધિ મેળવ્યાની વાત પણ હોય અને એ મેળવીને સદુપયોગથી તરનાર તથા દુરૂપયોગથી ડૂબનારની વાત પણ હોય : એમાં વ્યભિચારીનાં ય વર્ણન હોય અને સંકટ સમયે પણ શીલથી નહિ ચૂકનારનુંય વર્ણન હોય. શાસ્ત્રમાં શું ન હોય ? ખરાબને છોડાવી સારૂં સ્વીકારવા માટે બધું જ વર્ણન કરે, પણ વર્ણન એવું હોય કે-એ વાંચતાં જ ખરાબ ખરાબ રૂપ લાગે અને સારૂં સારા રૂપે જ લાગે. ખરાબને છોડાવવું હોય, માટે ખરાબને આવવાના માર્ગ, એના પ્રકાર,

એની લાલચ, એ વિગેરેનું વર્ણન કર્યું હોય અને દર્શાવ્યું હોય કે-આમાં ફસનારા ડૂબ્યા, તેમ જ સારા માટે પણ સમજવું. સારૂં પામીને, એની આરાધના કરીને, મુક્તિએ જવાય, માટે એના પ્રકાર વિગેરે દર્શાવ્યું હોય, ટુંકમાં કહીએ તો શાસ્ત્રમાં તો બધુંયે છે : પણ લેનારો લે શું ? એક જ વાતમાંથી અમુક વસ્તુનો સ્વીકાર અને અમુક વસ્તુનો અસ્વીકાર, એ આત્માની રૂચિ ઉપર આધાર રાખે છે. આજે ઘણા કહે છે કે-'શાસ્ત્ર જેને તેને દેવામાં વાંધો શો ?' પણ શાસ્ત્રકાર વાંધો કહે છે : કારણ કે-'યોગ્યતાના અભાવે એ શાસ્ત્ર પણ ઉંધે રૂપે પરિણમતાં એને તથા પરને પણ નુકશાન કરે છે.' શાસ્ત્ર જે દૃષ્ટિએ વંચાય, તેવી અસર થાય. સાગરમાં રત્નો પણ છે, પત્થર પણ છે, અને ખાર પણ છે : એટલે તેમાંથી લેનાર જેવો હોય તેવું લઈ શકે. જેવી રૂચિ તેવી પ્રાપ્તિ. સારી ચીજ પણ ગુણ કોને કરે ? જે વિધિ મુજબ ઉપયોગ કરે તેને ! ભસ્મ વિગેરે દવા શક્તિ આપનાર છે : માનો કે-એક દવાની શીશી સો ગોળીથી ભરેલી છે. વિધિ મુજબ એક એક ગોળી લે તો તાંબા જેવું શરીર થાય એવી દવા હોય, પણ સોંએ ગોળી એક સાથે લે તો શું થાય ? અથવા માનો કે-એક એક ગોળી ખાય, પણ પથ્ય ન પાળે-ખટાશ, ખારાશ, તીખાશ, બધુંએ ખાય-તો શું થાય ? આમાં ખામી કોની ? ગોળીની ? કહેવું જ પડશે કે-એ ખામી ગોળીની નહિ, પણ ખાનારની. એ જ ગોળી

વિધિપૂર્વક ખવાય તો ફાયદો જરૂર થાય. સ્ત્રી પણ ઘડો અને દોરડું કુવામાં નાખે અને એ જ ઘડો પાણી ભરીને પાછો આવે, પરંતુ એ બધું ક્યારે કે જ્યારે ચાર આંગળ દોરડું હાથમાં રાખે તો ! એવી રીતે પાણી લાવીને તૃષા ઠારે, પણ જો દોરડું જ ચાર આંગળ હાથમાં ન રાખે, તો ઘડો પણ જાય અને દોરડું પણ જાય : પછી પાણીની તો આશા જ શી ? તેમ જ વળી લોક બેવકુફ કહે એ વધારામાં ! બીમાર આદમીને મિષ્ટાન્ન કડવું લાગે, તેથી મિષ્ટાન્નને કડવું ન કહેવાય. જેમ મંદાગ્નિવાળાને અમુક ચીજ ન પચે, એમાં એ ચીજનો દોષ નથી પણ ખાનારની જઠરાગ્નિનો દોષ છે, તેવી જ રીતિએ અહીં પણ વિધિ મુજબ સંભળાય, વિચારાય અને પરિણત કરાય તો ત્રણે અનુયોગોમાં તાકાત ઘણી છે : એ તો કેવલ ઉત્તમ રૂચિ જ નહિ, પણ ઉત્તમ ગુણો પેદા કરે ! પરંતુ એ ક્યારે ? ચોથાની રૂચિથી સંભળાય તો અને આદરવામાં આવે તો ! ચરણકરણાનુયોગની રૂચિ એટલે એ મેળવવાની રૂચિ અથવા એ ઉત્તમ છે એટલી રૂચિ ! તે હૃદયમાં રાખવાપૂર્વક વંચાય તો આ ત્રણે અનુયોગો લાભદાયી થાય. અથવા આ સંસારમાં આનંદ નથી પણ વાસ્તવિક આનંદ તો બીજે જ છે, એમ માની તેની રૂચિથી જો સંભળાય તો જરૂર લાભ થાય, પણ જ્યાં બેઠો છું ત્યાં જ મજેનું છે અને એવું જ વધારે મળે, એ માટે જ સંભળાય તો પરિણામ શું આવે ? કેટલાક શ્રી શ્રેણિક

મહારાજાનું દૃષ્ટાંત લઈ કહે છે કે-એમણે ક્યાં વિરતિનું સેવન કર્યું હતું ? એમણે પણ વગર વિરતિએ તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું છે, તો આપણને શો વાંધો ? આવું કહેનારા માટે ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ યશોવિજયજી ગણિવરને પણ કહેવું પડ્યું કે :-

**'શ્રેણિક સરખા અવિરતિ થોડલા.'**

એ ભલે અવિરતિ હતા, પણ વિરતિ પ્રત્યે સદ્ભાવ કેટલો હતો ? વિરતિદાતા પ્રત્યે પૂજ્યભાવ કેટલો હતો ? આ દશા આવવી કઠીન છે. એમની અવિરતિની વાતને દૃષ્ટાંતમાં લીધી, પણ એમની જ સમ્યક્ત્વની ક્રિયાને છોડી દીધી. દૃષ્ટાંત લેવામાં પણ બુદ્ધિ શુદ્ધ હોવી જોઈએ, નહિ તો એજ મહાપુરૂષોનાં દૃષ્ટાંતો ઝેર રૂપ થાય. ઘી ગુણકર છતાં તેને ઝેર બનાવી શકાય છે, માટે દૃષ્ટાંત કહેતાં પહેલાં હેતુ, આશય, પરિસ્થિતિ આખી જોવી જોઈએ અને કહેનારે પણ શ્રોતાના દીલમાં એ દૃષ્ટાંતના વાસ્તવિક આશયને ઠસાવવો જોઈએ. હાલત એવી કફોડી છે કે-સ્હેજે અર્થકામની લાલસા તો બેઠી છે, દુનિયાદારીના વ્યવહાર તો સ્હેજે જ મીઠા લાગે છે, પૂજા-સામાયિક-પ્રતિક્રમણ-વ્યાખ્યાનશ્રવણાદિ ક્રિયા વિના ચલાવી લેવાય છે, પણ દુનિયાના તમામ વ્યવહાર-ચાહપાણી-કોઈ આવે જાય તેને ખાન-પાન-માન ઈત્યાદિ વ્યવહાર વિના ન ચલાવાય એમ માનવું તો સહેજે છેજ, તેમાં જો આ દૃષ્ટાંતમાંથી આવું

જ સમજાવાય કે-'આવા પણ આવું કરતા તો આપણે કોણ ?'-તો એનું પરિણામ શું ? પૂર્વાવસ્થાનું વર્ણન પકડે અને છેલ્લે જાય જ નહિ. મુદ્દો એ છે કે-ચાલુ દુનિયાદારીની ક્રિયા આત્માને ઘાતક છે, એ સમજાતું જ નથી. અરે આજે તો સંયમની રૂચિને બદલે પ્રતિપક્ષ ભાવમાં જ રૂચિ થાય છે. જ્યાં આ દશા બેઠી હોય, તેવા હૃદયમાં આવું શાસ્ત્ર શી રીતે પરિણામ પામે ?

(સભામાંથી૦ શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતી છતાં મેઘકુમારને ગાદીએ બેસાડ્યાને?)

બરાબર, અને એ મોહની તીવ્રતા ! દેશવિરતિને અને પ્રસંગે સર્વવિરતિને પણ મોહ મુંઝવે, તો સમ્યગ્દષ્ટિ શા હિસાબમાં ? પણ ગાદીએ બેસાડ્યા પછી-'હવે તારૂં શું કરૂં ?'-આ પ્રમાણે પૂછ્યું. એના જવાબમાં શ્રી મેઘકુમારે દીક્ષાનાં ઉપકરણો માગવાથી એ પણ શ્રેણિક મહારાજાએ રજુ કર્યા, એ કેમ ભૂલી જવાય છે ? અડધી વાત યાદ રહે અને અડધી ભૂલી જવાય છે કેમ ? છોકરાને વરઘોડે ચઢાવી પછી પણ કદિ પૂછ્યું છે કે-'હજી શી ઈચ્છા છે ?' મોહથી મુંઝવણ તો થાય, પણ અંદરની વસ્તુ-સમ્યક્ત્વ, એ આત્માને સીધે માર્ગે લાવ્યા વિના રહે નહિ. તમારા પ્રશ્નથી તો એ મુદ્દો સ્પષ્ટ થાય છે કે-ચરણકરણાનુયોગની પ્રાપ્તિ ન થાય, તેમાં તો ત્રણ અનુયોગોની સફળતા નહિ, પણ જો એના ઉપર રૂચિ જ ન

હોય તો તો એ ત્રણે અનુયોગો હાનિ કરનાર નિવડે છે. ઉપયોગી ચીજની રૂચિ નહિ અને ત્યાજ્ય ચીજ પ્રત્યે અરૂચિ નહિ, અર્થાત્ સારા અને ખોટાનો જરા સરખો પણ વિવેક નહિ, ત્યાં આ શાસ્ત્ર કે શાસ્ત્રવાર્તા લાભ શું કરે ? યોગ્ય રૂચિ ચાલુ ન રહે, તો પ્રાપ્ત થયેલું પણ ચાલ્યું જાય.

**જ્ઞાનીઓની મર્યાદાઓને ન ચૂકો !**

પ્રમાદવશાત્ ચૌદ પૂર્વધર પણ ગબડી ગયા. પ્રમાદનું જોર ભયંકર છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય ગમે તેવા આત્માને પણ મુંઝવ્યા વિના ન રહે. 'સમય માત્ર પણ પ્રમાદ ન કરીશ'-એવું શ્રી ગૌતમસ્વામિજી મહારાજ જેવાને પણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામિજી વારંવાર કહેતા. ચાર જ્ઞાનના ધણી અને ત્રણ જ વચન ઉપરથી દ્વાદશાંગીની રચના કરનાર જેવા સમર્થ માટે પણ-'ઈચ્છા એ ધર્મ'-ન કહ્યો, ત્યારે આપણે માટે તો 'ઈચ્છા એ ધર્મ' હોય જ કેમ ? એમની ઈચ્છામાં દોષનો સંભવ હશે અને આપણી ઈચ્છામાં તો નહિ હોય, એમ કેમેય મનાય ખરૂં કે ? એમણે પોતે પણ 'આણાએ ધમ્મો'-'આજ્ઞામાં જ ધર્મ' કહ્યો, પણ મતિકલ્પનામાં ન કહ્યો, તો પછી આપણાથી તો કેમજ કહેવાય ? ભગવાન્ શ્રી મહાવીરદેવના ચૌદ હજાર મુનિવરોમાં સાત હજાર કેવળજ્ઞાની, ત્યારે એમના પ્રાયઃ સર્વ

શિષ્યો કેવળજ્ઞાની ! હજારો કેવળજ્ઞાનીના ગુરૂએ પણ-'પોતાની ઈચ્છા એ ધર્મ'-એમ પોતા માટે પણ ન કહ્યું, કારણ કે-એ જાણતા જ હતા કે-ગમે તેવા તો પણ છદ્મસ્થ છીએ ! છદ્મસ્થ એટલે ઘાતીકર્મને વશ પડેલો આત્મા અને ઘાતીકર્મો એટલે આત્માના મૂળ ગુણોને ઘાત કરનારા કર્મો ! જ્યાં સુધી આત્માને ઘાતિકર્મની પરાધીનતા છે, ત્યાં સુધી અનંતજ્ઞાનીઓની આજ્ઞાની પરાધીનતામાં રહીને જ આત્માએ પ્રવૃત્તિ કરવી જોઈએ, કે જેથી ઘાતિકર્મ ફાવી ન જાય. દુશ્મનથી બચવું હોય તો દૃષ્ટિ ફેરવવી જ જોઈએ. એ દુશ્મનને આધીન થવાની વૃત્તિ જેવું એક પણ પાપ નથી. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા શિવાયની ઈચ્છાઓ એ વિષયકષાયનાં જ રૂપકો છે. એ રૂપકોથી આત્મા ડૂબી જાય છે, તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પામ્યા પછી એવી ઈચ્છાઓ કયો કલ્યાણાર્થિ કરે ? પણ ખરી વાત એ છે કે-હજી શ્રી જિનેશ્વરદેવની પૂરી પીછાણ જ નથી થઈ. જ્યાં સુધી તારકના સ્વરૂપને ઓળખ્યું નથી, ત્યાં સુધી તે તારકે દર્શાવેલી મર્યાદાઓથી ગભરામણ થાય છે, પણ 'મર્યાદામાં, બંધનમાં, અંકુશમાં ગંભીર હેતુ હશે, ત્યારે જ અનંતજ્ઞાનીએ એ ફરમાવેલ હશેને !'-આ રીતે વીચારી નથી શકાતું : ઉલ્ટા કોઈ કોઈ તો એમ કહે છે કે-'મુનિએ તો ઘરબાર તજ્યાં, હવે સ્ત્રી, પશુ, પંડગાદિથી રહિત વસતીમાં રહેવાની આજ્ઞાનો હેતુ શો ?' પણ એ બીચારા નથી સમજી શકતા કે-એમાં કોઈ

પણ આત્મા ગબડી ન જાય, એવો હેતુ તે અનંતજ્ઞાનીનો છે. અને એજ હેતુથી ધર્મકરણી શિવાય મુનિ ગૃહસ્થ સાથે બીજી વાતો કે પરિચય પણ ન કરે, એમ શાસ્ત્ર તો ફરમાવે છે. શાસ્ત્ર કહે છે કે-મુનિને ગૃહસ્થની નિશ્રાની જરૂર છે, કારણ કે-એ વીના સંયમનો નિર્વાહ નથી, છતાં તે કમલની જેમ તદ્દન નિર્લેપ જ રહે. નિશ્રા રાખવાની તે જરૂર પૂરતી જ છે, પણ તે નિશ્રા ખાતર ગૃહસ્થનાં વખાણ કરવા કાંઈ મુનિથી ન જ બેસી જવાય.

(સભામાંથી૰ શ્રાવક માંદો હોય તો મુનિ જોવા જાય કે નહિ ?)

નહિજ, અવિરતિધર શ્રાવકને શરીરના ક્ષેત્રકુશળ બાબત સાધુથી પૂછવા કે જોવા જવાય જ નહિ. પરંતુ અન્તિમ વખતે એ આત્માને દુર્ધ્યાનમાંથી સદ્ધ્યાનમાં સ્થાપવા, પાપનો પશ્ચાત્તાપ કરાવવા અને તે આત્માને તેના સ્વરૂપમાં જાગૃત રાખવા, યોગ્ય નિયમાદિ આપવા તથા પંચપરમેષ્ઠીના સ્મરણાદિક વડે તે આત્માને દુર્ગતિમાંથી બચાવી સદ્ગતિએ સ્થાપવા શક્ય પ્રયત્નોરૂપ જે નિર્યામણા, તેને કરાવવા મુનિ ગૃહસ્થના બોલાવવાથી યોગ્ય જણાય તો જાય : એટલે કે-ગૃહસ્થના શરીરને જોવા કે હાથ પંપાળવા નહિ, પણ એના આત્માને શુદ્ધ કરવા જાય : દુનિયાના દુઃખ રોવા નહિ, પણ પરલોક સુધારવા જાય ! મુનિ ગૃહસ્થનો પરિચય કેમ ન કરે ? આનો ઉત્તર એ જ કે-ગૃહસ્થને કોટે ઘર વળગ્યું છે, માટે રખે મુનિ

પણ એમાં ન લેપાય. આ બંધનનો હેતુ એટલો જ કે-ઘણા ગુણ પામેલો આત્મા પણ ગુણથી ગબડી ન જાય. મર્યાદાને નહિ પાલનાર વસ્તુતઃ મર્યાદાને સમજતા જ નથી. શ્રાવકની મર્યાદા શી ? પાપ કરે તો પણ બળતે હૃદયે : પાણી પીએ તો પણ વિચાર કરે કે-હજી હું કાચું પાણી છોડી શકતો નથી : ખાતાં ખાતાં પણ જરૂર કરતાં રસલોલુપ બની વધુ ચીજ ખાતી વખતે વિચારે કે-હું પાપાત્મા હજી રસત્યાગ કરી શકતો નથી ! આજે મર્યાદામાં નહિ માનનારને એ દુઃખ થયું છે કે-રોજ ખાવું ને રોજ રોવું, આ કેમ પાલવે ! રોજ આ શી બળતરા ! માટેજ મર્યાદા ગમતી નથી. પણ હું પૂછું છું કે-જો બધાનેજ એ મર્યાદા ગમે, ખાતાપીતાં એવી મર્યાદાના વિચારો આવે, તો કોઈ પણ અભક્ષ્યભક્ષણ તરફ જાય ? અરે, ભક્ષ્યના ભક્ષણથી પાછો વળે તો અભક્ષ્યભક્ષણની તો વાત જ શી ? ભક્ષ્ય ચીજ પણ આત્માની સ્વાધીનતાને દબાવતી હોય, એનો પણ જે ત્યાગ કરે-તે અભક્ષ્યનો તો વિચાર જ શેનો કરે ? જે ભક્ષ્યમાં લોભાયો, તેને અભક્ષ્યમાં લોભાતાં વાર કેટલી ? પછી તો એ સ્વાદમાં પડ્યો. સ્વાદમાં જ પડે એ ગબડે. એને પછી ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક પણ રહે નહિ. વેપારી જો નીતિને આદર્શ બનાવે, તો તો નીતિને ખાતર લાખને પણ લાત મારે, પણ જો લાખને આદર્શ બનાવે તો નીતિને લાત મારતાં વાર કેટલી ? અને પછી દશા એ થાય કે-

પોતાની અનીતિને પણ નીતિ તરીકે જાહેર કરવાનો પ્રયત્નો કરે, તેમજ પોતેજ ખરો નીતિવાન છે, એમ જણાવીને સાચી નીતિથી રહેનારા અને સાચી નીતિ જાણનારા જ્યારે એ કહેવાતી નીતિને વાસ્તવિક સ્વરૂપમાં રજુ કરે, એટલે કે-અનીતિને અનીતિ તરીકે ઓળખાવે, ત્યારે એમને પણ તે અનીતિમાન કહેવાને તૈયાર થઈ જાય. એટલે આત્માએ વસ્તુનો વિવેક કરતાં શીખવું જોઈએ. માટે કહું છું કે-નીતિને આદર્શ રાખશો તો તમારી નીતિ ભયમાં નથી, બાકી લાખને આદર્શ બનાવી નીતિ સેવતા હશો, તો પણ તે ભયમાં છે અને ક્યારે તે અનીતિને માર્ગે દોરશે એ નક્કી નથી. અનીતિને નીતિ કહેનાર તો કંઈક કુતર્ક ઉપજાવે અને ભોળી જનતા પોતાનાં પાપોને પણ પુણ્ય કહેનારને વધાવી લે, એમાં તો નવાઈ પામવા જેવું છે જ શું ?

**મર્યાદાઓ શાથી ખૂંચે છે ?**

આજ તો કેટલાકો કહે છે કે-'જ્ઞાનીએ અમારી તકલીફનો વિચાર કેમ ન કર્યો ?' પણ હું કહું છું કે-'તમારી તકલીફનો વિચાર કર્યો, ત્યારે તો એ અનંતકરૂણાસાગર અનંતજ્ઞાનીએ આ બધી આજ્ઞા ફરમાવી અને મર્યાદા જાળવવા જણાવ્યું !' પણ આજ તો એ વાસના રૂઢ થતી જાય છે કે-'વર્તમાનના સુખની વાત કેમ ન કરી ? અમને ગમતી વાત કેમ ન કહી?'

આની સામે હું કહું છું કે-'વ્યવહારમાં પણ તેમ બની શકતું નથી. વ્યવહારમાં પણ જેટલું સાંભળો છો, તેટલું કર્ણપ્રિય જ હોય છે કે ? જેમ ત્યાં સંસારના હિત માટે કડવું પણ સત્ય કહેવાય છે, તેમ અહીં પણ તમારા આત્મહિત માટે તમને ન ગમતું પણ સત્ય કહેવાય છે.' મુદ્દો એ છે કે-મર્યાદામાં એમણે માની લીધેલો આનંદ લુંટાઈ જાય છે. એ મુઝવણનો જ આ મુંઝારો છે. મુંઝારો એ રોગ છે. એ રોગ ભયંકર છે. એ રોગને આધીન થયેલા આત્માની હાલત બહુ જ ભયંકર છે. શાસ્ત્રકાર ચેતવે છે કે-શાસનમાં રહેનારથી શાસનની મર્યાદા લંઘાય જ નહિ. એ મર્યાદા જેટલી લંઘાશે તેટલો માર ખાવો જ પડશે. ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં મર્યાદા પાળનારની મુક્તિ છે. સ્વચ્છંદીને આ શાસનમાં સ્થાન જ નથી. જે મર્યાદા પાળે તેને જ સ્થાન છે. ભગવાન્ શ્રી મહાવીરદેવનું સમવસરણ, ભગવાન્ પોતે હયાત અને શ્રીમતી મૃગાવતી જેવી મહાસતી ! સૂર્યચંદ્ર મૂળ રૂપે વાંદવા આવેલા માટે એના પ્રકાશથી રાતને નહિ જાણતાં, બેઠેલી એવી મૃગાવતીજીને પણ શ્રી ચંદનબાળા કહે છે કે-'હે કુલીને ! તારે માટે આ યોગ્ય નથી.' આનું નામ મર્યાદા ! સ્થાન કેવું ? જ્યાં વિષયો શાંત થઈ જાય, વિષયી ગયો હોય તો તેની પણ વિષયવાસના શમી જાય અને માર-માર કરતો ગયો હોય તે પણ શાંત થઈ જાય એવું સમવસરણ ! તેમજ જ્યાં અનેક

અતિશયોથી સંપન્ન ભગવાન પોતે વિરાજેલાં છે ! કેવલ જ્યાં વૈરાગ્યનું જ વાતાવરણ છે. જ્યાં ઉન્મત્ત પણ શાંત થઈ જાય છે. આવું મજેનું સ્થાન અને મૃગાવતી જેવી મહાસતી, તથા તે પણ સૂર્યચંદ્રની હયાતીને લઈને પ્રકાશ માનીને બેઠી હતી. એ ગયા કે અંધકાર વ્યાપ્યો, કે તરત જ મૃગાવતીને ભૂલ લાગી અને તરત સ્થાન ઉપર આવી. છતાં પણ-'હે કુલીને ! તને આ યોગ્ય નહિ'-આવું શ્રી ચંદનબાલા સાધ્વીએ કહ્યું. આ મર્યાદા ! આની સામે શ્રી મૃગાવતીજીએ એક પણ દલીલ ન કરી : એક પણ બચાવ ન કર્યો : એમ પણ ન બોલી કે-'ભગવાનના સમવસરણમાં શું વાંધો ? અને તે પણ ક્યાં ઈરાદાપૂર્વક બેઠી છું?' આનું નામ મર્યાદા. આ મર્યાદા ગમે કોને ? જેને ભગવાનના માર્ગ પ્રત્યે શ્રદ્ધા હોય તેનેજ. ભગવાનની આજ્ઞામાં મુક્તિ માનનારને જ ગમે. પણ બીજાને નહિ. જેટલે અંશે શ્રી તીર્થંકરદેવોએ દર્શાવેલી મર્યાદા તૂટી; તેટલે અંશે આત્માનો નાશ થયો, થાય છે અને થશે. સમ્યગ્દૃષ્ટિએ શ્રી જિનેશ્વરદેવે બાંધેલી મર્યાદા સામે ઉંચી આંખે જોવાનું નથી, પણ નીચી મૂંડીએ તે સ્વીકારી જ લેવાની છે. રાજ્યની મર્યાદા પણ કેવી હોય છે ? મોટા અમલદાર પાસે કેમ જવાય ? એના પટાવાળા પાસે પણ વાત શી રીતે થાય ? ત્યાં મર્યાદા મૂકો તો ? સમજો છો કે-ત્યાં તેમ કરવામાં ધક્કા ખાવા પડે. પણ ત્યાં તો એટલે ધક્કે કદાચ પતે, પણ અહીંના

ધક્કા તો એવા પડશે કે-ચોમેર દુઃખ ને દુઃખની ઝડીઓ વરસશે. જેમ સ્થાન ઉંચું, તેમ મર્યાદા ઉંચી. ધ્યેય સાચવનારથી મર્યાદા ન જ મૂકાય. મર્યાદાના કારણે રાજતંત્ર ટકે છે. એની બધી ખૂબી, કાર્યવાહી, યોજના એવી કે-ત્યાં સ્થાન જ જોવાય. એ સ્થાન પર આદમી ગમે તેવો હોય, પણ એ સ્થાન પાસે મોટામાં મોટો પણ ઉભો રહે. કોર્ટમાં બે હજાર રોજના કમાનાર ધારાશાસ્ત્રી કરતાં પણ સો રૂપીયાના પગારદાર મેજીસ્ટ્રેટનું સ્થાન ઉંચું છે. એકવાર ધારે તો એ મેજીસ્ટ્રેટ પેલા ધારાશાસ્ત્રીને કોર્ટમાંથી ચાલ્યા જવાનું કહે. જો એ હુકમ એને અયોગ્ય લાગે તો, પછી ભલે બહાર જઈ એ અપીલ કરે, પણ તે વખતે તો તે ધારાશાસ્ત્રીને બહાર નીકળવું જ પડે. આનું નામ મર્યાદા. ત્યાં એ મેજીસ્ટ્રેટને પેલા ધારાશાસ્ત્રીએ પણ 'નામદાર' કહેવા જ પડે. ત્યાં એ મેજીસ્ટ્રેટ પાચનો દંડ કરે તો ભરી આપવો જ પડે. ત્યાં પોલીસ કોનો હુકમ માને ? જો પેલો બે હજાર રોજના કમાનાર ધારાશાસ્ત્રી પણ આડાઈ કરે, તો પોલીસ હાથકડી પણ કરે. ધારાશાસ્ત્રી ગમે તેવો હોય, પણ તે કોર્ટના કમ્પાઉન્ડમાં તો મેજીસ્ટ્રેટનું જ સ્થાન ઉંચું છે. આનું નામ મર્યાદા અને આ મર્યાદાથી આખું રાજતંત્ર ચાલે છે. ગમે તેટલાં તોફાની વાદળો વચ્ચે અને ચોર-લુંટારા વિગેરે હયાત છતાં, રાજતંત્ર ચાલે છે તે મર્યાદાથી. તેવી જ રીતે કલ્યાણકારી પ્રભુશાસનની મર્યાદા પણ સચવાય, તો કોની

મગદૂર છે કે-શાસન સામે આંગળી કરે ? પણ આજે તો શાસનમાં રહેવાની વાત કરનારને પણ મર્યાદા પાળતાં મુંઝવણ થાય છે. કેવળજ્ઞાન પણ મર્યાદા જ પમાડે અને મર્યાદા મૂકી તો આવેલા ગુણો પણ ચાલ્યા જાય. કાજો કાઢતાં મુનિને અવધિજ્ઞાન થયું, પણ એ અવધિજ્ઞાનમાં ઈંદ્રઈંદ્રાણીની રમમ ગમત જોઈ હસવું આવ્યું, કે અવધિજ્ઞાન ચાલ્યું ગયું. આવી ક્રિયા જોઈ માત્ર હસવું જ આવે, તો પણ આવેલું જ્ઞાન ચાલ્યું જાય, માટે શાસનની મર્યાદા રાખનારે જ આ પુસ્તક હાથમાં લેવું. નાનામાં નાની કથા પણ જોજો. શાસનની મર્યાદા રાખીને વાંચશો તો એક એક વાતે વૈરાગ્યનાં ઝરણાં ઝરશે અને મર્યાદા મૂકીને વાંચશો તો એક એક વાતમાંથી પુદ્‌ગલાનંદીને રૂચે તેવું જ જણાશે ! મર્યાદા સ્વીકારવામાં કાંઈ પણ માનહાનિ નથી જ. આજ તો એવા કુતર્ક થાય છે કે-'સ્ત્રી, પશુ, પંડગ વર્જીત વસતીમાં રહેવાની આજ્ઞા, એ તો મુનિસંસ્થાનું અપમાન છે. શું મુનિ ચળવાના હતા ?'-આવી બુદ્ધિ આવે અને મરજીમાં આવે ત્યાં વસવા માંડે, તો મુનિજીવન હતું ન હતુંજ થઈ જાય, એ નિશ્ચિત છે. કુતર્ક કરનારા કહે છે કે-'મર્યાદા એ તો મનુષ્ય જાતિનું અપમાન છે. મનુષ્ય ઈચ્છામાં આવે તેમ કરે, ત્યાં રોકટોક શી ?'-આજના વાતાવરણનો આ પ્રતિધ્વનિ છે. આની સામે શાસ્ત્ર કહે છે કે-મર્યાદા એ આત્માને સ્થિર કરવા માટે છે, નહિ કે અપમાન

કરવા માટે !' મર્યાદા ઉત્તમ ચીજને જ હોય. વાડ પણ કયા ખેતરને હોય ? સારા ખેતરને જ વાડ હોય, પણ તમાકુના ખેતરને વાડ હોય ? નહિજ, કારણ કે-એને ગધેડું પણ ન સુંઘે. જેમ ચીજ ઉત્તમ, તેમ મર્યાદા પણ ઉંચીજ જોઈએ. છુટા પૈસા તો વખતે ખીસામાં પડ્યા રહે, પણ બેઆની પાવલી પાકીટમાં રહે અને ગીની તો તેના પણ ઝીણાજ ખાનામાં ! પાકીટને ખાનાં કેટલાં હોય ? કહોને કે-ઘણાંય. વારૂ, પણ હીરા-માણેક-પન્ના વિગેરે ક્યાં રહે ? કહો કે-તીજોરીમાં. તેમાં પણ અમુક ખાનામાં, દાબડામાં અને ડબી વિગેરેમાં ! જેમ ચીજ ઉત્તમ, તેમ કીલ્લા-રક્ષણ-જોખમદારી વિગેરે મોટી જ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં પણ મર્યાદાની જ કિંમત છે. અહીં આંખો કાઢીને, છાતી ફુલાવીને ન જ ચલાય. એ બધું બહાર ! શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તો હાથ જોડીને જ ઉભા રહેવાય. જે જાતિની રીતિભાતિ હોય, તે મુજબ જ બોલાય. આ મર્યાદા સમજાય, પળાય, તો તો આ સૂત્રનું વાંચન ફળે. એ તો અનુભવસિદ્ધ છે કે-મર્યાદાને મૂકી આ શાસ્ત્રને વાંચનારા વિરોધી બની, આ શાસ્ત્રના દુશ્મન બન્યા છે. શાથી ? મર્યાદા ન સ્વીકારી માટે ! હરેક શાસનવર્તી આત્માએ આ મર્યાદા સ્વીકારવાની છે. તર્યા પણ તેજ, કે જેમણે મર્યાદા સ્વીકારી. એ મર્યાદા આજે કેમ ખૂંચે છે ? કહેવું જ પડશે કે-જીવન સ્વચ્છંદી બન્યાં માટે ! માનસિક સ્થિતિ ક્ષણેક્ષણે પલટાય છે.

ઘણા એવા છે, કે જેમને એક પણ ઉત્તમ વિચાર હૃદયમાં આવતો નથી : અને કદાચ આવી જાય, તો આવેલો ટકતો નથી. એનું કારણ ? મર્યાદા નથી ! પૂર્વે કુટુંબોની પણ મર્યાદા અજબ હતી કે-અનિચ્છાએ પણ ધર્મનું પાલન થતું. ચક્રવર્તીના ઘોડા બળવાન રહે, માટે બલાત્કારે બ્રહ્મચર્ય પળાવવામાં આવે છે, તેમ ધર્મિ કુટુંબમાં અનિચ્છાએ પણ ધર્મનું પાલન થઈ જાય છે.

**મર્યાદામાં ટકનારની જ મુક્તિ !**

(સભામાંથી૦ બલ તો કસરતથી મળે કે બ્રહ્મચર્યથી ?)

બ્રહ્મચર્ય વિના કેવલ કસરતથી ન મળે આથી ત્યાં પણ બ્રહ્મચર્યની યોજના છે, તો આત્માના કલ્યાણ માટે કેમ નહિ ? છોકરાને સ્કુલમાં શું કરવા મૂકો છો ? એને મરજી થાય, એ પોતાની મેળે કહે, ત્યારે જ સ્કુલમાં મૂકવો એ નિયમ કરી શકો છો ? બાલકને સ્કુલમાં જવાના સંસ્કાર નાખવા જ નહિ, એની રમત-ગમતની ઈચ્છાની આડે આવવું જ નહિ, એ કબૂલ છે ? એ આત્માને મરજી મુજબ વર્તવા દોને ! તીજોરીમાંથી પૈસા ફેંકે તો ફેંકવા દોને! એ અજ્ઞાનને જ્ઞાની બનાવવાનો તમને હક્ક શો ?

(સભામાંથી૦ સોળ વર્ષની અંદર બાળક હિતાહિત ન સમજે, માટે માબાપને તેમ કરવું

પડે છે.)

ત્યારે સોળ વર્ષની અંદરના બાળકને માબાપ હિતાહિત જોઈ સન્માર્ગમાં જોડે એ કબૂલ છે ને ? એમ કરવામાં ગુન્હો તો નથી ને ?

(સભા૦-એ તો જૂદું થયું.)

એ જુદું શાથી લાગે છે ? એ જુદું લાગે ત્યાં જ વાંધો છે. આજે કહેવાય છે કે-'ઈચ્છાને દબાવાય નહિ.' એમ કહેનારને પૂછો કે-'નાના બાલકને જે તે ખાવાપીવાની, કજીયા કરવાની, સાપને પકડવાની, અંગારામાં હાથ ઘાલવાની, મ્હોંમાં ધૂળ-માટી-કોલસા ઘાલવા વિગેરેની ઈચ્છા થાય છે, તો શું એ બધું બાલકને માતા કરવા દે ખરી ? અને કરવા દે તો એ માતા ખરી ?' તેમણે પણ કહેવું જ પડશે કે-'નહિજ'. અરે, ઉપરથી એવું કહેવું પડશે કે-અરે માતા તો એવી ચોકીદાર બને કે-બાલક માટી મ્હોંમાં ઘાલે તો મ્હોંમાં આંગળાં ઘાલીને પણ માટી કાઢે. વારૂ, અઢાર વર્ષના છોકરાને ઈચ્છા મુજબ વર્તવા દેવા, એ તો કબૂલ છો ને ? વ્યવહારની વાતમાં પણ કબૂલ છો ?

(સભા૦ અરે સાહેબ, વંઠી જાય, સોળથી પચ્ચીશ વર્ષની વય તો ગદ્ધાપચીશી કહેવાય.)

ત્યારે ત્યાં પણ તમે અંકુશ માન્યો. વારૂ, પચીસ વર્ષ પછી ? પછી પણ અંકુશ તો ચાલુ જ છે અને ચાલુ હશે તો જ વ્યવહારમાં નભાશે. લેવુંદેવું, ખાતાવહી, ચોપડા, ખાવું ખવરાવવું, આ બધા અંકુશથી તો ઘર અને પેઢીઓ નભે છે. સ્વતંત્રતાની વાતો કરનારા ઘરમાં અને બજારમાં સ્વતંત્ર રીતે વર્તતા હોય તો તો ખબર પડે. જો ત્યાં એક વર્તે તો તો ચોથે દિવસે કોઈ પેઢી પર પગ મૂકવા ન દે. સોદામાં ખોટ આવે તો-'મેં તો નફો ધારીને કામ કર્યું હતું, માટે ખોટ નહિ આપું'-એમ કહેવાશે ? નહિ જ, કારણ કે-ત્યાં તો કાયદો જ છે કે-સોદો કર્યો એટલે નફો હોય તો નફો લઈ જાઓ અને ખોટ હોય તો ખોટ આપી જાઓ ! એ અંકુશ, એ મર્યાદા ! અરે, ઘરમાં પણ બધાના માટે કરેલી રસોઈ ખાવી પડે છે. પચીસ માણસના કુટુંબમાં જો દરેકની વૃત્તિ જુદી જુદી હોય તો નભે જ નહિ. મોટા ઘરના ખર્ચ એ મર્યાદાથી જ નભે છે. જ્યાંથી મર્યાદા ખસી અને સ્વતંત્રતા, કહોને સ્વચ્છંદતા-આવી, ત્યાં ભીખારી વૃત્તિ આવે અને પાયમાલી પણ ચાલી જ આવે. વ્યવહારમાં પણ આ સ્થિતિ, તો પછી શ્રી જિનેશ્વરદેવના શાસનની મર્યાદા માટે તો પૂછવું જ શું ? પુસ્તક વાંચનારે અને સાંભળનારે મર્યાદાને વળગીને જ રહેવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતિધર અને સર્વવિરતિધર આત્મા જો મર્યાદાને ન વળગી રહે, તો પ્રભુના શાસનમાં ચિરસમય ટકી

શકતો જ નથી. ચિંતામણિ રત્ન પણ કોને ફળે ? અઠ્ઠમનો તપ કરી તેની આરાધના કરે, એનું સ્વરૂપ ઓળખે, યોગ્ય રીતે એનું સેવન, શુશ્રૂષા કરે એને ! અનાજ પણ કાચું ફાકો તો પુષ્ટિ આપે ? કેટલી કાર્યવાહી થયા બાદ એ પાચક તથા પોષક બને છે ? ઘઉંના ખોબાજ મ્હોંમાં નાખો તો ? એ તો પોષકને બદલે નાશકજ થાય. તેવીજ રીતે ધર્મકથાનુયોગાદિ ત્રણે અનુયોગોના સેવનમાં મર્યાદા સચવાય તોજ મુક્તિ મળે. ત્રણે અનુયોગોનો રસ ગળામાં ઉતારવો પડશે અને એના રસથી જીવન રસમય બનાવવું પડશે. અને તેમ થશે તો ચોથો ચરણકરણાનુયોગ આત્મા સાથે એકાકાર થઈ જશે : અને એની આરાધના માટે મર્યાદા એજ મોટો કિલ્લો. મર્યાદાની આધીનતાથી જ કેવળજ્ઞાન અને મુક્તિએ પણ જવાય. આથી સિદ્ધ છે કે-ચરણની રૂચિજ ન હોય, તો ત્રણે યોગ લાભ નહિ પણ હાનિ કરે છે. શ્રી શ્રેણિક મહારાજાનું દૃષ્ટાંત લેનારાઓએ વિચારવું જોઈએ કે-'શ્રી શ્રેણિક મહારાજ વિરતિ અંગીકાર કરતા નહોતા કે કરી શકતા નહોતા ?' કહેવું જ પડશે કે-'કરી શકતા નહોતા.' કરવી જ નથી એવું તેઓ કદી બોલ્યા છે ? વિરતિ પ્રત્યે સદ્ભાવ પૂરો કે અધૂરો ? અરિહંતપદની આરાધના કેવી ? એવી કે-ભગવાન્ શ્રી મહાવીરદેવના સમાચાર સાંભળી રોમરાજી વિકસ્વર થતી, સમાચાર દેનારને પ્રીતિદાન અપાતાં ! સમાચાર માટે તો ચોમેર દૂત રાખ્યા હતા !

સમાચાર મળે કે-સમાચાર આપનારને દાનથી સંતુષ્ટ કરી, સિંહાસન અને પાદુકાનો ત્યાગ કરી, પાંચ સાત ડગલાં જઈ, વંદન કરી, પછી સિંહાસન ઉપર બેસતા. કેટલી ભક્તિ ? શાથી ? મર્યાદાના ગુણને લઈને જ ! મર્યાદા વગર સમ્યગ્દ્દષ્ટિપણું, દેશવિરતિપણું કે સર્વવિરતિપણું ટકે શી રીતે ? શ્રાવકને પેઢી પર બેસવાનું પણ ન છૂટકે છે. ન છૂટકે પેઢી પર બેસવાનું હોય, એ શ્રાવક પેઢી પર બેસીને અસત્ય, અનીતિ, પ્રપંચ સેવે ખરો ? જ્ઞાનીએ તમારી બધી વસ્તુ ઉપર મર્યાદા મૂકી છે. ભોજન, વસ્ત્ર, બધા ઉપર મર્યાદા છે. માટેજ આજના સ્વચ્છંદવાદીઓને આ શાસન ખટકે છે, છૂટ આપવાની વાત અહીં નહિ. મર્યાદામાં શ્રાવક આવે તો ધર્મ દીપે, મર્યાદા જાય એટલે લોભનો થોભ ન રહે અને તૃષ્ણાનો તાગ ન રહે ! પછી તે આત્માને આ ગમે ક્યાંથી ? આ ગમાવવા માટે તો સઘળી સંસારની વાસનાઓ કાપવી પડશે અને એ કપાવવા માટે સાધુઓએ પ્રયત્ન કરવો પડશે ખરો કે નહિ ? એવો પ્રયત્ન કરવા માટે ચાનક લાગે, એવું કહેવું પડશે ખરૂં કે નહિ ? એવી બળતરા થાય એવું કહેવું જોઈએ ખરૂં કે નહિ, કે જેથી એવી ભાવના થાય કે-ક્યારે આ પાપ મૂકીએ, કે રોજ ને રોજ આ સાંભળવું મટે ? સાંભળવું મટે એટલે આવવું બંધ કરવું એમ નહિ, કારણ કે-એવો વિચાર નઠોર વિદ્યાર્થી કરે. સોટી ખાવાથી સારા વિદ્યાર્થીને તો એમજ થાય

કે-હવે એવું લેસન કરૂં કે સોટી ખાવી જ ન પડે, પણ નઠોર વિદ્યાર્થી તો સ્કુલે જવાનું જ માંડી વાળે. એને તો ભાગવાની જ ભાવના થાય. અહીં તો સુવિદ્યાર્થી જેવા બનવા માંગે તેની વાત છે. શ્રી ચંદના સાધ્વીએ એટલું કહ્યું. એમાં મૃગાવતીને એમ જ થયું કે-એવી માફી માગું, કે ફરી આવો સમય આવે જ નહિ. એવો સમય નજ આવ્યો અને તરત જ કેવળજ્ઞાન થયું. શ્રીમતી મૃગાવતીજીની ઈરાદાપૂર્વકની ભૂલ નહોતી, પણ આત્માનો અનુપયોગ તો ખરોને, એમ એમણે પોતે માન્યું, તમે પણ હાથ જોડો તો સંયમના રાગથી જોડજો, કેવળ પામવા માટે જોડજો ! મર્યાદા વિનાનાને શાસનમાં રહેવાનો હક્ક પણ નથી. ધર્મકથા સંભળાવનાર મુનિએ પણ મર્યાદામાં જ રહેવું પડે છે ! ભરત મહારાજા આરિસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, એ વાત જાણીએ છીએ, માટે તમે ચક્રવર્તી બનો, રોજ આરીસામાં રૂપ જુઓ, પટીયાં પાડો એમ અમે કહીએ ? નહિ જ, કારણ કે-એમને કેવલજ્ઞાન થયું તે ચક્રવર્તીપણાથી કે આરીસાથી નહિ, પણ મુદ્રિકા સરી પડી એના યોગે જે શુભ ભાવના આવી એથી ! તેઓ ત્યાગનો મહિમા સમજ્યા હતા, એટલે એ ભાવના આવી. અને એટલે જ વિચારી શક્યા કે-'આ શોભા પારકી હતી. આ શોભા પોતાની નહોતી.' પરકીય ભાવના આવી અને પૂર્વે કરેલ આરાધનના યોગે આત્મા ભાવનારૂઢ થયો, કે કેવળજ્ઞાન થયું.

ત્યારબાદ પણ સુધર્મા ઈંદ્ર કહે છે કે-'આપ જ્ઞાની બન્યા, પણ મુનિલિંગને અંગીકાર કરો, પછી નિષ્ક્રમણ મહોત્સવ કરૂં. આપને કેવળજ્ઞાન થયું એ વાત સાચી, પણ લીંગની મર્યાદા લુપ્ત ન થવી જોઈએ.' ભરત મહારાજાએ પણ એ મર્યાદાનો સ્વીકાર કર્યો. મર્યાદાને કેવળજ્ઞાની પણ તજતા નથી. એ નિશ્ચિત છે કે-આવી કલ્યાણકારી મર્યાદામાં ટકનાર આત્માની જ મુક્તિ થાય, પણ બીજાની નહિ જ !

❖ ૪૩ ❖

**જ્ઞાન શા માટે જરૂરી છે ?**

ટીકાકાર મહર્ષિ જણાવી ગયા કે-શ્રી અરિહન્તદેવના વચનનો અનુયોગ ચાર વિભાગમાં વહેંચાએલો છે, જેમાં ચોથો ચરણકરણાનુયોગ પ્રધાનપદે છે. જો એની પ્રાપ્તિ ન હોય, તો પ્રથમના ત્રણ અનુયોગ સફળ થઈ શકતા નથી અને જો ચોથાની રૂચિ જ ન હોય, તો એ ત્રણે યોગો લાભને બદલે હાનિ કરે છે. જ્ઞાનનો જેમ સદુપયોગ થઈ શકે છે, તેમ દુરૂપયોગ પણ થઈ શકે છે. જો જ્ઞાન સમ્યગ્ હોય તો માનો કે સદુપયોગ થવાનો અને મિથ્યા હોય તો દુરૂપયોગ જરૂર જ થવાનો. જેમ સારૂં કરવામાં જ્ઞાનની જરૂર છે, તેમ ખોટું કરવામાં પણ જ્ઞાનની જરૂર છે,-ભલે એ ઉંધી જાતનું હોય. જેને ચરણ પ્રત્યે રૂચિ જ ન હોય, તે

પહેલા ત્રણે અનુયોગોનું જ્ઞાન કોઈ અન્ય જ ઉદ્દેશથી મેળવે છે અને એ અન્ય ઉદ્દેશથી મળેલું જ્ઞાન આત્માને ઉન્માર્ગે ઘસડી જાય છે. તેમાં ખામી કાંઈ એ જ્ઞાનની નથી, પણ એ આત્માની છે. વ્યવહાર પણ કહે છે કે-'સારા માણસથી ભૂંડું થાય તોય સારાએ ભૂંડું કર્યું-' એમ કહેવાય નહિ અને ખોટાથી સારૂં થાય તો તે 'ખોટાએ સારૂં કર્યું' એમ કહેવાય નહિ, પણ 'અનાયાસે થઈ ગયું' એમ કહેવાય. હુંશીયાર વેપારી દેવાળું કાઢે તો કહેવાય કે-નસીબનો વાંક, પણ દરિદ્રી કે કમઅક્કલને ખોટ આવે તો કહેવાય કે-મૂર્ખાને કશું આવડતું જ નહોતું. એજ ન્યાય અહીં પણ લાગુ થાય છે. સમ્યગ્જ્ઞાનમાં સારૂં પરિણામ લાવવાની શક્તિ છે, જ્યારે મિથ્યાજ્ઞાનમાં ઉંધું પરિણામ લાવવાની શક્તિ છે. યોગ્ય આત્માના હાથમાં ખોટું જ્ઞાન જાય, તો પણ તે તેનો સારો જ ઉપયોગ કરી લે : એટલા માટે કાંઈ એ મિથ્યાજ્ઞાન સારૂં કહેવાતું નથી, અગર થઈ જતું નથી. તેમજ સમ્યગ્જ્ઞાનનો કોઈ અયોગ્ય આત્મા દુરૂપયોગ કરે, તો તેમાં પણ એ સારા જ્ઞાનનો દોષ નથી જ. ત્રણે અનુયોગો છે ઉંચા, પણ ચરણની રૂચિથી પણ રહિત આત્માને તે અનુયોગો લાભ કરવાને બદલે હાનિ કરે છે : કારણ કે-તે ત્રણે અનુયોગોની પ્રાપ્તિ કરવામાં તેનો ઈરાદો જ કોઈ જુદો હોય છે. જ્યાં ભણવું, ગણવું, અને શિક્ષિત થવું એ શા માટે ?-એનો જ વિચાર ન હોય, ત્યાં થાય પણ શું ? ત્રણે

અનુયોગોમાં અપૂર્વ શિક્ષણ છે. ધર્મકથાનુયોગમાં ઉત્તમ, મધ્યમ તથા અધમ ત્રણે જાતિનાં દૃષ્ટાંતો છે : ગણિતાનુયોગમાં દુનિયાના સર્વ પદાર્થોની ગણના છે : અને દ્રવ્યાનુયોગમાં દુનિયાના સઘળા જીવોનું સ્વરૂપ અને અજીવોનું સ્વરૂપ છે. આ શિક્ષણની આવશ્યકતા કાંઈ ઓછી નથી, પણ એ સઘળું શિક્ષણ 'ચરણ' એટલે સર્વ પાપવ્યાપારનો ત્યાગ થાય તો જ સફળ થાય : પણ એ ત્યાગ ઉપર જે આત્માને રૂચિ જ ન હોય, તે આત્માને એ જ ત્રણે અનુયોગોનું શિક્ષણ હાનિપ્રદ થાય, એમાં આશ્ચર્ય પણ શું ? જ્ઞાની તો કહે છે કે-શાસ્ત્રને પામી તરી જવાય, પણ જો અર્થકામની લાલસા માટે કે કેવળ આજીવિકા માટે જ આ ભણવામાં આવે, તો આજ શાસ્ત્ર આત્માને ડુબાડનાર થાય છે. સારૂં છતાં ભિન્ન ઈરાદે લેવાય, તો એ આત્માનો પ્રાયઃ અધઃપાત જ કરે. તમે ભણો છો, કેળવણી લો છો, એનો હેતુ શો ? પૈસા કમાવા, બંગલા બાંધવા અને મોજશોખ કરવો એ જ ને ? મનુષ્યપણાને ખીલવવાનો હેતુ તેમાં છે ? કદી વિચાર્યું છે કે-'મનુષ્યપણું એટલે શું ?' જો 'ના' તો કહેવું જ પડશે કે-ધર્મીપણાને તો હજુ બહુ વાર છે. 'સ્વપરના હિતનો વિચાર કરી વિવેકયુક્ત પ્રવૃત્તિ કરવી'-તેનું નામ મનુષ્યપણું છે અને ધર્મીપણું તો એથીએ ઘણું દૂર છે. આત્મામાં જેમ જેમ ઉપરની જાતનું મનુષ્યપણું ખીલતું જાય, તેમ તેમ તે આત્મા મર્યાદાશીલ બનતો જાય

છે. આજે કહેવામાં આવે છે કે-''અંકુશ, મર્યાદા કે બંધન, કશુંયે અમારે ન જોઈએ. અમે તો ઈચ્છા મુજબ જ વર્તવાના.' આ માન્યતા ઉપર શાસ્ત્ર ભારે આક્રમણ કરે છે અને એથી જ શાસ્ત્રની આજ્ઞા જનતાના ઉચ્છૃંખલ ભાગને રૂચિકર નીવડતી નથી. શાસ્ત્ર તો બધે જ મર્યાદા બતાવે છે. વિચાર કરવામાં, બોલવામાં અને વર્તવામાં બધેજ હરેકને માટે મર્યાદા બતાવે છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી મર્યાદા વીના છૂટકો જ નથી. આજે શાસ્ત્રના એક વિભાગરૂપ ધર્મકથામાંથી શું શોધવામાં આવે છે ? એકજ કે-પૂર્વે લક્ષ્મી સાહ્યબી અને રંગરાગ વિગેરે કેટલાં હતાં ? અને અત્યારે કેટલાં છે ? તથા એ બધું મળે કેવી રીતે ? આના પરિણામે શાસ્ત્રોમાંથી પણ સામાની આંખમાં ધૂળ નાંખી સ્વાર્થ કેમ સાધવો, તેની જ પ્રેરણા આજના પામરો મેળવી રહ્યા છે. આવા ઈરાદાથી મેળવેલું જ્ઞાન આદમીને આદમી મટાડી પશુ બનાવે, એમાં આશ્ચર્ય પણ શું ? ભણવામાં ચોપડીએ આગળ વધ્યા, એટલે કે-બે, ત્રણ ચાર એમ આગળ વધ્યા એ વાત સાચી અને અમૂક વાંચવાની, લખવાની કે બોલવાની કળા વધી એ પણ સાચું, પણ તેનાથી આત્મા પાપથી પાછો હઠ્યો કે આગળ વધ્યો એ કદી વિચાર્યું છે ? 'તમારામાં સામાને ઉંધું છતું સમજાવવાની શક્તિ પણ વધી'-એ પણ માન્યું, પણ તેનો અંતિમ ઉપયોગ કયો ? આ બધું વિચારાય નહિ ત્યાં

સુધી જિનેશ્વરદેવનું શાસન શું છે, તે કદી જ સમજી શકાય તેમ નથી. 'જ્ઞાન ન જોઈએ'-એવું તો કોઈ જ વિચક્ષણ ન કહે, કારણ કે-'જ્ઞાન વિના કોઈ પણ કાર્યની સિદ્ધિ જ નથી. સારૂં કામ કરવામાં પણ જ્ઞાન જોઈશે અને ખોટું કામ કરવામાં પણ તેના જોગું પણ જ્ઞાન તો જોઈશે.'-એમ સહુ કોઈ સમજે છે, પણ જ્ઞાનપ્રાપ્તિનો હેતુ તો સમજાવો જ જોઈએ. જ્ઞાની કહે છે કે-આટલી આટલી તત્ત્વચિંતા કરી ઝીણામાં ઝીણી વસ્તુનું પ્રકાશન કર્યું. જીવના ભેદપ્રભેદ કહ્યા, જીવોની ઉત્પત્તિ અને નાશ વિગેરેના હેતુઓ વિગેરે બતાવ્યું, તે બધું હિંસાથી બચાવવા માટે, પણ વધુ હિંસક બનવા માટે નહિ જ ! આજે તો હમણાં જો 'અમૂક યોગે અમૂક થાય છે'-એવું બધું બતાવીએ, તો આપોઆપ દોડ્યા આવે-પણ આનું પરિણામ શું ? કહે છે કે-જ્ઞાનીએ એ બધી વસ્તુઓ કેમ ગુપ્ત રાખી ? તો એક જ હેતુથી ગુપ્ત રાખી કે-એ દ્વારા આપણે આપણા અને પરના આત્માનું અહિત ન સાધીએ.

**મોટામાં મોટું પાપ કયું ?**

ભણતર વધે તેમ માણસનું ઉચ્છૃંખલપણું વધે.'-એમ માનો છો ? જેનામાં જ્ઞાન આવે તે મર્યાદાહીન બને, એ વાત ગળે ઉતરે છે ? નહિ જ. 'આજે જ્ઞાન વધ્યું છે ?' કહેવું પડશે કે-'નથી જ વધ્યું.' જ્ઞાન નથી વધ્યું પણ ક્ષુદ્ર આડંબરો વધ્યા છે. જે આત્મામાં સાચું

જ્ઞાન વધે તે આત્મામાં જ્ઞાની પુરૂષોના વચનથી વિપરીત બોલવાની ઉચ્છૃંખલતા આવે જ નહિ.

જ્ઞાની પાપથી પાછો હઠે કે પાપની સામે ધસે ? અનીતિ, અન્યાય તથા પ્રપંચની સામે જાય કે એનાથી પાછો હઠે ? જે વસ્તુથી યોગ્ય બનવાની ભાવના હોય, તે વસ્તુ મેળવનારે જીવન તરફ દૃષ્ટિ ફેંકવી જોઈશે કે નહિ ? પુસ્તક વાંચનારની દૃષ્ટિ કયી હોય ? ગ્રંથકાર કહે કાંઈ અને આપણે લેવું કાંઈ એમ થાય ? આ ગ્રંથોના લખનારા ત્યાગી હતા, તો એવા ત્યાગી પુરૂષોએ પણ શેઠશાહુકારોનાં, રાજામહારાજાઓ વિગેરેનાં ચરિત્રો લખ્યાં, એનો હેતુ શો ? એ ગમે તેવા ઋદ્ધિ-સિદ્ધિવાળા, પણ તેઓની સાથે આ મહાત્માઓને સંબંધ શો ? એ બધાનાં જીવન આ મહાપુરૂષોએ શા માટે લખ્યાં ? રાજાની સેના આટલી, સામંત રાજા આટલા, દેશ આટલા, આ બધું તમારી પાસે રજુ કરવાનો હેતુ શો ? આ હેતુ હાથમાં ન આવે, ત્યાં સુધી એમાંથી શું લેવાય ? આ હેતુ નક્કી નથી થતો, એની જ બધી ધમાલ છે. વાતવાતમાં મુંઝવણ પણ એથી જ થાય છે. 'સાધુએ દેવું શું અને શ્રાવકે લેવું શું તથા સાધુશ્રાવકે વર્તવું કેમ ?'-આ બધું જ જાણવું જોઈએ. સાધુ અને શ્રાવક બેયના શિરે આજ્ઞા તો છેજ ને ? અનંતજ્ઞાની શ્રી તીર્થંકરદેવે જ્યારે ધર્મતીર્થની સ્થાપના કરી, ત્યારે 'દુનિયાના

જીવો અર્થકામમાં રાચતામાચતા થાય'-એવું એમના હૈયામાં હશે, કે-'સઘળા પરિણામે ત્યાગી અને વિરાગી થઈ, મુક્તિપદના ભોક્તા થાય'-એવું હશે ? આ નક્કી કરો, તો જરાએ મુંઝવણ ન થાય. ગમે તેવા વક્તા આવે અને ફાવે તેમ કહે, તો પણ શ્રી તીર્થંકરદેવોના ધર્મતીર્થની સ્થાપનાનો હેતુ સમજો, તો મુંઝવણ માત્ર દૂર થાય. જરાય પણ મુંઝવણ ન થાય. શ્રી તીર્થંકરદેવે સ્થાપન કરેલા ધર્મતીર્થના હેતુને હું ખંડિત કરૂં, તો હું નકામો : તમે પણ એને ખંડિત કરો, તો તમે નકામા : અને જે કોઈ પણ એને ખંડિત કરે તે બધા જ નકામા ! જ્યાં સુધી તમે ધર્મતીર્થની સ્થાપનાના હેતુને ન સમજી શકો, ત્યાં સુધી તમારા હૃદયમાં ધર્મ પરિણમે શી રીતે ? સાધુ શ્રાવકને ભલે કહ્યા કરે કે-'અનીતિ ન કરવી અને જાુઠું ન બોલવું'-પણ શા માટે નહિ, એનો હેતુ જ્યાં સુધી નહિ સમજાય, ત્યાં સુધી તેનું વાસ્તવિક પાલન નહિ થઈ શકવાનું. જેને અર્થની અને કામની લાલસાનું ભૂત વળગ્યું હોય, તે નીતિ તથા ધર્મને આઘો જ મૂકવાના અને ખોટામાં પણ વચ્ચે દેવ, ગુરૂ અને ધર્મને લાવીને ગોઠવવાના.

(સભામાંથીઃ દેવદેવીની સ્થાપના શા માટે થાય છે ?)

એ પ્રભુશાસનની આપત્તિ દૂર કરે છે, માટે એમને માન સન્માન દેવામાં આવે છે.

વ્યવહારમાં પણ સારું કામ કરનારનું બાવલું રખાય છે. રાજ્યમાં પણ સેનાપતિનાં બાવલાં એના શૌર્યના સ્મરણ માટે રખાય છે. સાધુનો તથા શ્રાવકનો બધાનો હેતુ કેવળ એક જ કે-મોક્ષમાર્ગને અખંડિત રાખવો. એમાં સહાય કરનાર દેવનું સ્મરણ ચિહ્ન પણ રખાય. બધાનો સંબંધ મોક્ષમાર્ગ સાથે છે : સંસારની સાથે તો નથી જ. મોક્ષમાર્ગના અર્થી તરીકે અહિં આવો, અને જો એ માટે આવો તો તમારામાં રહેલી બદીઓ સાંભળવા તૈયાર રહો અને સાંભળીને એ બદીઓ કાઢવાનો યથાશક્તિ પ્રયત્ન કરો. જ્યાં સુધી તમે તમારી ખામી ન સમજો, ત્યાં સુધી દેનારો મોક્ષમાર્ગ દે કયી રીતે ? આજે કહે છે કે-''સાધુને આ શી પંચાત? 'નીતિ પાળો, જુઠું ન બોલો'-એવા સીધા ઉપદેશ જ આપવા જોઈએ.'' હું કહું છું કે-એવા ઉપદેશ આપીએ અને એ પણ કહેવાય છે, પણ એટલા માત્રથી સાંભળનારા સારા થાય ? સંપૂર્ણ ન જ થાય. અમે કહીએ કે-'નીતિ પાળો, જુઠું ન બોલો.' પછી કોઈ પૂછે કે-'એ બધું પાળવું શા માટે ?' એના જવાબમાં અમારે કાંઈ કહેવું કે મૌન જ રહેવું.

(સભામાંથી° કહેવું જ કે-પાપથી બચવા માટે.)

એટલે તો જે કહેવાય છે, તેમાં બધું આવી જ જાય છે. વારૂ, પાપ કેટલાં ?

(સભામાંથી° અઢાર.)

એ અઢારમાં મોટામાં મોટું પાપ 'પાપને પાપ ન માનવું' તે છે. છેલ્લું અઢારમું પાપસ્થાનક મિથ્યાત્વશલ્ય છે તે ! એ મોટામાં મોટું પાપ છે. આ વિશ્વમાં જે આત્મા 'પાપને પાપ ન માને'-તે મોટામાં મોટો પાપી, મોટામાં મોટો નાસ્તિક, ઢોંગી અને ધૂર્ત છે. ઢોંગી અને ધૂર્ત એટલા જ શબ્દો ન પકડતા, પણ આખું વાક્ય લેજો. હિંસા કરનારો, જુઠું બોલનારો, ચોરી કરનારો, તથા વ્યભિચારી જેટલો પણ પાપી નથી, એટલો પાપી પાપને પુણ્ય માનનારો છે. એનાથી કસાઈ પણ સારો, કારણ કે-એ પણ કહે છે કે, પેટ પડ્યું છે માટે કરૂં છું, પણ વ્યાજબી કરૂં છું, એમ એ નથી કહેતો. જે આત્માને 'પાપને પાપ કહેવું'-એ પણ ભયંકર લાગતું હોય, તે આત્મામાં સમ્યક્ત્વ હોઈ શકતું જ નથી. એવો માણસ આત્માને પણ માને છે-એવું કોણે કહ્યું ? 'માનું છું'-એમ દેખાડતો હોય તો પણ તે ઢોંગી છે, માત્ર દુનિયામાં પૂજાવા અને માનપાન માટે જ તે આત્માને કબૂલ કરનાર છે, પણ નહિ કે-વાસ્તવિક રીતિએ. ખરેખર, ધર્મની રક્ષા માટે, સત્ય સાચવવા માટે, આ સમય બહુ જ ભયંકર છે. બધી સ્થિતિ અહીં ખોવી પડશે. પૈસો, પાઘડી, નાક અને જાન પણ જાય, તો પણ સત્યના અર્થીએ આત્મશ્રેય કાજે સત્યના પડખે ઉભું રહેવું પડશે. સંસારમાં રહેલ ગૃહસ્થથી પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની હિંસા થઈ

જાય છે. પણ એ કરતાં જો એનું અંતર કંપે નહિ, મુંઝાય નહિ, તો હું તો એને શ્રાવક-સમ્યગ્દૃષ્ટિ તો નથી માનતો, પણ દુનિયાનો સામાન્ય આસ્તિક પણ નથી માનતો. આસ્તિકને કાંઈ ખાસ ચિહ્ન નથી હોતું અને નાસ્તિકના માથે શીંગડાં નથી હોતાં. ખરી પરીક્ષા જ અહીં છે. દરેક દર્શનકાર, પાપને પાપ તો માને છે. 'જેની જરૂરિયાત તેમાં પાપ નહિ'-આવી જો માન્યતા થઈ જાય, તો તો જગતમાં પાપનું નામ જ રહે નહિ. જરૂર વિના કરૂં છું, એવું કોણ કહેશે ? આજે તો વધારે ભાડું ભરી બજારના મોખરે દુકાન લેનારને પૂછો કે-ભાઈ, બરાબર આગળના ભાગમાં દુકાન કેમ લીધી ? તો જો તે ધર્મનો ઢોંગી હશે, તો કહેશે કે-'ગ્રાહકને તકલીફ ન પડે તે માટે મોખરે દુકાન લીધી છે.' પણ 'ગ્રાહક બહુ આવે માટે લીધી છે'-એમ નહિ કહે. આવી દશાવાળા આત્માઓમાં ધર્મ પરિણામ પામે જ કયી રીતિએ ? આથી સિદ્ધ જ છે કે-ચરણરાગ વગર ધર્મકથા કે તત્ત્વચિંતા ન જ ફળે. ચરણરાગ વિનાના આત્મા તો અજ્ઞાની જ રહેવાના.

**જૈનશાસન જયવંત ક્યારે બને ?**

આજે કહેવામાં આવે છે કે-'જૈનસમાજમાં કેળવણીની બહુજ ખામી છે, જૈનસમાજને શિક્ષણ આપવામાં આવતું જ નથી, જૈનસમાજ બીલકુલ અજ્ઞાન જ છે, માટે તેને માટે

કેળવણીની બહુ જ જરૂર છે.' ખરી વાત, હું કહું છું કે-જૈનસમાજને કેળવણીની બહુ જરૂર છે, જન્મ્યા ત્યાંથી મરવા સુધી જરૂર છે. જન્મથી મરણ પર્યંત જે જાતિની કેળવણી આપવી જોઈએ, તે જાતિની કેળવણી જૈનસમાજને ક્યાં અપાય છે ? અને એ કેળવણી ન અપાય, ત્યાં સુધી જૈનજાતિની આબાદી કોઈ કાળે પણ થાય નહિ, એ તદ્દન સીધી, સાદી અને સ્વાભાવિક વાત છે. હિંદુસ્તાનમાં અગર બીજે, જૈનશાસન જીવતું છે, એવું બતાવવા તમારે શું કરવું જોઈએ ? તમારામાં શું જુએ તો સામાને જૈનશાસન જીવતું લાગે ? તમારા દુપ્પટ્ટા, પાઘડી, મકાનો કે પેઢીથી સામો જૈનશાસનને જીવતું માનશે ? 'અમને જૈનશાસનની બહુ ધગશ છે'-એવુ કહેનારા વિચારશે કે-'શાસન તે પુતળામાં છે કે આગમને અનુસરતી પ્રવૃત્તિમાં છે ?' નાના પટાવાળાને પણ પૂછજો કે-'તું કોનો ?' તે તરત જ કહેશે કે,-'એનો. ગવર્નમેન્ટનો જે રસ્તે જવાનો મનાઈ હુકમ હોય તે રસ્તે જનાર કોટ્યાધિપતિ હોય તો પણ તેનું કાંડું પકડું.' દસ પંદરનો પગારદાર પટાવાળો પણ આમ જ કહે. તમે પણ જૈનશાસનના પટાવાળા છો કે નહિ ? તમે અને અમે, માનો કે-જૈનશાસનની પ્રભાવના ન કરી શકીએ, શાસનને દીપાવી ન શકીએ, પણ પટાવાળા થવાની ભાવના તો હોય કે નહિ ? જૈનશાસનના પટાવાળાની ફરજ શી ? જૈનશાસનમાં રહેલ જ્યાં જાય ત્યાં બોલે શું અને વર્તે કેમ ?

વખાણે શું અને નિંદે શું ? હવે તો નિશાળ માંડવી પડશે. વાતો કરવી જૈનશાસ્ત્રના ઉદયની અને અર્થકામમાં લેપાતા જવું, એ કેમ બને ? જૈનશાસન જયવંત કહેવું અને પાપને પાપ માનતાં પણ આંચકો ખાવો, એ કેમ પાલવે ? જરા તમારા પૂર્વજોના જીવન તો તપાસો ! અમે તો જ્ઞાની તેને ન કહીએ, કે જે પાપને પાપ કહી એનાથી પાછો ન હઠે ! એવા બધા જ મૂર્ખા. પાપને પાપ ન કહી પાપની સામે ધસ્યો જનાર ગમે તેટલો વિદ્વાન હોય, છતાં એ તો મૂર્ખશેખર જ છે. દુનિયાના બધા જીવો પાપથી પાછા હઠે, તો એક પણ ગુન્હાનો કેસ ન બને. કદી પાપ થઈ પણ જાય, તો પણ નહિ જેવું જ. જ્ઞાનના જમાનામાં દહાડે દહાડે પાપ વધે કે ઘટે ? આજે તો હિંસા, જૂઠ, ચોરી એ બધાનો પહેલેથી જ બચાવ કરવામાં આવે છે. 'આના વિના ચાલે ?'-એ મોટો બચાવ. ભલા ! કોઈ ગરીબ ચોરી કરે અને કોર્ટને કહે કે-'ખાધા વિના ચાલતું નથી માટે ચોરી કરી, છોકરા ઘણાં છે, ભૂખે મરે છે, માટે એમને સુખી કરવા ચોરી કરી છે.' તો કોર્ટ એને છોડી દે ? નહિ જ. દુઃખ તો એ થાય છે કે-હજી કેટલાક જૈનને પણ જ્યારે પાપને પાપ સમજતાં મુશ્કેલી પડે છે, ત્યારે તેનાથી શાસન કયી રીતે સમજાય કે બીજાને સમજાવાય ?

**દુનિયામાં મોટામાં મોટો પાપી અને નાસ્તિક કોણ ?**

તે જ, કે જે પાપને ન માને. અને જાણવા છતાં છતી શક્તિએ ન ચેતવે, તે તો એથીયે મોટો પાપી, મોટો ગુનેગાર. નજરે ખાડો દેખનાર રસ્તે જનારને ન બચાવે-ન ચેતવે, તે ગુનેગાર ખરો કે નહિ ? અરે, કદાચ આરોપ પણ લાગુ થાય. આ સરકારનો ન્યાય તો પૂરાવા ઉપર આધાર રાખે છે, પણ કર્મસત્તા તો ગુન્હાનો બદલો ચક્રવર્તિ વ્યાજ સાથે લેશે. મર્યાદિત વર્ષના ભોગ અને અસંખ્યાત વર્ષના વિપાક. ચક્રવર્તી બહુ સાહ્યબી ભોગવે, તો ચોર્યાશી લાખ પૂર્વ સુધી : પણ મરીને તેત્રીસ સાગરોપમ. સાગરોપમનું ગણિત તમારી બુદ્ધિમાં ન આવે એવું છે અને ત્યાંથી મરીને પણ ભગાય તેમ નથી.

(સભામાંથી૦ પ્રત્યક્ષ ક્યાં દેખાય છે ?)

જોવામાં આવે તો જ્ઞાનીએ કહેલી બધી વસ્તુઓ દેખાય છે. પ્રત્યક્ષ કંઈ એક પ્રકારનું છે ? બધા જ્ઞાનનો અભ્યાસ કરવો પડશે. આંખે જોયેલું જ સાચું માનવાની વાતો કરનારા વિલાયત સાથે વહેપાર શી રીતે કરે છે ? વિલાયતની પેઢી કે વહેપારીઓ જોયા છે ? તેમને માત્ર અક્ષરથી-કાગળથી-ટપાલથી જ ઓળખો છો ને ?

(સભામાંથી૦ બેન્કનું પ્રમાણપત્ર હોય છે.)

પણ લખેલુંને ! ત્યાં કાગળ પ્રમાણ અને અહીં આગમપ્રમાણ નહિ ? ખરેખર, તેવાઓની બુદ્ધિ માટે હસવું આવે છે. પ્રત્યક્ષને જ માનનાર અને એ માટે જ આગમને ન માનનારથી ટપાલ, તાર કે ટેલીફોનને મનાય કેમ ? પણ સ્વાર્થી એ બધું માને, માત્ર અહીં જ હમ્બગ કહે. આગમ લખનારા કેવા ? મહાવ્રતધારી ત્યાગીઓ અને ટપાલ લખનાર કેવા ? બરાબર વિચારજો. જે ગુનામાં આત્મા ફસેલો હોય, તેનાથી છૂટવાના પ્રયત્નો હોય કે તેનો બચાવ કરવાનો હોય ? જરા તમારી રસના તરફ જૂઓ કે-એને આધીન થઈ કેટલાં અભક્ષ્યભક્ષણ કરો છો ? શરીરની સેવા માટે કયી ચીજનો ઉપયોગ કરતાં જીવો પાછા ફરે છે ?, એ વિચારો, શરીર માટે શરીરના સેવકો જે જે કરે છે, તે અમે નથી જાણતા એમ તમે માનો છો ? તમારી કાર્યવાહીની ખબર અમને ન પડે એમ ? પાંચે ઈંદ્રિયોને આધીન થયેલો, શરીરને પોતાનું માનનારો, પોતાના આત્માને ભૂલી જઈ શરીર માટે શું શું કરે, એ બધું જ્ઞાની મહાપુરૂષોએ આ શાસ્ત્રમાં અક્ષરશઃ વર્ણવ્યું છે. એ વર્ણવેલું બધું જ કહેવાય તો અહિં જ ઉત્પાત થાય. આમાંથી પણ જીરવી શકો તેટલું જ કહેવાય છે. આ દ્વાદશાંગીમાં સારી દુનિયાના અનુભવના ભંડાર ભર્યા છે. ભગવાન પોતે જાણતા હતા કે-ગોશાળો આવે છે. એને સાચી વાત કહેવાથી હડકવા થશે અને જેને તેને કરડવા જશે, એટલે ભગવાને શ્રી

ગૌતમસ્વામી વિગેરે બધા સાધુઓને કહ્યું કે-'આમ તેમ ચાલ્યા જાઓ.' એનાથી કોઈ ડરતા નહોતા, પણ ભગવાન કહે છે કે-એ પાપાત્મા એવો છે કે, સાચું કહેતાં ઉલટો ભયંકર બનશે, પણ સાચું કહ્યા વગર ચાલે તેમ નથી. પ્રભુ પણ પરિણામ જોઈને જ બોલ્યા હતા. બોલનાર પરિણામ જોઈને જ બોલે છે. ન માનતા કે-પરિણામ જોયા વગર બોલાય છે. આકસ્મિક રીતે નથી જ બોલાતું. વિચાર કરી કરીને બોલાય છે. જેમ તેમ તો અવિચારી હોય તે બોલે. આવી પાટ પર પાગલને બેસવાનો અધિકાર નથી. જો ભગવાન સત્ય ન કહે, તો લાખો આત્માને અનર્થ થાય : માટે ભગવાનને સાચું કહેવું જ પડ્યું. આજે આ દશા શાથી છે ? પહેલેથી ચેતવણી ન અપાઈ તેથી આ ઉદ્‌ઘોષણાઓ પહેલેથી જ થઈ હોત, તો આટલી ખરાબ હાલત ન હોત. બાળકને સારો બનાવવા માટે શરૂઆતમાં ચુંટી પણ ખણવી પડે. મુછો આવે ત્યાં સુધી મહાલવા દીધા તો જુત્તુ જ બતાવશે. નોકર પૈસા ખાય, પછી જ ચોપડા રાખવા એમ ખરૂં ? ના, પણ ત્યાં તો તમે પાકા જ તો ! પૈસા લઈ જાય તેની સહી લેવાનો રીવાજ શા માટે ? શું એ સામા ઉપર આરોપ છે ? પેલો એમ કહે કે-'અમારા પર વિશ્વાસ નથી ? જા, સહી નથી આપતા.' તો ચાલે ? આ રીવાજ શાથી ? પાપથી બચવા માટે જ ને ! કોટ્યાધિપતિને પણ સહી તો આપવી જ પડે છે. એ જ રીતે અહિં

પણ સહી આપવી જોઈએ.

**જૈન સમાજને કયી કેળવણીની જરૂર છે ?**

તમને આત્માનો પ્રેમ વધારે છે કે શરીરનો ? આત્માની સિદ્ધિ માટે વધુ મહેનત કરો છો કે શરીરની પુષ્ટિ માટે ? શરીરની પુષ્ટિ માટે પાપ કરતાં વાર લાગે છે કે જલદી થઈ જાય ? ભયંકર બીમારી આવે ને ડૉક્ટર કહે કે-'હું કહું તે ખાય તો જ બચવાની બારી છે.'-તો-'એ તો નહિ જ ખાઉં'-એમ કહેનારા કેટલા ? 'તમે બધા જ'-એમ હું માનું ને ! કલ્પના ખાતર માનું, પણ તમે શું કહો છો ? જેને આત્માનો પ્રેમ ઘટે અને શરીરનો પ્રેમ વધે, એ કયા પાપથી ડરે ?

દુનિયાની બધી પ્રવૃત્તિ પાપની છે. પાપ કરે તે પાપી. ચોવીસ કલાકમાંથી આત્મચિંતામાં કેટલો વખત ? ત્રિકાલપૂજન, ઉભયકાલ આવશ્યક, સામાયિક, વ્યાખ્યાન અને આત્મહિતકર ભણવાગણવા કેટલો ટાઈમ ? તમારૂં ટાઈમટેબલ તો કાઢો ! ઉંઘમાં કેટલા કલાક ? બાર, દશ કે આઠ ? આઠ ગણો, પછી ખાવામાં કેટલા કલાક ? ખાવું કેટલી વખત ? આ બધી ક્રિયા આત્માની કે શરીરની ? આમાં આત્મા યાદ આવે છે ? શરીર વળગ્યું છે, ત્યાં સુધી આત્માનું પૂર્ણ ભલું થવાનું નથી. તમારી અમારી વચ્ચે વિરોધ જ એ છે. કેળવણી જોઈએ

એ વાત સાચી, પણ જૈનસમાજને કયી કેળવણી મળે તો ઉદય થાય ? શાસ્ત્રે ત્રણ પ્રકારની કેળવણી કહી. ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ. આ શા માટે ? ત્યાગની રૂચિ વધે અને પરિણામે ત્યાગની પ્રાપ્તિ થાય એ માટે ! આ કેળવણીનો પ્રચાર કરવો જ જોઈએ. કારણ કે-એથી ત્યાગની રૂચિ વધે અને પ્રાપ્તિ થાય. ત્યાગની રૂચિ અને પ્રાપ્તિવાળા બનેલા, દુનિયાના સર્વ પ્રાણી પ્રત્યે શાંતિદાયક બને. સ્વયં તરે અને બીજાને તારે. આ કેળવણી અપાય છે ? નહિ જ, આજે તો કોઈ જુદી જ કેળવણીની બૂમ પાડે છે. બાકી હેયનો ત્યાગ અને ઉપાદેયનો આદર કરાવનાર કેળવણી તો જન્મતાંથી તે મરતાં સુધી આપવી જોઈએ. આ કેળવણી આપવામાં તો સાધુ પણ તનતોડ મહેનત કરે. એને માટે જૈનશાસનમાં દાનના દરવાજા ઉઘાડા હોવા જ જોઈએ. આને માટે દાતારો દેવામાં કશી જ કમીના ન રાખે. આત્મા સુયોગ્ય બને ત્યાં સાહ્યબી તો ગુલામ છે. આત્મા ન કેળવાય તો છતી સાહ્યબીએ ગુલામી જ છે. પ્રત્યક્ષ છે કે-આત્મસ્વરૂપ પ્રગટ કરવા જેણે સર્વસ્વનો ત્યાગ કર્યો, તે સ્વપરના તારકના ચરણે સર્વસ્વ ધરાય છે, ત્યાં ભલભલા શિર ઝુકાવે છે. જેણે છોડ્યું નથી અને છોડવાની ઈચ્છા પણ નથી, તેના હૈયામાં ચોવીસે કલાક ચિંતાની સગડી સળગ્યા જ કરે છે. એને કંઈ પણ કહો તો કહેશે કે-'ટાઈમ નથી.' પ્રભુપૂજા માટે 'ફુરસદ

નથી.' સામાયિક માટે 'ફાવતું નથી.' અને પ્રતિક્રમણમાં 'ટેસ્ટ નથી પડતો.'

આજની કેળવણી પૈસા ખીંચી લાવશે એમ ? આજના કેળવાયેલાની હાલત તો વિચારો! ખુરશીએ બેસવાને ટેવાયેલાને બેસવા કોથળો પણ નથી મળતો. છાતી કાઢી ચાલનારો જ્યાં ત્યાં નીચી મુંડીએ ચાલે છે ! પૂછો કે-'સ્વતંત્રતા ક્યાં ગઈ ?' એનો ઉત્તર નહિ, પણ 'અર્થકામને ચરણે એની સ્વતંત્રતા સમર્પાઈ જ ગયેલી છે.'-એમ સમજો. જ્યારે આત્મા કેળવણીવાળો થાય, એટલે કે-જેની આત્મશુદ્ધિ વધે તે તો લક્ષ્મી જાય કે આવે તો પણ સમાન જ દશામાં રહે. અહીંની કેળવણીવાળો દરિદ્રી પણ સુખી અને અહિંની કેળવણી વગરનો ગમે તેવો વિદ્વાન પણ જરા વિષમતા આવે કે તરત જ લમણે હાથ દે. કોઈ આસામી તુટે તો કહે કે-'મરી ગયો બાપ ! રોટલોએ ગયો ને ઓટલોએ ગયો !!!' જડની સોબતથી જો સુખ મળતું હોત, તો શ્રી તીર્થંકરદેવ જેવા ભિક્ષાવૃત્તિ અંગીકાર ન કરત. દીક્ષા, એ કેવળ ભિક્ષુકોએ નથી લીધી, કૈંકને ચપટીમાં ચોળવાનું સામર્થ્ય ધરાવનારાઓએ પણ લીધી છે. તમે કોણ ?

(સભામાંથી૦ શ્રી જિનેશ્વરદેવનું શાસન પામવા છતાં વિરૂદ્ધ પ્રવૃત્તિ કેમ કરે ?)

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાવિરૂદ્ધ પ્રવૃત્તિ કરે તે કાં તો પામ્યો નથી, અને પામ્યો હોય

તો વર્તમાનમાં હારી ગયો છે. અને માનો કે-વર્તમાનમાં તો માત્ર નાટકનો વેષ જ ભજવે છે. શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલો, જમાનાને કે સમયને અનુકૂળ આગમને બનાવવાનો પ્રયત્ન ન કરે. પણ આગમને અનુકૂળ જમાનાને કે સમયને બનાવવાનો પ્રયત્ન કરે. જે આગમ મૂકે, આજ્ઞા મૂકે, તે શું બોલે એ કહેવાય નહિ. એ બોલનારને પોતાને પણ ભાન ન હોય. નાટકનાં સ્ટેજ પરનો નટ પણ ભેગા થયેલા ઑડીઅન્સને રાજી કરી તાલી પડાવી, 'વન્સમોર' ક્યારે લઈ શકે ? જે રીતિએ પાઠ ઘડાયો હોય, 'નાયકે જે રીતે શિખવ્યો હોય, જે અક્ષરો જે રીતે જ્યાં જ્યાં બોલવાના હોય, જે અભિનય કરવાના હોય, તેજ રીતે બધું કરે તો જ એ નટ તાલીથી વધાવાય. અને તેને માટે 'વન્સમોર' થાય, પણ જરા ફેરફાર થાય તો ન તાલી કે ન 'વન્સમોર' ! જેવો આવ્યો તેવો ટેં-ટું કરીને ચાલ્યો જ જાય. સામાન્ય પગારદાર નટ પણ આટલું કરે, તો આને માટે કંઈ જ નહિ કરવાનું એમ ?

(સભામાંથી° ત્યાં ચાબકા મારનાર છે, અહીં નથી.)

ના, ના, એમ નથી. રોટલા આપનારની અક્કલ બહેર મારી ગઈ છે એથી. કહો ને કે-પેઢીનો મુનિમ વેપારના ભાવતાલ હોય તે કહે કે મરજી મુજબ કહે ? જે સ્થાન પર બેસો તેને શોભાવો. સ્થાન ખામીવાળું લાગે તો એ સ્થાન મૂકી દો, પણ સ્થાન પર બેસવું અને

બોલવું બીજું તે કેમ ચાલે ? શ્રી જિનેશ્વરદેવનું આગમ મને ન ગમે, તો મારે કહી દેવું જોઈએ કે-'મને રૂચતું નથી, માટે આ ઓઘો દૂર.' જે એમ કહે તે મહા ઉપકારી. કારણ કે-એને પહોંચાય ! પણ જેને આ શાસન ગમે નહિ, તથા આજ્ઞા આઘી મૂકવી અને ઓઘો હાથમાં રાખવો એને ન પહોંચાય. ચાંલ્લો કરવો અને ભગવાન શ્રી મહાવીરને દેવ કહેવા, પણ વીસમી સદીના જમાનામાં ભગવાન્ શ્રી મહાવીરદેવની આજ્ઞા ન ચાલે એમ કહેવું, એ કેમ નભે ? આજ્ઞા ન ગમે તો ચાંલ્લો ભૂંસી નાખો. પચીસસો વર્ષ પહેલાંની આજ્ઞા કામ ન લાગે, તો એ ચાંલ્લો પણ શા માટે કામ લાગે ? ઓફીસનું કામ ન કરવું અને ઓફીસના માણસ ગણાવવું, તે કેમ જ પાલવે ? ન્યાયાસને બેસવું અને અન્યાય આપવો, એ તો કપાળમાં કલંકને નોતરવા જેવું છે. શ્રી જિનેશ્વરદેવને સર્વજ્ઞ માનો તો એમની સામે આંખ ઉંચી ન કરો, અને એમના સર્વજ્ઞપણામાં શંકા હોય તો એમના ભક્ત તરીકે બહાર ન આવો. કેળવણીની જરૂર ખરી, પણ તે જ કેળવણીની જરૂર કે જેનાથી ત્યાગ ભાવના જાગે, ત્યાગ પમાય, પરિણામે સંસારનાં બંધન છૂટે અને મુક્તિ પમાય. પહેલાં આપ્તને ઓળખો, ઓળખ્યા પછી એમના વચનને વળગો, અને તે દ્વારા હેયને તજો, અને ઉપાદેયને આદરો.

**યોગીઓ ભોગીઓના રોટલા પર જીવતા નથી !**

આ દ્વાદશાંગીમાં સારભૂત શ્રી આચારાંગ સૂત્રનો સાર ચરણ અને તે ચરણ પણ મુક્તિ માટે ! મુક્તિની ભાવના વગરનું ચરણ પણ નુકશાન કરે. સારામાં સારી ચીજ પણ દુરૂપયોગ થાય તો આત્માને હાનિ કરે. દ્વાદશાંગી પામીને ડુબે એ દોષ આત્માનો છે, પણ દ્વાદશાંગીનો નથી. આત્મા અને કર્મ ખીરનીર પરે મળ્યાં છે. દૂધ અને પાણીને હંસ છૂટાં કરે છે. ચાંચ મારે કે તરત દૂધના ફોદા થાય અને પાણી છુટું પડે, કારણ કે-એની ચાંચમાં ખટાશ છે. તમારે પણ ખટાશનો ઉપયોગ કરવો પડશેને ! અહીં આત્મા અને કર્મને અલગ કરનારી 'ખટાશ' કયી ? એ જ કે-'ભોગનો ત્યાગ' તમને આ ભોગનો ત્યાગ પાલવશે ? અહીં બનતું નથી અને ટપાટપી થાય છે, તેનું કારણ આ એક જ છે. ભોગપ્રાપ્તિના પ્રયત્નો વધારવામાં આવે તો હમણાં મેળ બેસે, પણ અમારી તો ભોગના લુંટારા તરીકેની ખ્યાતિ છે. આ ખ્યાતિ સારી કે ખોટી ? પોલીસ આવે તો ચોટ્ટાઓ ઉભા રહે કે નાસે ? પોલીસથી ચોર ભાગી જાય તો પોલીસની શાખ વધે કે ઘટે ?

(સભામાંથી- વધે જ.)

તો અમે પણ ભગવાન્ શ્રી મહાવીરદેવના પોલીસ છીએ. અમારી બૂમથી ભોગ અને

ભોગના પિપાસુ નાસે તો જ અમારી શાખ સારી. ભોગીના રોટલા ઉપર યોગી કદી ન જીવે. જે યોગી ભોગીના રોટલા ઉપર જ જીવે, તે તો ભોગી કરતાં યે ભૂંડા. શાસ્ત્રે તો યોગીઓને 'મુધાદાયિ' અને 'મુધાજીવી' લખ્યા છે. દેશના દે તે પણ પોતાના અને પરના કલ્યાણ માટે જ અને આહાર પણ સંયમની જ પુષ્ટિ માટે ! ભોગી અને યોગીને ધર્મપ્રયોજન શિવાયનો સંબંધ જ ન હોય. ભગવાન્ શ્રી મહાવીરદેવના નામે રોટલા જ નહિ, પણ સર્વ કાંઈ મળે છે એ ખરૂં : પણ ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં વિચારતા યોગી, ભોગોના માગણ તો ન જ હોય ! 'અન્નદાતા, આપો !'-એમ તો ભીખારી જ કહે, બાકી મુનિ તો 'ધર્મલાભ' જ કહે. સત્તર ફેરી ગરજ હોય અને કલ્યાણ દેખાતું હોય, તો જ ગૃહસ્થ આપે. મુનિ પાસે તો 'ધર્મલાભ' જ હોય. આપે તો યે 'ધર્મલાભ'-ન આપે તો યે 'ધર્મલાભ' એક સરખી જ પ્રસન્નતા. મોઢું પણ બગાડવું નહિ. ધક્કો મારે તોયે 'ધર્મલાભ' વિધિ કેવી ઉત્તમ છે ? શ્રાવક શું કહે ? 'પધારો, પાવન કરો, નિસ્તાર કરો, લાભ દ્યો !' લાભ લ્યો નહિ પણ દ્યો ! આપે છે પોતે, પણ કહે છે કે-'લાભ દ્યો.' ઘીની વાઢી ઉંધી વાળો, તે પણ પોતાનો નિસ્તાર માનીને જ ! માગણ બનીએ તો એ ભાવના ન જ રહે. રોટલા આપનારની આજ્ઞામાં રહીએ તો શું થાય ? સ્વપર ઉભયનો વિનાશ જ અને પછી તો મોં જ જોવાં પડે. આ ફલાણા ભાઈ !!

અને આ ઢીંકણા ભાઈ !!! 'પધારો અને પાવન કરો'-એ શાથી ? તારક મનાય છે એથી જ ! લો-લો કહે અને લેનાર ના-ના કહે. શાથી ? રખાય નહિ એથી ! શાસ્ત્રે મુનિને કુક્ષિસંબલ કહ્યા છે. એટલે સંયમનિર્વાહ માટે જરૂર હોય અને જોઈએ ત્યારે જ લેવા જાય. જો રાખવાનં કહ્યું હોત, તો તો તમે બોલાવવા પણ ન આવત. ભગવાનનો માર્ગ જ એવો છે કે-ગૃહસ્થ બોલાવતા રહે અને મુનિ 'ના' 'ના' કહેતા રહે. મુનિ ન વધારે લઈ શકે, કે ન ગૃહસ્થ બોલાવતા અટકે. શ્રી જિનેશ્વરદેવનું સાધુપણું પણ લોકોત્તર છે. એવા લોકોત્તર સાધુપણાના પાલક અને પ્રચારક ભગવાન્ શ્રી મહાવીરદેવના યોગીઓ, ભોગીઓની ગુલામી ન જ કરે અને તો જ તે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના મોક્ષમાર્ગની સાચી ઉપાસના અને તેનો સાચો પ્રચાર કરી શકે.

# સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી

| | | |
|---|---|---|
| ઉપદેશામૃત | | પ્રત-૧ |
| તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ | ભાગ-૧ | પ્રત-૨ |
| તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ | ભાગ-૨ | પ્રત-૩ |
| શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો | ભાગ-૧ | પ્રત-૪ |
| શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો | ભાગ-૨ | પ્રત-૫ |
| શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો | ભાગ-૩ | પ્રત-૬ |